શ્રીસયાજી સાહિત્યમાળા, પુષ્પ

# અંબિકા, કોટેશ્વર
અને
# કુંભારિયા

શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

પ્રકાશક :

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા

પ્રથમાવૃત્તિ, પ્રત ૫૦૦

વિ. સં. ૨૦૧૯] [ઈ. સ. ૧૯૬૩

મૂલ્યં રૂ. ૪-૨૫ ન.પૈ.

SALES

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા**

મુદ્રક :

શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મેનેજર,
ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ
બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ
દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા

# નિ વે દ ન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી, પતિતપાવન કૈ૦ શ્રીમન્ત સરકાર મહારાજા સાહેબ, શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, સેનાખાસખેલ, સમશેરબહાદુર, જી. સી. એસ. આઈ., જી. સી. આઈ. ઈ., એલએલ. ડી., એઓશ્રીએ કૃપાવન્ત થઈને બે લાખ રૂપિયાની રકમ અનામત મૂકેલી છે. તેના વ્યાજમાંથી ‘ શ્રી સયાજી સાહિત્યમાળા ’ રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદનુસાર, આ ‘ અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા ’ એ નામનું પુસ્તક, શ્રી. કનૈયાલાલ ભા. દવે પાસે તૈયાર કરાવવામાં આવેલું, તેને મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી ઉક્ત માળામાં ૩૩૪મા પુષ્પરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સો. ધૂ. પારેખ**
સંશોધન અધિકારી,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા
તા. ૩–૧–૧૯૬૩

**જ્યોતીન્દ્ર મા. મહેતા**
ઉપકુલપતિ,
મ. સ. વિશ્વવિદ્યાલય,
વડોદરા

જીવનના ઘડતરમાં જેમણે પવિત્ર સંસ્કારોનું
સિંચન કરી પ્રેમ, સ્નેહ અને વાત્સલ્ય-
પૂર્ણ ભાવના વડે મારું જીવન ધન્ય
બનાવ્યું છે તેવાં પ્રેમાળ માતા
સ્વ. **અમથીબાને**

# પ્રસ્તાવના

॥ इयमेव साद्या प्रथमा व्यौच्छत् अन्तरस्य चरति प्रतिष्ठा ॥ ऋग्वेद

આ ચિત્‌શક્તિને આદ્યા કહે છે, જે નિર્મળ ભાવે વિલસી સર્વ પ્રાણી પદાર્થમાં શક્તિરૂપે અંતર્ગત રહી ચમત્કૃતિ કરે છે. વિશ્વની મૂળભૂત ચિત્‌શક્તિ તે જ દેવી આદ્યસ્વરૂપા. પૌરાણિક પરિભાષામાં આવતી દેવોની માતા અદિતિ તેનું જ સ્વરૂપ ગણાય. તે વેદના સૂક્તોમાં જણાવેલ ઈડા, ભારતી અને સરસ્વતીનાં ત્રણ પ્રતીકો સર્જે છે. વેદની વાક્‌શક્તિ આ જ દેવીનું સ્વરૂપ છે. વેદના વાગામ્ભૃણી સૂક્તમાં ( ૧૦/૧૨૫ ) વાક્‌દેવીનો અપૂર્વ મહિમા ગવાયો છે. ઋગ્વેદમાં મુખ્યતઃ પુરુષ સંજ્ઞક દેવોનું પ્રાધાન્ય હોઈ તેનાં વધુ વર્ણનો મળે છે. પરંતુ તે બધાની જનયિત્રી—જન્મ આપનારી મૂળભૂત શકિત દેવમાતા અદિતિ છે. ઋગ્વેદમાંથી તેનાં અનેકવિધ વર્ણનો મળે છે. તે અમૃતની અધિષ્ઠાત્રી અને યજ્ઞોની વિધાત્રી વિશ્વરૂપા કામદૂઘા શકિત મનાય છે. તેના વડે સમસ્ત વિશ્વનું સર્જન કરતાં વેદમાં જણાવ્યા પ્રમાણે દ્યૌ, અંતરિક્ષ, પૃથિવી, પિતા, માતા, પુત્ર, વિશ્વદેવા, પંચજન, દેશ, કાળ વગેરે બધાં અદિતિનાં જ સ્વરૂપો છે.[1]

બ્રહ્મની આ વ્યાપક દેવતામયી શકિતનું સ્પષ્ટ ઉપાસ્ય સ્વરૂપ બ્રાહ્મણો અને આરણ્યકોમાં પ્રકટ થયું. આ બ્રહ્મચૈતન્યની શુદ્ધ શકિતને ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતીથી સંબોધન કરાયું. સદ્‌બ્રહ્મસ્વરૂપે ગાયત્રીમંત્રનું ગાન કરવાથી ત્રાણ એટલે રક્ષણ કરનારી શકિત તે ગાયત્રી, તેમાંથી વિશ્વનો પ્રસવ થયો માટે સાવિત્રી, અને

---

१ अदितिर्द्यौरदितिरन्तरिक्षमदितिर्माता स पिता स पुत्रः ॥
विश्वेदेवा अदितिः पञ्चजना अदितिर्जातमदितिर्जनित्वम् ॥

બ્રહ્મવસ્તુનો પ્રવાહ સરઃ વહેતો થયો તેથી તે સરસ્વતી. આમ બ્રહ્મસ્વરૂપા શકિત ત્રિવિધ સ્વરૂપે સચ્ચિદાનંદમયી ગણાઈ.

વૈદિક શકિતતત્ત્વની આ પરંપરા પુરાણોમાં ઊતરી. દેવી ભાગવતમાં જણાવ્યા મુજબ शक्तिः करोति ब्रह्माण्डम् અર્થાત્ શકિત દ્વારા બ્રહ્માંડનું સર્જન થયું. વેદમાં જેને બ્રહ્મ કહે છે, તે જ પરમાત્મિકા શકિત ભગવતી દેવી છે. તેના માટે કહે છે કે,

ते वै शक्तिं परां देवीं परमाख्यां परमात्मिकां ।
ध्यायन्ति मनसा नित्यं नित्यां सत्त्वां सनातनीम् ॥ देवीभागवत ॥ १-८-४७

આ પરબ્રહ્મસ્વરૂપા શકિત પ્રત્યેક દેવતાનું અભિન્ન સ્વરૂપ છે. દરેક દેવતા શકિતની મદદથી પોતાનાં કાર્યો કરે છે, અર્થાત્ શકિત દેવમાત્ર સર્વ કોઈનો અંગભૂત પ્રાણ છે. एवं सर्वगता शक्ति सा ब्रह्मेति विविच्यते ॥ આ જ પરાશકિતનાં વિભિન્ન રૂપો દેવતાઓએ પ્રાપ્ત કરતાં બ્રહ્મામાં સૃષ્ટિશકિત, વિષ્ણુમાં પાલનશકિત, રૂદ્રમાં સંહારશકિત, સૂર્યમાં પ્રકાશશક્તિ, અગ્નિમાં દાહશક્તિ, વાયુમાં પ્રેરણાશક્તિ વગેરે આદ્યશક્તિનાં જ પ્રતીકો છે. અર્થાત્ શક્તિ વિના કોઈ પણ દેવ, માનવ, કે પ્રાણી અસમર્થ છે. ભગવાન શિવ પણ શક્તિ વગર શવતુલ્ય મનાય છે.

દુર્ગા યા દેવી વિશ્વની મૂળભૂત શક્તિની સંજ્ઞા છે. પુરાણોમાં આ શક્તિનાં અનેક નામો ચરિતાર્થ થયાં છે તેને જ અંબિકા, દુર્ગા, કાત્યાયની, મહિષમર્દિની જણાવી છે. તેનાં વિવિધ ચરિત્રો પાછળથી પુરાણોમાં ઋષિમુનિઓએ સંગૃહીત કર્યાં–સર્જ્યાં, અને પ્રાણી માત્ર ઉપર અનન્ય વાત્સલ્ય ભાવ સેવતી વિશ્વજનનીનાં અતુલ બલ પરાક્રમો વર્ણવતાં, દેવોનાં દુઃખો દૂર કરવા જે જે કાર્યો કર્યાં તેના ઇતિહાસો રચાયા. દેવી ભાગવત, માર્કંડેયપુરાણ, બ્રહ્માંડપુરાણ, સૂતસંહિતા, કૂર્મપુરાણ, કાલિકાપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ વગેરે પુરાણ-

ગ્રંથોમાંથી ભગવતી જગદંબિકાનાં ચરિત્રો, અને સ્તોત્રો વિસ્તાર-પૂર્વક મળી આવે છે. આ ગ્રંથોમાંનાં ચરિત્રો રોચક અને વાર્તાકલાની અપ્રતિમ શૈલી વ્યકત કરતાં વીર, શાંત, રૌદ્ર, આદિ ભાવોનું અદ્દ્ભુત નિદર્શન કરાવે છે. કેટલાંકમાં તો અદ્દ્ભુત અને ચમત્કારપૂર્ણ અતિશયોક્તિવાળાં વર્ણનો પણ હોય છે. આ બધાં ચરિત્રોની પાછળ તે બ્રહ્મસ્વરૂપા પરમાત્મિકા મહાશક્તિનાં દ્યોતક આધ્યાત્મિક તત્ત્વો કામ કરતાં હોવાનું વિદ્વાનોએ સમજાવ્યું છે. દેવી માહાત્મ્ય ઉપર વિદ્વત્તાપૂર્ણ વિવેચન કરતાં વિદ્યાવારિધિ પંડિત શ્રી. વાસુદેવ શરણ અગ્રવાલના શબ્દોમાં કહીએ તો, "દેવી એ સ્વયંભૂગર્ભિત પરમેષ્ઠિ શક્તિ છે. તેના વિકાસથી પૃથિવી અને સૂર્યનો જન્મ થયો. ભૌતિક દૃષ્ટિએ તે સકલ વિશ્વનાં માતાપિતા છે, જેના વડે પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે. સ્વયંભૂદેવની શક્તિથી વિકસિત પરમેષ્ઠિસ્વરૂપિણી દેવી સારાયે વિશ્વની મૂળ શક્તિ, તે જ વાક્શક્તિ. આ દેવીનું ચરિત્ર અસુરો સાથેના યુદ્ધોમાં વણાયું. વિવેક યા જ્ઞાનનું પ્રતીક દિવસ. જ્યારે અજ્ઞાન યા મોહનો સંકેત રાત્રી. અસુરો સાથે યુદ્ધ અને તેઓના વિનાશની કથા એટલે વિવેકનો મોહ ઉપર વિજય. અસુરતત્ત્વ એ કોઈ બહારની વસ્તુ નથી, એ તો આંતરિક રીતે મોહનાં નિત્ય નવાં સ્વરૂપો જ છે, જેના આવરણથી જ્ઞાનને ઢાંકી દે છે. ગતિ, અગતિ, દેવ, અસુર, દિવસ, રાત્રી, જ્યોતિ, તમ વગેરે દ્વંદ્વો આધ્યાત્મિક સ્વરૂપે જ્ઞાન અને અજ્ઞાન–મોહનાં જ પ્રતીકો ગણી શકાય. આમાં જેને આપણે અસુર કહીએ છીએ તેનો સંબંધ તમ, મૃત્યુ, અને અનૃત સાથે છે. પંચમહાભૂત પ્રાણ અને મનનો પ્રત્યેક ધરાતલ ઉપર આસુરી સંઘર્ષ ચાલુ હોય છે જ. તેની શાંતિ વગર માનવનું કલ્યાણ થતું નથી. આ સંઘર્ષમાં અંતિમ વિજય સત્ત્વરૂપ દેવોનો જ નિશ્ચિત હોય છે. તેમાં દેવી પરબ્રહ્મશક્તિ તેની સહાયક બને છે. પરંતુ જ્યાં સુધી અસુરો દેવો ઉપર આક્રમણ કરતા નથી ત્યાં સુધી દેવી તેમની સત્તાને સહન

કરે છે–નિભાવે છે. " આમ બ્રહ્મસ્વરૂપા ચિદાનંદમયી શક્તિ અને તેનો વિકાસ આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાનનો મોહ ઉપર વિજય. અર્થાત્ માનવમાત્રને બ્રહ્મશક્તિ વડે, પરમાત્મામાં વિલીન થવાનાં ચરિત્રાત્મક રૂપકો છે.

આ બ્રહ્મશક્તિનાં અનેક ચરિત્રો પૈકી મહિષાસુરવધ આખ્યાન સારાયે ભારતમાં ખૂબ જાણીતું છે. મહિષાસુરમર્દિનીથી ઓળખાતું ભગવતી અંબિકાનું સ્વરૂપ આ જ પૌરાણિક કથાના આધારે વ્યાપક બન્યું છે. અંબા શબ્દ માતૃવાચક છે. વેદમાંથી અંબા, અંબિકા, અંબાલિકા વગેરે નામો મળે છે[૨] તેવી જ રીતે બ્રાહ્મણો અને આરણ્યકોમાં ઉમા, હૈમવતી ને પરમાત્મિકાનું જ પરમ સ્વરૂપ માનતાં ત્રૈપુરધામની અધિષ્ઠાત્રી ત્રિપુરા તરીકે સંબોધી છે. તેનાં સુંદરી, સુભગા, અને અંબિકા નામો આરણ્યકો તેમ જ ઉપનિષદોમાં નોંધાયાં છે. પૌરાણિક સાહિત્યમાં આ જ મહામાયાને જગદંબિકા સ્વરૂપે જણાવી, તેનાં સ્તુતિગાનો. ચરિત્રો, તેમ જ સ્તોત્રો ગવાયાં અને સારાયે વિશ્વનું અધિષ્ઠાન તેનામાં આરોપાયું.

પ્રસ્તુત ગ્રંથમાં જગદંબાના આ મહાપીઠસ્થાનનો પરિચય સાધતાં તેના તાત્ત્વિક રહસ્યની પિછાન આપવા પ્રયત્ન કર્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ શક્તિપૂજાનો પ્રચાર અતિ પ્રાચીન કાલથી ઊતરી આવ્યો હોઈ વેદથી આરંભી પુરાણકાળ સુધીમાં તેનો ઉત્તરોત્તર વિકાસ વિવિધ સ્વરૂપે વિકસિત બન્યો હોવાના વાઙ્મયિક પુરાવાઓ મળી આવે છે. ભારતમાં પ્રતીકપૂજા–મૂર્તિપૂજાના ઉદ્ગમ પહેલાં, પીઠપૂજાનો પ્રચાર શરૂ થયેલો હતો એમ પ્રાપ્ત પ્રાચીન પુરાવાઓના આધારે જાણી શકીએ છીએ. ચિતોડથી ઉત્તરમાં સાત માઈલ દૂર નગરી જે પ્રાચીન મધ્યમિકા નામે ઓળખાય છે, ત્યાંથી વિ. સં. પૂર્વે ત્રીજી શતાબ્દી આસપાસનો

---

૨ યજુર્વેદ, અ. ૨૮, ૧૮.

એક શિલાલેખ મળ્યો હતો જેમાં ભગવાન વાસુદેવના નિમિત્ત નારાયણ વાટિકામાં એક શિલા પ્રાકાર બંધાવ્યો હોવાનું સૂચવ્યું છે.[3] શ્રી. વાસુદેવ શરણ અગ્રવાલ આ શિલાપ્રાકાર એક સમચોરસ પીઠસ્થાન હોવાનું જણાવે છે. આ ચબૂતરા ઉપરના એક શિલાપટ્ટને વાસુદેવનું પ્રતીક માની તે કાળમાં લોકો પૂજતા હતા. તદ્ ઉપરાંત મથુરાના ખોદકામમાંથી કેટલાક પટ્ટો પણ મળ્યા છે, જેને પીઠસ્થાન ઉપર મૂકી દેવો તરીકે પૂજતા.[4] આ હકીકત પ્રાચીનકાળમાં પીઠપૂજાની ઐતિહાસિકતા સૂચવે છે. આ પરંપરા કેટલાંક શક્તિપીઠોમાં સ્વીકારાતાં આજે અંબાજી અને બીજી કેટલીક દેવીઓનાં પ્રાચીન સ્થાનોમાં મૂર્તિના બદલે પીઠો જ પૂજાય છે. આમ પીઠપૂજા ઈ. સ. પૂર્વે સેંકડો વર્ષોથી ઊતરી આવી હોવાનું જાણવા મળે છે.

પાણિનિકાળમાં પાર્વતી યાને અંબિકાનાં ચાર સ્વરૂપો જાણીતાં બનેલાં. (પાણિનિસૂત્ર ૪-૧-૪૯) આ ચાર તે ભવાની, શર્વાણી, રુદ્રાણી, અને મૃડાની. આ બધા નામો શિવપત્ની પાર્વતીનાં જ વિવિધ નામભેદો છે. 'શતપથબ્રાહ્મણ'માં જણાવ્યા પ્રમાણે શર્વ પ્રાચ્ય પ્રદેશમાં, અને ભવ વાહિક દેશમાં લોકપ્રિય બન્યાં હતાં.[5] (શતપથ બ્રાહ્મણ ૧૭-૩-૮) એટલે પત્નીઓનાં નામ પણ તેમના અભિધાન પ્રમાણે સ્ત્રીત્વ સૂચવતાં સ્વીકારાયાં. માહેંજોદડોના ઉત્ખનનમાંથી પ્રાપ્ત માતૃકાદેવીની પ્રતિમા ભારતમાં શક્તિપૂજાનો પ્રચાર ઈ. સ. પૂર્વે હજારો વર્ષો અગાઉથી ઊતરી આવ્યો હોવાનું સૂચવે છે. દેવીની મૃણ્મય પ્રતિમાઓ પ્રાક્મૌર્ય, શુંગ, અને કુશાણ કાળમાં બનતી—પૂજાતી હતી એમ ભારતમાંથી પ્રાપ્ત પ્રતીકો ઉપરથી જાણવા મળે છે. નંદન-

---

૩ રાજપૂતાને કા ઇતિહાસ, ભા. ૧, પા. ૩૫૯.

૪ જુઓ શ્રી. વાસુદેવશરણ અગ્રવાલનો "પ્રાચીન મધ્યમિકા કી નારાયણ વાટિકા" લેખ.

૫ પાણિનિકાલીન ભારત, પા. ૨૫૦, લેખક: ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ.

ગઢના ખોદકામમાંથી મળેલ સુવર્ણમય પૃથિવીદેવીની પ્રતિમા, નંદકાળની હોવાનું પુરાતત્ત્વવેત્તાઓએ અનુમાન્યું છે. આમ શક્તિપૂજાનો ઇતિહાસ પ્રાક્-ઐતિહાસિક કાળ સુધી લઈ જઈ શકાય તેમ છે.

ગુજરાતમાં શક્તિપૂજા ક્યારથી શરૂ થઈ તેના માટે ચોક્કસ કાલમાન નક્કી થઈ શક્યું નથી, પરંતુ પ્રાપ્ત પુરાવાઓના આધારે ગુજરાતનાં શક્તિપીઠો પ્રાક્કાલીન હોવાનું જણાય છે. અર્બુદાદ્રી–આરાસુરનાં અંબિકા, પાવકાચલનાં મહાકાલી, અને ગિરનારમાં અંબિકાનાં મહાપીઠો પુરાણ પ્રાચીન હોવાનું પુરાણોમાંથી મળતા ઉલ્લેખોના આધારે જાણી શકાય છે. આ સિવાય 'દેવી ભાગવત'માં જણાવ્યા પ્રમાણે ૧૦૮ દેવીપીઠો પૈકી કેટલાંક ગુજરાતમાં પણ આવેલાં છે, જેની નોંધ પ્રસ્તુત ગ્રંથમાં લીધી છે. આથી આરાસુરી અંબિકાનું પીઠસ્થાન પ્રાચીન તો છે જ. આ પીઠસ્થાન સાથે મહિષવધની આખ્યાયિકા સંકળાયેલી છે. ભગવતી દુર્ગાએ અહીં ચંડીસ્વરૂપ ધારણ કરી મહિષાસુરનો નાશ કર્યો તેથી અંબિકા સ્વરૂપે તેમનું અહીં પીઠસ્થાન બન્યું જેનું દેવોએ ચંડિકાશ્રમ નામ રાખ્યું. ભગવતી જગદંબા પરબ્રહ્મ-સ્વરૂપ સકલવિશ્વની અધિષ્ઠાત્રી, સચ્ચિદાનંદ સ્વરૂપિણી જ્ઞાનશક્તિએ, મહિષાસુરના પ્રતીક મોહનો નાશ કર્યો. અર્થાત્ જ્ઞાનથી મોહ ઉપર વિજય થયો. આ રૂપકને ભક્તિભાવ વડે દેવીના ચરિત્રાત્મકરૂપે પુરાણકારોએ નિરૂપ્યું છે. વેદમાં મહિષ નામ આ જ સ્વરૂપે વર્ણવ્યું છે.

अन्तश्चरति रोचनाऽस्यप्राणादपानती।
व्यख्यन् महिषो दिवम् ॥ ऋग्वेद (१०-१८९-२)

આ ઋચાનો સામાન્ય અર્થ એવો છે કે, "પ્રત્યેક વસ્તુ ચારે દિશાએથી પરિવેષ્ટિત હોઈ, આકાશ તેનો દ્યુલોક છે. કેન્દ્ર અને પરિધિના મધ્યભાગે જ્યારે પ્રાણ અને અપાનની રોચના–જ્યોતિ સંચરણ કરે છે, ત્યારે મહિષ તે મંડલનો ત્યાગ કરી દૂર હઠી જાય છે. ભગવતી જગદંબાના

આ આખ્યાનની આધારશિલા તેના ઉપર રચાઈ હોવાથી, તેની પાછળ વેદાંતનું અણમોલ તત્ત્વજ્ઞાન છુપાયેલું છે. પંડિતપ્રવર શ્રી. વાસુદેવ શરણ અગ્રવાલ દેવી માહાત્મ્યનું વિવેચન કરતાં મહિષાસુર આખ્યાનની તાત્ત્વિક સમાલોચના આપતાં જણાવે છે કે, "સૌરમંડલ ઉપર પરમેષ્ઠિનો અસુર આક્રમણ કરે છે. આ અસુર તે મહિષ. પારમેષ્ઠ્ય તે જ મહતતત્ત્વ. પરમેષ્ઠિ એકાત્મક રૂપ હોવાથી તે એકલાને જ સૌરમંડળનાદેવતાઓ ઉપર આક્રમણ કરવું પડે છે. મહિષાસુર યમ-મૃત્યુનું પ્રતીક છે. યમનું વાહન પણ મહિષ છે. દેવતાઓનો અધિપતિ સૌર પ્રાણનો પર્યાય છે. સૂર્ય નિદ્રાથી પર હોવાના કારણે સૌર-મંડળની પરિધિ ઉપર આસુર ભાવ આક્રમણ કરે તો પણ તેના અંતરાલ-માં તે પ્રવેશ કરી શકતો નથી. આમ સૌરમંડળ ઉપર આક્રમણ અર્થાત્ સચ્ચિદાનંદ બ્રહ્મ-પ્રાણ ઉપર આસુરી વૃત્તિનું યુદ્ધ નિષ્ફળ જાય છે—નાશ થાય છે. વેદમાંથી વૃત્ર સાથે ઇંદ્રના યુદ્ધનું વિશદ વર્ણન મળે છે. આ જ રૂપક અહીં મહિષાસુરને લાગુ પડે છે. સૂર્યમંડળનો અધિષ્ઠાતા ઇંદ્ર દૈવી ભાવનાના આવિષ્કારથી, તેમ જ દેવીની સહાયતાથી શક્તિ-શાળી બન્યો. આવરણ કરનારું તમ-અંધકાર, અજ્ઞાન વૃદ્ધિ પામે ત્યારે સૌરતેજ—પ્રાણ ઢંકાઈ જાય છે. તે તમ તેજ વૃત્ર અગર તો મહિષ. સૌરમંડળમાં સૂર્યનો જન્મ થયા બાદ તેનું તેજ પૂર્ણ શક્તિમાન ન થાય,—તેનો પરિપાક ન થાય ત્યાં સુધી તમનું પ્રાબલ્ય રહે, મહિષાસુર શક્તિશાળી બને જ. અંતમાં જ્યારે ઇંદ્ર-પ્રાણ પ્રબલ થયો ત્યારે મહિષ નાશ પામ્યો." આમ આધ્યાત્મિક દૃષ્ટિએ મહિષવધનું આખ્યાન, અજ્ઞાન-મોહ ઉપર જ્ઞાનનો વિજય સૂચવે છે.

પરાશક્તિ જગદંબાનું પૂજનીય પ્રતીક આ ચરિત્રાનુસાર મહિષનો વધ કરતાં હોય તેવું, ચંડ-ઉગ્ર સ્વરૂપ વિવિધ આયુધોથી અલંકૃત સિંહારુઢ કલ્પાયું, અને સારાયે ભારતવર્ષમાં, તે સ્વીકારાયું. મહિષાસુર-મર્દિની અંબિકાનાં આવાં પ્રતીકો ભારતભરમાંથી અતિ પ્રાચીન-

કાળનાં મળ્યાં છે. ગુપ્તકાળમાં ધર્મ, સાહિત્ય, અને સંસ્કારનો સર્વતોમુખી વિકાસ થયેલો, તેમાં શક્તિપૂજાને પણ વેગ મળ્યો હોવાનું ચંદ્રગુપ્ત પહેલાની કેટલીક મુદ્રાઓ ઉપરથી માલમ પડે છે. તેમાં એક બાજુ રાજા, તથા બીજી બાજુ સિંહારૂઢ દેવીની પ્રતિમા કોતરેલી હોય છે.

ગુજરાતમાં અંબિકાના આ સ્વરૂપનો પ્રચાર ગુપ્તકાળ જેટલો પુરાતન હતો એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. મૈત્રકયુગમાં મહિષાસુરમર્દિનીનાં મંદિરોની વિદ્યમાનતા વલભીના દાનશાસનો ઉપર જાણી શકાય છે.[૬] મૈત્રક મહારાજા દ્રોણસિંહે સૌરાષ્ટ્રમાં આવેલ ત્રિસંગમક ગામની "કોટ્ટમ્મહિકા" દેવીને ભૂમિદાનનું દાનશાસન આપેલું તે દાનપત્ર લુપ્ત થતાં ધ્રુવસેન બાલાદિત્યે ફરીથી બીજું દાનપત્ર આ દેવીમંદિરને કરી આપ્યું. આ દ્રોણસિંહ વલભી સં. ૧૧૮ ઈ.સ.ના છઠ્ઠા સૈકાની શરૂઆતમાં થયો છે. દેવીનાં હજારો નામો પુરાણો અને શાસ્ત્રોમાંથી મળે છે, પરંતુ કોટ્ટમ્મહિકા નામ કોઈ ગ્રંથમાંથી મળ્યું નથી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે દુર્ગાના એક રૌદ્ર-સ્વરૂપનું કોટ્ટવી નામ મળે છે, પરંતુ કોટ્ટમ્મહિકા નામ સાથે તે બંધ-બેસતું નથી. જૈનોના ભગવતીસૂત્રમાંથી "કોટ્ટકીરીયા" નામક દેવીનો ઉલ્લેખ મળે છે, જે કોટ્ટમ્મહિકા નામ સાથે સુસંગત લાગે છે. ભગવતી-સૂત્રના વૃત્તિકાર અભયદેવસૂરિ તેનો અર્થવિસ્તાર કરતાં મહિષાસુરના કુટ્ટનની ક્રિયા કરનારી દેવી મહિષાસુરમર્દિની તરીકે તેને સૂચવે છે. આ ઉલ્લેખ ઉપરથી મહિષાસુરમર્દિનીનાં મંદિરો છઠ્ઠા સૈકા પૂર્વેથી ગુજરાતમાં હતાં તેનો આ સચોટ પુરાવો છે. આવી જ બીજી પ્રતિમા વલભીપુરમાંથી મળી છે, જે મૈત્રકાલીન હોવાનું જણાવ્યું છે.[૭]

---

૬ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨; પા. ૩૭૩; લેખક: ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

૭ એજન, પા. ૬૬૬.

ડૉ. ઉમાકાન્ત શાહ તેને પાંચમા સૈકાની માને છે.[૮] આવી જ બીજી નાની મૂર્તિ આબુ ઉપર અચલેશ્વરના મંદિરમાંથી તેમને મળી છે જે સાતમા, આઠમા સૈકાની હોવાનું તેમને સૂચવ્યું છે.[૯] એક ગુપ્તકાલીન પ્રતિમા શ્રી. રમણલાલ મહેતાને કારવણમાંથી મળેલી તેની નોંધ ડૉ. ઉમાકાન્ત શાહે લીધી છે. આમ ઈ. સ.ના પાંચમાછઠ્ઠા સૈકા પૂર્વેથી ગુજરાતમાં, મહિષાસુરમર્દિની અંબિકાનાં મૂર્તિશિલ્પો મળતાં હોવાનું જાણી શકાય છે, જે ગુજરાતમાં ભગવતી અંબિકાના પૂજાપ્રચારની પ્રમાણભૂત માહિતી રજૂ કરે છે.

ગિરનાર ઉપરનું ભગવતી અંબિકાનું પીઠસ્થાન પુરાણપ્રાચીન હોવાનું સ્કંદના વસ્ત્રાપથમાહાત્મ્ય ઉપરથી જાણી શકાય છે.[૧૦] સ્કંદનો સર્જનકાલ ઈ. સ.ના આઠમા સૈકાથી અર્વાચીન તો નથી જ, એટલે અંબિકાની ઉપાસના ગુજરાતકાઠિયાવાડમાં આઠમા સૈકા પૂર્વે બે-ચાર સૈકા અગાઉ પ્રાચીન પરંપરાગત ઊતરી આવી હોવી જોઈએ, જેને આગળ જણાવેલ દેવીપ્રતિમાઓના પુરાતન પ્રતીકોથી ટેકો મળે છે. આ બધા પ્રમાણો ઉપરથી મહાશક્તિ અંબિકાનું આદ્યસ્થાન મનાતું આરાસુરી અંબાનું પીઠસ્થાન ઈ. સ.ના ત્રીજાચોથા સૈકાથી પૂર્વનું હોય તેમ માનવામાં વાંધો આવતો નથી.

આ ગ્રંથના પ્રકરણ ૮માં, પાન ૮૨ ઉપર વલભીના છેલ્લા રાજા શિલાદિત્યની રાણી વલભિભંગ સમયે અંબાજીની યાત્રાએ ગઈ હોવાનું ટોડ રાજસ્થાનના આધારે જણાવ્યું છે.[૧૧] આ વિધાન ઐતિહાસિક

૮ ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ, ડૉ. ઉમાકાંત શાહનો લેખ; 'કુમાર', અંક ૩૭૬, પા. ૧૩૪ સમૃદ્ધિ, વર્ષ ૩૨, અંક ૪

૯ મહિષાસુરમર્દિની અને અન્ય માતૃમૂર્તિઓ, ડૉ. ઉમાકાંત શાહનો લેખ 'કુમાર', ૧૯૫૫, ઑકટોબર.

૧૦ સ્કંદપુરાણ; વસ્ત્રાપથ માહાત્મ્ય; અ. ૯-૨૨૯.

૧૧ ટોડ રાજસ્થાન, ભા. ૧, પા. ૨૭૫,

પુરાવાઓથી નિરાધાર અને લોકકથા જેવું હોવાનું શ્રી. ગૌરીશંકર. હી. ઓઝાએ તત્કાલીન રાજકીય પરિસ્થિતિ અને શિલાલેખોના આધારે જણાવ્યું છે.[૧૨] પરંતુ આવી જ બીજી લોકકથા તેમણે મુહણોત નેણસીની ખ્યાતિના આધારે રજૂ કરી છે. વિશેષમાં આ જનશ્રુતિ મેવાડમાં વધુ પ્રસિદ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું છે. તેમાં પણ ગુહીલોત વંશનો મૂળપુરુષ જે સૂર્યોપાસક હતો તેને સૂર્યની આજ્ઞાથી અંબાજીના દર્શનની બાધા રાખી. તેની પત્નીને ગર્ભ રહ્યો અને તે માતાજીના દર્શને ગઈ. તે વખતે તે વીર પુરુષના ઉપર શત્રુઓ ચડી આવ્યા તેમાં તે ખપી ગયો. દર્શન કરી તેની સ્ત્રી નાગદા ગઈ, જ્યાં તેને પતિ મરણ પામ્યાના સમાચાર મળ્યા, તેથી તેને સતી થઈ પરલોક પ્રયાણ કરવાનો વિચાર કર્યો, પણ ગર્ભ હોવાથી પ્રસૂતિ થયા બાદ તેમ કરવા લોકોએ તેને સમજાવી. પ્રસવ થયા પછી પંદરવીસ દિવસ થયા ત્યારે તેને પોતાનો પુત્ર ત્યાંના વિજયાદિત્ય બ્રાહ્મણને સોંપ્યો અને તેને પતિ પાછળ પ્રયાણ કર્યું. આ બ્રાહ્મણે તે બાળકને ઉછેર્યો, તે ક્ષત્રિય બાળકમાં બ્રાહ્મણોના ગુણધર્મો ઊતર્યા.[૧૩]

આ લોકકથાને શ્રી. ઓઝાજીએ ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકારી નથી, પણ ગુહીલ વંશનો આદ્યપુરુષ બ્રાહ્મણધર્મી હોવાનું સૂચવતા કેટલાક પ્રાચીન શિલાલેખોના આધારો તેમણે રજૂ કર્યા છે. આ બધા આધારો ઈ. સ.ની અગિયારમી કે બારમી સદીના છે એટલે તે દંતકથા તેટલી પ્રાચીન હશે તેમાં શક નહિ. આ જનશ્રુતિમાં તે રાણી અંબાજીની યાત્રાએ ગઈ હોવાનો ઉલ્લેખ છે. મેવાડની આ પારંપારિક ઊતરી આવેલ લોકકથામાં, યત્કિંચિત્ સત્ય શ્રી. ઓઝાજીના મંતવ્ય પ્રમાણે વિચારીએ તો, અંબાજીની યાત્રાએ તે રાણી ગઈ હશે એ માનવામાં વ્યવધાન આવતું નથી, અને તે દૃષ્ટિએ અંબાજીનું પીઠસ્થાન આઠમા

૧૨ રાજપૂતાને કા ઇતિહાસ; ભા. ૧, પા. ૩૭૭

૧૩ એજન ,, ,, પા. ૩૮૦

સૈકાની પૂર્વેનું હશે એવું અનુમાન છે. ગુહીલનો રાજ્યકાળ વિક્રમના સાતમા સૈકામા આવે છે. એટલે ભગવતી અંબિકાનું પીઠસ્થાન સાતમા સૈકા અગાઉ અર્થાત્ મૈત્રકકાલનું કે તે પૂર્વેનું હશે એમ લાગે છે. આ પીઠસ્થાનની વ્યવસ્થિત હકીકત અને ચંડિકાશ્રમનો ઇતિહાસ વ્યક્ત કરતો અર્બુદખંડ જે સ્કંદપુરાણનો એક ભાગ છે. સ્કંદનો રચનાકાળ મોડામાં મોડો આઠમા સૈકાનો હોવાનું વિદ્વાનોએ નિશ્ચિત કર્યું છે. જ્યારે કેટલાક ભારતીય સંશોધકો, તે ગુપ્તકાળમાં રચાયો હોવાનું જણાવતાં સ્કંદગુપ્તના રાજશાસનમાં તેની રચના થયાનું કહે છે. ગમે તેમ હો પણ સ્કંદપુરાણ આઠમા કે સાતમા સૈકામાં રચાયું જ હોય તો, અર્બુદાદ્રીમાં આરાસુરનું અંબિકાપીઠ-ચંડિકાશ્રમ સાતમા સૈકા પૂર્વેનું હતું એમ તો ચોક્કસ લાગે છે.

પ્રસ્તુત ગ્રંથમાં આરાસુરના અંબિકાપીઠની સાધકબાધક પ્રમાણો વડે વિસ્તૃત ચર્ચા કરતાં ભગવતી જગદંબાનું આ પીઠસ્થાન પ્રાક્કાલીન હોવાનું સૂચવ્યું છે. આ ગ્રંથ દ્વારા કોઈ અભિનવ સંશોધન રજૂ કરવાનો મારો દાવો નથી, તેમ જ આમાં કરેલ દરેક વિધાનો અંતિમ, કે પરિપૂર્ણ–ફેરવી ન શકાય તેવાં ચોક્કસ છે, એમ પણ કહી શકાય નહિ. સંશોધનનો વિષય જ એવો છે કે, જેમાં નવીન પ્રમાણોના આધારે કરેલ વિધાનો સમયે સમયે ફેરવવાની ફરજ પડે છે. અંબિકાના પીઠસ્થાન સાથે સંકલીત અર્બુદાચલ પર્વત, આરાસણનગર, નાગપ્રજા અને તેના ઉપનિવેશો, કુંભારિયાના કલામય પ્રાસાદો, અને રાજકીય પ્રવાહોનો શકય તેટલો પરિચય પ્રાપ્ત પ્રમાણોના આધારે આ ગ્રંથમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. પુરાવિદ્યાના આરુઢ વિદ્વાનોને આ નાનકડો ગ્રંથ સંતોષ આપશે કે કેમ તેની પ્રતીતિ આપવી તે સાહસ જ ગણાય. છતાં ભવાની–અંબિકાના પીઠસ્થાનની ઐતિહાસિક, પૌરાણિક, અને રાજકીય હકીકત, ધાર્મિક ભાવનાથી પરિપ્લાવીત જિજ્ઞાસુ વાચકોને જરૂર આનંદ આપશે એવી મને ખાત્રી છે.

આ ગ્રંથના સર્જનની અંદર કોઈ ત્રૂટીઓ રહી ગઈ હોય, અગર કોઈ વિધાન સિદ્ધ કરવા પૂરતો ન્યાય આપવામાં નિષ્ફળ બન્યો હોઉં તો, વિદ્વાન્ વાચકો અને વિવેચકો તેના તરફ મારું ધ્યાન દોરી સૂચવશે, સુધારશે એવી નમ્ર સૂચના પણ સાથે સાથે કરી દઉં છું. આ ગ્રંથ લખવાની પ્રેરણા સ્વ. શ્રી. દરબાર સાહેબ ભવાનીસિંહજી તરફથી ભગવતી અંબાજીના સાન્નિધ્યમાં કરેલ સહસ્રચંડીયાગ વખતે જાગેલી. ગુજરાતના પંડિતપ્રવર દાર્શનિક શિરોમણિ શ્રી. જયદત્ત શાસ્ત્રીજી સાથે એક વખત વાતચીતના પ્રસંગે પણ આનો નિર્દેશ કરાયેલો. આમ ભગવતી પ્રત્યેની ભક્તિભાવનાથી પ્રેરાઈ આ પુસ્તક લખવાનો પ્રારંભ થયો. આજે ત્રૈલોક્ય નાયિકા જગદંબાના કૃપાપ્રસાદથી મૂર્ત-સ્વરૂપે તે બહાર મૂકવામાં આવે છે. આ ગ્રંથને પ્રસિદ્ધ કરી મારા પ્રયત્નને સફળ બનાવવા માટે વડોદરા પ્રાચ્યવિદ્યામંદિર તરફથી ચાલતી સયાજી સાહિત્યમાળાના સંચાલકોનો હાર્દિક આભાર માનું છું. આ સિવાય વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરના નિયામક ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા, ઉપનિયામક ડૉ. ઉમાકાંત પી. શાહ, ડૉ. સોમાભાઈ પારેખ વગેરે વિદ્વાન મિત્રોએ યોગ્ય સલાહ સૂચનો, અને પ્રોત્સાહન આપ્યું છે તે બદલ તેમનો આભાર ભૂલી શકાય તેમ નથી. અંતમાં પરબ્રહ્મસ્વરૂપી કરુણામયી જગદંબાના આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપની, તેમ જ તેના પીઠસ્થાનની યત્કિંચિત્ ઝાંખી કરાવતો આ ગ્રંથ વાચકોને સંતોષ આપશે તો મારો આ પ્રયત્ન સફળ થયો માનીશ.

ગીતા જયંતિ,
માર્ગશીર્ષ શુકલ એકાદશી, **કનૈયાલાલ ભાઈશંકર દવે**
સંવત્ ૨૦૧૯,
**પાટણ,** તા. ૮–૧૨–'૬૨

# અનુક્રમ


| પ્રકરણ | મથાળું | | | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|
| | પ્રસ્તાવના | ... | ... | ૧–૧૮ |
| ૧ | આમુખ | ... | ... | ૧–૫ |
| ૨ | અર્બુદ પર્વત, નાગ કે નગર ?... | | ... | ૬–૧૪ |
| ૩ | નાગલોકો અને ગુજરાત | ... | ... | ૧૫–૨૧ |
| ૪ | અર્બુદનું ઐતિહાસિક અવલોકન | | ... | ૨૨–૩૨ |
| ૫ | આરાસુર કે આરાસણનગર | ... | ... | ૩૩–૪૭ |
| ૬ | કુંભારિયાના કલામય પ્રાસાદો | | ... | ૪૮–૫૯ |
| ૭ | ભગવતી અંબા ભવાની | ... | ... | ૬૦–૮૦ |
| ૮ | ભગવતી અંબા ભવાની (ચાલુ)... | | | ૮૧–૮૯ |
| ૯ | લોકકથાઓ | ... | ... | ૯૦–૯૭ |
| ૧૦ | યાત્રાધામ અંબાજી | ... | ... | ૯૮–૧૧૪ |
| ૧૧ | રાજકીય પ્રવાહો | ... | ... | ૧૧૫–૧૨૫ |
| | પરિશિષ્ટ અ : ચંડિકાશ્રમ માહાત્મ્ય | | ... | ૧૨૬–૧૬૭ |
| | પરિશિષ્ટ આ : નાગતીર્થ માહાત્મ્ય | | ... | ૧૬૮–૧૭૩ |
| | સન્દર્ભસૂચિ | ... | ... | ૧૭૪–૧૭૯ |
| | શબ્દસૂચિ | ... | ... | ૧૮૦–૧૯૫ |

श्री. सामवेद

# આમુખ

## ઉપક્રમ

સમસ્ત સંસારમાં બ્રહ્માદિ સ્તંબ પર્યંત શક્તિસ્વરૂપ સમાયેલું છે. પરમપૂજ્ય વિદ્યારણ્ય સ્વામી તેના માટે જણાવે છે કે "**सर्वथा शक्तिमात्रस्य न पृथक् गणना क्वचित्**" કોઈ પણ સ્થળ અગર કોઈ પણ વસ્તુ શક્તિથી ભિન્ન નથી, અર્થાત્ સર્વમાં શક્તિનું સામર્થ્ય ફેલાયેલું જ હોય છે. ભગવાન શંકરાચાર્ય શક્તિસ્વરૂપને સર્વાત્મભાવે નિરૂપતાં કહે છે કે **अव्यक्तनाम्नि परमेशशक्तिरनाद्यविद्या त्रिगुणात्मिका परा। कार्यानुमेया सुधयैवमाद्या यया जगत्सर्वमिदं प्रसूयते ॥ १ ॥** પરમાત્માની અવ્યક્ત નામવાળી શક્તિ અનાદિ, અવિદ્યા, ત્રિગુણાત્મિકા, અને જગતનાં સર્વ કાર્યોથી પર છે. ટૂંકમાં ચૌદ ભુવનાન્વિત સમસ્ત સંસાર શક્તિસ્વરૂપ જગદંબાના વ્યાપક સ્વરૂપે સમાયેલો છે. આ જ વસ્તુને ભગવતી જગદંબાએ, બ્રહ્માદિ દેવોને પોતાનું પરમ તત્ત્વ સમજાવતાં દેવ્યથર્વશિર્ષમાં જણાવ્યું છે કે **सा ब्रवीदहं ब्रह्मस्वरूपिणी । अजाहमनजाहं अधश्चोर्ध्वश्च तिर्यक् चाहम् ॥** અર્થાત્ શક્તિ બ્રહ્મસ્વરૂપિણી છે. જેને અનેક ચરિત્રો વડે, દેવકાર્યો દ્વારા જુદાં જુદાં નામાભિધાનો ધારણ કર્યાં છે. છતાં તેનું સાચું તેમ જ ગુહ્ય તત્ત્વ ભગવતી સચ્ચિદાનંદા પરાંબા સંપૂર્ણ પરબ્રહ્મ સ્વરૂપ છે. ભગવતી જગદંબાએ આ જ વસ્તુનો વધુ વિસ્તાર કરતાં ઋગ્વેદમાં જણાવ્યું છે કે "હું બ્રહ્માંડની અધિશ્વરી છું સમસ્ત સંસારના કર્મફળોને ભોગવનારી છું. ચેતન તેમ જ સર્વજ્ઞ પણ હું જ છું. હું એક સ્વરૂપા હોવા છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસું છું. માનવજાતના રક્ષણ અને કલ્યાણ માટે યુદ્ધ કરી શત્રુનો સંહાર કરતાં

પૃથ્વી ઉપર શાન્તિની સ્થાપના કરું છું. પૃથ્વી અને સ્વર્ગનો વિસ્તાર પણ મારી જ લીલા છે. હું જનકનો પણ જનક છું. જેમ વાયુ સ્વયં પોતાનો વિસ્તાર સાધે છે, તેમ હું પણ સમસ્ત વિશ્વમાં મારો વિસ્તાર ફેલાવું છું. હું સ્વતંત્ર હોઈ મારા ઉપર કોઈનું પ્રભુત્વ નથી. અખિલ બ્રહ્માંડ મારી જ વિભૂતિ છે, મારો જ લીલાવિસ્તાર છે."[1]

આટલા લાંબા વિવેચન ઉપરથી શક્તિતત્ત્વનો સામાન્ય ખ્યાલ આવતો હોઈ એટલું તો સ્પષ્ટ સમજાય છે કે જગજ્જનની ભગવતી જગદંબા સર્વવ્યાપી અને સર્વમાં સમાયેલી છે, છતાં ઔપચારિક વિધિવિધાનો વડે આપણે જુદાં જુદાં અભિધાનો આપી તેને વંદીએ છીએ, પૂજીએ છીએ. જ્યાં સુધી આપણે તેના પ્રત્યક્ષ સ્વરૂપને સમજીએ નહિ, તેનો સાક્ષાત્કાર સાધીએ નહિ, ત્યાં સુધી જુદી જુદી રીતિઓ વડે તેનું યજન, ભજન, પૂજન અને સ્તવન કરવાં ખાસ આવશ્યક છે. અર્થાત્ તે પરાશક્તિને પ્રાપ્ત કરવા તેની સાકાર કલ્પના એ મહત્ત્વનું સાધન છે, અને તેના વડે જ હૃદયસ્થ ચિત્શક્તિને પ્રાપ્ત કરતાં સમસ્ત વિશ્વમાં સમાયેલી પરાશક્તિનું ભાન થાય છે. ભગવતીની સાકાર કલ્પના વ્યક્ત કરતાં, તેનાં હજારો સ્વરૂપો અને નામો વેદ, પુરાણ, તંત્રગ્રંથો, અને ધર્મશાસ્ત્રોમાંથી મળે છે. છતાં કેટલાંક એવાં સ્વરૂપો અને સ્થાનો છે, જ્યાં જવાથી ભગવતી જગદંબાના સાચા સ્વરૂપનો ભાવ તેના વાતાવરણમાંથી જ મળી આવે છે. તે છે ભગવતી પરાંબાનો લીલાવ્યવહાર. ભારતના પ્રાંતેપ્રાંતમાં ભગવતી જગદંબાનો લીલા-વિસ્તાર વ્યાપ્ત થયેલો છે, જ્યાં જઈ હૃદયના સાચા તોરથી ધ્યાન, ધારણા અને યજન પૂજન કરતાં તેના સત્ય સ્વરૂપની ઝાંખી થાય છે. ભારતવર્ષમાં આવાં અનેક શક્તિપીઠો છે. 'તંત્રચૂડામણી'માં તેની સંખ્યા બાવનની જણાવી છે. જ્યારે 'શિવચરિત્ર'માં કુલ એકાવન શક્તિપીઠો હોવાનું નોંધ્યું છે. 'દેવી ભાગવત' ભારતમાં એકસોઆઠ પીઠ

૧. ઋગ્વેદ મંડળ ૧૦, સૂક્ત ૧૨૫.

સ્થાનોનો ઉલ્લેખ આપે છે.[1] ત્યારે 'દેવી ગીતા' કુલ બોતેર પીઠો હોવાનું સૂચવે છે.[2] આમ જુદા જુદા ગ્રંથો ભારતના સમસ્ત પ્રદેશમાં સેંકડો દેવીપીઠો-મહાસ્થાનો હોવાનું કહે છે. છતાં મુખ્ય બાવન પીઠો હોવાનું સર્વસામાન્ય રીતે જણાય છે. ગુજરાતમાં અર્થાત્ પશ્ચિમ હિંદમાં આવાં પીઠો પૈકી કેટલાંક છે. તેમાં પુષ્કરનું ગાયત્રી કે પુરુહૂતા, કચ્છમાં ભદ્રેશ્વર પાસે ભદ્રા, રાજપૂતાનામાં શાંકભરિ, દ્વારિકામાં રૂક્મિણી, પૂર્વકાળમાં કચ્છની સરહદે પાતાલમાં પરમેશ્વરી, પ્રભાસમાં પુષ્કરેક્ષિણી, નર્મદા તટે નાકુલી, વસ્ત્રાપથ દ્વારકા પાસેના પ્રદેશમાં ભીમા–ભીમેશ્વરી, સોમેશ્વર–સોમનાથ પાસે વરારોહા, સરસ્વતીના તટે દેવમાતા, બેટ શંખોદ્ધારમાં ધરા વગેરે મુખ્ય હોવાનું જણાવ્યું છે. આ સિવાય ગુજરાતમાં બીજાં પણ કેટલાંક પ્રાચીન દેવીપીઠો છે. તે પૈકી આરાસુરમાં અંબિકા, પાવાગઢમાં કાલિકા, કૌલગિરિ પીઠમાં કોયલા, પોરબંદર પાસે હરસિદ્ધિ, કચ્છમાં આશાપુરી, ઓખામંડળ બેટમાં અભયા, આરંભડામાં લૂણી, કાલાવડમાં શીતળા, હળવદમાં સુંદરી, ઉપલેટા પાસે માતૃમાતા, ભાવનગર પાસે ખોડિયાર, આબુમાં અર્બુદાદેવી, નર્મદા-તીરે અનુસૂયા, અને ચુંવાળમાં બહુચરાજી વગેરે શક્તિપીઠો પ્રાચીન કાળથી ખૂબ જાણીતાં છે.

આ બધાં દેવીનાં મહાપીઠો પૈકી, અર્બુદાચલના આરાસુર પર્વતમાં આવેલ ભગવતી જગદંબાનું મહાસ્થાન એક પ્રાચીન શક્તિપીઠ છે. તેનો ક્રમબદ્ધ ઇતિહાસ આજે આપણી પાસે નથી, પરંતુ વેદ, પુરાણ અને ભારતના પ્રાચીન તંત્રગ્રંથોમાંથી તત્સંબંધી કેટલાંક પ્રમાણો મળી આવે છે, જેના આધારે આ દિવ્ય મહાસ્થાન સંબંધી કેટલુંક જાણવા મળે છે. આ સિવાય ઐતિહાસિક, તેમ જ સાહિત્યશાસ્ત્રના ગ્રંથોમાંથી આ પીઠસ્થાન માટે કેટલાક ઉલ્લેખો મળ્યા છે. તદ્ ઉપરાંત

---

૧ દેવી ભાગવત, સ્કં. ૭.

૨ દેવીગીતા, અ. ૮, શ્લો. ૧ થી ૩૨.

કેટલેક ઠેકાણે પરિસ્થિતિને અનુરૂપ, ખૂટતા અંકોડા સાધવા તર્ક કે અનુમાનનો પણ આશ્રય લેવો પડ્યો છે. આ મહા પીઠસ્થાન માટે પ્રાપ્ત થતાં શાસ્ત્રીય સૂચનો, તેની અનાદિ સિદ્ધતા પુરવાર કરવા માટે વધુ ઉપયોગી હોઈ, ગુજરાતના જ નહિ પણ ભારતવર્ષના આ દિવ્ય સ્થાન પ્રત્યે વધુ પ્રેમ, અને ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. આ કારણને લઈ જગદીશ્વરી અંબા ભવાની, અને તેના સ્થાનની ઐતિહાસિકતા, તેમ જ પ્રાચીનતા વ્યક્ત કરવાનો આ ગ્રંથ દ્વારા પ્રયત્ન સાધ્યો છે. આથી અનાદિસિદ્ધ, અને ઋષિમુનિસેવિત, આ મહાશક્તિપીઠ સંબંધી કેટલીક અનન્ય માહિતી પ્રાપ્ત થાય છે.

## અંબા ભવાનીનું સ્થાન

આ મહાસ્થાન યાને પીઠ આરાસુરમાં આવેલ હોઈ, તે આરાસુરી અંબા તરીકે પણ વિખ્યાત છે. આરાસુર એ સ્થાનનું નામ છે. જોકે આજે લોકોમાં આરાસુર પર્વત તરીકે મનાય છે, પણ ઐતિહાસિક દૃષ્ટિએ તે બરાબર નથી. કારણ આરાસણ એ ભવ્ય નગર હતું, જેની વિસ્તારથી પર્યાલોચના આગળ કરવામાં આવનાર છે, એટલે અત્રે ફક્ત તેનો નામનિર્દેશ આપી આપણા મુખ્ય વિષય તરફ વળીશું. આમ આરાસણ પહાડનું નામ નહિ, પણ નગરનું નામ હતું, ત્યારે ભગવતીનું સ્થાન જે પર્વતમાં આવેલું છે, તેનું શું નામ હશે, તે ખાસ વિચારણીય છે. આ સંબંધી પ્રત્યક્ષ પ્રમાણો તો ખાસ મળતાં નથી, પણ પૌરાણિક તીર્થવર્ણનોના આધારે તે સંબંધી કેટલોક પ્રકાશ પડે છે. સ્કંદપુરાણ પ્રભાસખંડના અવાંતર ખંડો પૈકી અર્બુદ ખંડમાં, આબુનાં તીર્થો અને ત્યાંના મહાસ્થાનોનાં વર્ણનો આપવામાં આવ્યાં છે. આ તીર્થો પૈકી કોટેશ્વરની ગણના પણ અર્બુદમાં જ કરી છે.[1] તેવી જ રીતે શિવપુરાણ પણ કોટેશ્વરને અર્બુદાચલમાં

૧ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૧૧

મૂક છે.[૧] આ કોટેશ્વર અંબા ભવાનીની નજદીકમાં ફક્ત ચારપાંચ માઈલ દૂર છે. જો કોટેશ્વરની ગણના અર્બુદાચલની અંદર કરવામાં આવતી હોય, તો પછી ભગવતી જગદંબાનું સ્થાન પણ અર્બુદમાં જ આવે તે સ્પષ્ટ રીતે સમજાય છે. આથી પુરાણોના કથન પ્રમાણે આ મહાસ્થાન, શક્તિપીઠ ભારત વિખ્યાત અર્બુદાચલમાં આવેલ હોવાનું નિશ્ચિત થાય છે. અને તે ન્યાયે અર્બુદનો સંબંધ, આ પીઠસ્થાન સાથે જોડાયેલો હોવાથી, અર્બુદાચલનો પ્રાચીન ઇતિહાસ, ઉવેખવાની અત્રે ખાસ આવશ્યકતા છે.

---

૧ શિવપુરાણ, કોટીરુદ્રસંહિતા, અ. ૩

## પ્રકરણ ૨જું

# અર્બુદ પર્વત, નાગ કે નગર ?

અર્બુદ નામ પર્વતનું હોવાની જાણીતી વાત છે, પરંતુ તેના પ્રાચીન ઇતિહાસમાંથી તો, તે એક નાગરાજનું નામ હોવાનું સ્કંદ-પુરાણના આધારે જણાય છે. તેની ઉત્પત્તિ સંબંધી જે પૌરાણિક કથા રજૂ કરવામાં આવી છે, તેમાં તેનું નંદિવર્ધન નામ આપેલ હોઈ, તેને હિમાલયનો પુત્ર બતાવ્યો છે; જ્યારે અર્બુદને મહા પરાક્રમી, આકાશગામી, અને વિક્રમશાલી તરીકે જણાવતાં તેને નાગરાજ તરીકે સંબોધ્યો છે. અર્બુદાચલના પૂર્વઇતિહાસની ઝાંખી કરાવતાં પહેલાં, તેના માટે મળતી સ્કંદપુરાણના અર્બુદખંડવાળી પૌરાણિક કથાની સામાન્ય રૂપરેખા, રજૂ કરવાની અત્રે પ્રાથમિક દર્શને જરૂરત તો છે જ. જેથી ટૂંકમાં તેનો સારભાગ અત્રે આપવામાં આવેલ છે.

પહેલાં આ (અર્બુદના) સ્થાને વસિષ્ઠ ઋષિનો આશ્રમ હતો. એક વખત ઋષિની નંદિની ગાય, ચરવા ગઈ પણ સાયંકાળે પાછી આવી નહિ, તેથી ચિંતા થવા લાગી. જેના દૂધઘીથી હોમાદિક કાર્યો થતાં તે બધાં અટકી પડ્યાં. મુનિએ તેની ઘણી શોધ કરી, ત્યારે તેને એક ઊંડા શ્વભ્ર (ખાડા)માં પડેલી જોઈ. ઋષિએ તેને પૂછ્યું કે તું અહીં કેમ પડી? ત્યારે નંદિનીએ કહ્યું ઘાસની ઇચ્છાથી ફરતાં ફરતાં હું આ ઊંડા શ્વભ્ર (કોતર)માં પડી ગઈ છું તો કૃપા કરી મને બહાર કાઢો. આથી મુનિએ સરસ્વતીનું ધ્યાન ધર્યું, એટલે સરસ્વતી ત્યાં પધાર્યાં. ઋષિએ નંદિનીને બહાર કાઢવા સૂચવ્યું, એટલે સરસ્વતીએ તેમાં પોતાનો પ્રવાહ ભરતાં, નંદિની બહાર આવી, અને ઋષિ નંદિનીને લઈ આશ્રમે ગયા. પણ આ તો રોજનું પડ્યું, અને ગાય આમ રોજ

પડી જાય, વળી સરસ્વતીને વારંવાર બોલાવવાં પડે એ ઠીક નહિ. માટે શ્વભ્રને જ જો પૂરી નાખવામાં આવે તો રોજનો ત્રાસ દૂર થાય. આમ વિચારી વસિષ્ઠમુનિ નાગાધિરાજ હિમાલય પાસે ગયા, અને પોતાની બધી હકીકત જણાવી, ગમે તે કોઈ પર્વતને તે શ્વભ્ર પૂરવા માટે મોકલવા સૂચવ્યું. આથી આ શ્વભ્રનું ક્ષેત્રફળ તેમ જ વિસ્તાર કેવડો છે તેની રૂપરેખા માગી. ત્યારે વસિષ્ઠમુનિએ કહ્યું કે આ શ્વભ્ર બેહજાર યોજન લાંબુ, અને ત્રણહજાર યોજન પહોળાઈના વિસ્તારવાળું હોઈ, તેની ઊંડાઈનો તો પાર જ નથી. આ હકીકત સાંભળી હિમાલય કહેવા લાગ્યો કે, મહારાજ આના માટે તો મારો પુત્ર નંદિવર્ધન જ યોગ્ય છે; પણ શું કરીએ ? અમારી પાંખો ઈંદ્રે તોડી નાખી છે એટલે અમો ત્યાં કેવી રીતે આવી શકીએ ? આવો પ્રત્યુત્તર મળતાં વસિષ્ઠ મહારાજે તેનો ઉપાય બતાવ્યો અને કહ્યું કે, તારા પુત્રનો મિત્ર અર્બુદનાગ છે, તે પરાક્રમશીલ, આકાશગામી અને વીર્યવાન છે. તે તારા પુત્રને ઉપાડી ત્યાં મૂકી દે તેવો તું પ્રબંધ કર. હિમાલયને પોતાનો પુત્ર મોકલતાં ઘણું દુઃખ થયું, પણ ઋષિના શાપ-ભયના કારણે તેણે કબૂલ કર્યું, અને પુત્ર નંદિવર્ધનને જવા આજ્ઞા આપી. પિતાની આજ્ઞાને શિરસાવંદ્ય કરતાં નંદિવર્ધન કહેવા લાગ્યો કે, પિતાશ્રી ! હું ત્યાં જવા તૈયાર છું પણ તે દેશ પાપી છે, ત્યાં કેવળ ખદિર, ધવ, શિમળા સિવાય કોઈ દેવવૃક્ષો થતાં નથી, ત્યાં જંગલી પશુઓ, અને નિષ્ઠુર ભિલ્લો રહે છે. માટે ત્યાં જઈ હું શું કરું ? ત્યારે વસિષ્ઠ ઋષિ કહેવા લાગ્યા કે, તે માટે તું ચિંતા કરીશ નહિ, હું ત્યાં નિવાસ કરીશ. ત્યાં પુણ્ય નદીઓ અને તીર્થો મારા આદેશથી આવશે. પછી નંદિવર્ધને પોતાના મિત્ર અર્બુદનાગને બોલાવી આ કાર્યમાં સહાય કરવા માગણી કરી. ત્યારે અર્બુદે પોતાની ખ્યાતિ-સ્મરણ કાયમ રહે તો આમાં સાથ આપવા જણાવ્યું. અર્થાત્ તે સ્થાનનું નામ અર્બુદ રાખવું જોઈએ તેવી માગણી કરી. નંદિવર્ધને

તે વાત કબૂલ કરી, અને અર્બુદનાગ ઉપર આરૂઢ થઈ, વસિષ્ઠના આશ્રમ પાસે જે મહાન વિવર હતું, તેના ઉપર સ્થાન જમાવ્યું. અર્થાત્ તે વિવર પૂરી દેવામાં આવ્યું. ત્યારથી આ સ્થાનનું નામ અર્બુદ પડ્યું, અને આજે તે અર્બુદ પર્વત તરીકે લોકવિખ્યાત છે.[1]

આ આખીય પૌરાણિક કથા ઉપરથી ઐતિહાસિક દૃષ્ટિએ એટલું તો તાત્પર્ય નીકળી શકે છે કે, અર્બુદ પર્વતની અંદર પહેલાં ભિલ્લ, કિરાત આદિ જંગલી જાતિઓ રહેતી હતી. પાછળથી ત્યાં નાગ-પ્રજાતંત્રે નિવાસ કર્યો, અને આ પ્રદેશને આબાદ બનાવ્યો. ત્યાં સરસ્વતીનું વહન હતું, એટલું જ નહિ પણ અર્બુદ પ્રદેશની લંબાઈ બેહજાર યોજન, અને પહોળાઈ ત્રણહજાર યોજનની પૂર્વકાળમાં મનાતી. આટલી મોટી લંબાઈ-પહોળાઈના હિસાબે, ફક્ત માઉન્ટ આબુ અને તેની આજુબાજુનો પ્રદેશ અર્બુદાચલ તરીકે માનવામાં આવે તો વાંધો આવે છે; પણ સિરોહી અને દાંતા રાજ્યમાં આવેલા બધા પર્વતો, ઉપરાંત અરવલ્લીની ગિરિમાળાઓનો સમાવેશ તેની અંદર કરવામાં આવે તો જ આટલો મોટો વિસ્તાર બની શકે. છતાં સામાન્ય દૃષ્ટિએ એમ લાગે છે કે દાંતા, સિરોહી, અને રાજપૂતાનાનો કેટલોક પ્રદેશ, અર્બુદાચલના વિસ્તારમાં પૂર્વકાળે આવી જતો હતો.

આ સિવાય સરસ્વતીનું ઉદ્‌ગમસ્થાન, ભગવતી અંબા ભવાનીની નજદીકમાં આવેલું હોવાથી, પુરાણના કથન મુજબ અર્બુદાચલનો વિસ્તાર વધુ વિસ્તૃત હોઈ, જગજ્જનની અંબાજીનું સ્થાન પણ આ જ પ્રદેશમાં ગણાતું હતું.

બીજી વાત આ પર્વત સાથે અર્બુદ નાગની હકીકત સંકલિત થયેલી જોવામાં આવે છે. તેના ઉપરથી એમ લાગે છે કે, અહીં નાગ પ્રજાનું

---

૧ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૧ થી ૩; મહાભારત, વનપર્વ અં. ૮૨.

થાણું હતું, અને આ બધો પ્રદેશ નાગ પ્રજાતંત્રશાસિત હતો. ત્યારે આ નાગો કોણ હતા ? ભારતવર્ષમાં તેમની વસાહતો ક્યાં હતી ? રાજપૂતાના અને ગુજરાતમાં તેમનાં થાણાંઓ ક્યાં આવેલાં હતાં, તેની પણ કેટલીક પર્યાલોચના પ્રસ્તુત વિષય સાથે સંબંધ ધરાવતી હોવાથી અત્રે આપવાનો પ્રબંધ કર્યો છે.

## ભારતમાં નાગ પ્રજાતંત્રો

એક સમય એવો હતો કે ભારતના મોટા ભાગ ઉપર નાગ રાજાઓનું શાસન ચાલતું હતું. આ નાગ તે દરમાં નિવાસ કરનારા, પેટે ચાલતા સર્પાવસ્થાના નાગો નહિ, પણ તે એક નાગ જાતિ કે પ્રજાનું નામ છે. તે અવટંક ધારણ કરનારા ક્ષત્રિયો થયા છે, જેઓ નાગપૂજાના પણ હિમાયતી હતા, એમ તેમના સિક્કાઓ ઉપરથી માલમ પડે છે. પરીક્ષિત રાજાને તક્ષક નાગ કરડ્યો અને તેનું મરણ થયું. ત્યારબાદ જનમેજયે સર્પસત્ર કરી હજારો નાગનો સંહાર કર્યો. આ પૌરાણિક કથા ઐતિહાસિક દૃષ્ટિએ એક રૂપક છે. તેમાંથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે, પરીક્ષિત રાજાને તક્ષકે મારી નાખ્યો, જેનું વેર વાળવા તેના પુત્ર જનમેજયે નાગલોકો ઉપર હુમલો કરી હજારો નાગોનો નાશ કર્યો હતો.

મહાભારત વનપર્વમાં કલિના પ્રાદુર્ભાવથી પ્રજામાં કેવા વિનિપાત આવશે તેનો ઉલ્લેખ આપતાં જણાવ્યું છે કે, બ્રાહ્મણોના નિવાસ-સ્થાનો, મહર્ષિઓના આશ્રમો, દેવતાઓનાં પવિત્ર સ્થાનો, તીર્થો, અને નાગોના મંદિરોમાં એડુક (બૌદ્ધસ્તૂપ)ની પૂજાઓ થશે.[૧] આમ નાગવંશનું અસ્તિત્વ મહાભારતકાળે વિદ્યમાન હતું. ભગવાન બુદ્ધ એક ભવમાં નાગરાજા હતા, જેને કાશીરાજાએ છોડાવ્યા હતા, એમ બૌદ્ધ જાતકકથાઓમાંથી જાણવા મળે છે. આ પ્રસંગનું એક ભવ્ય

---

૧ देवस्थानेषु चैत्येषु नागानामालयेषु च ।
ऐडूकचिह्ना पृथिवी न देवगृहभूषिता ॥ १ ॥ महाभारत, वनपर्व. अ. १८४.

ચિત્ર અજંતાના એક ગુફામંદિરમાં આજે પણ વિદ્યમાન છે.[૧] આમ નાગોની અલૌકિક શક્તિ સંબંધી અનેક ઉલ્લેખો, બૌદ્ધ જાતકો તેમ જ કલ્હણની રાજતરંગિણી આદિ ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. તક્ષક ઉપરથી જ તખ્ખ, તાક, ટક્ક, અને ટાંક વગેરે નામો પ્રસિદ્ધિમાં આવ્યાં છે. વિષ્ણુપુરાણ નવ નાગરાજાઓએ પદ્માવતી, કાંતિપુરી અને મથુરામાં રાજ્ય કર્યું હતું એમ સૂચવે છે.[૨] જ્યારે વાયુ અને બ્રહ્માંડપુરાણે, નાગવંશી નવરાજાઓ ચંપાપુરી અને મથુરામાં રાજ્ય કરશે એવી ભવિષ્યવાણી ભાખી છે.[૩] પદ્માવતીના નાગવંશી રાજાઓના કેટલાક સિક્કાઓ માળવામાંથી મળ્યા છે. હર્ષચરિતમાં પદ્માવતીના નાગસેનનો ઉલ્લેખ છે, જે સારિકા દ્વારા ગુપ્તભેદ પ્રકટ થવાથી માર્યો ગયો હતો.[૪] આ ઉપરાંત નાગો સંબંધી અનેક કથાઓ જુદાં જુદાં પુરાણોમાંથી મળે છે. આથી સ્પષ્ટ જણાય છે કે નાગ એ વંશ કે પ્રજાનું નામ હતું, અને તેઓનાં રાજ્યો વિદિશા, પદ્માવતી, કાંતિપુરી, મથુરા તેમ જ ચંપાની અંદર પૂર્વકાળમાં હતાં. પ્રાચીન સિક્કા અને શિલાલેખો ઉપરથી પણ, ઈ. સ. પૂર્વે બેત્રણ સૈકા અગાઉ નાગ પ્રજાતંત્રો ભારતમાં શાસન કરતાં હતાં એવી હકીકતો મળે છે.[૫]

નાગલોકો સંસ્કૃતિના પૂજક હતા. ધર્મ તેમની નાડીમાં વહેતો હતો. કાશીમાં દશાશ્વમેધ ઘાટ જ્યાં દશ અશ્વમેધો કરવામાં આવ્યા

---

૧ જુઓ, અજંતાના કલામંડપો, કર્તા: શ્રી રવિશંકર રાવળ.

२ नवनागाः पद्मावत्यां कांतिपुर्यां मथुरायां.....विष्णुपुराण. अ. ४, अ. २४

३ नवनागास्तु भोक्ष्यन्ति पुरीं चंपावतीं नृपाः

मथुरां च पुरीं रम्यां नागा भोक्ष्यन्ति सप्त वै ॥१॥ वायुपुराण अ. ९९ श्लो. ३८२; ब्रह्मांड पु. स्कं. ३. अ. ७४ श्लो. २६४

४ नागकुलजन्मनः सारिकाश्रावित मंत्रस्यासीन्नाशो नागसेनस्य पद्मावत्यां....
हर्षचरित–उल्लास ६. पा. १९८

૫ અંધકારયુગીન ભારત, ભા. ૧, પા. ૨૬-૭૪, લેખક: શ્રી. કે. પી. જયસ્વાલ.

હતા, તેના પ્રયોજકો આ નાગરાજાઓ જ હતા. સંગીત, શિલ્પ, અને ચિત્રકલાનો સુંદર વિકાસ તેમના સમયમાં થયો હતો. કલાના તો તેઓ પૂજક-સંરક્ષક હતા. શિલ્પશાસ્ત્રમાં નાગર, વેસર, અને દ્રવીડ એ ત્રણ શૈલીઓ મુખ્ય ગણાય છે. તેમાં નાગરશૈલી નાગ પ્રજાતંત્રમાંથી જ ઉદ્‌ભવી છે. નાગસામ્રાજ્યનો વિસ્તાર ભારતના મોટા ભાગ ઉપર હતો. મગધ, પ્રયાગ, બિહાર, વિંધ્યપ્રદેશ, આગરા અને અવધનો સંયુક્ત પ્રદેશ, બુંદેલખંડ, મધ્યપ્રદેશ, માલવા, રાજપૂતાના, ગુજરાત અને પૂર્વ પંજાબ આદિ પ્રાંતો ઉપર તેમનો અધિકાર હતો.[૧] પાંચાલનું નગર જેને અહિછત્રપુર કહેવામાં આવે છે, જયપુર પાસેનું કર્કોટક નગર, અને નાગદા વગેરે શહેરો નાગ નામ સાથે સંબંધ ધરાવતાં હોવાથી ત્યાં નાગલોકોનો પૂર્વકાળે નિવાસ હતો એમ સૂચવે છે. કોટા રાજ્યના શેરગઢ કસ્બાના દરવાજા પાસે એક શિલાલેખ વિ. સં. ૮૪૭નો ભીંતમાં ચોડેલો છે, તેમાં નાગકુલોનાં અનુક્રમે બિન્દુનાગ, પદ્મનાગ, સર્વનાગ, અને દેવદત્ત વગેરે નામો આપવામાં આવ્યાં છે. આ સમયે સર્વનાગ વિદ્યમાન હતો, તેણે કોશવર્ધન પર્વતની પૂર્વમાં એક બૌદ્ધ મંદિર અને મઠ બંધાવ્યો હોવાનું જણાવ્યું છે.[૨] આ સિવાય શ્રીમાળ નગરના પ્રજાજનોને નાગલોકો વારંવાર હેરાન કરતા હતા એમ શ્રીમાળપુરાણ ઉપરથી જાણવા મળે છે.[૩]

આ બધા પ્રમાણો ગુજરાત, મારવાડ, અને રાજપુતાનામાં નાગ-લોકોનો સારો એવો વિસ્તાર ફેલાયો હોવાની પ્રતીતિ આપે છે, એટલું જ નહિ પણ આપણા આરૂઢ વિદ્વાનોએ તેનું સમર્થન કરતાં, ઐતિહાસિક દષ્ટિએ તે સત્યને પૂરવાર કર્યું છે.[૪] કર્કોટક નગર જે

૧ એજન. પા. ૧૧૮

૨ ઇન્ડિયન એંટીક્વેરી ભા. ૧૪; પા. ૪૫.

૩ શ્રીમાળપુરાણ, અ. ૨૮.

૪ અંધકારયુગીન ભારત, પા. ૩૨૨.

જયપુર રાજ્યમાં આવેલું છે ત્યાં તેઓની રાજધાની હતી. ત્યાંથી “ માલવાનાં જયઃ ” નામવાળા હજારો સિક્કાઓ મળ્યા છે. માલવોને શ્રીમદ્‌ભાગવતમાં અર્બુદમાલવો કહ્યા છે, જ્યારે વિષ્ણુપુરાણ તેઓનું સ્થાન રાજપૂતાનામાં હોવાનું જણાવે છે. આથી નાગ પછી અર્બુદાચલમાં માલવો આવ્યા હોય તેમ સમજાય છે. આ માલવો કોણ હતા, તેનો સીધેસીધો પુરાવો મળ્યો નથી, પરંતુ પુરાતત્વવિદ્‌ સ્વ. કાશીપ્રસાદ જયસ્વાલે તેઓને નાગના સંબંધીઓ, અગર તો બધા એક જ જાતિના હોવાનું અનુમાન્યું છે.[1] કારણ તે બંન્નેની સભ્યતા, અને સંસ્કૃતિ લગભગ એકબીજાને સંપૂર્ણ મળતી હોવાનું જણાય છે.

અર્બુદનાગ પરાક્રમશીલ અને વીર્યવાન વ્યક્તિ હતો, જેણે આ પર્વતમાં આવી, તેના આદિ નિવાસીઓ ઉપર અધિકાર જમાવતાં, પોતાનું થાણું અહીં નાખ્યું હતું, જેથી આ પર્વતનું નામ અર્બુદાચલ રાખવામાં આવ્યું. નાગોનું અહીં નિવાસસ્થાન હતું, તેને બીજી પણ એક પૌરાણિક આખ્યાયિકાથી ટેકો મળે છે. વસિષ્ઠ ઋષિ જ્યારે હિમાલય પાસે શ્વભ્ર પૂરવા માટે, પર્વતની માગણી કરવા ગયા ત્યારે હિમાલયે પૂછ્યું કે મહારાજ આ શ્વભ્ર યાને વિવર શાથી પડ્યું ? તેન. પ્રત્યુત્તરમાં ઋષિ કહેવા લાગ્યા કે, ગૌતમના આશ્રમમાં ઉત્તંક નામનો તેમનો એક શિષ્ય અધ્યયન કરતો હતો. ઘણા’ક કાળ સુધી તેણે અધ્યયન કર્યું. વૃદ્ધાવસ્થા આવવા લાગી પણ તે પોતાના ઘેર ગયો નહીં, તેમ તેને ગૃહસ્થાશ્રમ પણ માંડ્યો નહીં. એક વખત લાકડાં કાપી ઘેર આવતો હતો ત્યારે પોતાની જટાનો એક ધોળો વાળ લાકડે ભરાયેલો જોયો. આથી તેને પોતાનું મોટા ભાગનું આયુષ્ય જતું રહ્યું તેનું ભાન થયું, અને ઘેર જઈ ગૃહસ્થાશ્રમ શરૂ કરવાનો વિચાર કર્યો. તેણે ઘેર જવાની રજા ગુરુ પાસે માગી. અને ગુરુદક્ષિણા આપવા વિનમ્ર ભાવે જણાવ્યું. ગુરુએ પ્રસન્ન થઈ તેની પાસેથી કાંઈ પણ લેવા ના પાડી, છતાં તેણે ખૂબ આગ્રહ કર્યો,

---

૧ એજન. પા. ૧૧૪, ૧૧૫,

અને ગુરુએ ન માન્યું, એટલે ગુરુપત્ની પાસે જઈ ગુરુદક્ષિણા માગવા વિનંતિ કરી. ત્યારે ગુરુપત્નીએ જણાવ્યું કે, અમારે તારી પાસેથી કાંઈ પણ લેવા ઇચ્છા નથી, પરંતુ જો તારો આગ્રહ જ હોય તો, સૌદાસ રાજાની રાણી મદયંતીનાં કુંડલો પાંચ દિવસમાં મને લાવી આપ. જો તેમાં વિલંબ કરીશ તો તને શાપ આપવામાં આપશે. ગુરુપત્નીની માગણીથી ઉત્તંક કુંડલો લેવા સૌદાસ રાજાને ત્યાં ગયો, ત્યારે સૌદાસે વાઘનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉત્તંકને જોતાં જ સૌદાસ તેનું ભક્ષણ કરવા ઊભો થયો. ઉત્તંકે કહ્યું ભલે તારે મારું ભક્ષણ કરવું હોય તો કર, પણ હું મારી ગુરુપત્નીની માગણીથી તારી પત્નીનાં કુંડલો માગવા આવ્યો છું, તું તે કુંડલો મને આપ, હું કુંડલો આપી પાછો આવીશ, તારે મારું ભક્ષણ તું અવશ્ય કરજે. આથી સૌદાસે તેને પોતાની પત્ની પાસે મોકલ્યો. ઉત્તંકે મદયંતીને બધી હકીકત કહી સંભળાવી કુંડલોની માગણી કરી, એટલું જ નહિ પણ તમારા પતિ સૌદાસ રાજાએ મને તમારી પાસે મોકલ્યો હોવાનું જણાવ્યું. ત્યારે મદયંતીએ તેનો પુરાવો માગ્યો. ફરી ઉત્તંક સૌદાસ રાજા પાસે જઈ તેની ખાતરી માટે નિશાની લઈ આવ્યો. આથી મદયંતીએ કુંડળો આપ્યાં પણ સૂચના કરી કે, અમારાં કુંડળો તક્ષકનાગ લેવા ઇચ્છે છે માટે તું ખૂબ સાવચેતીથી લઈ જજે. આ સૂચનાનો અંગિકાર કરી ઉત્તંક ગુરુના આશ્રમ તરફ આવતો હતો, ત્યાં રસ્તામાં તેને ખૂબ ભૂખ લાગી. આથી કુંડલોને મૃગચર્મમાં બાંધી નીચે મૂકયાં, અને ફળ માટે વૃક્ષ ઉપર ચઢયો. તેટલામાં તક્ષક ત્યાં આવ્યો, અને કુંડલો લઈ એક ગાઢ અંધકારવાળુ બીલ હતું તે માર્ગે પાતાળમાં નીકળી ગયો. ઉત્તંક તક્ષકની પાછળ પડયો, પણ આ વિવર ખૂબ ઊંડું અને અંધકારવાળું જોઈ, તેણે વજ્રનું ધ્યાન કર્યું. ધ્યાનથી વજ્ર આવ્યું, અને તે વડે બીલ–વિવરને ખોદી કાઢી તે પાતાલમાં ગયો, અને પોતાના તપપ્રભાવથી અનેક કૃત્યાઓ કરી, નાગલોકોને ત્રાસ આપવા લાગ્યો. આથી બધા નાગો તક્ષકને લઈ

ત્યાં આવ્યા, અને કુંડલો ઉત્તંકને પાછા આપ્યાં. પછી ઉત્તંકે ગુરુના આશ્રમે જઈ કુંડલો ગુરુપત્નીને આપ્યાં.[૧]

આ પૌરાણિક કથા એટલું તો સૂચવે છે કે, નાગલોકો અહીં આવતા હતા. અહીંથી નાગોના નગર તરફ જવાતું હતું. ટૂંકમાં અર્બુદાચલની અંદર નાગલોકોનો નિવાસ હતો એમ આ અને બીજા અનેક પુરાવાઓથી સિદ્ધ થાય છે. પૌરાણિક કથામાં જણાવ્યા પ્રમાણે ગૌતમ ઋષિનો આશ્રમ પણ અહીં જ હતો. આજે વસિષ્ઠાશ્રમથી નીચે ઊતરતાં પશ્ચિમમાં ગૌતમનો આશ્રમ આવે છે. વળી અર્બુદનાગે પર્વત લાવવાનું ભગીરથ કાર્ય કર્યું, તેથી અર્બુદની ઇચ્છા પ્રમાણે વસિષ્ઠ ઋષિએ પ્રસન્ન થઈ, ત્યાંની એક નિર્ઝરણીને નાગતીર્થ તરીકે નિશ્ચિત કરતાં, ત્યાં સ્નાન, દાનનું મહાન પુણ્ય પ્રાપ્ત થશે એવું વરદાન આપ્યું. આ નાગતીર્થ માઉન્ટ આબુના કોઈ વિભાગમાં આવ્યું હોવાનું જણાયું નથી, પણ અંબાજી જતાં રસ્તામાં નાગધરાનું સ્થાન આવે છે, તે જ આ નાગતીર્થ હશે એમ લાગે છે. આ બધા પુરાવાઓ અર્બુદમાં પૂર્વકાળે નાગવસાહતો હતી તેને પુષ્ટિ આપે છે. નાગો પછી માલવો આવ્યા. માલવોનો રાજ્ય-વિસ્તાર માલવાથી આરંભી, અર્બુદ અને દક્ષિણ ગુજરાત–અપરાંત સુધી હતો, એમ વાત્સ્યાયન કામસૂત્રનો જયમંગલા ટીકાકાર જણાવે છે.[૨] સ્વ. પુરાતત્ત્વવિદ્ જયસ્વાલના કથન મુજબ માલવો નાગોના સગાં-સંબંધીઓ હોય, અગર તો તે જ જાતિના હોય તો નાગપ્રજાનો અધિકાર આપણા પ્રાંતમાં ખૂબ વિસ્તાર પામ્યો હતો એમ ચોક્કસ લાગે છે.

---

૧ સ્કંદપુરાણ. પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૨

૨ ता एवापरमालव्यः । पश्चिमे समुद्रसमीपेऽपरान्तदेशः ॥ अपरमालव पश्चिमेन लाटविषयः ॥ वात्स्यायन कामसूत्र. जयमंगलाटीका.

કાશી સંસ્કૃત સિરીઝ, પા. ૧૮૦.

## પ્રકરણ ૩જું

# નાગલોકો અને ગુજરાત

નાગ શબ્દ સાથે સંબંધ ધરાવતાં સેંકડો ગામો ગુજરાત-કાઠિયાવાડ-માંથી મળે છે પણ તેટલા જ ઉપરથી તેનો સંબંધ નાગપ્રજા સાથે કલ્પવો એ એક સાહસ ગણાય. પરંતુ કેટલાંક નામો એવાં છે કે જ્યાં નાગલોકોએ ઐતિહાસિક, અને સામાજિક દૃષ્ટિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એટલું જ નહિ પણ તે પ્રદેશોમાં રહેતી નાગપ્રજાએ સેંકડો વર્ષો સુધી સ્થાન જમાવી, કેટલેક ઠેકાણે તો તેઓએ શાસન ચલાવ્યું હતું એમ ઇતિહાસ કહે છે. ગુજરાત-કાઠિયાવાડમાંથી તેઓનાં પ્રજા-તંત્રો, અને શાસિત–પ્રદેશોની કેટલીક માહિતી મળી છે, તેમાં અર્બુદ, વડનગર, લાટ, અને સૌરાષ્ટ્રનું પાતાલ, નાગવસાહતોનાં મુખ્ય કેંદ્રો હોવાનું જણાય છે. નાગ લોકોએ આ સ્થાનોમાં પોતાનાં થાણાં જમાવી ત્યાંના પ્રદેશો સર કર્યા હતા, એટલું જ નહિ પણ ત્યાંની પ્રજાઓને વીર, સાહસિક, અને કલા પ્રત્યે અનુરાગ સેવતી બનાવી હતી. આ બધાં ગુજરાતનાં કેંદ્રો સંબંધી જે કાંઈ હકીકત, પુરાણો અને ઐતિહાસિક નોંધોમાં નોંધાઈ છે, તેની સામાન્ય રૂપરેખા અત્રે રજૂ કરવામાં આવી છે.

### અર્બુદ

અર્બુદ યાને આબુ નાગપ્રજાનું કેંદ્ર હતું, જેની વ્યવસ્થિત વિચારણા આગળ આપવામાં આવી છે. સ્કંદપુરાણ અને મહાભારતમાંથી તેને સમર્થન આપતા કેટલાક પુરાવાઓ મળ્યા છે, જેની સવિસ્તર આખ્યા-યિકાઓ આગળ જણાવી ગયા છીએ, તેના આધારે અર્બુદથી મારવાડ સુધીમાં કેટલેક ઠેકાણે નાગવસાહતો હતી એમ તો જરૂર લાગે છે.

જોધપુરની સરહદ પાસે આવેલ ઢીમા ગામમાં, આજે પણ ઢીમણનાગની પૂજા ત્યાંના લોકો ભાવપૂર્વક કરે છે. આ બધાં પ્રમાણો અર્બુદ પ્રદેશમાં, નાગવસાહતો એક કાળે સારી જામેલી હતી, એમ પુરવાર કરે છે.

## વડનગર

નાગરખંડમાં જણાવ્યા પ્રમાણે હાટકેશ્વરક્ષેત્રના ચમત્કારપુર સાથે નાગલોકોનો સંબંધ હતો. સ્વ. શ્રી. રત્નમણિરાવભાઈ હાટકેશ્વરક્ષેત્રને કાઠિયાવાડમાં જણાવે છે પણ પૌરાણિક કથાઓમાં જણાવ્યા પ્રમાણે ચમત્કારપુર, નગર, આનર્તપુર, અને વડનગર વગેરે નામો ગુજરાતના આ પ્રાચીન નગરને જ મળ્યાં હોવાનું જાણી શકાય છે. પૂર્વકાળમાં પ્રાચીન હાટકેશ્વરક્ષેત્ર કદાચ કાઠિયાવાડમાં હશે, પરંતુ પાછળથી વડનગરની આસપાસનો પ્રદેશ, હાટકેશ્વરક્ષેત્ર તરીકે સમાજમાં સ્વીકારાયો હોવાનું નાગરખંડના આધારે જણાય છે. ખંભાતના ઇતિહાસમાં "ભોગવતી અને પાતાળ" નામક પરિશિષ્ટની અંદર સ્વ. શ્રી. રત્નમણિરાવભાઈએ પ્રાચીન હાટકેશ્વરક્ષેત્ર સંબંધી અપૂર્વ માહિતીઓ રજૂ કરી છે, છતાં પાછળથી વડનગર હાટકેશ્વરક્ષેત્ર તરીકે વિખ્યાત થયું એમ તો તેમણે કબૂલ્યું છે. નાગરખંડમાં નાગોને લગતી કેટલીક આખ્યાયિકાઓ છે, તેના ઉપરથી જણાય છે કે, નાગલોકો ચમત્કારપુર નજદીક સારસ્વતહ્રદમાં સ્નાન કરવા આવનાર બ્રાહ્મણોને ત્રાસ આપતા હતા. તેમની સાથે આ બ્રાહ્મણોને હંમેશાં વિગ્રહો ચાલતા. મંકણ નામના કોઈ મુત્સદ્દી મહાપુરુષે આ લોકોના ત્રાસમાંથી ચમત્કારપુરના બ્રાહ્મણોને મુક્ત કર્યા હતા. આ સિવાય દેવરાત અને રુદ્રમાલની આખ્યાયિકા, ભદ્રિકાનું હરણ અને તેને આપેલ શાપનું વિમોચન, નાગોત્પત્તિ અને ચમત્કાર રાજાના યજ્ઞમાં નાગલોકોએ લીધેલ ભાગ વગેરે કથાનકો પૂર્વ-કાળમાં વડનગરની આસપાસમાં નાગવસાહતો હોવાની ખાતરી આપે છે,[1] એટલું જ નહિ પણ તક્ષક નાગને આપેલ શાપ વિમોચનમાં,

[1] સ્કંદપુરાણ. નાગરખંડ, અ. ૧૧૪–૧૭–૧૮–૮૩.

તે સૌરાષ્ટ્રની અંદર રૈવત નામનો રાજા થશે એમ જણાવ્યું હોવાથી, હાટકેશ્વર ક્ષેત્ર સૌરાષ્ટ્ર બહાર હતું એમ સ્પષ્ટ જણાય છે.[૧] ટૂંકમાં વડનગરની આસપાસના પ્રદેશોમાં નાગપ્રજાનાં થાણાંઓ હતાં એમ પૌરાણિક ઉલ્લેખોના આધારે માલમ પડે છે.

### લાટ

નાગપ્રજાની સારી એવી વસાહતો નર્મદા અને તાપીના પ્રદેશોમાં હતી. નાગલોકોએ નર્મદાને અનુસરી મહાસમુદ્રમાં પ્રવેશ કર્યો. નર્મદાનો તટ, સમુદ્રમાંથી તેમણે બહાર કાઢ્યો. માહિષ્મતી નગરીમાં અસુરો પૂર્વે કર્કોટક નાગનું પ્રભુત્વ હતું. કાર્તવીર્યે નાગની સભા જીતી તેમને ત્યાંથી હાંકી કાઢ્યા વગેરે હકીકત પુરાણોમાંથી મળે છે. મૈનેય નામનો ગંધર્વ પાતાળમાં રહેતો હતો, તેણે નાગોની સંપત્તિનું હરણ કર્યું, આથી નર્મદા પુરુકુત્સને પાતાળમાંથી બોલાવી લાવી, અને તેણે ગંધર્વનો નાશ કર્યો, એમ વિષ્ણુપુરાણમાં જણાવ્યું છે.[૨] આ આખ્યાયિકા નાગ અને ગંધર્વોનો નર્મદા સાથે સંબંધ હોવાનું જાહેર કરે છે. કર્કોટકનું તીર્થસ્થળ તાપીના દક્ષિણ કિનારે આવેલું છે. રામચંદ્રે ઉનાઈ આગળ યજ્ઞ કરી અનાવિલ બ્રાહ્મણોને બારહજાર નાગકન્યાઓ પરણાવી હતી એમ અનાવિલપુરાણ કહે છે. ભરૂચમાં નાગલોકોનું રાજ્ય હતું, તેમને હરાવી ગુર્જરોએ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. નવસારીની આસપાસના પ્રદેશમાંથી નાગકન્યાઓની કેટલીક મૂર્તિઓ મળી છે. નવસારીને "નાગમંડળ" તરીકે કેટલાક શિલાલેખો અને તામ્રપત્રોમાં જણાવ્યું છે. નર્મદાખીણની સંસ્કૃતિના સંશોધક પુરાતત્ત્વવિદ્ શ્રી. કરંદિકર નાગજાતિનું સ્થાન નર્મદાથી સહ્યાદ્રિના પ્રદેશ સુધી હોવાનું સૂચવે છે. આ બધા પુરાવાઓ પ્રાચીનકાળમાં તે પ્રદેશની અંદર નાગવસાહતો હોવાનું જણાવે છે.

---

૧ સ્કંદપુરાણ, નાગરખંડ, અ. ૧૧૬.

૨ વિષ્ણુપુરાણ, અં. ૪, અ. ૬.

## પાતાલ

પશ્ચિમ ભારતનું પાતાલ નાગપ્રજાઓનું મુખ્ય કેન્દ્ર હતું. ગુજરાતમાં અનેક સ્થળોએ ફેલાયેલા નાગ, મોટે ભાગે અહીંથી જ બહાર નીકળ્યા હોવાનું અનુમાન છે. પાતાલને પુરાણકારોએ પૃથ્વીની નીચે હોવાની કલ્પના કરી છે, અને જનસમાજમાં પણ પાતાલ પૃથ્વીના ઊંડાણમાં હોવાનું મનાયું છે. પુરાણોમાં અનેક સ્થળે પાતાળમાં જવાના માર્ગોનું સૂચન કરતાં, વિવર, બીલ, કે શ્વભ્રને આગળ ધર્યાં છે. અમરકોષમાં પાતાલવર્ગની અંદર તેને નીચ્ય પ્રદેશ તરીકે નોંધેલ છે.[1] પુરાણોનાં અર્થગાંભીર્યને દૂર કરી ઐતિહાસિક સત્યો સાથે સરખાવતાં, પાતાલ પૃથ્વી ઉપર દરિયાકાંઠે આવેલ એક મહાનગર હતું, એમ સ્પષ્ટ રીતે જણાય છે.

વેદકાળના નીચ્ય અથવા અધોભુવનમાં સિંધુ અને અને સરસ્વતી-દ્વારા વહાણોમાં જવાતું. સિંધુના મુખ પાસે આવેલું પાતાલ નગર પ્રાચીન ભારતનું એક અગત્યનું બંદર હતું. તેના માટે ઈ. સ. પૂર્વે ત્રીજી સદી પહેલાના ઉલ્લેખો મળે છે. ભારતીય પ્રાચીન ભૂગોળશાસ્ત્રના વિદ્વાન ગ્રંથકારો, નંદલાલ દે અને કનિંઘહામ પોતાના ગ્રંથોમાં સિંધુના મુખ આગળ પાતાળ હોવાનું કલ્પે છે. ગ્રીક એલચી મેગેસ્થિનીઝ પણ પાતાલને ત્યાં જ મૂકે છે.[2] ઈ. સ. પૂર્વે ૧૮૦ લગભગ મીનેન્ડરે પૂર્વમાં યમુનાથી આરંભી પશ્ચિમમાં પાતાળથી સુરાષ્ટ્ર સુધીનો કિનારો જીતી લીધો હતો. તેમાં પાતાળને સિંધના નીચ્ય વિભાગમાં મૂક્યું છે.[3] ટોલેમી, પ્લીની, અને એરીયને પણ પાતાલને તે જ સ્થળે જણાવ્યું છે.[4]

---

૧ अधोभुवन पाताल बलिसद्म रसातलम् ॥—" अमरकोष ", पातालवर्ग.

૨ બોમ્બે ગેઝેટીયર, વૉ. ૧, ભા. ૧, પા. ૫૩૩

૩ એજન ,, ,, પા. ૫૩૫

૪ મેક્ક્રીન્ડલ, ટોલેમી, પા. ૧૪૭

આ નગર હાલના સિંધ હૈદરાબાદ પાસે હતું, એમ કનિંગહામ માને છે; પરંતુ કચ્છના રણના પૂર્વાવતાર સમુદ્રમાં સિંધુ મળતી તે વખતે, સિંધુની એકાદ શાખાના કિનારા ઉપર હોવાનો સંભવ છે. આમ પાતાલ કચ્છના રણકાંઠા ઉપર હતું એમ ઐતિહાસિક ઉલ્લેખોથી સાબિત થાય છે.

પૂર્વકાળમાં પશ્ચિમ ભારતનું એ એક જાણીતું બંદર હતું. એલેકઝાંડર જ્યારે હિંદ ઉપર ચઢી આવ્યો ત્યારે પાતાલ બંદરના વિશાળ ડક્કાઓમાં તેનું આખું નૌકાસૈન્ય સમાઈ ગયું હતું. વેપાર અને નૌકાસૈન્ય બંનેની દૃષ્ટિએ એની ઉપયોગિતા તે સમયે વધુ હતી. એરીયન પણ કહે છે કે, તે સમયે પાતાલ એ એક મોટામાં મોટું શહેર હતું. પાતાલનગરનું અદ્ભુત વર્ણન સ્કંદના કુમારિકાખંડમાં આપેલું છે, જેના આધારે જણાય છે કે "ત્યાં મહાપ્રાસાદો હતા. ત્યાંની કન્યાઓ અતિ સ્વરૂપવાન અને સૌન્દર્ય ધરાવતી હતી. ત્યાંનું વાતાવરણ સમશીતોષ્ણ હતું. ઉત્તમ પ્રકારના ભક્ષ્યભોજ્ય પદાર્થો મળતા હોવાથી, ત્યાં કોઈ પણ પ્રકારનું દુઃખ ન હતું. ટૂંકમાં સ્વર્ગ કરતાં પણ તે રમ્ય હતું.[૧]

આ પાતાલનગરમાં નાગપ્રજાનું ખાસ વર્ચસ્વ હતું. ત્યાંનું રાજતંત્ર, દરિયાઈ વ્યાપાર, અને કલાભુવનો તેમની જ સત્તા તળે ચાલતાં હતાં. કચ્છ-કાઠિયાવાડમાં તો આ લોકોનો સંચાર ખૂબ વધ્યો હતો. કુશસ્થલીનો રાજા રૈવત મૂળ તક્ષકનાગ હતો, પણ તે બ્રાહ્મણના શાપથી પ્રભાસમાં રાજા થયો હોવાનું નાગરખંડમાં જણાવ્યું છે,[૨] એટલું જ નહિ પણ તેમની પુત્રી શેષાવતાર બલરામને પરણી હતી. આ હકીકત ઉપરથી યાદવો, અને આભિરો, પણ નાગપ્રજા સાથે કેટલોક

૧ સ્કંદપુરાણ, કુમારિકાખંડ, અ. ૩૯

૨ એજન. નાગરખંડ, અ, ૧૧૬

સંબંધ ધરાવતા હતા એમ સૂચિત થાય છે. ટૂંકમાં સ્વ. શ્રી. રત્નમણિરાવભાઈના શબ્દોમાં કહીએ તો “નાગજાતિનું જોર વૈદિક સમયમાં કાશ્મીરથી ગુજરાતના કિનારા સુધી હતું.” જેમ જેમ તેઓ નબળા પડતા ગયા, તેમ તેમ ઉત્તરના મુલકો છોડી, તેઓ બધા પાતાલ અને ગુજરાતથી સિંધના કિનારાઓ સુધી આવીને વસ્યા. અનેક સદીઓ પછી તેમના અસ્તકાલે તેઓ ઠેઠ દક્ષિણ સુધી ચાલ્યા ગયા. વૈદિક સમયમાં, અને દક્ષિણમાં જતાં પહેલાં, તેમનાં મુખ્ય થાણાં સિંધુ અને સરસ્વતીના મુખપ્રદેશ—ગુજરાતથી સિંધના કિનારા સુધી સારાયે પ્રદેશ ઉપર હતાં પણ તેમનું મુખ્ય કેન્દ્ર તે કાળે પાતાલ હતું.[1] આ જાતિના છેલ્લા અવશેષો ઠેઠ બારમા સૈકા સુધી કચ્છના કિનારા ઉપર હતા એમ દ્વયાશ્રયના કથન ઉપરથી જણાય છે.

દ્વયાશ્રયમાં તેના માટે એવી હકીકત આપી છે કે “એક વખત સિદ્ધરાજ જ્યારે રાત્રિએ નગરચર્યા જોવા નીકળ્યો, ત્યારે તેણે એક નાગપુત્રનું કાર્ય કરી તેને જીવતદાન આપ્યું હતું.” આમાં ગ્રંથકારે રૂપક આપી એવી હકીકત મૂકી છે કે “વાસુકિ નાગના મિત્ર રત્નચૂડનો પુત્ર કનકચૂડ, એક વખતે સિદ્ધરાજને મળી કહેવા લાગ્યો કે, મારા સહાધ્યાયી દમન સાથે વાદવિવાદના કારણે મેં મારી સ્ત્રી ગુમાવી છે. હવે કાશ્મીરમાં હુલ્લડ નામનો વરુણનો વરદાયીનાગ રહે છે. તેની પૂજા કરવા દર વર્ષે પાતાલમાંથી એક નાગને જવું પડે છે. આ વખતે નાગરાજાના હુકમથી મારા મિત્ર દમનને ત્યાં જવાનું છે, પણ ત્યાં હિમ પડતો હોવાથી જઈ શકાય નહિ. તેથી તેણે શરીરે ચોપડવા ઊસ લાવી આપું તો, મારી સ્ત્રી મને પાછી સોંપવા જણાવ્યું છે, અને તેથી હું આ કૂવામાંથી ઊસ લેવા આવ્યો છું, પણ તેમાં મધમાખો ખૂબ હોવાથી મારી સ્ત્રી મને તેમાં પડતાં રોકે છે. આથી સિદ્ધરાજે તેને કૂવામાંથી ઊસ લાવી આપ્યો અને બર્બરકની સાથે તેણે પાતાલ સુધી પહોંચતો કર્યો.[2] દ્વયાશ્રયના આ

૧ ખંભાતનો ઇતિહાસ, પરિશિષ્ટ, ૩, પા. ૨૩

૨ દ્વયાશ્રય મહાકાવ્ય, સર્ગ ૧૩.

કથનમાં ગર્ભિત રીતે ઇતિહાસ છુપાયો છે. તેમાંથી એટલું તો સત્ય સમજી શકાય છે કે, સિદ્ધરાજે આ નાગપુત્રને આશ્વાસન આપી, તેના કોઈ પ્રતિસ્પર્ધીને મહાત કરતાં, તેના ત્રાસથી મુક્ત કર્યો હતો, તેટલું જ નહિ પણ બર્બરક સાથે તેના મૂલ નિવાસસ્થાન પાતાલ સુધી પહોંચતો કર્યો હોવાનું સમજાય છે. આમ બારમા સૈકા સુધી કચ્છકાઠિયાવાડના કોઈ કિનારા ઉપર, નાગપ્રજાના છેલ્લા વંશજો રહેતા હતા એમ તો જરૂર લાગે છે. સરસ્વતી પુરાણકારે પણ તેવી જ હકીકત રજૂ કરતાં, સિદ્ધરાજ નાગલોકમાં જઈ નાગોને જીવતદાન આપશે એમ મોઘમ સૂચવ્યું છે.[1] આ બધા પ્રમાણો ગુજરાતકાઠિયાવાડમાં નાગપ્રજાના અસ્તિત્વની ખાતરી આપે છે.

નાગપ્રજા એ એક પ્રાચીન જાતિ–કુલ છે. મૂળ તેઓ અસુરોમાંથી જ અર્થાત્ ભારતની આદિપ્રજાના વંશમાંથી ઊતરી આવ્યા હતા. પાછળથી સંસ્કારી બનતાં તે પ્રજાએ કલા, વ્યાપાર, અને નૌયાન ઉપર સારું એવું પ્રભુત્વ જમાવ્યું હતું. વેદકાળમાં અસુરો, પણીઓ, અને દસ્યુઓ સાથે તેમનો સંબંધ હોવાની માન્યતા હતી. ભારતવર્ષમાં તો આ પ્રજાએ ઠેરઠેર પોતાની વસાહતો સ્થાપી, કેટલેક સ્થળે તો સ્વતંત્ર પ્રજાતંત્રો પણ તે લોકોએ ઊભાં કર્યાં હતાં. મોઢેરાના પ્રાચીન સૂર્યમંદિરની ફરતી જંઘામાં, ઉત્તર બાજુ બે નાગરાજોની પ્રતિમાઓ શિલ્પકલામાં રજૂ કરી છે. આમ નાગલોકોએ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડની અંદર સારો એવો સામાજિક દરજ્જો પ્રાપ્ત કર્યો હતો, એમ પણ આવા શિલ્પોથી જાણવા મળે છે.

---

१ एष उखर संगृह्य अंधकूपान्महामनः ।
नागलोके स्वयं गत्वा नागान्, संजीवयिष्यति ॥ ८८ ॥
सरस्वतीपुराणन् अ. १५.

## પ્રકરણ ૪થું

# અર્બુદનું ઐતિહાસિક અવલોકન

વેદમાંથી અર્બુદના ઉલ્લેખો મળે છે.[૧] સાયણાચાર્ય અર્બુદને અંબુદ વાદળ—મેઘ તરીકે જણાવે છે. તેના માટે આ જ ભાષ્યકાર બીજો અર્થ રજૂ કરતાં, એ નામના એક રાક્ષસની નોંધ રજૂ કરે છે. સાયણે અંબુદ નામ નિરુક્તના કથનને અનુલક્ષી રજૂ કર્યું છે.[૨] જોકે ઋગ્વેદમાં જણાવેલ અર્બુદ નામ પર્વત સાથે અભિપ્રેત છે કે કેમ તે વિવાદાસ્પદ તો છે જ. છતાં અર્બુદ નામ વેદમાંથી મળતું હોવાનું સ્પષ્ટ જણાયે છે.

પુરાણોમાં તેમ જ મહાભારતની અંદર, તેને પર્વતવિશેષ તરીકે, તેમ જ જનપદકે એક મહાક્ષેત્ર તરીકે તેની નોંધ આપતાં, અપરાંત વિભાગમાં મૂકવામાં આવ્યો છે. આવાં પુરાણો પૈકી મત્સ્ય, બ્રહ્મ, વાયુ, અને માર્કંડેય વ. મુખ્ય છે.[૩] મહાભારતના વનપર્વમાં તેનું માહાત્મ્ય રજૂ કરતાં, હિમાલયના પુત્ર નંદિવર્ધનમાં પૂર્વે છિદ્ર હતું,

---

૧ ઋગ્વેદ મંડળ, ૧૦–૯૮–૧૨.

૨ ,, ,, ૧–૫૧–૬

પુરાણોમાં ગુજરાત, કર્તા: શ્રી. ઉમાશંકર જોષી, પા. ૧૪

૩ મત્સ્યપુરાણ, અ. ૧૧૪
માર્કંડેય ,, અ. ૫૪
વાયુ ,, અ. ૪૫
વિષ્ણુ ,, અ. ૨–૩–૧૬
બ્રહ્મ ,, અ. ૨૫
વામન ,, અ. ૧૩

ત્યાં વસિષ્ઠનો આશ્રમ હતો, જ્યાં એક રાત્રી રહેવાથી હજાર ગાયોનું પુણ્ય મળે છે.[૧] આ અર્બુદારણ્ય સ્વર્ગાદિ લોકોને પ્રાપ્ત કરાવનારું મોક્ષનું બારું છે, જ્યાં ભગવાન્ શિવ અચલેશ્વર સ્વરૂપે બિરાજે છે.[૨] સ્કંદના અર્બુદાખ્યાનમાં તેને પૃથ્વીના આંચળ જેવો જણાવી, ત્યાં જનાર અનંત પુણ્ય પ્રાપ્ત કરતો હોવાનું જણાવ્યું છે.[૩]

આ પર્વત નાગલોકોના નિવાસસ્થાન તરીકે વિખ્યાત હોવાનું પુરાણો કહે છે. નાગહ્રદના આખ્યાનમાં તેની સમાલોચના કરતાં સ્કંદ-પુરાણકાર જણાવે છે કે, જનમેજયના સર્પસત્ર વખતે નાગ અર્બુદમાં નાસી આવ્યા હતા, અને ભગવતી ચંડિકા( દુર્ગા )ની ઉપાસના કરી તેમને પ્રસન્ન કર્યાં. આથી દેવીએ વરદાન આપ્યું કે, સર્પસત્રની પૂર્ણાહુતિ સુધી તમો અહીં નિર્ભય થઈને રહો, તમોને કંઈ પણ ઇજા આવશે નહિ. યજ્ઞ પૂરો થયા પછી નાગલોકો અહીંથી ગયા પણ તે સ્થાનનું નામ નાગહ્રદ તરીકે વિખ્યાત થયું.[૪] પંચવિંશ બ્રાહ્મણ-માં અર્બુદ નામના પુરોહિતનો ઉલ્લેખ છે, જે ગ્રાવસ્તુત્ ( પથ્થરની સ્તુતિ કરનાર ) તરીકે ઓળખાતો હતો. ઐતરેય અને કૌશીતકી બ્રાહ્મણોમાંથી કાદ્રવેય અર્બુદનું નામ મળે છે, જે સોમરસ કાઢવાની ક્રિયા તેમ જ યજ્ઞોના નીતિનિયમોનો સારો જાણકાર નાગઋષિ–મંત્રદ્રષ્ટા હોવાનું જણાવ્યું છે.[૫] આ કાદ્રવેય અર્બુદ અને પંચવિંશ બ્રાહ્મણમાં જણાવેલ ગ્રાવસ્તુત્ પુરોહિત અર્બુદ બન્ને એક હોવાનું કીથ તેમ જ

---

૧ મહાભારત, વનપર્વ, અ. ૮૦

૨ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૪, ૧૪ થી ૨૦

૩ સ્કંદપુરાણ. માહેશ્વરખંડ, કૌમારિકાખંડ, અ. ૨૯

૪ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૩૭

૫ ઐતરેયબ્રાહ્મણ, ૬–૧; પુરાણોમાં ગુજરાત, પા. ૧૭; કૌશીતકીબ્રાહ્મણ, ૨૯–૧.

મેકડોનલે નોંધ્યું છે.[1] લોકોમાં કિંવદન્તી છે કે શેષનાગ દર વરસે પડખું ફેરવે છે. જેથી આબુપર્વત હાલે છે. અર્થાત્ ત્યાં નાગના કારણે ધરતીકંપ થાય છે. આ બધાં પ્રમાણો અર્બુદ, નાગપ્રજાની એક વસાહત–ઉપનિવેશ તરીકે પુરાણકાળે વધુ જાણીતો હોવાની પ્રતીતિ આપે છે.

અર્બુદનો અર્થ સોજો, ગાંઠ કે રસોળી એવો પણ થાય છે.[2] કર્નલ મોનીયરવિલ્યમ્સે તેને દોઢ માસના ગર્ભ જેવા આકારવાળો જણાવ્યો છે. પુરાણોમાં આપેલી કથાઓના આધારે, ડૉ. હસમુખ સાંકળીયા ભૂસ્તર વિષયક ઘટનાઓ–ફેરફારો આ પર્વતમાં બન્યા હોવાનું સૂચવે છે.[3] પાર્જીટર આ પ્રદેશમાં ઘોડા સારા થતાં હોવાનું માર્કંડેયપુરાણ, તેમ જ મહાભારતના આધારે જણાવે છે.[4]

મેગેસ્થિનિસ આબુનું વર્ણન આપતાં, તે હિંદમાં સૌથી ઊંચો પર્વત હોવાનું જણાવી, ત્યાં સોના રૂપાની ખાણો હતી એવું સૂચન કરે છે.[5] ભરત અર્બુદાચલ-નિવાસીઓ 'ત'કાર બહુ બોલાતા હોવાની નોંધ લેતાં, અર્બુદ એક વિશિષ્ટ જનપદ તરીકે જાણીતો હોવાનું સૂચવે છે.[6] બ્રહત્કલ્પસૂત્રમાં અર્બુદને એક તીર્થ વિશેષ તરીકે ઓળખાવતાં, ત્યાં

---

૧ વેદિક ઇન્ડેક્સ, ગ્રં. ૧, પા. ૩૭, એજન.

૨ સુશ્રુતસંહિતા, ૧૮–૨૯–૪૨

૩ ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, વર્ષ ૭, પા. ૧૪૯

૪ માર્કંડેયપુરાણ, પા, ૨૮૯; પુરાણોમાં ગુજરાત પા. ૧૭;
મહાભારત, સભાપર્વ, અ. ૪૭–૨૬, પાદટીપ

૫ બૉમ્બે ગેઝેટિયર ભા. ૧ પા. ૫૩૪; પુરાણોમાં ગુજરાત, કર્તા. શ્રી. ઉમાશંકર જોષી, પા. ૧૬

૬ चर्मण्वतीनदीपारे ये चार्बुदसमाश्रिताः ।
तकारबहुलां नित्यं तेषु भाषां प्रयोजयेत् ॥—भरतनाट्यशास्त्र.

લોકો ઉજાણી કરતા હોવાનું જણાવ્યું છે.[૧] ટૂંકમાં વેદકાળથી આરંભી, ઈસ્વીસનના પહેલા બીજા સૈકા સુધીના સાહિત્યમાંથી, આર્બુદ માટે વિવિધ ઉલ્લેખો મળે છે, જેના આધારે આર્બુદ પર્વત, જનપદ, તેમ જ તીર્થ તરીકે પ્રાક્ઐતિહાસિક કાળમાં ખૂબ જાણીતો હોવાનું સમજાય છે.

અર્બુદના ઉલ્લેખો ઘણાંખરાં પુરાણોમાં નોંધાયા છે, પરંતુ તેનું વિગતવાર વર્ણન દરેક પુરાણકારે આપ્યું નથી. કેટલાકમાં તેનું ફક્ત નામ જ હોય છે, જ્યારે કોઈ કોઈમાં પાર્વતીય દૃષ્ટિ સન્મુખ રાખી ત્યાંના વૃક્ષવિશેષ, પહાડ, નિર્ઝરિણીઓ, અને ગુફાઓની ટૂંકનોંધો રજૂ કરી છે. આ બધા કરતાં સ્કંદના પ્રભાસખંડની અંદર અવાંતરખંડ તરીકે આવેલ અર્બુદખંડમાં તેનું વ્યવસ્થિત વર્ણન રજૂ કરવામાં આવેલ હોઈ, તેમાં ત્યાંના તીર્થો, મંદિરો, અને આશ્રમોની ઠીક ઠીક સમાલોચના રજૂ કરી છે; તેટલું જ નહિ પણ તે દરેક તીર્થનો પૂર્વ-ઇતિહાસ રજૂ કરતાં, તેની ઉત્પત્તિ અને માહાત્મ્ય પણ આપ્યાં છે. તેના આધારે અહીં પણ તેનું સંક્ષેપમાં રેખાદર્શન કરાવીશું તો અસ્થાને નહિ ગણાય.

આ અર્બુદક્ષેત્રનો વિસ્તાર બે હજાર યોજન લાંબો, અને ત્રણ હજાર યોજન પહોળાઈ ધરાવે છે.[૨] અર્બુદ એ એક પવિત્ર પર્વત છે, જેના દર્શન માત્રથી મનુષ્ય પાપમુક્ત થાય છે. વધુમાં ત્યાં વસિષ્ઠનો આશ્રમ હોવાથી, કલિયુગ ત્યાં પ્રવેશી શકતો નથી. તીર્થો તો સ્નાન-દાનાદિકથી મનુષ્યોને પવિત્ર બનાવે છે, પણ આ પર્વત તો કેવળ દર્શન માત્રથી પાપોનો ક્ષય કરે છે.[૩] ત્યાં પનસ, ચંપક (ચંપો), આંબા,

---

१ प्रभासे वा तीर्थे अर्बुदे वा पर्वते यात्रायां संखडी क्रियते ॥

बृहत्कल्पसूत्र. विभाग ३ पत्र ८८४

२ द्विसहस्र तु दैर्घ्येण विस्तरेण त्रिसहस्रकम् । न संख्या विद्यतेऽधस्तात्तस्य पर्वतसत्तम ॥ ३४ ॥ अर्बुदखंड. अ. २, स्कंदपुराण.

३ पुनंति सर्वतीर्थानि स्नानदानादिकैर्यथा ।
अर्बुदो दर्शनादेव सर्वपापहरो नृणाम् ॥ ७ ॥

બીલી, દાડમ વગેરેનાં વૃક્ષો હોવાથી તે રમ્ય લાગે છે. અનેક પ્રકારનાં પક્ષીઓનો કલરવ અહીં સદાય કાળ ગુંજતો રહે છે. આ મહાસ્થાન દેવો, ગંધર્વો વગેરેથી નિવસિત હોવાના કારણે, ધર્મમય વાતાવરણ દેવમંદિરો, અને ઋષિમુનિઓના આશ્રમોથી મઘમઘી રહેલું જોવામાં આવે છે. આવાં તીર્થો, દેવમંદિરો, અને આશ્રમોમાં, સૌથી મુખ્ય નાગતીર્થ જ્યાં નિર્મલોદક નિર્ઝર હોઈ, અર્બુદનાગે વસિષ્ઠ પાસે વરદાન માગીને સ્થાપેલું છે, ત્યાં સ્નાન કરવાથી વંધ્યા પ્રજાવતી થાય છે. નંદિવર્ધન પર્વતે વસિષ્ઠ મહારાજનું સાનિધ્ય માગવાથી ત્યાં વસિષ્ઠાશ્રમ આવેલો છે, જ્યાં વસિષ્ઠ મહારાજે પધરાવેલાં ગોમતીજી તેજગૌમુખ છે. આ સિવાય અચલેશ્વર, મંદાકિનીકુંડ, ઉત્તરકુંડ, ભદ્રકર્ણહ્રદ, જ્યાંથી ત્રિનેત્ર જેવી શિલાઓ મળે છે ત્યાં ત્રિનેત્રલિંગ, કેદારતીર્થ, કોટેશ્વર, રૂપતીર્થ, ઈશાનમાં હૃષિકેશ, સિદ્ધેશ્વર, શુક્રેશ્વર, મણિકર્ણિકેશ્વર, પંગુતીર્થ, યમતીર્થ, વારાહતીર્થ, ચંદ્રપ્રભાસતીર્થ, પિંડોદકતીર્થ, શ્રીમાતા, કલિંગરાક્ષસ જે બાષ્કલીથી ઓળખાય છે. તે જરા મરણહીન હતો. ભગવતી જગદંબા શ્રીમાતાએ તેને પર્વતના શિખર નીચે દબાવી તેના ઉપર બેઠાં, અને પોતાની પાદુકાઓ પધરાવી હતી. ત્યારબાદ શુકલતીર્થ, કાંત્યાયની જે ગુફામાં અધિષ્ઠિત થયેલાં છે, પિંડારકતીર્થ, કનખલતીર્થ, ચક્રતીર્થ, મનુષ્યતીર્થ, કપિલાતીર્થ, અગ્નિતીર્થ, રક્તાનુબંધતીર્થ, મહાવિનાયકતીર્થ, પાર્થેશ્વર, કૃષ્ણતીર્થ, મામુહ્રદ, ત્યાં મુદ્દગલેશ્વર, ભગવતી જગદંબા—ચંડિકા જેણે મહિષાસુરને અહીં મારી દેવો ને તેના ત્રાસમાંથી મુક્ત કર્યા હતા, અને જે આજે જગદંબા—અંબિકાથી વિખ્યાત છે ત્રૈલોક્ય જનનીનો ચંડિકાશ્રમ, નાગહ્રદ (નાગધરો), શિવલિંગાકુંડ, શિવલિંગમહેશ્વર, કામેશ્વર, માર્કંડેયાશ્રમ ઉદ્દાલકેશ્વર, સિદ્ધેશ્વર અને કુંડ, ગજતીર્થ, દેવખાતતીર્થ, વ્યાસતીર્થ, ગૌતમાશ્રમ, ઇશાનીશિખર, બ્રહ્મપદતીર્થ, ત્રિપુષ્કરતીર્થ, રૂદ્રહ્રદ, ગુહેશ્વર, અવિમુક્તક્ષેત્ર, કોટેશ્વર, ઉમામહેશ્વરતીર્થ, મહૌજસતીર્થ,

ગંગાધરતીર્થ, ક(કં)ટેશ્વરતીર્થ ગંગેશ્વર વગેરે તીર્થો, દેવમંદિરો, અને આશ્રમો આ પર્વતમાં આવેલ હોઈ જે સ્નાન, દાન, અને ધ્યાનથી મનુષ્યોને પાવન કરતા હતા.[૧]

વિષ્ણુપુરાણ અપરાન્તના જનપદો ગણાવતાં અર્બુદાઃ અર્થાત્ અર્બુદાચલનિવાસીઓ–અર્બુદની પ્રજાનો ઉલ્લેખ આપે છે.[૨] આવો જ ઉલ્લેખ પદ્મપુરાણમાંથી પણ મળ્યો છે.[૩] વરાહમિહીર અર્બુદને દેશવિશેષ તરીકે બૃહત્સંહિતામાં સૂચવે છે.[૪] કવિવર રાજશેખર પશ્ચિમ દેશનું વર્ણન આપતાં, અર્બુદને એક જનપદ તરીકે જણાવી, તેની મર્યાદા દેવસભથી આરંભી નર્મદા નદી સુધી આંકે છે.[૫] દેવસભ નામ ઉદેપુર રાજ્ય, તેમ જ મરૂભૂમિના કેટલાક ભાગ માટે જણાવ્યું હોઈ, હાલના ઢેબર તળાવની આજુબાજુનો પ્રદેશ તેમાં સમાતો હશે એવી માન્યતા છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં દેવસભને ઉત્તમ ચંદન માટે વિખ્યાત હોવાનું નોંધ્યું છે[૬] આ બધા ઉલ્લેખો અર્બુદનો સંબંધ પ્રાચીન કાળથી પશ્ચિમ દેશ–ગુજરાતકાઠિયાવાડ સાથે હતો તે કથનને વધુ પ્રમાણિત બતાવતાં, રાજસ્થાનની અંદર કોઈ પણ કાળે તેની ગણના થતી ન હતી, એવી સ્પષ્ટ માહિતી રજૂ કરે છે. ટૂંકમાં અર્બુદ

---

૧ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અ. ૩ થી ૬૨.

२ तथापरान्ताः सौराष्ट्राः शूराभीरास्तथार्बुदाः ॥ विष्णुपुराण. स्कं. २. अ. ३.

૩ પદ્મપુરાણ સ્વર્ગખંડ અ. ૪૪.

४ आनर्तार्बुद पुष्कर सौराष्ट्राभीर शूद्र रैवतकाः ।
नष्ट यस्मिन्देशे सरस्वती पश्चिमोद्देशः ॥ ३१ ॥—बृहत्संहिता. अ. १६.

५ देवसभायाः परतः पश्चाद्देशः ॥ तत्र देवसभसुराष्ट्रदशेरकत्रवणभृगुकच्छ–कच्छीयानर्त्तार्बुदब्राह्मणवाहपवनप्रभृतयो जनपदाः ॥

काव्यमीमांसा, पा. ९४.

૬ કૌટિલ્ય અર્થશાસ્ત્ર, પા. ૭૮, ટી. ગણપતિ શાસ્ત્રી–સંપાદિત.

એ ગુજરાતનો જ એક ભાગ છે, અને પ્રાચીન કાળથી તે ગુજરાત સાથે જ જોડાયેલો હતો એમ વાણી, વ્યવહાર, ભાષા, અને રીત-રિવાજો ઉપરથી, તેમ જ ઐતિહાસિક ઉલ્લેખોના આધારે આપણે જાણી શકીએ છીએ.

અર્બુદ માટેનું ભાવવાહી વર્ણન, ઈ. સ.ના આઠમા સૈકામાં રચાયેલ કુટ્ટનીમતમ્, યાને શંભલિમતમ્ નામક કામશાસ્ત્રના જાણીતા ગ્રંથમાંથી મળે છે. આ ગ્રંથ કાશ્મીરી કવિ દામોદર ગુપ્તે રચ્યો હોઈ, તેમાં અર્બુદના વર્ણન માટે કેટલીક આર્યાઓ આપવામાં આવી છે.[1] આમાં ગણપાલિત પોતાના મિત્ર સુંદરસેનની પાસે, તેની તારીફ કરતાં કહે છે કે, આ રમ્ય પાર્વતીય સ્થાન લોકોપકારક હોઈ, હિમાલયના પુત્ર અર્બુદને નિર્જળ મરૂદેશમાં સઘન વૃક્ષો, નિર્ઝરિણીઓ, કુંડો અને સરોવરો સહિત જનકલ્યાણના પવિત્ર હેતુથી અહીં સ્થાપવામાં આવ્યો છે. તેના ઉપર ચંદ્રકલાને ધારણ કરનાર ભગવાન શિવ બિરાજે છે. તેના મધ્યભાગે ગુફાઓમાં ઋષિમુનિઓ, અને તપસ્વીઓ આત્મ-કલ્યાણની સાધનાથી ઈશ્વરોપાસના કરે છે. વળી વિદ્યાધરો પણ આ પર્વતની અંદર નિવાસ કરે છે. તેની ઊંચાઈ અતુલ હોવાથી, તારાઓ તો જાણે વૃક્ષો ઉપર ફૂલો ખીલ્યાં હોય તેવા જણાય છે. સૂર્ય તો મધ્યાહ્નને અહીં જ વિશ્રાંતિ લેતો હોવો જોઈએ, કારણ આ પર્વત ઘણો ઊંચો હોવાથી તેને અનુકૂળતા ઠીક રહેતી હશે. ચંદ્રમાનો તો સદાકાળ અહીં નિવાસ હોવાનું સમજાય છે. આ પવિત્ર સ્થાનમાં શુકદેવ, ભરદ્વાજ, વ્યાસ વગેરે મહર્ષિઓના આશ્રમો છે. અહીં પ્લક્ષ, અર્જુન, મદન, સપ્તપત્ર, તિલકા, ધવ વગેરે અનેક દેવવૃક્ષો થતાં હોવાથી આ પર્વતની શોભા અવર્ણનીય છે. વધુમાં તેની મુક્તકંઠે પ્રશંસા કરતાં કહે છે કે, “જે મનુષ્ય ઘણા દેશ ફર્યો હોય, છતાં જેણે સ્વર્ગસમાન અર્બુદગિરિનાં દર્શન કર્યા નથી, તેણે કેવળ મિથ્યા ભ્રમણ

૧ કુટ્ટનીમતમ્, શ્લો. ૨૪૦ થી ૨૫૭.

કરી શરીરને કષ્ટ જ આપ્યું છે.[૧] આ પર્વતમાં અનેક પ્રકારના રમ્ય દેવપ્રાસાદો, વાપિકાઓ (વાવ્યો), ઉદ્યાનો, સરોવરો, અને નદીઓ આવેલાં છે જે વિસ્મય પમાડે છે.[૨] આ સમગ્ર વર્ણન ઉપરથી એટલો તો મત બાંધી શકાય છે કે, આઠમા સૈકામાં અર્બુદાચલનો સમગ્ર પ્રદેશ, સ્વર્ગ સમાન શોભા ધારણ કરતો, સંસ્કારી જનપદ તરીકે સારાયે ભારતમાં વિખ્યાત હતો.

અર્બુદ ફક્ત હિંદુઓનું જ તીર્થ નથી, પરંતુ જૈનસંપ્રદાયમાં પણ તેની ગણના એક પવિત્ર તીર્થ તરીકે જણાવી છે. જૈનોનાં મુખ્ય મુખ્ય તીર્થોમાં અર્બુદગિરિનું સ્થાન ઊંચું છે, કારણ, તેના માટે એવી કિંવદંતિ છે કે, ભગવાન મહાવીરે છદ્મસ્થકાળમાં આ ભૂમિની અંદર પાદાર્પણ કરી આ પ્રદેશને પવિત્ર બનાવ્યો હતો. આ હકીકતને કેટલાક ગ્રંથો તેમ જ શિલાલેખોથી સમર્થન મળે છે.[૩] આ પર્વતમાં લોકો યાત્રાએ આવતા હતા, અને સંખડી (ઉજાણી) ભોજન કરતા હોવાનું બૃહત્કલ્પસૂત્રમાં જણાવ્યું હોવાથી કલ્પસૂત્રના કાળથી આબુ એક જૈનતીર્થ તરીકે સુપ્રસિદ્ધ હોવાનું જાણવામાં આવે છે.[૪] આથી વિક્રમના છઠ્ઠા-

---

૧ अतिशयितनाकपृष्ठं पृष्ठं ये नार्बुदस्य पश्यन्ति ।
बहुविषयपरिभ्रमणं मन्ये क्लेशाय केवलं तेषाम् ॥ २५५ ॥ એજન.

૨ अथगिरिवरमारूढो विलोकयन् विविधविबुधभवनानि ।
वापीरुद्यानभुवः सरांसि सरितश्च चार विस्मेरः ॥ २५७ ॥ એજન.

૩ જુઓ મૂંગથલાનો વિ. સં. ૧૪૨૬નો શિલાલેખ, અર્બુદાચલ-પ્રદક્ષિણા. ભા. ૩જો.

જુઓ ભીન્નમાલના મહાવીર સ્વામિના મંદિરનો વિ. સં. ૧૩૩૪નો લેખ. બોમ્બે ગેઝેટીયર, ભા. ૧, પરિશિષ્ટ ૧.

જિનહર્ષનું વસ્તુપાલચરિત્ર, પ્રસ્તાવ ૮, શ્લો. ૮.

૪ कोंडल मेंढ, पभासे अब्बुय. ॥ ३१५०

बृहत्कल्पसूत्र.

સાતમા સૈકામાં આબુ જૈનતીર્થ તરીકે લોકોમાં જાણીતો હતો. વિનયચંદ્રે કવિશિક્ષામાં ભારતના ચોર્યાશી દેશોની નામાવલિ આપી છે, તેમાં અર્બુદને સ્વતંત્ર દેશવિશેષ તરીકે જણાવ્યો છે. તેટલું જ નહિ પણ તે અઢારસો ગામ ધરાવતો દેશ હતો એવી સ્પષ્ટ નોંધ આપી છે.[૧] જિનપ્રભસૂરિએ તીર્થકલ્પમાં અર્બુદ માટે સ્વતંત્ર કલ્પ રચ્યો હોઈ, તેમાંથી કેટલીક ઐતિહાસિક અને પ્રાચીન હકીકતો મળી આવે છે. શ્રીમાતાની આખ્યાયિકાથી શરૂ થતા આ કલ્પમાં તેનો પૂર્વ ઇતિહાસ જુદી રીતે જ કલ્પ્યો છે. સ્કંદના અર્બુદખંડમાં શ્રીમાતાએ, બાષ્કલી દૈત્યનો અહીં દૃષ્ટિ માત્રથી નાશ કરી, દેવતાઓનો ત્રાસ દૂર કર્યો હોવાનું જણાવ્યું છે. તદુપરાંત તેમાં શ્રીમાતાનું માહાત્મ્ય, અને પૂજન, અર્ચન વગેરેની ઉત્તમ ફલશ્રુતિ ગુંથી છે.[૨] તીર્થકલ્પ શ્રીમાતાને રત્નપાલનો રાજા રત્નશેખર, તેના પુત્ર પુંજરાજની કન્યા હોવાનું જણાવી, તેનું મોઢું વાનરના જેવું હતું એમ સૂચવે છે. તેને પૂર્વજન્મનું સ્મરણ હોવાથી, પોતાનું મોઢું કાપી આબુ ઉપર હોમકુંડમાં નાખવા તેના પિતા પુંજરાજને જણાવ્યું. આથી પુંજરાજે તેમ કર્યું, જેથી શ્રીમાતાનું મુખ મનુષ્યના જેવું થયું. પછી શ્રીમાતાએ આ પર્વત ઉપર ઉગ્ર તપ કરવા માંડયું. તેવામાં એક વિદ્યાધરે તેના પ્રેમની માગણી કરી. શ્રીમાતાએ તેની માગણી કબૂલ કરતાં એવી શરત કરી કે, એક રાત્રીમાં આ પર્વત ઉપર વિદ્યાધરે બાર પાજો (રસ્તા) બનાવી દેવી જોઈએ. શ્રીમાતાએ પોતાના પ્રભાવથી સવાર થયા પહેલાં કૂકડો બોલાવ્યો. વિદ્યાધર તે શરત પ્રમાણે કાર્ય કરી શકયો નહિ, તેથી હતાશ થયો અને

---

प्रभासे वा तीर्थे अर्बुदे वा पर्वते यात्रायां संखडिः क्रियते,
बृहत्कल्पसूत्र, आचार्य क्षेमकीर्त्तिनीवृति. पा. ८८४

१ सौराष्ट्रकंकणलाटश्रीमालअर्बुदमेदपाटमरुवरेन्द्र—
चंद्रावलिप्रभृति अष्टादश शतानि ॥
कविशिक्षा ।

૨ સ્કંદપુરાણ–પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૨૨

તેણે શ્રીમાતા પાસે પડેલા ત્રિશૂલથી પોતાની આત્મહત્યા કરી.[1] આમ સ્કંદના અર્બુદખંડની હકીકત કરતાં તીર્થકલ્પકારે જુદી જ હકીકત જણાવી છે. જોકે બંને ગ્રંથકારોના કથનમાં કેટલીક ભિન્નતાઓ પડે છે, છતાં સૂક્ષ્મ દષ્ટિએ વિચારીશું તો બંનેમાં એકસરખું સામ્ય હોવાનું લાગે છે. કારણ બાષ્કલી દૈત્યે પણ શ્રીમાતા પાસે આવી જ માગણી કરી હતી, એમ પુરાણકારે રજૂ કરેલ આખ્યાયિકામાંથી જણાય છે. લોકોમાં પણ રસિયાવાલમની આવી જ દંતકથા પ્રચલિત હોઈ આ બધા એક જ કથાનાં જુદાં જુદાં એકમો છે.

જિનપ્રભસૂરિ અર્બુદનું વર્ણન કરતાં પુરાણકથાને અનુસરી, તે હિમાલયનો પુત્ર હોવાનું, તેમ જ અર્બુદનાગથી અહીં અધિષ્ઠાન મેળવ્યાનું નોંધે છે. ત્યારબાદ ત્યાંની વનસ્પતિ, તીર્થો, વૃક્ષો, ગુફાઓ વગેરેની નોંધ લઈ ત્યાંનાં વસિષ્ઠાશ્રમ, શ્રીમાતા, અચલેશ્વર, અને મંદાકિની વગેરે પ્રસિદ્ધ સ્થાનોના ઉલ્લેખો રજૂ કરે છે.[2] ત્યારબાદ વિમલ દંડનાયકે બંધાવેલ વિમલવસહિ, અને વસ્તુપાલ તેજપાલે બંધાવેલ લૂણિગ-વસહિનું વિસ્તૃત વિવેચન આપતાં, ચંદ્રાવતીના પરમારોનો ટૂંક ઇતિહાસ રજૂ કર્યો છે; એટલું જ નહિ પણ આ મંદિરોનો ભંગ તુરુષ્કોના હાથે, બે વખત થયો હોવાનો તેમાં એકરાર કર્યો છે.

આમ વેદકાળથી આરંભી ઈ. સ.ના પંદરમાં સૈકા સુધીમાં એતિહાસિક દષ્ટિએ વિહંગાવલોકન કરતાં, અર્બુદની પ્રાચીનતા ઠેઠ પુરાણકાળ સુધી લઈ જઈ શકાય તેમ છે; તેટલું જ નહિ પણ ઈ. સ. પૂર્વે અહીં નાગવસાહતો હતી. ત્યારબાદ માલવો, ગુર્જરો, અને પરમારો આવ્યા. પરમારોનો આ પ્રદેશ સાથે ઘણો જૂનો સંબંધ હતો. અર્બુદ

---

1 વિવિધ તીર્થકલ્પ, પા. ૧૫, અર્બુદકલ્પ, ભારતીય વિદ્યાભવન. સિંધી સિરીઝ પ્રકાશન.

2 એજન, શ્લો. 33–34

પર્વત નહિ પણ એક દેશવિશેષ ગણાતો, ત્યાં નાનાંમોટાં અનેક શહેરો અને ગામડાંઓ હતાં, અહીંની પ્રજા સંસ્કારી અને વિદ્યાકળામાં અગ્રભાગ લેનારી હતી, આ સિવાય અહીં અનેક તીર્થો અને આશ્રમો હતા. ઐતિહાસિક દૃષ્ટિએ આ સમગ્ર પ્રદેશ ગુજરાતકાઠિયાવાડ ભારતના પશ્ચિમ દેશ સાથે હજારો વર્ષો પૂર્વથી જોડાયેલો હતો, અને સાંસ્કૃતિક રીતે તેની સાથે વધુ સાતત્ય ધરાવતો હતો એમ તો ચોક્કસ લાગે છે.

## પ્રકરણ ૫મું

# આરાસુર કે આરાસણનગર

આરાસુર કે આરાસણ અર્બુદાચલનો જ એક વિભાગ હોવા છતાં, તેને સ્વતંત્ર અભિધાન તે નગરની જાહોજલાલીના કારણે પ્રાપ્ત થયું હોવાનું સમજાય છે. સકલ બ્રહ્માંડની અધિષ્ઠાત્રી ભગવતી જગજ્જનની ત્રૈલોક્યસુંદરી, અંબાભવાની આરાસુરનગરમાં આવેલ હોવાથી આરાસુરી અંબા તરીકે આજે પણ વિખ્યાત છે. ત્યારે આરાસુર અને તેનો ઇતિહાસ પણ આ અંગે રજૂ કરવાની ખાસ જરૂર રહે છે. આરાસુરને એક પર્વતવિશેષ તરીકે લોકો પિછાને છે. પરંતુ અંબાજીથી દોઢ માઈલ દૂર અગ્નિખૂણામાં આવેલ કુંભારિયાનાં જૈનમંદિરોમાંથી પ્રાપ્ત પ્રાચીન શિલાલેખોના આધારે અહીં આરાસણ કે આરાસણાકર નામનું ભવ્ય નગર હોવાનું જાણવા મળે છે.[1] આરાસણનગર ક્યારે વસ્યું, કોને વસાવ્યું, તેનો વિસ્તાર કેટલો હતો, અને તેનો નાશ ક્યારે થયો વગેરે હકીકત અંધારામાં જ છે. આરાસુર કે આરાસણ નામ ત્યાં આરસની ખાણો હોવાથી પડ્યું હતું એમ સ્વ. ડૉ. ડી. આર. ભાંડારકર અને બીજા કેટલાક વિદ્વાનોએ જણાવ્યું છે.[2] આરાસુર પર્વતમાં આરસની ખાણો હતી, ત્યાંથી જ આરસો ગુજરાતના દેવાલયો, તેમ જ મૂર્તિઓ માટે લઈ જવામાં આવતા, અને આજે પણ ત્યાંના પર્વતોમાંથી આરસના પથ્થરો નીકળે છે, એટલે તે નામ ઉપરથી આરાસુર કે આરાસણ નામ પડ્યું હોય છતાં આરાસણ નામ રાખવામાં

---

૧ પ્રાચીન જૈન લેખસંગ્રહ—જિ. ન. વિજયજી.

૨ પ્રોગ્રેસ રીપોર્ટ ઑફ ધી આર્કિયોલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ, ૧૯૦૫–૬.

બીજા પણ કેટલાક ગર્ભિત આશયો રહ્યા હોય એવી કલ્પના જાય છે. આરસ પથ્થર ઉપરથી જ આ નામ રાખ્યું હોય તો આરસપુર કે આરસનગર વગેરે નામો પડી શકે, પણ આરાસણ કે આરાસુર નામ તેની સાથે ખાસ સંબંધકર્તા હોવાનું જણાતું નથી.

સરસ્વતીપુરાણમાં આરાસણનો સ્પષ્ટ ઉલ્લેખ હોઈ, તેની આખ્યાયિકા રજૂ કરતાં, તે નામ આસન ઉપરથી પડયું હોવાનું જણાવતાં, તંડીમુનિએ ભગવાન કૃષ્ણને બેસવા આસન આપ્યું, તેથી તે સ્થળ અને પ્રદેશનું નામ આરાસણ પડયું એમ નોંધ્યું છે.[1] આ પૌરાણિક આખ્યાયિકામાંથી, તાત્ત્વિક દૃષ્ટિએ કાંઈ પણ નક્કર માહિતી મળતી નહિ હોવાથી, આ પણ એક પૌરાણિક કલ્પના જ લાગે છે. પરંતુ આસન શબ્દ શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ એક મહત્ત્વનું સૂચન કરે છે. વાસ્તુશાસ્ત્રમાં આસન શબ્દ બેત્રણ રીતે જુદા જુદા અર્થમાં સૂચવ્યો છે. વિવિધ પ્રાસાદોમાં ત્રણ માળ ધરાવતાં મંદિરો, કે પ્રાસાદોના આઠ ભેદો પૈકી, "**આસન**" નામનો પ્રાસાદભેદ હોવાનું 'માનસાર'માં જણાવ્યું છે.[2] આ જ ગ્રંથકાર અમુક લંબાઈપહોળાઈ ધરાવતાં મંદિરો, જેમાં બેઠી પ્રતિમા ખાસ કરીને હોય તેવા પ્રાસાદો કે મંદિરોને "આસન" એવું શાસ્ત્રસિદ્ધ નામ આપે છે. આથી એમ માનવાને કારણ મળે છે કે, અહીં તેવા પ્રકારના પ્રાસાદો બાંધવામાં આવ્યા હોવાથી, આસનપુર કે આરાસન-ણપુર નામ પડયું હોવાનું અનુમાન છે.

આયુર્વેદમાં તથા સંસ્કૃત શબ્દકોષમાં "આર" શબ્દ ધાતુવાચક તરીકે જણાવ્યો હોઈ, આરકૂટ વગેરે શબ્દો ધાતુ માટે વપરાયા છે. આરાસુર શબ્દમાંથી પણ તેવો ધ્વનિ નીકળી શકતો હોઈ આ પર્વતમાં ધાતુની ખાણો પૂર્વકાળે હોવાનો નિષ્કર્ષ નીકળી શકે છે. જોકે ભૂસ્તર-

૧ સરસ્વતીપુરાણ, સર્ગ ૯.

૨ માનસાર, અ. ૨૧, શ્લો. ૧૨ થી ૨૧.

વિજ્ઞાનના તેવા કોઈ ઉલ્લેખો આસાસુર પર્વત માટે હજુ સુધી મળ્યા નથી, પરંતુ પ્રાચીન ગ્રંથોમાંથી મળતી કેટલીક હકીકતો આ વાતનું સમર્થન કરે છે. આરાસુર પર્વતમાં આજે પણ કુંભારિયાના મંદિરોની આસપાસ, ઠેઠ અંબાજીના મંદિર સુધી, બળેલા પથ્થરો જાણે કોઈ ભઠ્ઠીના કાટડા હોય, તેવા ગઠ્ઠાઓ જ્યાંત્યાં વેરાયલા પડેલા છે. કેટલાક માણસો આ પહાડમાં જ્વાળામુખી કોઈ ઠેકાણે ફાટી નીકળ્યો હોવાનું અનુમાન કરી, તે લાવારસના બળેલા અવશેષો હોય એમ ધારે છે. જ્યારે કુંભારિયા યાને આરાસણની પુસ્તિકા લખનાર, મથુરદાસ શેઠ તેને માટે જણાવે છે કે, આ પહાડમાં ધાતુની ખાણો હતી, અને તેના પથ્થરોમાંથી સુવર્ણ નીકળતું હતું. વિમળશાહે આ ખનિજસંપત્તિને ગાળવા જે ભઠ્ઠીઓ કરી હતી તેના આ બધા કાટડાઓ જ્યાંત્યાં ચારેબાજુ વેરાયેલા પડ્યા છે.[1] આવી જ હકીકત 'ઉપદેશસપ્તતિ' અને 'પુરાતન પ્રબંધસંગ્રહ' વગેરે પ્રાચીન ગ્રંથોમાં પણ નોંધાઈ છે. આરાસણનગરમાં પાસીલ નામે ગોગા મંત્રીનો પુત્ર રહેતો હતો. દૈવયોગે તે નિર્ધન બની ગયો. એક વખત વ્યાપાર માટે તે પાટણ ગયો, ત્યારે દર્શનાર્થે જતાં રાજવિહાર મહાપ્રાસાદનું બારીકાઈથી નિરીક્ષણ કરતો જોઈ ઠક્કુરછાડાની પુત્રી હાંસીએ તેનો ઉપહાસ કરતાં કહ્યું, શું તમારે આવો પ્રાસાદ બંધાવવો છે? તે વખતે પાસીલે હાંસીનો શાંતિથી જવાબ આપતાં કહ્યું, મારે માટે આ કાર્ય આજે તો દુષ્કર છે, પણ જો હું આવો પ્રાસાદ બંધાવું તો જરૂર તમો તેના દર્શને પધારશો. ત્યારબાદ પાસીલ આરાસણનગરમાં પાછો આવ્યો પણ આ વાત તેના હૃદયમાં સદાય ખટકતી હતી. તેને ગુરુને આ મનની વાત જણાવી. આથી ગુરુએ તેને અંબિકાની આરાધના કરવા જણાવતાં પાસીલના ભાગ્યયોગથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે આ પર્વતમાં જે સીસાની ખાણ છે તે મારા પ્રભાવથી રૂપાની થશે. દેવીની કૃપાથી પાસીલને તે

૧ કુંભારિયાજી ઉર્ફે આરાસણતીર્થ, લેખક: મથુરદાસ છગનલાલ શેઠ.

ખાણમાંથી ખૂબ દ્રવ્ય મળ્યું, તે વડે તેણે નેમિનાથ ભગવાનનો પ્રાસાદ બંધાવ્યો. આ પ્રાસાદ બંધાતો હતો ત્યારે એક વખત ગુરુમહારાજ ત્યાં આવ્યા, અને પાસીલને પૂછ્યું કે ભદ્ર, ચૈત્યનિર્માણનું કાર્ય તો બરાબર ચાલે છે ને? પાસીલે કહ્યું, દેવ અને ગુરુકૃપાથી બધું ઠીક ચાલે છે. આથી ભગવતી અંબિકા કુપિત થતાં ચૈત્યનું કાર્ય શિખર સુધી આવતાં અટકી પડયું. પાસીલે આ મંદિરના પ્રતિષ્ઠા-મહોત્સવ માટે ગુરુશ્રી વાદી દેવસૂરિ, અને હાંસી શ્રાવિકાને નિમંત્રી ગુરુશ્રીના વરદહસ્તે ભગવાન નેમિનાથની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી કરી. આ વખતે હાંસી શ્રાવિકાએ પાસીલની અનુમતિ લઈ નવલાખ રૂપિયા ખર્ચી મેઘનાદ નામનો મંડપ મંદિરની આગળ બંધાવ્યો.[1]

પુરાતન પ્રબંધસંગ્રહ અને ઉપદેશસપ્તતિની આ આખ્યાયિકા ઉપરથી, તેમ જ વિમળશાહને પણ ભગવતી અંબિકા પ્રસન્ન હતાં, જેના કૃપાપ્રસાદ વડે તેને અહીંથી ખૂબ દ્રવ્ય મળ્યું હતું એ લોક-કથાના આધારે એટલું તો જાણી શકાય છે કે આરાસુર પર્વતમાં ખનિજસંપત્તિ ધરાવતી ધાતુની ખાણો હતી.[2] સંસ્કૃત **આર શબ્દ** ધાતુવાચક હોવાથી આરાસુર કે આરાસણ નામ ધાતુની ખાણોને લઈ પડયું હતું એ માન્યતાને ઉપરની જૈન આખ્યાયિકાઓથી ટેકો મળે છે,

---

૧ ઉપદેશ સપ્તતિ, અધિકાર. ૨, ઉપદેશ ૮; પુરાતનપ્રબંધસંગ્રહ, પા. ૩૦, આરાસણીયનેમિચૈત્ય પ્રબંધ.

गोगाकस्य सुतेन मंदिरमिदं श्रीनेमिनाथ प्रभो
स्तुगं पासिल संज्ञकेन सुधिया श्रद्धावता मंत्रिणा ॥
शिष्यैः श्रीमुनिचंद्रसूरि सुगुरोःनिर्ग्रंथ चूडामणे–र्वादिन्द्रैः
प्रभुदेवसूरिगुरुभिर्नेमेः प्रतिष्ठाकृतः ॥ १७ ॥
रामानन्ददशमौलिवत्सरे माधवे च दशमीतिथौ सिते ॥
वाक्पते सुदिवसे प्रतिष्ठितोऽरासणे पुरवरे शिवात्मम ॥ १८ ॥

पुरातनप्रबंधसंग्रह, पा. ३१

૨ જુઓ પૃ. ૨૪ પરની પાદનોંધ ૫.

જે કેટલેક અંશે સયુક્તિક લાગે છે. આમ આરાસણ નામ, આરસ-પથ્થરની ખાણોના કારણે પડ્યું હોવાની કલ્પના કરતાં, ધાતુની ખાણોને લઈ તે નામ રાખવામાં આવ્યું હોય તેમ જણાય છે. બીજું આરસ શબ્દ કોઈ સંસ્કૃત શબ્દકોષમાંથી મળી આવતો નથી. શિલા કે પાષાણ માટે આભાસ, ચિત્રાભાસ, મર્મરોપલ, મણિશિલા, અને પ્રસ્તરશ્લક્ષણ વગેરે નામો શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં નોંધાયાં છે. એટલે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ, આરસ ઉપરથી આરાસણ નામ પડ્યું હોય એમ લાગતું નથી. પૌરાણિક દૃષ્ટિએ આરાસુર માટે એવી વ્યુત્પત્તિ પણ થઈ શકે તેમ છે કે આ સ્થાન ઉપર ભગવતી જગદંબાએ મહિષાસુરને સુધર્મા નામક હજાર આરાઓવાળા ચક્રથી નાશ કર્યો હતો. અર્થાત્ ॥ यत्र आराभ्यः असुरो हतः इत्यारासुरः ॥ જ્યાં ચક્રોના આરાઓ વડે અસુર ( મહિષાસુર ) મરાયો તે આરાસુર. દેવીભાગવતમાં દેવીએ હજાર આરાઓ વાળા સુધર્માચક્ર વડે તેનું મસ્તક કાપી નાખ્યાનું જણાવ્યું છે.[1] ટૂંકમાં આરાસણ નામની પાછળ કોઈ ગર્ભિત સૂચન કે ગૂઢ રહસ્ય સમાયેલું છે તેમાં તો શક નહિ.

સ્કંદપુરાણમાં તો આ બધા પ્રદેશને અર્બુદાચલ નામ આપ્યું છે, એટલે સ્કંદપુરાણના આયોજન પછી અંબાજી નજદીકના પર્વતનું આરાસણ નામ અસ્તિત્વમાં આવ્યું હતું એમ ચોક્કસ લાગે છે. આરાસુર કે આરાસણ નગરની સ્થાપના ક્યારે થઈ તેની ચોક્કસ તવારીખ ઐતિહાસિક દૃષ્ટિએ હજુ સુધી મળી નથી. પરંતુ તેનો સૌથી પહેલો ઉલ્લેખ કુંભારિયાના મંદિરો પૈકી શાંતિનાથના મંદિરમાંની એક જૈન પ્રતિમાના સંવત્ ૧૦૮૭ના શિલાલેખમાંથી મળે છે.[2] આ સમયે ગુર્જરેશ્વર ભીમદેવ ગુજરાતના રાજસિંહાસન ઉપર રાજ્ય કરતો

૧ જુઓ દેવી ભાગવત, સ્કંધ. ૫, અ. ૧૮. શ્લો. ૬૨ થી ૬૪.

૨ પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨—આચાર્ય જિનવિજયજી, ‘ આરાસણનઃ લેખઃ. ’

હતો એમ શ્લોકમાં જણાવ્યું છે. ભીમદેવના પ્રચંડ દંડનાયક પ્રાગ્વાટ (પોરવાડ) વિમળશાહએ બંધાવેલ, ભારતવિખ્યાત દેલવાડાના, ઋષભદેવ ભગવાનની પ્રાસાદપ્રતિષ્ઠા, આ મંદિર બંધાવ્યા બાદ એક વર્ષ પછી થઈ હતી. એટલે તે સમયે ચંદ્રાવતીમાં વિમલ દંડનાયકનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું, અને આરાસણનો પ્રદેશ પણ તેની શાસન-સત્તામાં આવેલો હતો. આમ આરાસણ નગર સંવતના અગિયારમા સૈકામાં પ્રસિદ્ધિમાં આવ્યું હોવાનાં પૂરતાં પ્રમાણો મળી આવે છે.

અંબાજીથી કોટેશ્વર જતાં રસ્તામાં કુંભારિયાજીનાં મંદિરો આવે છે ત્યાં આ આરાસણ નગર હતું. અગિયારમા સૈકામાં આ એક ભવ્ય નગર હતું, એમ કુંભારિયામાંથી પ્રાપ્ત શિલાલેખોના આધારે જાણવા મળે છે. તેનો વિસ્તાર ક્યાં સુધી હતો, તેની ચોક્કસ માહિતી મળતી નથી, પણ આ મંદિરોની આસપાસ ઘણા નાનામોટા ટેકરાઓ દેખાય છે. તે ઉપરથી આ નગરનો વિસ્તાર ઠેઠ અંબાજીના મંદિર સુધી, અને પૂર્વ બાજુ ઠેઠ કોટેશ્વર સુધી હોય તેવું અનુમાન છે. લોકોક્તિમાં તો ભગવતી અંબામૈયાનું મંદિર આરાસણ નગરની મધ્યમાં આવ્યું હતું એમ કહેવાય છે. પરંતુ આજે તો કુંભારિયા અને માતાજીના મંદિર વચ્ચે દોઢ માઈલનું અંતર આવ્યું હોઈ, વચમાં બધે જંગલ થઈ ગયું છે. આ આરાસણ નગરની જાહોજલાલી માટે પ્રાચીન ગ્રંથોમાં કંઈ પણ ઉલ્લેખો નોંધાયા નથી. પરંતુ વિમલમંત્રી માટે એમ કહેવાય છે કે, તેણે અહીં આરાસણ નગરમાં ૩૬૦ મંદિરો બંધાવ્યાં હતાં. આ મંદિરો ભગવતી અંબામૈયાના કૃપાપ્રસાદથી બંધાવ્યાં હોવા છતાં, જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, કોની કૃપાથી આ બંધાવ્યાં ત્યારે તેણે દેવગુરુની કૃપાથી, એવો ઉત્તર આપતાં ભગવતી અંબાને ક્રોધ થયો, જેથી તેનાં બધાં મંદિરો આગમાં ભસ્મીભૂત બની ગયાં. ફક્ત આજે દેખાય છે તે પાંચ જ મંદિરો માજીએ અખંડ રાખ્યાં. આ દંતકથા-માંથી એટલું તાત્પર્ય નીકળી શકે છે ચંદ્રાવતીનો સર્વસત્તાધીશ

દંડનાયક વિમલમંત્રી ભગવતીનો અનન્ય ભક્ત હતો. તેણે અહીં જૈન-મંદિરો બંધાવ્યાં હતાં. આ વસ્તુને ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીશું તો પણ જણાશે કે વિમલ ભગવતી અંબાનો પરમ ભક્ત હતો. દેલવાડામાં બંધાવેલ ઋષભનાથના મહાપ્રાસાદમાં પણ તેણે અંબાજીની એક સુંદર દેવકુલિકા બંધાવી તેમાં ભગવતીને પધરાવ્યાં છે[1]-વિમલમંત્રીની કુલાંબા ભગવતી અંબાજી હતાં. એટલે આરાસણમાં તેને અંબામૈયાની પૂર્ણ ભક્તિ અને કૃપા વડે મંદિરો બંધાવ્યાં હોય તે માનવા જેવું છે. પણ તેને ૩૬૦ મંદિરો બંધાવ્યાં હતાં વગેરે હકીકત અતિશયોક્તિ ભરેલી લાગે છે. જો આરાસણ નગરમાં તેને આટલાં બધાં મંદિરો બંધાવ્યાં હોય તો આરાસણ નગરનો વિસ્તાર માઈલોના માઈલો સુધી લંબાયેલો હોય. બીજું આટલાં બધાં મંદિરોનો નાશ થયો હોય તો, તેના કોઈ પણ અવશેષો દૂર દૂર સુધી મળવા જોઈએ. આ બધું વિચારતાં એમ જ જણાય છે કે, વિમલશાહે અહીંયાં પણ કેટલાંક ભવ્ય જૈનમંદિરો બંધાવ્યાં હશે. કુંભારિયાના મંદિરોની શિલ્પકલા અને સ્થાપત્ય, દેલવાડામાં વિમલશાહે બંધાવેલ મંદિરની વાસ્તુકલા સાથે સંપૂર્ણ સાતત્ય ધરાવતાં હોવાથી કુંભારિયાનાં કેટલાંક મંદિરો વિમલશાહે બંધાવ્યાં હતાં એમ સમજાય છે. વિમલશાહ તે વખતે સર્વસત્તાધીશ દંડનાયક હતો, આરાસણ નગર ચંદ્રાવતીના અધિકાર તળે હતું, અને આરસની ખાણો નજદીક હતી, આ બધી અનુકૂળતાઓના કારણે તેણે પોતાના હૃદયમાં રહેલી અપૂર્વ ભક્તિશ્રદ્ધાને વ્યક્ત કરવા ભવ્ય મંદિરો અહીં બંધાવ્યાં હતાં એમ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે; જોકે કુંભારિયાના કોઈ મંદિરમાંથી તેનો શિલાલેખ કે પ્રશસ્તિ મળી નથી; પરંતુ અસલનાં મંદિરોનો દૈવી કે મનુષ્યકૃત વિનાશ થતાં, તે મંદિરોનો જીર્ણોદ્ધાર પાછળથી કરવામાં આવતો, અને

---

૧ જુઓ, આબુ ભા. ૧, વિમલવસહીની દેરી નં. ૨૧, કર્તા, સ્વ. શ્રી જયંતવિજયજી મહારાજ.

તેમાં નવિન મૂર્તિઓ બેસાડવામાં આવતી, પ્રાચીન ખંડિત પ્રતિમાઓને ત્યાંથી વિસર્જન કરી જળમાં પધરાવી દેતા. એટલે મંદિરના નવનિર્માણમાં કે પ્રતિમાઓની પીઠિકામાંથી નવીન જીર્ણોદ્ધાર કરનાર કે પ્રતિષ્ઠા કરનારનાં જ નામો મળી આવે તે વાસ્તવિક છે.

આરાસણ યાને કુંભારિયાજીમાં પણ તેવું જ બન્યું છે. કુંભારિયાજીના શ્રીશાંતિનાથના મંદિરની પ્રતિમાઓમાં વિ. સં. ૧૧૩૮ અને ૧૧૪૭ના લેખ છે. મહાવીર સ્વામીના મંદિરમાં એક બેઠક ઉપર વિ. સં. ૧૧૧૮નો લેખ છે, જ્યારે શાંતિનાથના મંદિરમાં એક પ્રતિમા ઉપર સં. ૧૦૮૭નો લેખ છે. આ બધા લેખો જોતાં આબુ ઉપર દેલવાડાનું મંદિર, અને અહીંનાં મંદિરો સમકાલમાં બંધાયાં છે. પરંતુ કેટલાંક મંદિરોનો જીર્ણોદ્ધાર પાછળથી થયો છે, તેમ જ કેટલીક પ્રતિમાઓ પણ પાછળથી પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. એટલે અસલ મંદિરોનો અમુક કાળે નાશ થયો હતો એમ જરૂર જણાય છે, અને તેથી વિમલે બંધાવેલાં મંદિરોનો પુનરોદ્ધાર થતાં, તેના પ્રાચીન શિલાલેખો, અને તેને પ્રતિષ્ઠા કરેલ પ્રતિમાઓનો આજે પત્તો ન જ લાગે તે બનવા જોગ છે. આથી જ વિમલશાહે અહીં મંદિર બંધાવ્યાની લોકોક્તિ અસ્તિત્વમાં આવી છે, પરંતુ તેને બંધાવેલ મંદિરોનો આજે પત્તો નથી. આથી એટલું તો સ્પષ્ટ ફલિત થાય છે કે અગિયારમા સૈકામાં અહીં આરાસણ નામનું ભવ્ય નગર હતું, જૈનોનાં તેમ જ જૈનેતરોનાં ભવ્ય મંદિરો આ નગરમાં આવેલાં હતાં, અને જૈન જૈનેતરોની સારી એવી વસ્તી આ નગરમાં હોવાથી, એક આબાદ જાહોજલાલીવાળું હાલના માથેરાન, મહાબળેશ્વર કે દહેરાદૂન અને દાર્જીલિંગ જેવું પાર્વતીય રમ્ય નગર હતું.

જ્યારે આ સમૃદ્ધ નગર પૂર્ણ જાહોજલાલી ધરાવતું હશે, ત્યારે ત્યાંનો દેખાવ કુબેરની અલકાનગરી જેવો લાગતો હશે. ચારે બાજુ નાનીમોટી ગિરિમાળાઓ, વચ્ચે વચ્ચે નદીઓનાં સુંદર વહેણો, આરસ-

મંડિત દેવપ્રાસાદો, ધવલગૃહો જેવા ત્યાંના નાગરિકોનાં આવાસમંદિરો, મધ્યમાં ભગવતી જગદંબાનું મહાસ્થાન, આ બાજુ ભગવાન્ કોટેશ્વરનું શિવમંદિર, નીચે કલરવ કરતાં સરસ્વતીના કિનારે ગૌતમેશ્વર, અને પેલી બાજુ ગબ્બરગઢનો અભેદ્ય કિલ્લો. ચારે બાજુ ઝૂકી રહેલાં ઉત્તુંગ વૃક્ષો, અને સદા કાળ આનંદ આપનારી વનશ્રી, તેમ જ વન્ય પ્રાણીઓ. આમ કુદરતી સૌન્દર્ય અને સમૃદ્ધિ ધરાવતું આ પાર્વતીય મહાસ્થાન એક કાળે સારી એવી પ્રસિદ્ધિ પામ્યું હતું. આજે તો ફક્ત પાંચ જૈનમંદિરો, એક શિવમંદિર, ભગવતી જગદંબાનું મહાપીઠ, અને કોટેશ્વરનું પુરાણું મંદિર આરાસણ નગરનાં પ્રતીકોરૂપે સાક્ષી આપી રહેલાં છે.

આરાસણ નગરનું નામ જનતામાંથી તો આજે ભુલાઈ ગયું છે. તેનું સ્થાન કુંભારિયાએ લીધું છે. ફક્ત આરાસુરી અંબા એ નામમાં એક વિશેષણરૂપે આરાસુર પર્વતનું નામ જળવાઈ રહ્યું છે. કુંભારિયામાં પાંચ મંદિરો પૈકી સૌથી મોટું મંદિર શ્રીનેમિનાથ ભગવાનનું છે. આબુ ઉપરનાં વિમલશાહ અને વસ્તુપાળ તેજપાલનાં મંદિરોની શિલ્પકલા જગપ્રસિદ્ધ છે, પરંતુ બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો કુંભારિયાનાં મંદિરો પણ તેનાથી ઊતરે તેમ નથી. કેટલાક વિદ્વાન કલાવિવેચકોની દૃષ્ટિએ કુંભારિયાનાં મંદિરોનું સ્થાપત્ય, શિલ્પ, અને બાંધણી આબુના મંદિરો કરતાં પણ ઉત્કૃષ્ટ હોવાનું કહેવાય છે. જો આબુનાં મંદિરોની માફક, આ મંદિરોને પૂરતું સંરક્ષણ અને વ્યવસ્થિત બનાવવામાં આવે તો, આબુ કરતાં પણ તેનું શિલ્પસૌષ્ઠવ અનુપમ રૂપસમૃદ્ધિ રજૂ કરી, તેના દર્શને આવનારાઓને ચકિત બનાવે તેમાં શક નહિ.

તપાગચ્છપટ્ટાવલીમાં વાદી દેવસૂરિએ આરાસણ નગરમાં નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવ્યાનું નોંધ્યું છે. તેવી જ રીતે ઉપદેશસપ્તતિ અને પુરાતન પ્રબંધસંગ્રહમાં તેની વિસ્તારપૂર્વક નોંધ આપતાં, પાસીલ

નામના શ્રેષ્ઠીએ આ આ મંદિર બંધાવ્યું હોવાનું સૂચવ્યું છે. આથી આ મંદિરનો બંધાવનાર પાસીલ હતો એટલું સ્પષ્ટ રીતે જાણી શકાય છે. આ મંદિરમાં ગર્ભગૃહ, મોટો ગૂઢમંડપ, બન્ને બાજુ થઈને દસ ચોકીઓ (નાના મંડપો), સભામંડપ, શૃંગારચોકી, બે બાજુ બે મોટા ગભારા, અને ફરતી ચોવીસ દેરિયો છે. આખુંયે મંદિર સુંદર આરસપથ્થરનું બનાવેલ હોઈ તેના શિખરનો ઘાટ તારંગાના જૈન-મંદિર જેવો છે. આ ભવ્ય પ્રાસાદના કુલ ૯૪ થાંભલાઓ પૈકી બાવીસ સ્તંભો ઉત્તમ કલાકારીગીરીવાળા બનાવેલ છે. તેમાં ચારે તરફ દેવ દેવીઓ, અને વિદ્યાધરીઓની પ્રતિમાઓ કોતરેલી છે. જ્યારે બાકીના બીજા તદ્દન સાદા બનાવ્યા છે. આ સ્તંભો ઉપર દેલવાડાના મંદિરો જેવાં મકરતોરણો બનાવ્યાં હશે એમ તેનાં અવશેષો ઉપરથી જાણવા મળે છે. આજે તો તેવું ફક્ત એક જ તોરણ બચવા પામ્યું છે. આ મંદિરનું શિલ્પસ્થાપત્ય વિશિષ્ટ પ્રકારનું હોઈ, રંગમંડપમાં ફરતા ઝરૂખાઓ લોકોને બેસવા માટે બનાવ્યા છે. શિલ્પના નિયમ મુજબ તેમાં ગજથર, નરથર વગેરે અદ્વિતીય રીતે બનાવી, નરથરમાં સંસાર-લીલાના અનેક પ્રસંગો કોતર્યા છે. આ મંદિરમાં એક સ્થળે જૈનકથા-ઓમાં વિખ્યાત બનેલ અશ્વાવબોધસમલીકાવિહારનો પટ્ટ બનાવી, તેમાં લંકાના રાજા, તેમના ખોળામાં રાજકુમારી, ભેટ ધરતા જૈનગૃહસ્થો, સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધી, જૈન સાધુમહારાજ અને વહાણ વગેરેનાં ભાવવાહી રેખાંકનો કોતરેલાં છે. આ પટ્ટ આરાસણના રહેવાસી તુલહારી શા આશપાલે કરાવી, તેની પ્રતિષ્ઠા વર્ધમાનસૂરિ પાસે સં. ૧૩૩૮માં કરાવી હતી, એમ તેના શિલાલેખ ઉપરથી જણાય છે. ટૂંકમાં બેઠા ઘાટનું સંગેમરમરનું આ મંદિર શિલ્પ, સ્થાપત્ય, અને કારીગરીના અપૂર્વ સંયોજન ધરાવતું અદ્વિતીય છે.

નેમિનાથના મંદિરની પૂર્વમાં મહાવીર સ્વામીનું મંદિર આવેલ હોઈ તે પણ ધોળા આરસપહાણનું જ બનાવવામાં આવ્યું છે. તેમાં

પણ ગર્ભગૃહ, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, અને ફરતી ચોવીસ દેરીયો છે. આ પૈકી ગૂઢમંડપ, સભામંડપના ચાર સ્તંભો, સભામંડપનું તોરણ, અને ભમતીની દેરીઓ વચ્ચે આવેલ છતના ચૌદ ખંડોમાં ખૂબ કોતરકામ કર્યું હોઈ, તે પૈકી પાંચ ખંડોમાં તો જૈનકથાઓને સજીવ સ્વરૂપે કોતરેલ છે. તેના સાતમા ખંડમાં અતીત અને ભાવી ચોવીસીનાં માતાપિતા તથા છત્રધરો કોતર્યાં છે. બીજા ખંડમાં વર્તમાન ચોવીસી, તેમનાં માતાપિતા, ચૌદ સ્વપ્નો, અને પાર્શ્વનાથનું જીવનચરિત્ર, આબેહૂબ રીતે ઉતારવા પ્રયત્ન કર્યો છે. ત્રીજા ખંડમાં શાંતિનાથ ભગવાનનું સમવસરણ, તથા તેમના માતાપિતાની પ્રતિમાઓ કોતરવામાં આવી છે. છઠ્ઠા ખંડમાં એક તીર્થંકર ભગવાનનાં પંચ કલ્યાણક રજૂ કરેલ છે, જ્યારે પહેલા ખંડમાં આચાર્ય મહારાજ, તેમને વંદના કરતા શ્રેષ્ઠીઓ, અને સાધુમહારાજોને સુંદર રીતે વ્યકત કરવામાં આવ્યા છે. આમ સ્થાપત્ય, કલા, અને શિલ્પવિન્યાસનું અદ્દ્ભુત સંયોજન પૌરાણિક કથાનકો દ્વારા રજૂ કરતાં આ મંદિર કેટલીયે અનન્યતાઓ રજૂ કરે છે. આના પણ સ્તંભો અને તોરણો વિમલશાહના મંદિરને અનુરૂપ જ બનાવેલ છે. આ સિવાય આ મંદિરમાં કોતરેલા ભાવોની અંદરથી સામાજિક હકીકતો પણ કેટલીયે મળી આવે છે. તે દરેકની નીચે તેનાં વર્ણનો પણ વિગતવાર જણાવી તેનો સવિસ્તર ખ્યાલ આપવા પ્રયત્ન કરેલો છે. આ મંદિરના પૂર્વદ્વાર નજદીક એક ઘણું જ ઉત્તમ કારીગીરીવાળું પરઘર–પ્રતિમાપીઠિકાનું તોરણ મૂકી રાખેલ છે. અનુમાનથી લાગે છે કે આ મંદિરના જીર્ણોદ્ધાર વખતે ગમે તે કોઈ દેવકુલિકામાંથી કારણસર બહાર કાઢી અહીં મૂકી રાખ્યું હોય તેમ જણાય છે.

ત્રીજું મંદિર પાર્શ્વનાથ ભગવાનનું છે. તેમાં શિલ્પસૌષ્ઠવ પહેલા બેના કરતાં સામાન્ય છે. જોકે સ્થાપત્ય અને શિલ્પવિન્યાસની દષ્ટિએ તે જરાયે ઊતરે તેમ નથી, છતાં કલાકારીગીરી વગેરે આમાં સામાન્ય

પ્રકારની કોતરતાં, તેના સ્તંભો, તોરણો અને દ્વારશાખાઓમાં કરેલ કોતરકામ સાદું છે. મૂળ ગભારો, સભામંડપ, શૃંગારચોકી, અને ફરતી ચોવીસ દેવકુલિકાઓ આમાં બનાવેલી છે. ગૂઢમંડપનો મુખ્ય દરવાજો, અને નકશીવાળી બે દહેરીઓના શિરોભાગે ચ્યવનકલ્યાણકનો ભાવ તેમ ચૌદ સ્વપ્નો કોતરવામાં આવ્યાં છે. પહેલાં આ મંદિરને ત્રણ દ્વારો હોવાનું જણાય છે. આજે તો તેનાં બીજાં દ્વારો બંધ કર્યાં હોઈ મુખ્ય દ્વાર પશ્ચિમ તરફનું જ રાખેલ છે.

ત્યાં જ આવેલ શાંતિનાથ ભગવાનનું મંદિર, બાંધણીમાં મહાવીર સ્વામીના મંદિરને સંપૂર્ણ મળતું હોવા છતાં, લંબાઈપહોળાઈમાં તેના કરતાં સહેજ નાનું હોવાનું જણાય છે. તેમાં ગૂઢમંડપ, સભામંડપ, ગર્ભદ્વાર, તેમ જ ફરતી સોળ દહેરીઓ બનાવી, શિલ્પસ્થાપત્યનઃ નિયમ મુજબ તે વ્યવસ્થિત રીતે બનાવેલું છે. આ પણ ધોળા આરસપહાણનું જ મંદિર બનાવેલ હોઈ, તેમાં મુખ્ય મંડપની અંદર અષ્ટકોણાકૃતિવાળા આઠ સ્તંભો બનાવ્યા છે. તેના ઉપરનાં બધાં તોરણો તૂટી ગયાં છે, જ્યારે ફક્ત પશ્ચિમનું એક જ અવશિષ્ટ બચવા પામ્યું છે.

અહીં આવેલાં જૈનમંદિરો પૈકી, પાંચમું સંભવનાથનું મંદિર આરસનું બનાવેલ હોવા છતાં, તેનું સ્થાપત્ય શાસ્ત્રીય રીતે સપ્રમાણ, અને સાદું બનાવેલ છે. આ મંદિર બીજાં મંદિરોના મુકાબલે નાનું છે.

આ મંદિરથી થોડે છેટે એક નાની ટેકરી ઉપર એક શિવાલય છે. આગળથી તો તે તદ્દન સાદું જણાય છે, કારણ તેનો આગળનો ભાગ તૂટી ગયેલો હોવાથી, પાછળથી તેમાં સમારકામ કરવામાં આવેલ છે. પરંતુ ગર્ભગૃહનો પાછળનો ભાગ જોતાં મંદિર ઘણું પ્રાચીન હોય એમ લાગે છે. આ મંદિરની કોતરણી, અને તેમાંની પ્રતિમાઓ ખાસ જોવાલાયક છે. કદમાં આ મંદિર નાનું હોવા છતાં તેની દ્વારશાખા, સ્તંભો, અને પાછળનો ભાગ કલાવિન્યાસની દૃષ્ટિએ મોઢેરાના સૂર્યમંદિરને

સંપૂર્ણ મળતો હોવાનું ડૉ. બર્જેસ તથા હેનરી કઝીન્સ જેવા સ્થાપત્ય-શાસ્ત્રના વિદ્વાનોએ સ્વીકાર્યું છે. આમ આ મંદિર કલાસ્થાપત્યની કેટલીક અનન્યતાઓ રજૂ કરતાં, ઐતિહાસિક દૃષ્ટિએ તેના સર્જનકાળ માટે પણ આછો ખ્યાલ રજૂ કરે છે. આ મહાદેવને કુંભેશ્વરથી ઓળખાવવામાં આવે છે, પરંતુ તેનું સાચું નામ શું હશે, તેની સપ્રમાણ કોઈ પણ માહિતી અહીંથી મળી શકતી નથી. આ સિવાય કુંભારિયામાં આ મંદિરોની વ્યવસ્થા રાખવા વ્યવસ્થાપક કચેરી (કારખાનું), અને એક ધર્મશાળા પણ છે. ટૂંકમાં આરાસણ નગરના અવશેષરૂપ આટલાં જ કલામંદિરો, તેનો પ્રાચીન ઇતિહાસ, અને ગૌરવગાથાઓ ગાતાં અહીં તેનું સ્થાન સાચવી રહ્યાં છે.

આમ આ ભવ્ય નગર સંવતના અગિયારમા સૈકાથી સત્તરમા સૈકા સુધી પૂર્ણ જાહોજલાલી ભોગવતું હતું, એમ ત્યાંના શિલાલેખોના આધારે માલમ પડે છે. સૌથી પહેલો શિલાલેખ આગળ જણાવ્યા પ્રમાણે ૧૦૮૭નો નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો છે. ત્યારબાદ સંવત ૧૧૧૮ના ફાગણ સુદી ૯ સોમવારનો શિલાલેખ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા નીચે બેઠક ઉપર છે.[1] ફાર્બસ સાહેબને અહીંથી એક લેખ ઈ. સ. ૧૨૦૦નો મળ્યો હતો, જેમાં પરમાર ધારાવર્ષે આરાસણ-પુરમાં એક વાવ ખોદાવ્યાની હકીકત જણાવી હતી. ડૉ. ભાંડારકરને ઈ. સ. ૧૨૭૪નો એક પાળીઓ અહીંથી મળ્યો હતો, જેમાં મહિપાલ નામે આરાસણના કોઈ રાજા કે રાજવંશજનો ઉલ્લેખ હતો. આ બધા પુરાવાઓ અહીં પરમારોનું શાસન તે કાળે હોવાનું સૂચવે છે.

આ નગરનો નાશ ક્યારે થયો, અને કોણે કર્યો તેની પ્રામાણિક માહિતી કોઈ પણ ગ્રંથ, કે લેખમાંથી મળી શકતી નથી, પરંતુ મંદિરોના થયેલા જીર્ણોદ્ધારો અને પ્રતિમાઓની પુનઃપ્રતિષ્ઠાના લેખો ઉપરથી, આ નગરનો બેત્રણ વખત નાશ થયો હોવાનું સમજાય છે. લોકોક્તિમાં

---

૧ પ્રાચીન જૈન લેખસંગ્રહ, પા. ૨૮૦ થી ૨૯૦; કર્તા: આચાર્ય જિનવિજયજી.

ભગવતી અંબિકાએ વિમલમંત્રી ઉપર ક્રુદ્ધ થતાં, અહીંના મંદિરો બાળી નાખ્યાનું જણાવવામાં આવે છે, પરંતુ તેના માટે એક પણ પુરાવો હજુ સુધી મળ્યો નથી. આ નગરની આજુબાજુ બળેલા કાટડાઓ પડેલા છે તે ઉપરથી કેટલાક વિદ્વાનો અહીં જ્વાળામુખી ફાટી નીકળ્યો હોવાનું અનુમાન દોરે છે. પરંતુ ધાતુની ખાણો આ પર્વતોમાં હતી, એટલે તેને ગાળવાના ભઠ્ઠા પણ બનાવ્યા હશે. જેના કાટડા અહીં વેરાયા હોવાનું પ્રાચીન જૈનગ્રંથોના આધારે આપણે જાણવા મળે છે. એટલે તેના આ બધા કાટડા અહીંતહીં વેરાયેલા જણાય છે. આ પ્રમાણના આધારે જ્વાળામુખીથી આ નગરનો વિનાશ થયાનું અનુમાન નિરાધાર ઠરે છે. ત્યારે અહીંના શાસકો ઉપર કોઈ રાજાએ હુમલો કરી, નગરને નુકસાન પહોંચાડયું હોય એમ લાગે છે. જો કોઈ હિંદુ રાજાએ હુમલો કરી, નગરને પરાસ્ત કર્યું હોય તો, તે દેવમંદિરોને ખાસ નુકસાન કરે તે સંભવિત નથી. મંદિરોના જીર્ણોદ્ધાર અને પ્રતિમાઓની પુનઃપ્રતિષ્ઠાના શિલાલેખો જોતાં નગરના નાશ-સમયે મંદિરોને, તેમ જ ત્યાંની પ્રતિમાઓને નષ્ટભ્રષ્ટ કર્યાં હોય એમ લાગે છે. આથી કોઈ મૂર્તિપૂજક નહિ, પણ મૂર્તિભંજક જાતિએ આ નગરનો વિનાશ કર્યો હોય એવું અનુમાન છે. સૌથી પહેલો વિનાશ સંવતના બારમા સૈકામાં થયો હોવાનું શિલાલેખોના આધારે જણાય છે. કેટલીક પ્રતિમાઓની બેઠક નીચેના લેખો સંવતના બારમા તેમ જ તેરમા સૈકામાં લખાયા હોવાનો તેમાં ઉલ્લેખ છે. આ પછી સંવતના સત્તરમા સૈકા સુધીના કેટલાક શિલાલેખો મળે છે. આથી ફરીથી બીજી વાર આ નગરનો વિનાશ, પંદરમા કે સોળમા સૈકામાં થયો હોવાનું સૂચન મળે છે. પરંતુ શાથી આ નગરનો વિનાશ થયો, તેમ જ કોણે કર્યો, તેની કોઈપણ હકીકત શિલાલખોમાં નોંધાઈ નથી. એટલે આરાસણ નગરનો વિનાશ દૈવકૃત થયો, કે મનુષ્યકૃત થયો, તે એક અગમ્ય કોયડો જ છે. તેવો જ બીજો કોયડો આ નગરનું કુંભારિયા નામ ક્યારે પડયું તેનો છે. સંવતના સત્તરમા સૈકા સુધી તો આ નગર આરાસણ તરીકે જાણીતું હોવાનું ત્યાંના શિલાલેખો કહે છે. ત્યારે

કુંભારિયા નામ કોને અને ક્યારે પડ્યું તે હકીકત અંધારામાં હોવાથી, તેરમા સૈકા બાદ તે નામ અસ્તિત્વમાં આવ્યું હોવાનું જણાય છે. કેટલાક વિદ્વાનો ચિતોડના કુંભારાણાએ આ નગર ઉપર હુમલો કરી, પોતાના કબજામાં લેતાં તેનું નામકરણ પોતાના નામ ઉપરથી રાખ્યું હોવાનો તર્ક કરે છે. પરંતુ તે તર્ક અસ્થાને જણાય છે, કારણ કુંભોરાણો સંવત ૧૪૯૪ થી ૧૫૧૪ સુધીમાં થયો હોવાનું ઇતિહાસ કહે છે. જ્યારે સં. ૧૬૭૫ના એક પ્રતિમાલેખમાં આ નગરનું આરાસણ નામ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. જો કુંભારાણાએ સ્થાપિત કુંભારિયા નામ તે કાળે રૂઢ થયું હોય તો આ પ્રાચીન નામ શિલાલેખમાં આવત નહિ. એટલે સત્તરમા સૈકા સુધી આ નગરનું આરાસણ નામ જ પ્રચલિત હતું, તેથી કુંભારાણાએ કુંભારિયા નામ રાખ્યું હોવાની માન્યતા ભૂલભરેલી જણાય છે. અહીંના મહાદેવનું નામ કુંભેશ્વર જણાવવામાં આવે છે. આ નામ શા પરથી પડ્યું તેની કોઈ પણ માહિતી મળતી નથી. પરંતુ ગુજરાતના આરૂઢ પુરાતત્ત્વ વિદ્વાન શ્રી. રસિકલાલભાઈ પરીખ તે નામ કુંભાર્ક ઉપરથી પડ્યું હોવાનું સૂચવે છે.[1] જેમ મોઢાર્ક ઉપરથી મોઢેરા, તેમ કુંભાર્ક ઉપરથી કુંભારિયા નામ પડ્યું હોવાનો તર્ક કેટલેક અંશે વ્યાજબી જણાય છે. છતાં તેને વધુ પ્રમાણોની અપેક્ષા તો રહે છે જ; આમ આરાસણ એક ભવ્ય નગર હતું, જ્યાં ભગવતી જગદંબાનું ઋષિમુનિ સ્થાપિત પ્રાચીન મહાસ્થાન આવેલું હતું, તેમ જ ભગવતી આ નગરનાં મુખ્ય અધિષ્ઠાત્રિ તરીકે બિરાજ્યાં હતાં.

---

૧ જુઓ, નવચેતન દીપોત્સવી અંક; સ્વ. શ્રી. રત્નમણિરાવભાઈના કુંભારિયા ઉપરનો લેખ, સંવત ૨૦૦૯

## પ્રકરણ ૬ઠ્ઠું

# કુંભારિયાના કલામય પ્રાસાદો

ગયા પ્રકરણમાં પ્રાચીન આરાસણ–કુંભારિયાનો ઇતિહાસ, ત્યાંનાં મંદિરોનું સ્થાપત્ય, અને પૂર્વકાળની જાહોજલાલીની શક્ય તેટલી વિચારણા કર્યા બાદ ત્યાનાં કલામંદિરોનું શિલ્પસૌષ્ઠવ રજૂ કરવાનું આવશ્યક છે. ગયા પ્રકરણમાં તેનું રેખાદર્શન રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. છતાં શિલ્પસ્થાપત્યની દષ્ટિએ તેનું કલાવિધાન, ઐતિહાસિકતા, અને હાલની પરિસ્થિતિની ચર્ચાવિચારણા કરવાની ખાસ જરૂરત રહે છે. આરાસણ નગર આજે લોકજીભેથી સ્મૃતિશેષ બન્યું છે, પરંતુ પૂર્વકાળમાં તે ભવ્ય નગર જૈનોના યાત્રાધામ તરીકે, ભગવતી અંબાજીના મહાસ્થાન સ્વરૂપે, અને સુંદર, સ્વચ્છ, શ્વેત આરસપથ્થરની ખાણો હોવાના કારણે તે વધુ લોકવિખ્યાત બનેલું. આ જ પર્વતના કારણે ભગવતી અંબાજી આરાસુરી અંબા કહેવાયાં. ગુજરાતના મંદિરો કે મહાલયો બાંધવામાં અહીંથી જ આરસપથ્થર લઈ જવામાં આવતો. તેટલું જ નહિ પણ ભવ્ય પ્રતિમાઓના સર્જન માટે ઉત્તમોત્તમ પાષાણ મેળવવા શિલ્પીઓ, અને ભાવુક મહાજનો, અહીંથી જ આરસ લઈ જતા હતા. આબુ અને કુંભારિયાનાં મંદિરો તો અહીંના જ પાષાણથી બંધાયાં, ગુજરાતમાં બંધાતાં જૈનજૈનેતર દેવમંદિરો માટે, આરસ-પથ્થર આરાસણથી જ મંગાવવામાં આવતો. તારંગા પર્વત ઉપર આવેલ અજિતનાથ ભગવાનની વિશાળકાય પ્રતિમા માટે આરસણથી જ મહા-શિલા લઈ જવામાં આવી હોવાનું **સોમસૌભાગ્ય કાવ્ય** ઉપરથી જાણવા મળે છે. આ પ્રતિમાની પ્રતિષ્ઠા ઈડરના ગોવિંદ શેઠે કરાવેલી છે. તારંગા ઉપર ભવ્ય જિનપ્રતિમા બેસાડવાનો ગોવિંદશેઠને વિચાર આવ્યો,

ત્યારે તેઓ આરાસણ ગયા, ત્યાંની અધિષ્ઠાત્રી ભગવતી અંબિકાની પ્રાર્થના કરી, અને ભગવાન અજિતનાથ માટે એક મોટી દેવશિલા લેવા આપની આરાધના કરું છું તો મારું કાર્ય સફળ કરો, એવી નમ્ર માગણીને માતાજી પાસે રજૂ કરી. તેના માટે એવું કહેવાય છે કે, તેની પ્રાર્થનાથી દેવી પ્રસન્ન થયાં અને જણાવ્યું કે તારા પિતાએ પહેલાં મારી પાસે આવી માગણી કરેલી તે વખતે શિલા નાની હતી, હવે તે મોટી થઈ છે તો ખાણમાંથી તેને કઢાવી લઈ જા. ગોવિંદશેઠે તે શિલા બહાર કઢાવી, શિલ્પના નિયમ મુજબ તેનું પૂજન, અર્ચન, બલિદાન વગેરે કરી તેને રથમાં પધરાવી. ભગવતી અંબાનું પણ ગંધ, પૂષ્પ અને નૈવેદ્ય વગેરેથી ભક્તિપૂર્વક પૂજન કરી, તેમની અનુમતિથી આ શિલા લઈ શેઠ તારંગા ગયા. તેને ખેંચવા સેંકડો બળદો જોડવામાં આવ્યા હતા. રસ્તો સાફ કરવા કેટલાયે માણસો કોદાળા, કુહાડા, પાવડા વગેરે લઈ આગળ ચાલતા. તે લોકો રસ્તામાં નડતાં ઝાડો કાપતા, જમીન ઊંચી-નીચી હોય તો બરાબર બનાવી, ધીમેધીમે શિલાવાળો રથ લઈ કેટલાયે મહિને તારંગા પહોંચ્યા હતા.[1] આ હકીકત આરાસણમાં વિશાળકાય આરસની શિલાઓ, ત્યાંની ખાણોમાંથી મળતી હોવાનું સૂચવે છે.

આજે સારો સંગેમરમર મકરાણાનો વખણાય છે, પરંતુ તેના જેવો અગર તેના કરતાં પણ ઉત્તમ પાષાણ સંવતના ૧૦મા સૈકાથી સોળમા સૈકા સુધી ત્યાંથી જ લાવવામાં આવતો હતો. કુંભારિયાનાં મંદિરો માટે પુરાતત્વવિદ્ શ્રી. જિનવિજયજીએ આર્કયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાના ઈ. સ. ૧૯૦૫–૬ના રીપોર્ટના આધારે પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ બીજામાં[2] સવિસ્તર અહેવાલ રજૂ કરી, તેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો છે. તેમના અભિપ્રાય પ્રમાણે કુંભારિયાનાં મંદિરોનું

૧ સોમસૌભાગ્યકાવ્ય, સર્ગ ૭, શ્લો. ૪૨ થી ૫૭

૨ જૈન લેખસંગ્રહ, ભા. ૨, અવલોકન પા. ૧૬૮, કર્તા શ્રી. જિનવિજયજી.

સ્થાપત્ય, બાંધણી, આકાર વગેરે આબુ, નાગદા, અને ભદ્રેશ્વરનાં જૈન-મંદિરો જેવું છે. સ્તંભો, દ્વારો અને છતોમાં કરેલ કોતરકામ અત્યુત્તમ આબુ ઉપર આવેલ દેલવાડાનાં મંદિરોને સંપૂર્ણ મળતું છે. આ મંદિરોનો વારંવાર જીર્ણોદ્ધાર થયો હોવાથી તે નવુંજૂનું કામ શિલ્પની દૃષ્ટિએ જુદું પડે છે. છતનું કામ એટલું સૂક્ષ્મ અને કલાસૌષ્ઠવવાળું છે કે તેનું બારીક નિરીક્ષણ કરતાં ડોક રહી જાય તેમ છે.

## ૧. નેમિનાથ ભગવાનનું મંદિર

આ બધાં મંદિરોમાં સૌથી મ્હોટો નેમિનાથનો પ્રાસાદ છે. મુખ્ય દ્વારથી રંગમંડપમાં જવા માટે પગથિયાં બનાવેલ છે. આ મંદિરમાં મુખ્ય પ્રતિમા નેમિનાથની છે, જે સં. ૧૬૭૫માં વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠિત કરી હોવાનો તેના ઉપર લેખ છે. ઓસવાળ બહુરા ( બહોરા ) રાજ્યપાલે તે બિંબ કરાવી, હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય વિજયસેન-સૂરિના શિષ્ય વિજયદેવસૂરિ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી હતી, એમ તેમાં નોંધ્યું છે. ધર્મસાગરની તપાગચ્છપટ્ટાવલીમાં જણાવ્યા પ્રમાણે વાદિદેવસૂરિએ ( વિ. સં. ૧૧૭૪–૧૨૨૬ ) આરાસણમાં નેમિનાથની પ્રતિષ્ઠા સૌ પહેલી કરી હતી. આ પ્રાચીન મૂર્તિ ખંડિત થવાથી વહોરા રાજ્યપાલે નવિન બિંબ બનાવી પુનઃ સ્થાપ્યું હોવાનું આથી સમજાય છે. ઉપદેશસપ્તતિમાં પાસીલ શ્રેષ્ઠીએ આ મંદિર બંધાવ્યાની વિસ્તૃત હકીકત આપેલી છે.[૧] ગયા પ્રકરણમાં તે હકીકત જણાવી હોવાથી અત્રે તેની પુનરુક્તિ કરવાની જરૂરત નથી. આ મંદિરમાં કેટલીક પ્રાચીન પ્રતિમાઓ, કાઉસગ્ગીયા, ઇંદ્રો, અને પરિકરો ખંડિત-અખંડિત મૂકેલાં છે. ૧૭૦ જિનનો એક સુંદર પટ ત્યાં મૂકેલો છે, જેના ઉપર વિ. સં. ૧૩૧૦નો લેખ છે. ૯ ચોકીના બદલે અહીં બે લાઈનોમાં થઈ કુલ દસ ચોકીઓ બનાવવામાં આવી છે. ત્યાં ડાબી બાજુ એક ગોખલામાં

---

૧ ઉપદેશસપ્તતિ, અધિકાર ૨, ઉપદેશ ૮.

નંદીશ્વરદ્વીપની રચના છે, જેના ઉપર વિ. સં. ૧૩૨૩નો લેખ કોતરવામાં આવેલો છે. જમણા હાથ તરફની એક દહેરીમાં અંબિકાની મોટી પ્રતિમા બેસાડેલી છે. દેવગૃહમાં એક દેવકુલિકા, ગૂઢમંડપ, અને પ્રતિશાલા ( પરસાલ ) આવેલાં છે. તેનું શિખર તારંગાના જૈનમંદિર જેવું બનાવ્યું હોઈ આમલસારાની નીચે ચારેબાજુ મોઢાં બનાવેલ છે. આ મંદિરમાં મુખ્ય મંડપના સ્તંભો આબુ ઉપર આવેલ વિમલવસહી જેવી શિલ્પકલાવ્યક્ત કરે છે. જ્યારે દેવકુલિકાઓ અને પરસાળના સ્તંભો સાદા બનાવેલા છે. આ પૈકી એક સ્તંભ શ્રેષ્ઠી આસપાલે સં. ૧૩૧૦-માં બંધાવ્યાનો લેખ છે. મંડપના સ્તંભો ઉપર મકરમુખો જોવામાં આવે છે. એક સ્થળે સુંદર તોરણ મકરમુખથી શરૂ કરી બનાવેલું છે, આથી રંગમંડપના બધા સ્તંભો ઉપર આવાં મકરતોરણો પહેલાં બનાવવામાં આવ્યાં હશે એમ ચોક્કસ લાગે છે.

મૂળ ગભારો, મોટો ગૂંઢમંડપ, દશચોકી, સભામંડપ, શૃંગારચોકી બંને બાજુ બે મોટા ગભારા, અને ૨૪ દહેરીઓ આ મંદિરમાં આવેલ છે. મૂળ ગર્ભગૃહની પાછળ ભીંતમાં સુંદર કોતરકામ કરેલું છે. મંદિરની પાછળ ભમતીમાં અનેક ખંડિત-અખંડિત મૂર્તિઓ છે. ત્યાં સ્તંભો-સહિત એક સુંદર તોરણ પણ મૂકેલ છે, જે મંદિરના કોઈ ભાગ ઉપરથી કાઢી નાખ્યું હોવું જોઈએ. આ સિવાય ત્યાં જિન માતૃપટ્ટો, ચોવીશીનાં પટ્ટો પણ છે, જે પૈકી એક ઉપર સં. ૧૨૦૪નો શિલાલેખ કોતરવા આવેલ છે. તેમાં આરાસણના અરિષ્ટનેમિ ચૈત્યનો ઉલ્લેખ હોવાથી આ મંદિર તે અગાઉ બંધાયું હશે એમ લાગે છે. આ મંદિરમાં વધુ ધ્યાન ખેંચે તેવો પટ્ટ સમળીવિહારનો છે. જો કે તે અરધો જ અહીં દેખાય છે, પરંતુ તે સંપૂર્ણ અને સુશોભિત બનાવવામાં આવ્યો હતો એમ તેના શિલાલેખના આધારે કહી શકાય તેમ છે. તે લેખમાં જણાવ્યા પ્રમાણે આ પટ્ટ આરાસણના રહેવાસી પોરવાડ ગોનાના વંશમાં થયેલા તુલા-હારી આસપાલે–આસિણી વગેરે વિસ્તૃત કુટુંબસહિત શ્રીમુનિસુવ્રત

સ્વામિબિંબ, અને અશ્વાવબોધસમલીકાવિહારનો પટ્ટ કરાવ્યો, તેમ જ યશોધરસૂરિ સંતાનીય શ્રીવર્ધમાનસૂરિ પાસે વિક્રમ સં. ૧૩૩૮ના જેઠ સુદી ચૌદશ શુક્રવારે શ્રીનેમિનાથ ભગવાનના મંદિરમાં તેની પ્રતિષ્ઠા કરાવી. આ પટ્ટનો અર્ધો ભાગ ભમતીમાં બીજા અવશેષો પાસે મૂકવામાં આવેલ છે.

આ પટ્ટમાં લંકાનો રાજા, તેમના ખોળામાં રાજકુમારી, ભેટ ધરતા જૈન ગૃહસ્થો, અને અશ્વ વગેરે આરસમાં આબેહૂબ કોતરેલા છે. બાકીનો ભાગ જે દેરી પાસે મૂકયો, તેમાં સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધી, જૈન સાધુમહારાજ, અને વહાણુ કોતરેલાં દેખાય છે. આ મંદિરમાં ૯૪ સ્તંભો છે, તે પૈકી ૨૨ રૂપકામ–કોતરણીવાળા છે, જેમાં દેવ, દેવીઓ, વિદ્યાધરીઓનાં રેખાંકનો ઉપસાવેલાં બતાવેલ છે. રંગમંડપમાં ઉત્સવો પ્રસંગે સ્ત્રીઓને બેસવા માટે ઝરૂખા બનાવ્યા છે. મંદિરની બાંધણી શિલ્પના નિયમે અત્યુતમ બનાવેલી હોઈ, બહારથી પણ ભગવાનના દર્શન થઈ શકે તેવો પ્રબંધ કરેલ છે. મંદિરની બહારની ભીંતમાં શિલ્પના નિયમે ગજથર, નરથર, અને ઝંધામાં દેવ, દેવીઓ, દીકપાળો, યક્ષો અને યક્ષિણીઓનાં શિલ્પો કંડારેલાં છે. કોઈક સ્થળેથી ભોગાસનનાં શિલ્પો પણ મળે છે.

આ મંદિરમાં સેંકડો શિલાલેખો પરિકરો, મૂર્તિઓ, સ્તંભો, અને પટ્ટો ઉપરથી મળે છે, જે બારમા-તેરમા સૈકાની કેટલીક અનન્ય હકીકતો આપી જાય છે. સં. ૧૩૩૮ના એક લેખમાં શ્રેષ્ઠી બાહડની આખી વંશાવલી રજૂ કરતાં, તેની પાંચ પેઢીના પુરુષો અને સ્ત્રીઓનાં નામ આપેલ છે. તેટલું જ નહિ પણ તે લોકોએ બંધાવેલ મંદિરો, પ્રતિમાઓ, અને દેવકુલિકાઓની પણ નોંધ તેમાંથી મળે છે. આ વંશાવલી ઉપરથી જૈનોમાં રાવણ, બ્રહ્મદેવ, શરણદેવ, વગેરેનામો તે કાળે પુરુષોના રાખવામાં આવતાં હતાં. તેવી જ રીતે સ્ત્રીઓનાં સુષમિણિ, અભયસિરિ, જયતા,

કામલ, લુણા, નાગઉરદેવી, વગેરે નામો સમાજમાં પ્રચલીત બનેલાં.[૧] આવો જ એક લેખ સં. ૧૩૪૪નો ભીંતમાં કોતરેલ છે, જેમાં સિધરના પુત્ર ચાંગદેવે વિસલપ્રિય ૧૨૦ દ્રમ્મ નેમિનાથ ભગવાનની પૂજા માટે આપેલા જેના વ્યાજમાંથી ત્રણ દ્રમ્મ દર માસે પૂજા માટે ચઢાવાતા.[૨] ચાલુક્યકાલીન કોઈ સિક્કા આજે પ્રાપ્ત થતા નથી પરંતુ તે સમયે ચાલતા સિક્કાનાં નામો મળે છે. આ લેખમાંથી "વિસલપ્રિય" દ્રમ્મની નોંધ મળે છે, જેના આધારે વિસલપુરિયા ચાંદીના સિક્કાઓ તે વખતે ચાલતા હતા.

## ૨. મહાવીરસ્વામીનું મંદિર

આ મંદિરની પૂર્વ બાજુ મહાવીરસ્વામીનું મંદિર છે. તેમાં મૂળ નાયક તરીકે મુખ્ય ગર્ભગૃહમાં મહાવીરસ્વામીની પ્રતિમા બેસાડેલી છે. તેની એક બાજુ યક્ષ અને બીજી તરફ અંબિકાની પ્રતિમા છે. મુખ્ય પ્રતિમા ઉપર સં. ૧૬૭૫નો લેખ છે, જેના ઉપરથી તે પ્રતિમા વિજયદેવસૂરિએ આરાસણ નગરના આ મંદિરમાં પ્રતિષ્ઠા કરી હોવાનું સૂચવે છે. આ પ્રતિમાની ગાદી નીચે સં. ૧૧૨૦નો પ્રાચીન લિપિમાં લખાયેલ બીજો એક લેખ છે, જેના આધારે આરાસણ નગરની પ્રાચીનતા નવમા-દસમા સૈકા સુધી લઈ જઈ શકાય તેમ છે. તેવી જ રીતે ત્યાંનાં મંદિરોની પ્રાચીનતા પણ બારમા સૈકા જેટલી હોવાનું તે લેખો કહે છે. આ મંદિરની કારીગીરી ઉત્તમ પ્રકારની છે. એના ઘૂમટમાં અદ્દ્ભુત કોતરણી કરેલી હોઈ, તેમાં લટકતાં ઝુમ્મરો અને બીજાં રેખાંકનો દર્શકને વિસ્મય પમાડે તેવાં છે. ગૂઢમંડપ, ૭ ચોકી, સભામંડપ, ઘૂમટ, ગૂઢમંડપનો મુખ્ય દરવાજો, સભામંડપના સ્તંભો અને એક તોરણમાં કલામય નકસી તેના વિદ્વાન સ્થપતિએ પ્રદર્શિત

---

૧ પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, કર્તા: આચાર્યજિનવિજયજી. અવલોકન પા. ૧૭૦.

૨ એજન પા. ૧૭૩

કરી છે. આબુના વિમળવસહિ અને વસ્તુપાલના મંદિરો જેવી જ કોતરણી આ મંદિરમાંથી જોવા મળે છે. આ મંદિરની છતમાં ૧૪ ખંડોની અંદર, એટલું કોતરકામ ઠાંસી ઠાંસીને ભર્યું છે કે, જોનારને તેમાંથી વૈવિધ્યપૂર્ણ અનેકવિધ હકીકતો પ્રાપ્ત થાય છે. આબુની માફક તેનાં પાંચ ખંડોમાંતો જૈનકથાઓ રજૂ કરતા ભાવો અભિનવકલા-શિલ્પમાં વ્યક્ત કરેલ છે. તદ્ઉપરાંત ગુજરાતના સામાજિક ઇતિહાસ માટે આમાંથી અનેકવિધ સાહિત્ય પ્રાપ્ત થઈ શકે છે. સ્વ. પુરાતત્વ-વિદ્ રત્નમણિરાવભાઈના શબ્દોમાં કહીએ તો " કુંભારિયા અને આબુ ઉપર આવેલ વસ્તુપાલના મંદિરોની છતોમાં કોતરેલ એકેએક કલા-શિલ્પોનાં ચિત્રોનું આલ્બમ બનાવવામાં આવે તો આજથી એકહજાર વર્ષ પહેલાંના ગુજરાતની સામાજિક પરિસ્થિતિનો સારો ખ્યાલ આવી શકે તેમ છે. "[૧] આ છતોમાં દરેક ભાવનિદર્શન કરતી વિગતો દર્શકોને સમજી શકાય તે માટે કેટલેક સ્થળેનામો કોતરેલ છે. ભક્તિભાવની સાથે શિલ્પકલાનાં વિવિધ પાસાંઓ વ્યક્ત કરતાં સામાજિક લોકજીવનનાં દૃશ્યો માનવતાના મૂલ્યાંકનોમાં અનેરો ભાવ જગાડે છે. શિલ્પ અને સ્થાપત્યમાં સંગ્રહાયેલ સાહિત્ય, સંગીત, અને કલાનાં રસદર્શનો, તાત્કાલિન સમાજમાં તેનો કેટલો ઊંચો આદર્શ હતો, તેની અભિવ્યક્તિ જગાવે છે. આ મંદિરમાં પણ ૨૪ દેરીઓ–દેવકુલિકાઓ તેને ફરતી બનાવી છે, તે પૈકી એકમાં પરિકર નથી, ત્રણ અધુરાં છે. બાકીની બધીમાં પંચતીર્થના આખા પરિકરો ચોડેલા છે. આ બધા પરિકરો ઉપર સં. ૧૧૪૦ થી ૧૧૪૫ સુધીના લેખો કોતરેલા હોવાનું જણાય છે. મંદિરના દક્ષિણ દરવાજા પાસે ડાબી બાજુ ચતુર્દ્વારવાળી એક ડેરીમાં મકરાણા આરસમાં કંડારેલ ત્રણગઢ અને પર્ષદા બનાવતું સુંદર છત્ર-સહિત સમોવસરણ છે. આ મંદિરના પૂર્વદ્વાર પાસે જે પ્રાચીન પરઘર મૂકેલું છે, તેની કોતરણી આજના જમાનામાં થવી અશક્ય છે. તેટલું

૧ નવચેતન દીપોત્સવી અંક, વર્ષ ૩૧, પા. ૫૨

તો નહિ પણ તેનું ચિત્ર કાગળ ઉપર ઉતારવાનું પણ મુશ્કેલ છે. તેના ઉપર સં. ૧૨૨૩નો લેખ છે. આ ઉપરથી આ મંદિરનાં શિલ્પ અને કલાવિધાનનો આછો ઘેરો પરિચય થઈ શકે તેમ છે.

## ૩. ભગવાન શ્રીપાર્શ્વનાથનું મંદિર

મહાવીરસ્વામીના પૂર્વદ્વારથી નીકળતાં પેઢીના ચોકમાં થઈ આગળ જતાં સામે ભગવાન્ પાર્શ્વનાથનું મંદિર છે. આ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન પાર્શ્વનાથની મનોહર પ્રતિમા બેસાડેલી છે, જેના ઉપર શ્રીવિજયદેવસૂરિએ તે સં. ૧૬૭૫માં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. પરંતુ આ મંદિરના ગૂઢમંડપમાં, પાર્શ્વનાથ ભગવાનના કાઉસગ્ગીયા ઉપર સં. ૧૧૭૬ના લેખો છે, જે આ મંદિર બારમા સૈકામાં બન્યું હોવાનું સૂચવે છે. અહીં ગર્ભાગારને ફરતી ૨૪ દેવકુલિકાઓ બનાવી છે, અને ત્યાં એક ગોખલામાં આખું પરિકર, સ્તંભો સહિત તોરણોથી અલંકૃત અનન્ય કોતરણીવાળું બનાવેલ છે. મંદિરના સ્તંભો, મંડપના ચાર સ્તંભો, એક તોરણ, ઘૂમટો, અને શિખરોમાં સારું એવું કોતરકામ કરેલું છે. ઉત્તર દ્વાર પાસે જમણી બાજુ મકરાણાના નકસીદાર બે સ્તંભો ઉપર શિલ્પશાસ્ત્રના નિયમે કલામય તોરણ બનાવેલું છે. તે સ્તંભો પૈકી એક ઉપર સં. ૧૧૮૧નો લેખ છે. આ મંદિરની દેવકુલિકાઓ ઉપર તેરમી શતાબ્દીના લેખો કોતરવામાં આવ્યા છે, જે પૈકી સં. ૧૨૫૯ના લેખમાં "આરાસણના મંડલિક પરમાર ધારાવર્ષદેવનું વિજયી રાજ્ય" લખેલ છે. આ મંદિરનું સ્થાપત્ય, બાંધણી, અને ગોઠવણ શિલ્પશાસ્ત્રના નિયમે બનાવેલ હોઈ, આ દેવપ્રાસાદ સ્વચ્છ શ્વેત આરસનું રમ્ય કલાનિકેતન છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નહિ ગણાય.

## ૪. શાંતિનાથનું મંદિર

મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન શાંતિનાથની પરિકર રહિત પ્રતિમા

સ્થાપન કરેલી છે. ગૂઢમંડપમાં પરિકરોના ૪ કાઉસગ્ગીયા, ૨ ઇંદ્રો, અને એક શ્રાવકની મૂર્તિ નમસ્કાર કરતી છૂટી મૂકેલ છે. મંદિરમાં કુલ ૧૬ દહેરીઓ અને ૧૦ ગોખલાઓ બનાવેલા છે. ૭ ચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બંને બાજુ બે સુંદર કોતરણીવાળા ગોખલા છે. ૭ ચોકી, સભામંડપના ઘૂમટો, અને સ્તંભોમાં, આબુ ઉપર આવેલ દેલવાડાના મંદિરો જેવું જ રૂપકામ કરેલ છે. આ પૈકી ૬ સ્તંભો અને તોરણમાં કરેલ ઉત્કૃષ્ટ કલાવિન્યાસ સૌથી વધુ ધ્યાન ખેંચે છે. ૭ ચોકી અને સભામંડપની બંને બાજુની છતોના ૧૨ ખંડોમાં દેલવાડાનાં મંદિરો જેવાં જુદી જુદી જૈનકથાઓ વ્યક્ત કરતાં ભાવદર્શનો આલેખેલ છે. અતિ પરિશ્રમ અને ભારે ચીવટપૂર્વક કંડારેલ, આ બધાં કલાદર્શનો ઉપર અજ્ઞાની વ્યવસ્થાપકોએ ચૂનો છંટાવ્યો હોવાથી, તેમાંની સાચી કલાસમૃદ્ધિને પ્રચ્છન્ન બનાવી દીધી છે. આ દહેરીઓ પૈકી કેટલાકમાં પબાસણો, પરિકરો, અને પબાસણની ગાદીઓ ખંડિત-અખંડિત સ્વરૂપમાં છિન્નભિન્ન સ્વરૂપે ત્યાં પડેલી છે. આમાંથી કેટલીકમાં સં. ૧૧૩૮ના એટલે વિક્રમની બારમી સદીના લેખો કોતરેલા મળ્યા છે. આ હકીકત શાંતિનાથનું મંદિર બારમા સૈકામાં વિદ્યમાન હોવાનું સૂચવે છે. મંદિરની ડાબી બાજુ એક ખુણામાં ચતુર્દ્વારવાળી કુલિકામાં સમોવસરણના આકારમાં સુંદર કોતરણીવાળા પબ્બાસણ ઉપર તથા નીચે બે ખંડમાં ચારે દિશામાં ત્રણ ત્રણ જિન-મૂર્તિઓ કોતરેલી છે. તેના ઉપર એક જ પથ્થરમાંથી બનાવેલ ત્રણ ગઢવાળું ચતુર્મુખ બિંબ સહિત સમોવસરણ મૂકેલ છે. આ સમોવસરણ બીજેથી લાવી અહીં મૂક્યું હોય તેમ જણાય છે. મંદિરનું સ્થાપત્ય મહાવીરસ્વામિના મંદિર જેવું બનાવતાં બંને બાજુ ચાર ગોખલા (ખત્તક) બનાવવામાં આવ્યા છે. આ ગોખલાઓમાં સં. ૧૧૩૮–૧૧૪૬ના લેખો છે, જે આ ગોખલાઓ મંદિરના સર્જનકાળે બનાવ્યાની હકીકત રજૂ કરે છે. મંડપના આઠે સ્તંભો અષ્ટકોણાકૃતિના બનાવતાં,

તેના ઉપર ચારે બાજુ ચાર અનુપમ તોરણોની રચના કરી હતી એમ સમજાય છે. આ બધાં તોરણો આજે વિદ્યમાન નથી, ફક્ત પશ્ચિમનું એક જ બચવા પામ્યું છે.

શાંતિનાથનું મંદિર અને જૈન ધર્મશાળા વચ્ચે એક પિંપળો છે, તેની નીચે સુરહીની બે પાષાણ શિલાઓ ઊભી કરેલ છે. તેમાં સં. ૧૩૧૨ અને ૧૩૩૨ના લેખો છે, જેમાં આ નગરના મંદિરોની પૂજા માટે લોકો ઉપર, તેમ જ વ્યાપારની વસ્તુઓ ઉપર લેવાતા કર(લાગા)ની નોંધ છે. આ વ્યવસ્થા ઉપરથી એટલું તો સ્પષ્ટ જાણી શકાય છે કે, પૂર્વકાળમાં આ એક સમૃદ્ધ નગર હશે, જ્યાંના નાગરિકો સામાજિક કાર્ય અને ધાર્મિક બાબતોમાં પૂર્ણ શ્રદ્ધા, ભક્તિ સેવતા હોવા જોઈએ. વધુમાં અહીં વ્યાપાર પણ મોટા પ્રમાણમાં ચાલતો હતો એમ જાણી શકીએ છીએ.

## ૫. સંભવનાથ ભગવાનનું જિનાલય

ઉપર જણાવેલ જૈનમંદિરોથી આશરે બસો વાર છેટે પાંચમું સંભવનાથનું મંદિર આવેલ છે. મંદિરમાં મૂળ નાયક સંભવનાથની પ્રતિમા સ્થાપિત કરેલી આજે જોવામાં આવે છે, પરંતુ મૂર્તિ ઉપર સિંહનું લાંછન હોવાથી તે મહાવીર સ્વામીની પણ પ્રતિમા હોય એમ કેટલાકનું માનવું છે. ગૂઢમંડપના દરેક ગોખલામાં, મૂર્તિ સિવાયના ખાલી ૧૦ પરિકરો મૂકેલાં દેખાય છે. આ સિવાય એક જિન ભક્ત શ્રાવક, અને શ્રાવિકાની યુગલ પ્રતિમા પણ મૂકેલી છે. ગર્ભગૃહ, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, અને ફરતો કોટ બનાવતાં મંદિરનું સ્થાપત્ય શાસ્ત્રીય રીતે બનાવેલ છે. જો કે બીજાં મંદિરો કરતાં કદમાં તે નાનું, અને દેવકુલિકાઓ વિનાનું છે, છતાં દ્વારો અને શિખરમાં કેટલુંક કોતરકામ કરેલું છે. આ બધાં મંદિરોમાં ખંડિત-અખંડિત સંખ્યાબંધ પરિકરો, કાઉસગ્ગીયા, ઇંદ્રો, અને જૈનેતર પટ્ટો છૂટાછૂટા

પડ્યા છે, જેના ઉપરથી એવો તર્ક કરવાને અવકાશ છે કે, આ મંદિરોનો વિનાશ કોઈ બિનહિંદુ વ્યક્તિએ કરેલો અને તેને પ્રતિમાઓ તથા પરિકરો વગેરેને તોડીફોડી નુકસાન કરેલું. આથી તે ભગ્નાવશેષો મંદિરોની અંદર આજે પણ જોવામાં આવે છે. આ મંદિરોના વિનાશ સંબંધી વિચારણા ગયા પ્રકરણમાં વિસ્તારથી કરેલી હોવાથી અહીં તેની પુનરુક્તિ કરવાની જરૂરત લાગતી નથી. જૈનમંદિરો સિવાય ત્યાં એક ટેકરી ઉપર પ્રાચીન શિવાલય પણ આવેલું છે. આમ કુંભારિયાનાં મંદિરો સામાન્ય મંદિરો નથી, પરંતુ આબુ ઉપર આવેલ દેલવાડાના ભારતવિખ્યાત દેવપ્રાસાદો જેવા, અનન્ય કલાસમૃદ્ધિના ભંડાર જેવા અનુપમ અને રમ્ય અભિનવ શિલ્પકલા વ્યક્ત કરતા નાગરજાતિના અદ્વિતીય કલાનિકેતનો છે એમાં શક નહિ. જો કે તેને દેલવાડાના મંદિરો જેવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી નથી, છતાં તેનું કલાવિધાન દેલ-વાડાનાં મંદિરો કરતાં જરાયે ઊતરતી કોટિનું માની શકાય તેમ નથી. આરાસણ નગરનો નાશ થયા બાદ આ મંદિરો નિર્જન અરણ્યમાં, એકાંત જગ્યા ઉપર આવેલ હોવાના કારણે તે મંદિરો, તેમ જ તેની ભવ્ય શિલ્પકલા, મર્મજ્ઞ કલાવિવેચકોથી અનભિજ્ઞ જ રહી. ધૂળ, વરસાદ, અને જ્વાળામુખી જેવા ભયંકર ઝંઝાવાતોથી મંદિરોની કલામાં કેટલીક વિકૃતિઓ આવી. પક્ષીઓના માળાઓ અને ચૂનાના લેપડાથી તેમાંનાં સુરુચિપૂર્ણ સુંદર રેખાંકનો સમજવાં પણ અશકય બન્યાં, અને વાયુથી મંદિરોનાં શિખરો તેમ જ છતોમાં ચીરાડો પડી પાણી ગળવા માંડ્યું, અને જે અનુપમ કલાવૈભવ તેમાં કંડાર્યો હતો, તેના ઉપર લીલ, જાળાં ઝાંખરાં અને ધૂળના મિશ્રણથી કાળાશ આવી. આમ અનેકવિધ કારણો, અને વિકૃતિઓના કારણે મધ્ય-કાળમાં આ મંદિરો જનતાનાં હૃદયમાંથી વિસરાયાં તેથી જ આબુનાં મંદિરો જેવી કલાસમૃદ્ધિ ધરાવતાં છતાં આ મંદિરો વધુ પ્રસિદ્ધિ મેળવી શકયાં નહિ. શ્રદ્ધેય જૈનસમાજના ખ્યાલમાં આ હકીકત આવી,

ત્યારે મંદિરોની વ્યવસ્થા હાથ ધરતાં તે ભવ્ય પ્રાસાદોમાં રહેલ કલા-વૈભવનાં દર્શન થયાં, જેને વિદ્વાન અને કલાના રસજ્ઞ મહાનુભાવોએ અંજલી અર્પતાં તેનાં મુક્તકંઠે યશોગાન ગાયાં છે. પહેલાં આ મંદિરોનો વહીવટ આજુબાજુનાં ગામોમાં રહેતા જૈનો ચલાવતા હતા, પરંતુ લગભગ ત્રીસચાલીસ વર્ષોથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તેની વ્યવસ્થા ચાલે છે. આજે ત્યાં એક ધર્મશાળા છે, પરંતુ તેમાં પૂરતી સગવડ નહિ હોવાથી એ એકાંત જંગલમાં રહી શકાય તેવી સ્થિતિ નથી. જો ત્યાં રહેવાની અને વાહનવ્યવહારની સુંદર સગવડો કરવામાં આવે તો, દેલવાડાનાં મંદિરો જેટલું જ આકર્ષણ આ મંદિરો માટે સંસ્કારી જનતામાં જાગે એમ માનું છું.[1]

---

૧ આ પ્રકરણ લખવામાં સ્વ. પૂ. જયંતવિજયજી મહારાજનો "અર્બુદાચલપ્રદક્ષિણા" અને ઇતિહાસ પુરાતત્ત્વના આરૂઢ વિદ્વાન શ્રી. જિનવિજયજીનો "પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, ગ્રંથોનો મુખ્ય આધાર લેવામાં આવેલ છે.

## પ્રકરણ ૭મું

# ભગવતી અંબા ભવાની

આરાસુર કે આરાસણ નગરનો સામાન્ય પરિચય આપ્યા પછી, આ નગરનાં મુખ્ય અધિષ્ઠાત્રી ભગવતી જગદંબિકા, જે આજે સમસ્ત ગુજરાતકાઠિયાવાડમાં, આરાસુરી અંબા તરીકે વિખ્યાત છે, તેના પીઠ-સ્થાનની વિગતવાર આલોચના હવે રજૂ કરવાની છે. ભગવતી અંબા-જીનું સ્થાન પુરાણપ્રાચીન હોવા છતાં, સૌથી પહેલાં તેની અહીં સ્થાપના કોણે કરી, ક્યારથી આ સ્થાન જાહેરરીતે પ્રસિદ્ધિમાં આવ્યું, અને તેમાં દેશકાળને અનુરૂપ કેવા પ્રત્યાઘાતો થયા, તેની સીલસીલાબંધ તવારિખ આજે કોઈ પણ ગ્રંથમાં ક્રમબદ્ધ રીતે આલેખાઈ નથી. આ સંબંધી અનેક દંતકથાઓ, ભગવતી પ્રત્યે અનન્ય ભક્તિભાવ પ્રદર્શિત કરતા ચમત્કારો, કેટલાક ઐતિહાસિક કે અર્ધ ઐતિહાસિક ઉલ્લેખો, અને પૌરાણિક કથાનકો જુદાજુદા ગ્રંથોમાં સંગ્રહાયાં છે. પરંતુ તે બધાની તાત્ત્વિક દૃષ્ટિએ પૂરતાં સાધનો વડે પરિક્ષણ કરી, સત્ય વસ્તુનેજ નસમાજ આગળ રજૂ કરવા હજી સુધી પ્રયત્ન કર્યો હોવાનું મારા જાણવામાં નથી. આ વસ્તુને દૃષ્ટિસન્મુખ રાખી, તટસ્થ રીતે પ્રાપ્ત પ્રમાણો અને પૌરાણિક કથાનકોના આધારે, ભગવતીના મહાપીઠ સ્થાનની યત્કિંચિત્ પિછાન આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

મા અંબાભવાનીનું આ મહાપીઠ પુરાણપ્રાચીન હોવાનાં કેટલાંક પ્રમાણો મળ્યાં છે. દક્ષયજ્ઞ પ્રસંગે, ભગવતી સતી( પાર્વતી )એ પ્રાણ ત્યાગ કર્યો, ત્યારે સતીના શબને લઈ મહાદેવજી, અનેક સ્થળોએ ફર્યા હતા. તે વખતે સતીના જ્યાં જ્યાં અવયવો પડ્યાં, ત્યાં ત્યાં દેવીપીઠો થયાં, જેની વિસ્તૃત નોંધ કાલિકાપુરાણ, દેવીગીતા, દેવીભાગવત, તંત્ર-

ચૂડામણિ, શિવચરિત્ર, કુલાર્ણવ, વગેરે ગ્રંથોમાંથી મળે છે. કેટલાક ગ્રંથકારો આવાં દેવીપીઠોની સંખ્યા ૧૦૮ની જણાવે છે, જ્યારે કેટલાકમાં કુલ ૫૨ કે ૭૨ પીઠો ભારતમાં હોવાનું સૂચવ્યું છે. આવાં પીઠો પૈકી અર્બુદાદ્રિના આરાસણમાં, ભગવતી સતીનો વામકુચ ( સ્તન ),[1] અહીં પડચો હોવાનું પુરાણાંન્તરમાં જણાવ્યું છે.[2] આ સિવાય બીજો પણ એક પ્રાચીન પુરાવો પુરાણકાર રજૂ કરે છે. જ્યારે જનમેજયે પોતાના પિતાનું વેર લેવા સર્પસત્ર કર્યો, ત્યારે, નાગલોકોએ અહીં ભગવતીના શરણે આવી તેની આરાધના કરી હતી એમ સ્કંદપુરાણમાં નોંધ્યું છે. સ્કંદના અવાંતર અર્બુદખંડમાં આ કથાનો વિસ્તારપૂર્વક અહેવાલ રજૂ કરતાં જણાવ્યું છે કે “ પૂર્વે કદ્રુ શાપથી ભયભીત થયેલા સર્વે નાગોએ પોતાના રાજા શેષ પાસે જઈ કહ્યું કે, હવે અમો ક્યાં જઈ શાંતિ પ્રાપ્ત કરીએ ? કારણ માતાના શાપથી જનમેજયના સર્પસત્રનો વહ્નિ આપણા સર્વનો વિનાશ કરશે, તો તેનો ઉપાય બતાવો. ત્યારે શેષનાગે તે શાપમાંથી બચવાનો ઉપાય વ્યક્ત કરતાં જણાવ્યું કે, તમો બધા અર્બુદપર્વતમાં જાઓ, ત્યાં ભગવતી જગદંબાનું પ્રાચીન મહાપીઠ-સ્થાન છે. ત્યાં જઈ તમો તેની ઉપાસના કરો, તે તમારી રક્ષા કરશે.

---

१ विष्णुचक्रेण संछिन्ना स्तद्देहावयवाः पृथक् ।
निपेतुः पृथिवि पृष्ठे स्थाने स्थाने महामुने ॥ १ ॥

महातीर्थानि तान्येव मुक्तिक्षेत्राणि भूतले ॥
सिद्धपीठादि ते देशाः देवानामपि दुर्लभाः ॥ २ ॥

भूमौ पतितास्ते तु छायांगावयवाः क्षणात् ॥
जग्मुः पाषाणतां सर्वे लोकानां हितहेतवे ॥ ३ ॥

आरासने अर्बुदांगे क्षेत्रे जालंधरे तथा ॥
क्रमशः पतितौ तस्याः कुचौ तु वामदक्षिणौ ॥ ४ ॥

—કલ્યાણશક્તિઅંક, પા. ૬૪૭

२ जालंधरेस्तनयुग्मम्, કાલિકાપુરાણ, ૧૮–૪૩

આથી નાગોએ અર્બુદમાં જઈ ભગવતીનું આરાધન કર્યું. ભગવતી જગદંબા તેમના ઉપર પ્રસન્ન થયાં અને વરદાન માગવા જણાવ્યું. નાગોએ પોતાની પરિસ્થિતિ જણાવી સર્પસત્રથી રક્ષણ માગ્યું. ત્યારે ભગવતીએ કહ્યું કે તમો બધા અહીં મારા સ્થાનમાં સુખેથી નિવાસ કરો, અહીં સર્પસત્રનો વહ્નિ તમોને કાંઈ પણ નુકસાન કે ત્રાસ આપી શકશે નહિ. તમો આ મહાદુઃખમાંથી મુક્ત બનશો. જ્યારે સર્પસત્ર બંધ થાય, અને શાંતિકાળ આવે ત્યારે તમો તમારા અનુકૂળ સ્થાને જજો. તમોએ પર્વત ભેદી જે સ્થાનથી આગમન કર્યું છે, ત્યાં નાગહ્રદ નામનું પવિત્ર સ્થળ થશે, જ્યાં સ્નાન, દાન, કે પિંડપ્રદાન કરનારા મનુષ્યોને પૃથ્વી ઉપરના સર્વ ભોગો પ્રાપ્ત થશે. ભગવતીના વરદાનથી નાગો સંતુષ્ટ થયા, અને ત્યાં જ નિવાસ કરવા લાગ્યા. જનમેજયનો સર્પસત્ર પૂરો થયો ત્યારે તે લોકો ભગવતી અંબિકાની અનુજ્ઞા લઈ, પુનઃ પોતપોતાનાં સ્થાને ગયા. આજે પણ શ્રાવણમાસની કૃષ્ણ (વદ) પાંચમે તે લોકો ભગવતીના દર્શને આવતા હોવાનું કહેવાય છે."[1]

અર્બુદ એ નાગરાજ હતો, તેના નામ ઉપરથી આ પર્વતનું નામ રાખ્યું હતું, નાગલોકોનો આ પર્વત સાથે સંબંધ, અને નાગવસાહતોની હકીકત આગળનાં પ્રકરણોમાં વિસ્તારથી આપી ગયા છીએ. તે વિચારતાં આ પર્વતમાં નાગલોકોનું જનપદ હતું એમ તો ચોક્કસ લાગે છે. પરંતુ વિશેષમાં આ આખ્યાયિકા, અહીં ભગવતી જગદંબાનું પીઠસ્થાન તે કાળે વિદ્યમાન હતું એ વસ્તુ ખાસ કરીને સૂચવે છે. તેટલું જ નહિ પણ તે લોકો અહીં તેમની ઉપાસના, યજન, યાજન વગેરે કરતા હતા. અર્થાત્ તેઓ ભગવતી અંબિકા પ્રત્યે ભક્તિભાવ સેવતા હતા.

જનમેજયના સર્પસત્રની હકીકતને, ઐતિહાસિક દૃષ્ટિએ એક રૂપક માનવામાં આવતું હોઈ, આર્યો અને નાગપ્રજા વચ્ચે થયેલ વિગ્રહનો

---

૧ સ્કંદપુરાણ. પ્રભાસખંડાતર્ગત અર્બુદખંડ, અ. ૩૭

સાચો ઇતિહાસ હોવાનું પુરાતત્ત્વવિદો જણાવે છે.[1] આ ભયંકર વિગ્રહમાં નાગપ્રજાનો મોટો ભાગ નાશ પામ્યો હતો. આ હકીકતને ઐતિહાસિક સ્વરૂપે માનીએ તો પણ એટલું તો સમજી શકાય છે કે, જનમેજયના મહાવિગ્રહ વખતે કેટલાક નાગલોકોએ અહીં રક્ષણ મેળવ્યું હતું, અને તે સમયે ભગવતી મહાદેવી અંબાનું સ્થાન વિદ્યમાન હોવાથી, તે લોકો પૂર્ણ ભક્તિવડે મા અંબાભવાનીનું પૂજનઅર્ચન કરતા હતા. આ પૌરાણિક કથાનક, અર્બુદપર્વતમાં ભગવતી જગદંબા-નું સ્થાન, અતિપ્રાચીન કાળે એટલે ઈ. સ. પૂર્વે સેંકડો વર્ષો અગાઉ, પ્રસિદ્ધ હોવાનું જાહેર કરે છે. આજે પણ અંબાજીના પર્વતમાં નાગધરો નામનું તીર્થ છે, જે પુરાણનું નાગહ્રદતીર્થ હોવાનું સમજાય છે.

પદ્મપુરાણમાં બ્રહ્માજીનાં સુપ્રસિદ્ધ સ્થાનો, ભારતમાં જ્યાં જ્યાં આવ્યાં છે, તેની વ્યવસ્થિત નોંધ આપેલી છે. આવાં સ્થાનો પૈકી અંબિકામાં સુદર્શન નામના બ્રહ્મા બિરાજતા હોવાનું સૂચવે છે.[2] પદ્મપુરાણનું અંબિકા તે અર્બુદના આ મહા પીઠસ્થાનને વિવક્ષિત હોવાનું જણાય છે. આથી પદ્મપુરાણમાંથી પણ અંબિકાના સ્થાનનું સૂચન મળી આવે છે.

શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન્ શ્રીકૃષ્ણ, ગોપ અને ગોપિકાઓ સાથે અંબિકાવનમાં તીર્થયાત્રા કરવા પધાર્યા હતા અને તેમને ત્યાં સરસ્વતી નદીમાં સ્નાન કરી, ભગવાન શંકર, અને ભગવતી અંબિકાનું પૂજન પૂર્ણભક્તિપૂર્વક કર્યું હતું એમ આ પુરાણમાં જણાવ્યું છે.[3] આ પુરાણપ્રોક્ત અંબિકાવન તે આરાસુર પર્વતમાં આવેલ ભગવતીનું આ

૧ રાજપૂતાનેકા ઇતિહાસ, પા. ૨૩૦, લેખકઃ સ્વ. શ્રી મહામહોપાધ્યાય ગૌરીશંકર. હી. ઓઝા.

૨ કલ્યાણ, પદ્મપુરાણાંક, પા. ૧૩૯.

૩ શ્રીમદ્‌ભાગવતપુરાણ, દશમસ્કંધ, અ. ૩૪, શ્લો. ૧ થી ૧૯.

પીઠસ્થાન હોવું જોઈએ એમ જણાય છે, કારણ સરસ્વતી નદી, કોટેશ્વર મહાદેવ, અને ભગવતી જગદંબાનું સ્થાન એમ ત્રણે મહાતીર્થો અહીં આવેલાં છે. કેટલાક વિદ્વાનો તે મથુરાથી નજદીકમાં આવ્યું હોવાનો તર્ક કરે છે. પરંતુ પુરાણકારે અંબિકાવન ગોકુલ મથુરા પાસે તે આવ્યું હોવાની સંભાવના કોઈ સ્થળે રજૂ કરી નથી. ઉલટ ભાગવત ઉપર બાલ–પ્રબોધનીનો ટીકાકાર મથુરાથી તે પશ્ચિમમાં આવ્યું હોવાનું સૂચવતો હોવાથી અર્બુદાદ્રિમાં આવેલ ભગવતી જગદંબાના મહાપીઠ-સ્થાનને જ અંબિકાવન તરીકે જણાવ્યું હોવાનું સમજાય છે. તેટલું જ નહિ પણ બધા ગોપગોપીઓ સાથે ભગવાન્ કૃષ્ણે આ તીર્થમાં ત્રણ દિવસ નિવાસ કર્યો હતો.[1] આ સિવાય ભગવાન્ કૃષ્ણના વાળ (ચૌલકર્મ) અહીં ઉતારાવવામાં આવ્યા હોવાની દંતકથા છે જેને કોઈ પૌરાણિક કે ઐતિહાસિક પ્રમાણોથી પુષ્ટી મળતી નથી. આ દંતકથાનું મૂળ પણ ભાગવતની ઉપર્યુક્ત આખ્યાયિકાના આધારે અસ્તિત્વમાં આવ્યું હોય એવું અનુમાન છે.

આ બધા પૌરાણિક ઉલ્લેખો, અર્બુદમાં ભગવતી અંબિકાનું મહાસ્થાન, પૂર્વકાળમાં વિદ્યમાન હોવાનું પુરવાર કરે છે. જોકે તેટલા પ્રાચીન કોઈ ઐતિહાસિક પુરાવાઓ મળતા નથી, છતાં પુરાણોના ઉલ્લેખો કેટલાયે ઐતિહાસિક વિધાનોથી પુરવાર થયા છે. તદ્ ઉપરાંત પુરાણોના આધારે, કેટલીયે અનન્ય માહિતીઓ, અને અપૂર્વ વિધાનો આપણા આરૂઢ વિદ્વાનોએ તેના દ્વારા બહાર મૂકયાં છે. એટલે અનેક પુરાણોમાં જેની નોંધ લેવાઈ છે, તેવું આ મહાપીઠસ્થાન પણ પુરાણો જેટલું પ્રાચીન છે એમાં તો શક નહિ.

આ મહાપીઠસ્થાન અર્થાત્ ભગવતી અંબિકાનો પ્રાદુર્ભાવ અહીં કયારે થયો, અને તેની ખ્યાતિ લોકસમાજમાં કયારથી પ્રચારમાં આવી,

---

૧ એજન, શ્લો. ૧૬ થી ૧૯.

તેનો કોઈ પ્રાચીન પુરાવો હજુ સુધી મળી શક્યો નથી. પરંતુ સ્કંદ-પુરાણના પ્રભાસખંડની અંદર અર્બુદનો સ્વતંત્ર અવાંતરખંડ રજૂ કર્યો છે. સ્કંદપુરાણના અંબિકાખંડની બે હસ્તપ્રતો ઇગ્લીંગે ઇંડિયા ઑફિસના કૅટલૉગમાં નોંધી છે ( જુઓ કૅટલૉગ નં. ૬, પા. ૧૩૨૧ ). સ્વ. મહા-મહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીએ, બેંગાલ એશિયાટિક સોસાયટીની હસ્તપ્રતોની નોંધમાં પણ અંબિકાખંડનો ઉલ્લેખ રજૂ કર્યો છે. ( વૉ. ૫, નં. ૩૯૨૧–૨૨ ) આ અંબિકાખંડમાં કુલ બાર હજાર શ્લોકો આપેલ છે. આથી અંબિકાખંડ તે જ સ્કંદના પ્રભાસનો અવાંતર અર્બુદખંડ હશે એમ લાગે છે, કારણ બંનેની શ્લોકસંખ્યા લગભગ સરખી જ છે. આ ખંડમાં, અર્બુદાદ્રિમાં આવેલ આ ભવ્યપીઠની સુંદર કથા રજૂ કરતાં, સ્વતંત્ર ચંડિકાશ્રમમાહાત્મ્ય આપવામાં આવેલ છે. સ્કંદપુરાણનું મહત્ત્વ પૌરાણિક દૃષ્ટિએ અદ્દ્ભુત હોવા છતાં, તેમાંની ભૌગોલિક અને સામાજિક વિગતો સારાયે ભારતવર્ષનો આમૂલ પરિચય કરાવે છે. આ પુરાણકારે સમસ્ત ભારતવર્ષનાં તીર્થોનો પરિચય એટલો સુંદર રીતે રજૂ કર્યો છે, કે દરેક પ્રદેશનાં નાનાં નાનાં તીર્થો, આશ્રમો, અને મંદિરો તેણે જાતે પર્યટન કરી, તેની સંપૂર્ણ માહિતી–આંખેદેખ્યો અહેવાલ આપ્યો હોવાનું સમજાય છે. જે કાળમાં યાતા-યાત માટે આજના જેવાં રેલ્વે, મોટરો અને વાયુયાનોનાં સાધનો ન હતાં, તે કાળે સમસ્ત ભારતનું પર્યટન, તેનાં ઝીણામાં ઝીણાં તીર્થસ્થાનોની યાત્રા, તે મેધાવાન્ મહાનુભાવે કેવી રીતે કરી, તેનાં વર્ણનો આલેખ્યાં હશે, તેનો ખ્યાલ આવી શકતો નથી.

ચંડિકાશ્રમમાહાત્મ્યમાં ભગવતી અંબિકાના પ્રાદુર્ભાવનો ઇતિહાસ રજૂ કરી ભગવતીએ દેવોનાં દુઃખો દૂર કરવા, અસુરોનો નાશ અહીં કેવી રીતે કર્યો હતો, તેનું સવિસ્તર ચરિત્ર આલેખવાનો તેમાં પ્રયત્ન કરવામાં આવેલ છે. ચંડિકા અને અંબિકા એ ભગવતીનાં જ જુદાં જુદાં નામો હોઈ ભગવતી જગજ્જનની પરાંબાના કાર્યો પરત્વે પડેલાં સેંકડો

નામો પૈકીનાં મુખ્ય અભિધાનો છે. शक्ति શબ્દ शक् ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયેલ છે. ઈષ્ટ કાર્યને સિદ્ધ કરાવી શકે તેવા સામર્થ્યને શકિત કહેવામાં આવે છે. સ્વયંપ્રકાશ શિવતત્ત્વની યા પોતાના સ્વરૂપને પૂર્ણ-ભાવે ઓળખવાની–પરામર્શ કરવાની સ્વયંભૂશકિત ચિચ્છકિત સ્વરૂપે ઓળખાય છે, અને જ્યારે જ્યારે તેના દ્વારા આત્મપરામર્શ થાય છે, ત્યારે ત્યારે તે પૂર્ણાનંદને અભિવ્યક્ત કરે છે. તેથી જ તેને આનંદમયી પણ કહેવામાં આવે છે. પરમેશ્વરની આનંદમયી આ ચિચ્છક્તિ સ્વરૂપના બોધક મંત્રો અને સૂકતો વેદમાંથી પુષ્કળ મળે છે. આ ચિચ્છક્તિનાં ગુણ વૈગુણ્યોને લઈ ગાયત્રી, ભર્ગમયી, તેજોમયી, સાવિત્રી, સરસ્વતી, સચ્ચિદાનંદમયી, વગેરે જુદાં જુદાં નામો ઋષિમુનિઓએ પાડ્યાં છે. જેના સંખ્યાબંધ ઉલ્લેખો વેદની સંહિતાઓ, બ્રાહ્મણો અને આરણ્યકો-માંથી મળે છે. સકલ વિશ્વની ઉત્પત્તિ કરનાર જે મહાશક્તિ–ઇચ્છાશક્તિ, તેને જ ત્રિપુરાથી ઓળખાવવામાં આવતી હોઈ ત્રિપુરધામની તે અધિષ્ઠાત્રી ગણાય છે. તેનાં સુભગા, સુંદરી, અંબિકા, વગેરે નામો આરણ્યકોની અંદર આપવામાં આવ્યાં છે.

ऐंमंबीतमे नदीतमे देवीतमे सरस्वती । अप्रशस्ता इवस्मसि प्रशस्तिमंब नमस्कृधि ॥ १ ॥[1] ઋગ્વેદના આ સારસ્વત સૂક્તમાંથી अंबीतमे (અંબિકા) સંબંધી ઠીકઠીક માહિતી પ્રાપ્ત થતાં, ભગવતી જગદંબાના સત્ય સ્વરૂપની યત્કિંચિત્ ઝાંખી થઈ શકે છે. સામાન્ય દૃષ્ટિએ મંત્રનો અર્થ વિચારતાં ફક્ત એટલું જ જણાય છે કે, "હે માતૃગણોમાં શ્રેષ્ઠ, નદીઓમાં શ્રેષ્ઠ, અને દેવીઓમાં શ્રેષ્ઠ મહાસરસ્વતી હું અપ્રશસ્ત (ધનની સમૃદ્ધિ વગરનો) છું તો, મને પ્રશસ્ત (ધનથી સમૃદ્ધ) બનાવો. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તેનો ગૂઢાર્થ અલૌકિક ભાવના વ્યક્ત કરે છે. આમાં સરસ્વતીને સંબંધ કરતાં અંબીતમે, નદીતમે, અને દેવીતમે એમ ત્રણ વિશેષણો લગાવ્યાં છે. સરસ્વતીને આજે સામાન્યતઃ

૧ ઋગ્વેદસંહિતા, મંડળ ૧૦, સારસ્વતસૂક્ત મંત્ર ૧,

વિદ્યાની દેવી તરીકે પૂજવામાં આવે છે. પણ सृ ધાતુને અસુન્ પ્રત્યય લગાવી, સરસપદ સિદ્ધ કરતાં सृ એટલે ગતિ. અર્થાત્ ગતિની અધિષ્ઠાત્રિ દેવતા, જેમાં સમસ્ત પ્રકારની ગતિઓ પ્રવર્તિત છે, સર્વ લોક જેનાથી પ્રકાશિત થાય છે, તેને જ પરમશક્તિ ભગવતી સરસ્વતી કહેવામાં આવે છે.

બીજી વાત अंबीतमे અંબા શબ્દ માતૃવાચક છે, અને અંબીતમા એટલે સમસ્ત જગતની માતૃશક્તિઓમાં શ્રેષ્ઠ, અર્થાત્ સારાયે વિશ્વમાં તારા સમાન માતૃશક્તિ બીજે કયાંય નથી, नदीतमे એટલે પર્વતમાંથી નીકળી સમુદ્રને મળનારો પ્રવાહ. પણ આધ્યાત્મિક દૃષ્ટિએ नद् ધાતુ ઉપરથી नादविशिष्ठा चलनात्मिका शब्दब्रह्ममयी એ અર્થ અહીં વિવક્ષિત છે. છેલ્લું વિશેષણ देवीतमे અર્થાત્ સર્વ દેવીઓમાં શ્રેષ્ઠ શક્તિ. આ મંત્ર અને તેના ગૂઢાર્થ ઉપરથી શકિત-સ્વરૂપનો સામાન્ય ખ્યાલ આવે છે. ટૂંકમાં અંબા શકિત કે ચંડિકા એ ભગવતી બ્રહ્મસ્વરૂપા ત્રિપુરસુંદરીનાં જ જુદાં જુદાં નામો હોવાનું સિદ્ધ કરે છે. ત્રૈપુરધામની અધિનાયિકા જગદંબાની સનાતનતા વ્યકત કરતાં, ભગવતીએ જાતે જ દેવતાઓને દેવ્યથર્વશિર્ષમાં સમજાવ્યું છે કે—" अहं ब्रह्मस्वरूपिणि मत्तः प्रकृति पुरुषात्मकं जगत् ॥ હું બ્રહ્મ સ્વરૂપા છું, મારાથી જ પ્રકૃતિ અને પુરુષાત્મક જગત ઉત્પન્ન થયેલ છે. આમ સકલ વિશ્વમાં ઉત્પત્તિ, સ્થિતિ, અને લયનું કારણ તે જ હોઈ, સારાયે જગતમાં તેની જ વ્યાપ્તિ હોવાનું જણાવ્યું છે. ટૂંકમાં બ્રહ્મસ્વરૂપા ભગવતી અજા (અજર–અમર) હોવાના કારણે તેની ઐતિહાસિકતા રજૂ કરવાની જરૂરત રહેતી જ નથી. ફકત આ પીઠસ્થાન, ભગવતીના કયા મહાકાર્યને લઈ વિશ્વમાં વિખ્યાત થયું, તેનો સામાન્ય પરિચય પુરાણોના આધારે આપવાની જરૂરત રહે છે. તેથી જ તેની યોગ્ય વિચારણા અત્રે હવે પછી રજૂ કરવામાં આવનાર છે.

અર્બુદખંડના ચંડિકાશ્રમમાહાત્મ્યની કથામાં ભગવતી જગદંબાએ

ચંડ–ઉગ્ર સ્વરૂપ ધારણ કરી મહિષાસુરનો અહીં અર્બુદાચલમાં નાશ કર્યો હોવાનું જણાવ્યું છે. મહિષાસુરના નાશની કથા અનેક પુરાણોમાં એકસરખી રીતે આલેખાઈ છે. માર્કંડેયપુરાણાંતર્ગત સપ્તશતીસ્તોત્ર, જે ચંડીપાઠથી વધુ વિખ્યાત છે, તેમાં ભગવતી અંબિકા અને મહિષાસુરવધની કથા વિસ્તારપૂર્વક આપેલી છે.[૧] દેવી ભાગવતમાં તો આ કથાનો સંપૂર્ણ ઇતિહાસ આલેખી, તેની સાથે થયેલ ભયંકર સંગ્રામનું ભાવવાહી શબ્દચિત્ર રજૂ કર્યું છે.[૨] આ સિવાય વરાહપુરાણ, વામનપુરાણ, સ્કંદપુરાણ અને મહાભારતમાંથી પણ મા જગદંબાએ કરેલ મહિષાસુરના વિનાશની કથા મળી આવે છે.[૩] આ બધાં પુરાણોનો કથાભાગ–વસ્તુ એક જ હોવા છતાં, તેની રજૂઆત દરેક પુરાણકારે જુદી જુદી રીતે, પોતપોતાની શૈલી અનુસાર રજૂ કરેલ છે. અર્બુદખંડના ચંડીકાશ્રમામહાત્મ્યમાં પણ, તેનો સંક્ષેપ આલેખતાં કેટલાંક નવીન વિધાનો દાખલ કરેલાં છે.

તેમાં જણાવ્યું છે કે પૂર્વે મહિષાસુર નામનો દાનવ હતો. તેણે બ્રહ્માની આરાધના કરી, દેવ, દાનવો કે કોઈ પુરુષથી પોતાનો નાશ ન થાય તેવું વરદાન મેળવ્યું. ત્યારબાદ તે દેવોને ખૂબ ત્રાસ આપવા માંડ્યો. સ્વર્ગનું રાજ્ય દેવો પાસેથી પડાવી લઈ, સ્વર્ગનો અધિપતિ બની પોતે રાજ્ય કરવા લાગ્યો. આથી દેવતાઓ પર્વતો અને ગુફાઓમાં ભરાઈ પેઠા. જ્યારે કેટલાક તો તેની દાસવત્ સેવા કરવા લાગ્યા. તેના અસહ્ય ત્રાસથી કંટાળી દેવતાઓએ બ્રહ્માને તેના વધનો ઉપાય પૂછ્યો. ત્યારે બ્રહ્માએ કહ્યું કે તમો બધા અર્બુદ પર્વતમાં જાઓ, અને ત્યાં જઈ

---

૧ જુઓ માર્કંડેયપુરાણાંતર્ગત સપ્તશતીસ્તોત્ર, અ. ૨ થી ૬

૨ દેવીભાગવત, સ્કં. ૫, અ. ૧૨ થી ૨૦

૩ સ્કંદપુરાણ, માહેશ્વરખંડ, અરૂણાચલમાહાત્મ્ય, અ. ૧૮
વરાહપુરાણ, અ. ૯૧ થી ૯૬
વામનપુરાણ, પૂર્વ ભાગ, અ. ૧૯, ૨૦

ભગવતી પરાંબાની ઉપાસના કરો. આથી ભગવતી તમારા ઉપર પ્રસન્ન થઈ તે અસુરનો નાશ કરશે. આથી દેવાતાઓ અર્બુદાચલમાં આવ્યા, અને જગદંબાની તેઓએ યંત્ર, મંત્ર અને તંત્રો વડે સાત માસ સુધી ઉપાસના કરી. આથી દેવોના શરીરમાંથી તેજોમય મહાશક્તિ, દીપ-જ્યોતિ સમાન તેજસ્વી તેજપુંજ નીકળ્યો. આ બધા દેવોની પરમ શક્તિ-નું તેજ એકત્ર થતાં, દિવ્ય સ્વરૂપ અને ભવ્ય તેજોમયી એક કન્યા તેમાંથી ઉત્પન્ન થઈ. ઇંદ્રાદિક દેવોએ તેને દીવ્ય આયુધો અને આભરણો અર્પણ કર્યાં, અને ભગવતીની પ્રાર્થના કરતાં મહિષાસુરનો નાશ કરવા વિનંતિ કરી. દેવોની સ્તુતિથી પ્રસન્ન થઈ ભગવતી જગદંબાએ વરદાન આપતાં કહ્યું, હે દેવો તમો બધા હવે નિર્ભય બની સ્વસ્થાનમાં જાઓ, હું યથાસમયે તે દાનવનો નાશ કરી તમારું રક્ષણ કરીશ. ત્યારથી ભગવતી જગદંબાએ આ પર્વતમાં જ પોતાનું સ્થાન જમાવ્યું, અને દેવતાઓ પોતપોતાના સ્થાને ગયા.

એક વખત નારદમુનિ ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમણે ભગવતીનાં દર્શન કર્યાં, અને સ્વર્ગમાં જઈ મહિષાસુરને વાત કરી કે, તારા લાયક એક અદ્ભુત સ્વરૂપવાળી કન્યા મૃત્યુલોકમાં છે. મહિષાસુરે પૂછ્યું, મહારાજ તે ક્યાં છે ? ત્યારે નારદમુનિએ તેની પિછાન આપતાં જણાવ્યું કે, મૃત્યુલોકમાં અર્બુદ નામનો એક મહાન પર્વત છે, તે સ્વર્ગ સમાન સુંદર અને અલૌકિક છે. ત્યાં સર્વ ઋતુઓમાં થતાં પુષ્પો અને ફળો થાય છે. બકુલ, ચંપક. આમ્ર, અશોક, કર્ણિકાર, શાલ, તાલ, ખર્જૂર, વટ, ભલ્લાતક, ધવ, સરલ, પનસ, તીંદૂક, કરવીર, મંદાર, પારિજાત, ચંદન વગેરે સુગંધી આપનારાં અને સુશોભિત વૃક્ષો ત્યાં આવેલાં છે. તેટલું જ નહિ પણ ત્યાં અનેક દૈવી ફળો અને પુષ્પો પણ થાય છે. અર્થાત્ ધરાતલ ઉપરનું એક પણ વૃક્ષ, વલ્લી, કે ઔષધી આ પર્વતમાં બાકી નથી. ત્યાં અનેક પ્રકારનાં પક્ષીઓ નિવાસ કરે છે, જે મનોરંજક અને હૃદયને આનંદ આપનારા શબ્દો વડે, ઋષિમુનિઓને પણ મોહ

પમાડી કામદેવ પ્રત્યે આકર્ષે છે. ત્યાં અનેક નિર્ઝરણીઓ, નદીઓ, નદો, અને સુંદર હ્રદો આવેલા છે. વળી ત્યાંના નિવાસીઓ પણ એવા છે કે, તેમનાં નેત્રો કમળ સમાન, શરીરના મધ્યભાગથી સહેજ પાતળા, મંદ હાસ્યવાળા, વિવેકી, અને શાસ્ત્ર તથા વ્રતને ધારણ કરનારા છે. હે રાજન, હું તેનું શું વર્ણન કરું ? ટૂંકમાં આ પર્વતોત્તમમાં વાસ કરનારા સર્વ લોકોત્તર મનુષ્યો છે.

દાનવશ્રેષ્ઠ, ત્યાં મેં એક કૌતુક જોયું. આ પર્વતમાં એક અતિ સ્વરૂપવાન સુંદરી રહે છે. તે નથી માનુષી, ગાંધર્વી, કે આસુરી. આવી સ્ત્રી તો મેં ત્ર્યૈલોક્યમાં પણ જોઈ નથી. રતિ, પ્રીતિ, ઉમા, લક્ષ્મી, સાવિત્રી કે સરસ્વતી તેના અંશ માત્ર પણ આવી શકે નહિ, તેવી તો તે અદ્ભુત સ્વરૂપવાન છે. નારદના મોંઢેથી ભગવતીના સ્વરૂપનું અપૂર્વ વર્ણન સાંભળતાં જ, મહિષાસુર તેના સંબંધી વધુ હકીકત જાણવા ખૂબ ઉત્સુક થયો અને નારદજીને કહેવા લાગ્યો, મહારાજ, તે સુંદરી કોણ છે તે તો જણાવો. નારદજી કહે કે હે રાજન, હું પણ તેને ઓળખતો નથી, તેમ જ મેં તેને પૂછ્યું પણ નથી, પરંતુ ત્ર્યૈલોકયમાં તેના કરતાં સુંદર બીજી કોઈ સ્ત્રી મેં જોઈ નથી. પછી નારદમુનિ ત્યાંથી વિદાય થયા.

નારદમુનિના ગયા પછી મહિષાસુરે, અર્બુદાચલમાં આવી ત્રૈલોક્ય-સુંદરી કોણ છે તેની તપાસ કરવા એક દૂત મોકલ્યો. તેણે તપાસ કરી મહિષાસુરને કહ્યું કે, હે મહારાજ, આ મહાસુંદરી દેવોના તેજમાંથી ઉત્પન્ન થઈ છે, જે આપનો વધ કરવાને માટે કૌમારવ્રત પાળી તે પર્વત-માં તપ કરે છે. તેનું રૂપ, વય, અને સૌન્દર્ય એટલાં અદ્ભુત છે કે, જેનું વર્ણન કરવાનું મારી શક્તિ બહાર છે. આ બાલા કોઈની સાથે વાતચીત પણ કરતી નથી. તેનાં આવાં વચન સાંભળી મહિષાસુરે એક વિચક્ષણ અને બુદ્ધિશાળી દાનવને શામ, દામ, દંડ તેમ જ ભેદ વડે ભગવતીને તેડી લાવવા મોકલ્યો. આ દૂત ભગવતી જગદંબા પાસે જઈ વિનયપૂર્વક કહેવા લાગ્યો કે, દનુવંશમાં ઉત્પન્ન થયેલ કામદેવ જેવા

સ્વરૂપવાળા મહિષાસુર દાનવરાજ, જે ત્રૈલોકયના અધિપતિ અને મહાબળવાન છે, તેઓ આપને ધર્મપત્ની બનાવવા ઇચ્છે છે. માટે તેવા પ્રતાપી મહારાજને આપ પતિ તરીકે પસંદ કરી, તેની સાથે લગ્ન કરો, જે આપની સર્વ કામનાઓને પરિપૂર્ણ કરશે.

દૂતનાં વચન સાંભળતાં જ ભગવતીને ખૂબ ક્રોધ ચઢ્યો, અને કહેવા લાગ્યાં કે, સદા સર્વદા દૂત અવધ્ય ગણાતો હોવાથી, તને જવા દઉં છું, નહિતર હમણાં જ તને ભસ્મ કરી નાખત. જા તારા દાનવાધમ મહારાજને કહે જે કે, હું તેનો વધ કરવા માટે જ અહીં પ્રાદુર્ભાવ પામી છું, અને તેના માટે પ્રયત્ન કરું છું. આથી તે દૂત મહિષાસુર પાસે પાછો ગયો. જે ખૂબ ભયભીત થયો છે, અને દેવીના સ્વરૂપથી વિસ્મિત બન્યો છે, તેવા દૂતે મહિષાસુર પાસે જઈ બનેલી બધી હકીકત સંભળાવી. આથી મહિષાસુરે સેનાપતિને બોલાવી સૈન્યને લઈ અર્બુદ ઉપર ચડાઈ કરવા ફરમાવ્યું. રાજાનો હુકમ થતાં જ સેનાપતિએ ચતુરંગિણી સેના સજ્જ કરી, આર્બુદ ઉપર ચડાઈ કરતાં, ચારેબાજુ પર્વતને સૈન્યથી ઘેરી લીધો. પછી મહિષાસુર પોતાના સેનાપતિઓ અને સચિવોને સાથે લઈ ભગવતી જગદંબા પાસે ગયો, અને તેમની સાથે પાણિગ્રહણ કરવાની અધમ માગણી કરી કહેવા લાગ્યો કે, હે સૌન્દર્યમૂર્તિ! ત્રિભુવનમાં અદ્દભુત ગણાતી સુંદરી, તું મારી સાથે પાણિગ્રહણ કર, હું મારી સાઠ હજાર સ્ત્રીઓમાં તને પટ્ટમહિષી તરીકે સ્થાપીશ. તું મારી સાથે લગ્ન કરી ત્રૈલોકયની સ્વામિની બનીશ. આવાં કામલોલુપ વચનો સાંભળતાં જ ભગવતી જગદંબાએ પોતાના પ્રિય વાહન સિંહને સ્મરણ કરી બોલાવ્યો. મા અંબિકા તેના ઉપર બેઠાં અને તિરસ્કાર કરી તેને કહેવા લાગ્યાં કે, હે દાનવાધમ તું અહીંથી ચાલ્યો જા, હું તારો વધ હમણાં એક ક્ષણમાં કરીશ. આથી મહિષાસુરે ભગવતી જગદંબાને પકડવા પર્વત ઉપર સૈન્ય દ્વારા ઘેરો ઘાલ્યો.

ત્યારબાદ ભગવતી જગદંબા અને મહિષાસુરના સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ ચાલ્યું. મહિષાસુર જાતે પોતાના સેનાપતિઓ સાથે મરણિયો બની યુદ્ધ કરવા લાગ્યો. સારાયે ભૂમંડળમાં મહોત્પાતો થવા લાગ્યા. જગદંબાએ પણ રણચંડી બની રાક્ષસોનો નાશ કરવા માંડ્યો, તેમાં હજારો અને લાખો દાનવોનો નાશ થયો. અંબિકાએ મહિષાસુરને કહ્યું કે, હે નરાધમ તું બ્રહ્માના વરદાનથી આટલો બળવાન થઈ મત્ત બન્યો છે, પણ હવે તારું જે કાંઈ બલ, વિક્રમ, કે પૌરુષ હોય તે બતાવ. હું તારો નિશ્ચય વધ કરવાની છું, એ તું ચોક્કસ જાણજે. ત્યારબાદ મહિષાસુર અને ભગવતીનું ભયંકર યુદ્ધ થયું, તેમાં અંતે મહિષાસુરને જગદંબાએ હરાવ્યો અને તેનું માથું તરવાર વડે કાપી નાખી તેનો નાશ કર્યો. મહિષાસુરનો નાશ થતાં બીજા દાનવો–રાક્ષસો ત્યાંથી નાસી ગયા. તે વખતે ઇંદ્રાદિ દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, ભગવતીનું સ્તવન કરતાં, માની પ્રાર્થના કરવા માંડ્યા. તેટલું જ નહિ પણ હે મા, તમો વરદાન માગો, એમ બોલી ભગવતીના ચરણે સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થયા.

આ વખતે ભગવતી જગદંબાએ બધા દેવોને કહ્યું, હે સુરશ્રેષ્ઠો તમો અહીં મારો આશ્રમ સ્થાપજો. આ આશ્રમ–મહાપીઠસ્થાન સર્વત્ર વિખ્યાત થશે, અને તમો બધા સાથે હું પણ, આ પર્વતમાં મારાં પીઠસ્થાનની અંદર સદાસર્વદા નિવાસ કરીશ. ભગવતીના આદેશ અનુસાર અહીં તેમનો આશ્રમ સ્થપાયો. ભગવતી જગદંબાએ મહિષાસુર દાનવનો નાશ કરવા, મહા ઉગ્ર (ચંડ) સ્વરૂપ, અને પ્રચંડ કાર્ય કર્યું માટે તેમનું ચંડિકા નામ ત્યારથી પડ્યું; અને અહીં જે ભગવતીનું સ્થાન સ્થપાયું, તે પણ ચંડિકાશ્રમ તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામ્યું. ત્યારબાદ ચંડિકાશ્રમનું માહાત્મ્ય અને તેની ફલશ્રુતિ જણાવી, અહીં ભગવતીનાં દર્શન, પૂજન, અર્ચન અને ઉપાસના કરનારને કેવું ફળ મળે છે તેની લાંબી યાદી વિસ્તારપૂર્વક આપી છે.

આ ઉપરાંત અહીંનાં તીર્થોમાં સ્નાન, દાન, અને પિંડપ્રદાન કરનારને પણ અનેક પ્રકારના ઐહિક લાભો થતા હોવાનું તેમાં જણાવેલ છે.[1]

આ પૌરાણિક કથાનક ઉપરથી અહીં ભગવતી જગદંબાએ મહિષાસુરને માર્યો હતો, તેનો નાશ કરવા દેવતાઓની પ્રાર્થનાથી ભગવતી આ પર્વતમાં પ્રાદુર્ભાવ પામ્યાં હતાં, વગેરે હકીકતો જાણવા મળે છે. તદ્દ ઉપરાંત આ મહાપીઠસ્થાન તેના કારણે જ સ્થપાયું અને પાછળથી લોકપ્રસિદ્ધ થયું. ઐતિહાસિક દૃષ્ટિએ આનું મહત્ત્વ કેટલું આંકવું, તે દરેક માણસની શ્રદ્ધા ઉપર અવલંબે છે. કારણ પૌરાણિક કથાનકોનું સર્જન જ, શ્રદ્ધાભક્તિની આધારભીત્તિ ઉપર સર્જાયું હોવાથી તેમાંથી ઐતિહાસિક તત્ત્વો શોધવા પ્રયત્ન કરવો તે રેતીમાંથી તેલ કાઢવા જેવો મિથ્યા પ્રયાસ જ છે. છતાં આ વિષયમાં એટલું તો જરૂર થઈ શકે તેમ છે કે, જુદાં જુદાં પુરાણોમાં આ કથાનકનાં બધાં વિધાનો એક સરખી રીતે આલેખાયાં છે, કે તેમાં પણ મતભેદો પડયા છે. જોકે આ ચર્ચાથી ભગવતીના આ મહાપીઠસ્થાનના કાળનિર્ણય માટે, વધુ પ્રકાશ પડવા સંભાવના નથી, પરંતુ પૌરાણિક આખ્યાયિકા, અને તેનાં મૂળ તત્ત્વો વિચારવામાં, તે વધુ ઉપયુક્ત હોવાનું ચોક્કસ જણાય છે. તેટલું જ નહિ પણ તેનાથી ભગવતી જગદંબાના આ મહાસ્થાન પ્રત્યે, અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ વધુ સુદૃઢ થાય એમ મારું માનવું છે. આ કથાનકમાં તેવાં કેટલાંક વિધાનો છે. તે પૈકી ભગવતી જગદંબાએ મહિષાસુરને કયાં માર્યો હતો, જગદંબાનો પ્રાદુર્ભાવ અહીં જ થયો હતો કે કેમ ? જગદંબા, અંબિકા એ તેમનું વેદપ્રણીત નામ હોવાં છતાં, આ પીઠસ્થાનનું પુરાણકારે ચંડિકાશ્રમ નામ શાથી રાખ્યું વગેરે મુખ્ય છે.

અર્બુદના ચંડિકાશ્રમ માહાત્મ્યમાં, મહિષાસુરને ભગવતીએ અર્બુદ

---

૧ સ્કંદપુરાણ, પ્રભાસખંડાંતર્ગત અર્બુદખંડ, અ. ૩૯.

પર્વતમાં માર્યો હોવાનું જણાવ્યું છે: જ્યારે માર્કંડેયપુરાણ, કાલિકા-પુરાણ, મત્સ્યપુરાણ, મહાભારત, અને દેવીભાગવતમાં જગદંબાએ તેને સ્વર્ગમાં જ યુદ્ધ કરી માર્યો હોવાનું નોંધ્યું છે.[૧] વરાહપુરાણ આ યુદ્ધ મેરુપર્વતમાં થયું હોવાનું સૂચવે છે.[૨] સ્કંદપુરાણ માહેશ્વરખંડમાં અરુણાચલ માહાત્મ્યની અંદર ભગવતી દુર્ગાએ મહિષાસુરને અરુણાચલ-માં માર્યો હોવાનો ઉલ્લેખ છે.[૩] વામનપુરાણ વિંધ્યાચલમાં મહિષા-સુરનો નાશ કર્યાનું જણાવે છે. આમ મહિષાસુર સાથેનું યુદ્ધ જુદાં જુદાં સ્થળો ઉપર થયું હોવાનું પુરાણો કહે છે. દરેક પુરાણકારની હકીકત એક સરખી હોવા છતાં, તેના સ્થાન પરત્વે દરેકે જુદાં જુદાં સૂચનો કર્યાં છે. આથી તેનું સાચું સ્થાન કયું હશે તેનો નિર્ણય કરવાનું મુશ્કેલ બને છે. કાલિકાપુરાણમાં આ પ્રસંગનું નિરૂપણ કરતાં, આ સંબંધી કેટલોક ખુલાસો કર્યો છે. તેમાં જણાવ્યું છે કે મહિષાસુર શિવનો આવતાર હતો. રંભાસુરની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા શંકર ત્રણ જન્મ સુધી મહિષરૂપે, રંભાસુરના પુત્ર તરીકે અવતર્યા હતા. આ મહિષાસુરે જ્યારે તપશ્ચર્યા કરી વરદાન માગ્યું, ત્યારે પણ તેને એ જ ઇચ્છા વ્યક્ત કરી હતી કે મારું દેવી સાથે સાયુજ્ય થાઓ. આ વખતે દેવીએ તેને વરદાન આપ્યું કે, પહેલા અવતારમાં ચંડિકારૂપે મેં તારો નાશ કર્યો હતો. બીજા જન્મમાં ભદ્રકાળી સ્વરૂપે મેં તને માર્યો હતો, અને હવે ત્રીજા જન્મમાં દુર્ગારૂપે હું તને પરિવાર સાથે મારીશ.[૪]

---

૧ દેવી ભાગવત, સ્કંદ ૫, અ. ૧૮.

૨ ततः कालेन महता शतशृंगे महागिरौ । पद्भ्यामाक्रम्य शूलेन निहतो दैत्य-नायकः ॥ ५५ ॥ वराहपुराण, अ. ९५.

૩ સ્કંદપુરાણ, માહેશ્વરખંડ, અરુણાચલમાહાત્મ્ય, અ. ૧૮,

૪ आदिसृष्टावुग्रचंडमूर्त्या त्वं निहतः पुरा ॥
द्वितीयसृष्टौ तु भवान् भद्रकाल्या मया हतः ॥
दुर्गारूपेणाधुना त्वां हनिष्यामि सहानुगम् ॥
कालिकापुराण, महिषासुरआख्यान ॥

કાલિકાપુરાણના આ કથનથી, દેવીએ મહિષાસુરને ત્રણ જન્મ સુધી જુદાં જુદાં સ્થળે માર્યો હોવાનું સૂચન મળે છે. તેટલું જ નહિ પણ ચંડિકાસ્વરૂપે એક જન્મમાં તેનો નાશ કર્યો હોવાનું સ્પષ્ટ જણાવે છે. ચંડિકાશ્રમમાહાત્મ્યની આખ્યાયિકામાં ભગવતી ચંડિકાએ તેને અર્બુદાચલમાં માર્યો હોવાનું જણાવ્યું છે. આથી મહિષાસુરના પ્રથમ જન્મમાં તેને અહીં દેવી સાથે યુદ્ધ કર્યું હતું અને આ પર્વતમાં દેવીએ તેનો નાશ કર્યો હતો એ વસ્તુ આ પુરાણથી પુરવાર થાય છે. આમ મહિષાસુર ત્રણ જન્મ સુધી, દેવીના હાથે જુદાં જુદાં સ્થળો ઉપર મરાયો હોવાથી, પુરાણોમાં દેવી સાથે થયેલ સંગ્રામોનાં સ્થાનો અનેક ઠેકાણે જણાવ્યાં છે. ટૂંકમાં ભગવતી જગદંબાનું આ સ્થાન, પુરાણોથી પણ પ્રમાણિત થતાં અતિ પ્રાચીનકાલથી અસ્તિત્વમાં આવ્યું હોવાનું જણાય છે.

બીજો મુદ્દો ભગવતીના પ્રાદુર્ભાવ સંબંધી સ્થાનપરત્વેનો છે. દેવી-ભાગવતમાં ભગવતી, મહાલક્ષ્મી સ્વરૂપે વિષ્ણુલોકમાં પ્રકટ્યાં હોવાનું જણાવ્યું છે.[૧] જ્યારે સ્કંદપુરાણ માહેશ્વરખંડ ભગવતીનો પ્રાદુર્ભાવ અરુણાચલની એક ગુફામાંથી થયો હોવાનો ઉલ્લેખ આપે છે.[૨] વરાહ-પુરાણ મંદરાચલ પર્વતમાં ભગવતી વૈષ્ણવી મહાશક્તિ ઉત્પન્ન થયાં હોવાનું નોંધે છે.[૩] અહીં ચંડિકાશ્રમમાહાત્મ્યમાં, દેવીનું પ્રાકટ્ય અર્બુદાચલની અંદર દેવોની પ્રાર્થનાથી થયું હોવાનું સૂચવ્યું છે.[૪] આમ દેવીના ઉત્પત્તિસ્થાન માટે પણ પુરાણકારોએ વિવિધ સ્થાનો બતાવ્યાં છે. વિષ્ણુલોક એ દૈવીસ્થાન છે, એટલે તેનો પરિચય આપવાનું

---

૧ દેવી ભાગવત, સ્કં. ૫, અ. ૮

૨ સ્કંદપુરાણ, માહેશ્વરખંડ, અરુણાચલમાહાત્મ્ય, અ. ૧૮

૩ વરાહપુરાણ, અ. ૯૨

૪ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૩૬

અસ્થાને ગણાય; જ્યારે અરુણાચલ, મંદરાચલ અને અર્બુદાચલ એ ભારતવર્ષના સુપ્રસિદ્ધ પર્વતો છે. પુરાણકારો દેવીના જન્મસ્થાન માટે જે જુદાં જુદાં મંતવ્યો રજૂ કરે છે, તેમાં મુખ્ય આશય ગમે તે પર્વતમાંથી તેઓ પ્રકટ થયાં હોવાનું સ્પષ્ટ રીતે જણાવે છે. પાર્વતી જે ભગવતીનું જ આદ્યસ્વરૂપ છે, તેની વ્યુત્પત્તિ પર્વત ઉપરથી થઈ હોવાનું આપણે જાણી શકીએ છીએ. તેમને પર્વતકન્યા તરીકે કે પર્વતમાંથી પ્રાદુર્ભાવ પામ્યાં તે દષ્ટિએ પાર્વતી નામથી સંબોધવામાં આવે છે. આ જ રૂઢ માન્યતા પુરાણકાળથી ઊતરી આવી હોવાના કારણે, ભગવતીનું જન્મસ્થાન પુરાણકારોએ પર્વતમાં જ નિશ્ચિત રીતે માન્યું છે. અને તેથી જ દરેક પુરાણમાં ભગવતી જગદંબા પર્વતમાંથી ઉત્પન્ન થયાં હોવાના ઉલ્લેખો નોંધાયા છે. અર્થાત્ જગતમાં શકિતસ્વરૂપે વિલસી રહેલાં ભગવતીનો આવાં પરમ પવિત્ર કુદરતી મહાસ્થાનોમાં ખાસ કરીને નિવાસ હોય છે. એટલે ભગવતી જગદંબાએ અર્બુદાચલમાં નૈસર્ગિક વાતાવરણમાં પ્રકટ થઈ, અહીં પીઠસ્થાન સ્થાપ્યું એ પુરાણકારની કલ્પનાને આ બધાં વિધાનો પુષ્ટિ આપે છે.

ત્રીજી વાત ભગવતીનું ચંડિકા નામ, અને તેના આધારે અહીંના મહાપીઠનું ચંડિકાશ્રમ રાખવામાં આવેલું છે, તેનો નિર્ણય કરવાની છે. જગદંબાનાં તો હજારો નામો ઋષિમુનિઓએ પાડયાં છે. વળી કેટલાંક નામો તો તેમને કરેલ મહાપરાક્રમો, અને અસુરોના નાશને કારણે પણ પડયાં છે. તે બધાંમાં સર્વશ્રેષ્ઠ, અને વૈદિક પરંપરાથી ઊતરી આવેલ, ભગવતીનું અંબિકા નામ સર્વોત્કૃષ્ટ અને અનાદિ છે. પરંતુ મહિષાસુરના વધ પ્રસંગે મા જગદંબાએ પોતાનું સ્વરૂપ ચંડ (ઉગ્ર) બનાવ્યું તેથી તેનું ચંડિકા નામ સુપ્રસિદ્ધ થયાનું પુરાણો કહે છે. મહિષાસુર જેવા ભયંકર દાનવનો નાશ કરવા, ભગવતીને પણ ઉગ્ર સવરૂપ ધારણ કરવું પડયું હતું. તે સિવાય આવો માયાવી, અને બ્રહ્માના વરદાનથી મત્ત બનેલ દુષ્ટ રાક્ષસનો નાશ કરવાનું બની શકે જ

નહિ. તેની દુષ્ટતાની તો હદ જ ન હતી. ભગવતી જગદંબા જે ત્રૈલોક્યની અધિનાયિકા, અને પ્રાણી માત્રની માતા છે, તેના પ્રત્યે તે દુષ્ટ વાસના સેવતો હતો. આવા નરાધમ અને મદોન્મત્ત રાક્ષસનો ભગવતી જગદંબાએ લીલામાત્રથી નાશ કર્યો, અને તે સમયના ભયાનક સ્વરૂપને લઈ, ભગવતી ચંડિકા નામથી વિખ્યાત બન્યાં. ચંડિકાશ્રમની પૌરાણિક આખ્યાયિકામાં પણ, આ જ વસ્તુને જાહેર કરતા બ્રહ્માએ ચંડિકા નામ મહિષવધ વખતે ધારણ કરેલ સ્વરૂપને લઈ રાખ્યું હોવાનું સૂચવ્યું છે.[૧] તેટલું જ નહિ પણ તે સ્થાનને ચંડિકાશ્રમથી ઓળખવામાં આવશે એવો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. સપ્તશતીમાં તેમ જ દેવીભાગવતમાં મહિષવધ પ્રસંગે ભગવતી દુર્ગા માટે ચંડિકા અને અંબિકા બે જ નામો ખાસ કરીને વપરાયાં છે.[૨] આમ અંબિકા તે જ ચંડિકા, ભગવતી દુર્ગા હોવાનું આપણે જાણી શકીએ. એટલે અર્બુદાચલનો ચંડિકાશ્રમ, તે જ ભગવતી જગદંબાનું પરમ પાવન મહાપીઠસ્થાન છે, એમ ચોક્કસ રીતે સિદ્ધ થાય છે.

આ બધા પૌરાણિક પુરાવાઓ, આખ્યાયિકાઓ, અને તીર્થમાહાત્મ્યો ઉપરથી એટલું તો સમજી શકાય છે કે, આરાસુરી અંબા

---

१ यस्माच्चंडकृतं कर्म त्वया दानव सूदनात् ।
तस्मात्त्वं चंडिकानाम लोके ख्यातिं गमिष्यति ॥ १६६
तव नाम्ना तथाख्यात आश्रमोऽयं भविष्यति ॥

स्कं. पु. अर्बुदखंड. अ. ३६

૨ દેવીભાગવત, સ્કં. ૫, અ. ૯, શ્લો. ૨૧
એજન, „ અ. ૧૩, શ્લો. ૪૫
એજન, „ અ. ૧૪, શ્લો. ૪૦
સપ્તશતી અ. ૨, શ્લો. ૫૩
„ „ „ ૬૭
એજન, અ. ૩, શ્લો. ૨૮–૩૪

તરીકે સારાયે ભારતમાં, તેમ જ ગુજરાતકાઠિયાડમાં સુપ્રસિદ્ધ ભગવતી દુર્ગા અને તેમનું મહાસ્થાન, પુરાણકાળ કરતાં એ પ્રાચીન સમયનું છે. અને તે અતિ પ્રાચીન યુગથી લોકોમાં વિખ્યાત બન્યું હતું, એવા પૌરાણિક સામાજિક અને ઐતિહાસિક પુરાવાઓ કેટલાક મળી આવ્યા છે. ભગવતી પ્રત્યે દુષ્ટ વાસના સેવનાર મહિષાસુરની આખ્યાયિકા આજે તો, ભારતના દરેક પ્રાંતમાં, એક યા બીજી રીતે લોકજીભે ગવાઈ રહી છે, તેને મૂર્ત સ્વરૂપ આપતી ભગવતીના મહિષમર્દિની સ્વરૂપની, નાનીમોટી હજારો પ્રતિમાઓ ભારતના દરેક પ્રાંતમાં આજે પણ પુજાય છે. કાલિકા ઉપર કુદષ્ટિ કરવાથી, પાવાગઢના પતાઈ રાવળનો સર્વનાશ થયાની લોકકથા, ગુજરાતમાં ઘેરઘેર ગરબારૂપે ગવાય છે. તે કથાનું મૂળ પણ મહિષાસુરની આ આખ્યાયિકા ઉપરથી લેવાયું હોય એમ લાગે છે. ગુજરાતમાં તો અંબાજીથી ઓળખાતી દરેક પ્રતિમાઓમાં, ભગવતી સિંહવાહિની મહિષને મારતાં હોય તેવો ભાવ, અને સ્વરૂપ બનાવેલું હોય છે. આમ રૂઢ માન્યતાઓ, સામાજિક ભક્તિપ્રચાર અને લોકોમાં રહેલી દેવી પ્રત્યેની શ્રદ્ધાનાં વહેણો જોતાં, અંબિકાનું સ્વરૂપ મહિષ-મર્દિની–મહિષાસુરનો નાશ કરનારી દેવી તરીકે વધુ પ્રચલિત બન્યું હોવાનું સમજાય છે, જેને પૌરાણિક આખ્યાયિકાઓ અને કથાનકોથી પુષ્ટિ મળતી હોવાથી, અર્બુદાચલનાં ભગવતી આરાસુરી અંબાનું સ્થાન, પૂર્વકાલીન હોવાનું અનુમાન છે.

શક્તિપૂજાનો પ્રચાર ભારતે ઈ. સ. પૂર્વેથી સ્વીકાર્યો હતો. મોહંજોદડોમાંથી માટીની પ્રતિમાઓ મળી છે, જે માતૃદેવીની હોવાનું પુરાતત્ત્વવિદો માને છે. આ મૂર્તિઓ સાવ નગ્ન બનાવેલી હોઈ, તેને કમર નીચે પટકો પહેર્યો હોવાનું જણાવેલ છે. ભારત બહાર ઈલિમ, ફારસ, મેસેપોટેમીઆ, ટ્રેસ, કાસ્પીઅન, લઘુ એશિયા, મીસર, સીરિયા વગેરે દેશોમાં માતૃપૂજાનો પ્રચાર ઈ. સ. પૂર્વે સેંકડો વર્ષોથી પ્રચલીત હતો. પ્રાગૈતિહાસિક યુગમાં ભૂમધ્યથી ભારત સુધી તેનો પ્રચાર

ઊતર્યો હોવાનું જાણવા મળે છે.[૧] બલુચિસ્તાનમાંથી કેટલીક તેવી મૂર્તિઓ મળી છે. તેના માટે કેટલાક વિદ્વાનોનો મત છે કે એશિયા-માઈનોર અને આનાતોલીયામાંથી પ્રાચીન સભ્યતા સારાયે સંસારમાં ફેલાઈ જેમાંથી માતૃપુજાનો પણ પ્રચાર ઊતરી આવ્યો. મેસોપોટેમીઆના કેટલાક લેખો ઉપરથી જાણવા મળે છે કે માતૃદેવી નાગરવાસીઓનાં દુઃખો તથા અનેક વિઘ્નો દૂર કરે છે.[૨]

દેવીનો સંપ્રદાય આદિકાળથી નાઈલ અને સિંધુપ્રદેશ પર્યંત વિસ્તર્યો હોવાનું પુરાણોએ સ્વીકાર્યું છે. માર્કંડેય, બ્રહ્મવૈવર્ત, અને સ્કંદપુરાણમાંથી તેની આખ્યાયિકાએ મળે છે. અંબિકા, ચંડી, વગેરે નામોવાળી જગદંબા, અને બેક્સ લોકોના ઉત્સવની અધિષ્ઠાત્રી ત્રીપુર સુંદરી એક જ દેવીનાં વિવિધ સ્વરૂપો છે. બહુ જૂના કાળથી તેની પૂજા ગાયોનું રક્ષણ કરનારી, ગ્રામદેવતા, કુળદેવતા, પ્રજનનની દેવી તરીકે, કે માતા તરીકે કરવામાં આવતી. ઇજિપ્તની ઈસીસ, સુમેરની ઈજાની, બેબીલોનની ઈસ્ટર, સિંધુપ્રદેશની જગદંબા વગેરે દેવીસંપ્રદાયનાં મહા-શક્તિ સ્વરૂપો સારા હિંદમાં એક જ રૂપે પૂજાય છે. હરપ્પામાંથી લાલ પથ્થરની નગ્ન મૂર્તિનું ધડ મળ્યું છે.[૩] આ બધા પુરાવાઓ શક્તિ પૂજાની ઐતિહાસિકતા ઈસ્વીસન પૂર્વે પ્રાક્‌ઐતિહાસિક કાળ પર્યંત લઈ જાય છે.

આ જ પ્રવાહ ગુજરાતમાં અતિ પ્રાચીન કાળથી વહેતો બન્યો, અને માતૃઓનાં વિવિધ સ્વરૂપો પ્રચારમાં આવતાં સારાયે ગુજરાતમાં તેનાં મંદિરો, શહેરો, પર્વતો અને ગામડે ગામડે સ્થપાયાં. તેટલું જ

---

૧ ઇન્ડિયન હીસ્ટોરીકલ કવાર્ટર્લી. સપ્ટેમ્બર. ૧૯૩૪

૨ મોહંજોડેરો તથા સિંધુસભ્યતા. લેખક. સતીશ ચંદ્રકામા. પા. ૨૩–૩૧

૩ ગુજરાતની કીર્તિગાથા. લેખક. શ્રી. કનૈયાલાલ. મા. મુનશી. પ્રકરણ ૩

નહિ પણ તેના આધ્યાત્મિક સ્વરૂપની વિવેચના કરતા ગૂઢ અને ભક્તિ-ભાવ પ્રદર્શિત કરતા સંખ્યાબંધ વિદ્યાપ્રચુર ગ્રંથો રચાયા. વસ્તુપાળના સમકાલિન અને તેના વિદ્વાન્ કવિ સોમેશ્વરે સુરથોત્સવમાં આ જ ભગવતીનાં સ્તુતિપદ્યો સંગ્રહિત કર્યાં છે. જેમાં સપ્તશતીનો સૂત્રાત્મક સાર ગ્રહણ કરતાં કવિએ ભગવતીનું ચરિત્રકાવ્યમયરીતે વર્ણવી પોતાની વાક્પુષ્પાંજલિ અર્પણ કરતાં કૃતકૃત્યતા અનુભવી હોવાનું જાણવા મળે છે. સુપ્રસિદ્ધ દેવીભક્ત વલ્લભ ધોળા, અને યદુરામ મહારાજે પણ ભગવતીનાં યશોગાન કાલીઘેલી ભાષામાં ગાઈ કેટલાક ગરબા ગુજરાતી ભાષામાં રચ્યા છે. લલિતાસહસ્રનામ ઉપર સમર્થ ભાષ્ય લખનાર ભાસ્કરરાય જેણે વરીવસ્યારહસ્ય, સેતુબંધ વગેરે બીજા પંદર ગ્રંથો લખ્યા છે તેના દિક્ષાગુરૂ શિવદત્ત શુકલ ગુજરાતમાં સુરતના એક મહાન મંત્રશાસ્ત્રી અને દેવીભક્ત થઈ ગયા છે. આ હકીકતો ગુજરાતમાં પ્રચલિત દેવીભક્તિની ઐતિહાસિકતા વ્યકત કરે છે. કવિ મીઠુ જે હંસના નામથી જાણીતો હતો તેને હંસવિલાસમાં દેવીના સામરસનું સુંદર વિવેચન આપ્યું છે.

## પ્રકરણ ૮મું

# ભગવતી અંબા ભવાની

### ઐતિહાસિક વૃત્તાન્ત

પૌરાણિક વિધાનો અને તેની કથાઓ, આગલા પ્રકરણમાં ભગવતી જગદંબાના પુરાણપ્રાચીન સ્થાન, અને તેમના પ્રાદુર્ભાવ માટે આપ્યા પછી, ઐતિહાસિક દષ્ટિએ તે કેવું મહત્ત્વ ધરાવે છે તે વિચારવાનું રહે છે. સમસ્ત ભારતવર્ષમાં અર્બુદની પ્રસિદ્ધિ, વેદકાલથી ઊતરી આવી હોવાનું આગળનાં પ્રકરણોમાં જણાવી ગયા છીએ. એટલે અર્બુદ પર્વતની પ્રાચીનતા માટે વધુ વિવેચનાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ અર્બુદાચલમાં આવેલ ભગવતીના આ મહાપીઠસ્થાનની, પૌરાણિક દષ્ટિએ પ્રાચીનતા સિદ્ધ કર્યા પછી, તેના માટે ઐતિહાસિક ઉલ્લેખો જે કાંઈ મળતા હોય તેની ચર્ચા રજૂ કરવાની ખાસ જરૂરત તો રહે છે જ. તેથી આ પ્રકરણમાં તત્સંબંધી જે કાંઈ ઉલ્લેખો મળતા હોય તેની વિવેચના કરવામાં આવી છે.

ભગવતી જગદંબાના આ પુરાણપ્રાચીન સ્થાન માટે, પૌરાણિક ઉલ્લેખો ઠીક ઠીક મળ્યા છે. પરંતુ તેટલા પ્રાચીન ઐતિહાસિક પુરાવાઓ કોઈ ગ્રંથ કે શિલાલેખમાંથી પ્રાપ્ત થયા નથી. વલભીપુરના રાજ્યકાળે અંબાભવાનીનું આ મહાસ્થાન સારાયે ગુજરાત-કાઠિયાવાડમાં વધુ જાણીતું હતું. વલભીના મહારાજા શિલાદિત્યની અનેક રાણીઓ પૈકી, પુષ્પાવતી ચંદ્રાવતીના પરમાર રાજાની પુત્રી હતી. વલભીપુર ઉપર મ્લેચ્છો–મુસલમાનો ચડી આવ્યા. શિલાદિત્ય તેમની સામે બહાદુરી-પૂર્વક લડચો અને અંતે મરાયો. આ વખતે તેની રાણી પુષ્પાવતી, ચંદ્રાવતી નગરીમાં તેના પિતાને ઘેર હતી. વલભી ઉપર મ્લેચ્છો ચડી

આવ્યા જાણી પોતાના પતિનું કલ્યાણ થાય, અર્થાત્ આ વિગ્રહમાં તેનો વિજય થાય, તેટલા માટે તે પિતાના રાજ્યમાં આવેલ અંબાભવાની પાસે પ્રાર્થના તેમ જ ઉપાસના કરવા ગઈ હતી.[૧] ટૂંકમાં પુષ્પાવતી ભગવતી જગદંબાની યાત્રાએ આવ્યાં હતાં. વલભીપુરનો વિનાશ ઈ. સ. ૭૬૬–૬૭માં થયો હોવાનું ઇતિહાસ કહે છે. એટલે ઈસ્વીસનના આઠમા સૈકામાં ભગવતી જગદંબાનું પીઠસ્થાન લોકપ્રસિદ્ધિમાં આવી ચૂક્યું હતું.[૨]

બૌદ્ધોના તંત્રગ્રંથ ડાકાર્ણવમાં ભારતની પ્રસિદ્ધ કેટલીક દેવીઓની નોંધ આપી છે. તેમાં આર્બુદી નામક દેવીનું નામ મળી આવે છે.[૩] આથી અર્બુદાચલની દેવી આર્બુદી તરીકે તે કાળે ઓળખાતી હશે એવું અનુમાન છે. અર્બુદાચલમાં અર્બુદાદેવી અને ભગવતી અંબાભવાની એમ બે પ્રસિદ્ધ દેવીઓ આવેલી છે. પરંતુ અર્બુદાદેવીનો કોઈ પ્રાચીન ઉલ્લેખ પુરાણો, કે શિલાલેખમાંથી મળી આવતો નથી, જ્યારે ભગવતી જગદંબિકા માટે અનેક પૌરાણિક ઉલ્લેખો મળે છે. વધુમાં વલભીકાળનો પણ એક પુરાવો અંબાભવાની માટે મળી આવતો હોવાથી, સંવતના આઠમા-નવમા સૈકામાં અર્બુદાદેવી કરતાં, ભગવતી અંબિકાનું આ સ્થાન વધુ જાણીતું હતું, અને આશરે નવમા-દસમા સૈકામાં રચાયેલ ડાકાર્ણવ-તંત્રમાં આ અંબિકાને જ આર્બુદી તરીકે જણાવી હોવાનું સમજાય છે.

ત્યારબાદ એટલે દસમા-અગિયારમા સૈકાથી તો, ભગવતીનું આ મહાપીઠ, લોકવિખ્યાત હોવાના સંખ્યાબંધ પુરાવાઓ મળી આવે છે. વિમળશાહનું ચરિત્ર જ તે વસ્તુને પુરવાર કરે છે. તે ભગવતી અંબાનો પરમ ભક્ત હતો એમ તેના ચરિત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે. લોકોક્તિમાં પણ તેને ભગવતી અંબિકાના કૃપાપ્રસાદથી, અનેક જૈનમંદિરો અહીં બંધાવ્યા હોવાનું આજે પણ કહેવાય છે. આબુ ઉપર દેલવાડામાં,

૧ રાજસ્થાનનો ઇતિહાસ, પા. ૯, શાક્તસંપ્રદાય, પા. ૧૧૬

૨ બોમ્બે ગેઝેટીયર, ભા. ૫, પા. ૪૪૩

૩ ભાણ્ડારકર કોમેમોરેશન વોલ્યુમ, પા. ૨૨૧

વિમલવસહિ નામે જે ભવ્યમંદિર વિમળશાહે બંધાવ્યું છે, તેની પ્રશસ્તિમાં પણ વિમલદંડ નાયકને, ભગવતી અંબિકાએ આદેશ આપ્યો, તેથી તેને અહીં જીન ભગવાનનું મંદિર બંધાવ્યું એમ જણાવ્યું છે.[1] આ પ્રશસ્તિની શરૂઆતમાં જ ભગવતી જગદંબાની પ્રાર્થના મંગલાચરણરૂપે આપેલી છે.[2] આથી પણ વિમલશાહ ભગવતી જગદંબાનો પરમ ભક્ત હતો, તે વસ્તુ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે. વિમલપ્રબંધમાં આ વસ્તુ વિસ્તારપૂર્વક ચર્ચેલી છે.[3]

માનસરોવરના કિનારા ઉપર અજાઈમાતાના મંદિરમાં, મહારાણા માલદેવનો સંવત ૧૪૧૫. ઈ. સ. ૧૪૫૯નો એક લેખ છે. આ સિવાય માતાજીના મંદિરની અંદર મંડપના દ્વારમાં સં. ૧૬૦૧નો એક લેખ કોતરેલો છે. તેમાં રાવ ભારમલની રાણીએ માતાજીને કેટલીક વસ્તુઓ અર્પણ કર્યાનો ઉલ્લેખ છે. આ સિવાય મંડપમાં, અને પ્રવેશદ્વારના સ્તંભો પાસે ભીંતમાં, ચૌદમા સૈકાથી સત્તરમા સૈકાના કેટલાક લેખો કોતરેલા છે, જેમાં માતાજીને કોઈ વસ્તુ અર્પણ કર્યાની નોંધ હોય છે. ત્યાં સં. ૧૭૭૯નો એક લેખ ધર્મશાળા બંધાવ્યાનો પણ કોતરેલો છે. આમ અગિયારમી સદીથી ભગવતી જગદંબાનું સ્થાન વધુ લોકવિખ્યાત થયું હતું, જેને ઐતિહાસિક પુરાવાઓ વડે પુરવાર કરી શકાય છે.

ભગવતી જગદંબા પરમાર કુલનાં કુલાંબા–ઈષ્ટદેવી ગણાય છે. અત્યાર સુધી ભગવતી અંબિકાને અર્પણ કરવામાં આવતી દરેક

---

१ अथान्यदा तं निशि दंडनायकं, समादिदेश प्रयता **किलांबिका** ॥
इहाचले त्वं कुरु सद्म सुंदरं, युगादिभर्तुर्निरपायसश्रय: ॥ १० ॥
विमलवसहिनो शिलालेख

२ अशोकपत्रारुणपाणिपल्लवा, समुल्लसत्केसरसिंहवाहना ॥
शिशुद्वयालंकृतविग्रहा सती, सतां क्रियाद्विघ्नविनाशमंबिका ॥ ९ ॥
એ જન પ્રસસ્તિ

૩ વિમલપ્રબંધ, પા. ૧૭૮, ખંડ ૬, કડી ૮ થી ૧૯

વસ્તુઓ ઉપર, આ જ કુલપરંપરાના મહારાણાઓનો હક્ક હતો. એટલે ભગવતી જગદંબા તેમની ઉપાસ્ય કુલાંબા છે. હાલનું મંદિર બેઠા ઘાટનું બનાવેલ હોઈ તે પ્રાચીન તો છે જ, પરંતુ કોને બંધાવ્યું તેની ચોક્કસ માહિતી મળતી નથી. લોકોક્તિમાં તે વિમલશાહે બંધાવ્યાનું કહેવાય છે. પરંતુ તેમાં તથ્યાંશ હોવાનું જણાતું નથી, કારણ કે જે કલાપ્રેમી શ્રેષ્ઠી, જીનમંદિરોને આરસપહાણના પથ્થરો વડે ભવ્ય કલામય રીતે બંધાવે, તે પોતાની કુલાંબાનું આવું સાદુ અને સામાન્ય સ્વરૂપનું મંદિર તૈયાર કરાવે તેમ માની શકાય નહિ. એટલે વિમલશાહે બંધાવ્યાની લોકોકિતમાં વધુ વજન મૂકી શકાય તેમ નથી. ઉલટ એવું અનુમાન થઈ શકે છે કે, આ મંદિર પરમાર કુલના મહારાણાઓએ પોતાની કુલાંબા પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શિત કરવા બંધાવ્યું હોવું જોઈએ.

જૈનસંપ્રદાયમાં નેમિનાથની શાસનદેવી તરીકે અંબિકાને સ્વીકારી છે. આ દેવીની ઉત્પત્તિ સંબંધે જે હકીકત જૈનશાસ્ત્રોમાં આપી છે, તેના ઉપરથી પણ અંબિકાનો પ્રાદુર્ભાવ અર્બુદાચલમાં થયો હોવાનું જણાય છે. પ્રભાવકચરિત્રમાં અંબિકાની ઉત્પત્તિ આપતાં જણાવ્યું છે કે, કાસહૃદ નામના નગરમાં સર્વદેવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સત્યવતી, તેને અંબાદેવી નામે પુત્રી હતી. સમય જતાં તે જ્યારે ઉંમર લાયક થઈ ત્યારે તેને કોડીનારમાં સોમભટ્ટ નામના બ્રાહ્મણ સાથે પરણાવી. અંબિકાને શુભંકર અને વિભાકર નામના બે પુત્રો હતા. એક વખત નેમિ ભગવાનના મંદિર પાસે રહેતા સુધર્મસૂરિ નામના જૈન સાધુ આ સોમભટ્ટને ત્યાં ભિક્ષા માગવા આવ્યા. અંબિકાએ શુદ્ધ ભાવથી તેમને ભિક્ષા આપી. સોમભટ્ટને આ વાતની ખબર પડતાં તેણે સ્ત્રી ઉપર ગુસ્સે થઈ, વૈશ્વદેવ કર્યા વગર ભિક્ષા આપ્યા બદલ ખૂબ ઠપકો આપ્યો, તેટલું જ નહિ પણ અસહ્ય માર માર્યો, અને ઘરની બહાર કાઢી મૂકી. એક પુત્રને કેડમાં અને બીજાને આંગળીએ વળગાડી અંબિકા ફરતી ફરતી ગિરનારમાં આવી. ભૂખ અને તરસથી

વ્યાકુળ બની, તેણે પર્વત ઉપર જઈ નેમિજીનને નમસ્કાર કર્યા. મંદિરની બહાર નીકળી પુત્રોની માગણીથી આંબાની કેરીઓ પુત્રોને આપી, ત્રાસના માર્યા પુત્રો સાથે પર્વત ઉપરથી ઝંપાપાત કરતાં પ્રાણ ત્યાગ કર્યો. નેમિનાથ ભગવાન પ્રત્યે અપૂર્વ ભક્તિભાવને કારણે, બીજા જન્મમાં તે તેમની શાસનદેવી થઈ. તેનો પતિ પાછળથી અંબાદેવીની શોધ કરતો આ પર્વતમાં આવ્યો, અને પોતાની પત્નીએ ઝંપાપાત કર્યાના સમાચાર સાંભળી, તેને પણ તેની પાછળ ઝંપાપાત કર્યો. મરણ બાદ તે વ્યંતર થઈ અંબિકાનું વાહન સિંહ થયો.[1] તીર્થકલ્પમાં પણ અંબિકાકલ્પની અંદર આ જ હકીકત આપી હોઈ, તેના પુત્રોનાં નામ સિદ્ધ અને બુદ્ધ જણાવ્યાં છે.[2] પ્રભાવક ચરિત્ર અને તીર્થકલ્પ બંન્ને જૈન સંપ્રદાયના વિશ્વસનીય અને પ્રમાણિત ગ્રંથો હોવા છતાં, બન્ને ગ્રંથકારોએ જુદાં જુદાં નામો તેના પુત્રો માટે જણાવ્યાં છે. અંબિકાની આ જૈન આખ્યાયિકા ઉપરથી, અંબાનો જન્મ કાઠિયાવાડમાં થયો હતો. કાઠિયાવાડમાં કાસહદ-કાયંદ્રા ગામ આવેલું છે. તેવી જ રીતે સોમભટ્ટનું નિવાસસ્થાન કોડીનાર પણ આ જ પ્રદેશનું ગામ છે. એટલે જૈન અંબિકાનું પૂર્વ-ચરિત્ર કાઠિયાવાડમાં ચરિતાર્થ થયાનું જણાય છે.[3] સ્વ. પુરાતત્ત્વવિદ્ પંડિત ગૌરીશંકર ઓઝા કાસહદ-કાયંદ્રા ગામ આબુની તળેટીમાં આવેલું હોવાનું, ‘ સિરોહી રાજ્યકા ઇતિહાસ ’માં જણાવ્યું છે.[4] આથી જૈન-કથાનું કાસહદ કયું હશે, એ વસ્તુ વિચારણા માગી લે છે. સામાન્યતઃ તે કથાના અંતરંગ ઉપરથી કાઠિયાવાડમાં જૈન અંબિકાનો પ્રાદુર્ભાવ થયાનું જણાય છે, છતાં શ્રી. ઓઝાજીના કથન પ્રમાણે તેના પિતાનું ઘર

---

૧ પ્રભાવકચરિત્ર, પા. ૪૪

૨ વિવિધ તીર્થકલ્પ, અંબિકાકલ્પ, પા. ૧૦૭

૩ અંબિકાની વધુ ચર્ચા માટે જુઓ ‘ જૈન અંબિકા ’ નામનો શ્રી. ડૉ. ઉમાકાંત શાહનો લેખ, બૉમ્બે યુનિવર્સિટી જર્નલ.

૪ સિરોહી રાજ્યકા ઇતિહાસ, પા. ૩૬

આબુ પાસેના કાસહ્રદમાં કેમ નહોય? ગમે તેમ હો પણ સનાતન કે જૈનસંપ્રદાયવાદીઓની અંબિકાનો, અર્બુદ સાથે કંઈક સંબંધ હતો એટલું તો સમજી શકાય છે. અંબિકાની ઉપાસના શ્રીમાળમાં પૂર્વકાળે પ્રચલિત હતી. પં. લાવણ્યસમયે વિમલપ્રબંધમાં તે વસ્તુને રજૂ કરી પોરવાડ અને બીજી અનેક વૈશ્ય જ્ઞાતિઓની તે કુલાંબા આ જ કારણને લઈ સ્વીકારાઈ હોવાનું જણાવ્યું છે.[1] આમ સાતમા-આઠમા સૈકામાં આ પ્રદેશની અંદર અંબિકાની ઉપાસના પ્રચલિત હતી એમ ચોક્કસ જણાય છે. જૈન અંબિકાની પ્રતિમાઓમાં, ભગવતી સિંહારૂઢ અગર તો અર્ધપર્યંકાસન વાળી બેઠેલાં, એક બાળકને કેડમાં કે ખોળામાં બેસાડેલું, અને બીજું બાળક આંગળીએ વળગાડેલું જણાવવામાં આવે છે. આ સિવાય કેટલીક મૂર્તિઓમાં કેરીની લૂમ હાથમાં પકડેલી, કે આંબાનું ઝાડ તેમની પીઠિકામાં કોતરેલું બનાવવામાં આવે છે, જે ઉપરોક્ત આખ્યાયિકાનું સમર્થન કરે છે.[2] સનાતનસંપ્રદાયના કેટલાક દેવોને જૈન-સંપ્રદાયમાં અપનાવ્યા હોવા છતાં, તેમને પરિવારદેવો કે સામાન્ય દેવો તરીકે જૈનગ્રંથોમાં રજૂ કર્યા છે. જેમ ભગવાન કૃષ્ણને સામાન્ય રાજવંશી વ્યક્તિ તરીકે તેમના ગ્રંથોમાં દર્શાવ્યા છે, તેમ ભગવતી અંબિકાને પણ એક પરિવારદેવી તરીકે બતાવવાનો પ્રયત્ન તેમના ગ્રંથોમાં કર્યો હોવાનું જણાય છે. ગમે તેમ હો પણ ભગવતી જગદંબાને કેટલાયે જૈનકુટુંબો કુલદેવી તરીકે માનતા હોઇ, આજે પણ આરાસુરી અંબાની તીર્થયાત્રાએ જૈન ગૃહસ્થો આવે છે.

પ્રભાવકચરિત્રનો રચનાકાળ ચૌદમા સૈકામાં આવતો હોવા છતાં, તેમાં જણાવેલ પ્રભાવક આચાર્યો, ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકાથી બારમા સૈકા સુધીમાં થઈ ગયા છે. આથી તે ગ્રંથ પ્રાચીનશ્રુત પરંપરાના

---

૧ વિમલપ્રબંધ, પા. ૪૭, ખં. ૨. કડી, ૫૫ થી ૬૦

૨ જુઓ આબુ, ભા. ૧, પા. ૪૬ ઉપર આવેલ આબુના વિમળવસહિ મંદિરમાં સ્થાપિત ભગવતી અંબિકાની પ્રાચીન પ્રતિમાનું ચિત્ર.

આધારે રચાયો હોવાનું સમજાય છે. તેમાંની કેટલીક હકીકતો ઐતિહાસિક અને નક્કર પ્રમાણોવાળી હોવાથી, ઇતિહાસનાં કેટલાંક વિધાનો ઉપર અપૂર્વ પ્રકાશ પડ્યો છે. તેના કથન પ્રમાણે અંબા–અંબિકાનો પ્રાદુર્ભાવ, આબુના કાસહૃદમાં થયો હોય તો, ભગવતી અંબાનું પ્રાચીન સ્થાન, અર્બુદમાં પાંચમા-છઠ્ઠા સૈકા પહેલાંનું હોવું જોઈએ. અર્થાત્ અર્બુદ સાથે અંબિકાની પ્રાચીન પરંપરા ઐતિહાસિક દૃષ્ટિએ અતિ પ્રાચીન કાળથી ઊતરી આવી હોવાનું સમજાય છે.

ગુજરાતમાં આરાસુરી અંબિકા પ્રત્યે લોકોનો અદ્દ્ભુત ભક્તિભાવ વધ્યા પછી, તેનાં સેંકડો મંદિરો ગામડાંઓ અને મોટાં શહેરોમાં પાછળથી બંધાયાં છે. તેટલું જ નહિ પણ ગિરનાર જેવા પાર્વતીય મહાસ્થાનમાં પણ ભગવતી અંબાનું પ્રાચીન મહાસ્થાન આવેલું છે. આ પીઠસ્થાનની નોંધ સ્કંદપુરાણ પ્રભાસખંડ અને વાયુપુરાણમાંથી મળતી હોવાના કારણે અંબિકાની ઉપાસના ઘણા જ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાનું જણાય છે. ગિરનાર ઉપરનાં બધાં હિંદુ દેવસ્થાનોમાં સૌથી વધારે જૂનું અને લોકોની વધુ માન્યતાવાળું સ્થાન અંબાજીનું જણાય છે. જૈનમંદિરોથી પણ ઉપર ત્રણસો ફૂટ ઊંચે એક પહોળા શિખર ઉપર આ દિવ્ય ધામ આવેલું છે. અનુમાનથી લાગે છે કે, અર્બુદનાં અંબિકાનો પ્રચાર અને શ્રદ્ધાભક્તિ ગુજરાતમાં વ્યાપક બન્યા પછી, કાઠિયાવાડના શ્રદ્ધેય મનુષ્યોએ, જુનાગઢ પાસે ગિરનાર પર્વત ઉપર પ્રાચીનકાળમાં આ સ્થાન સ્થાપ્યું હોય એમ માનું છું. આ અંબિકાની સ્થાપના સં. ૧૨૧૫માં કરવામાં આવી હોવાનો શિલાલેખ છે. જે નેમિનાથના દેવાલયની ઘટી પામે જતાં, વચ્ચે બારીની ડાબી બાજુએ કોતરેલો છે, તેમાં સં. ૧૨૫૨ના ચૈત્ર સુદ ૮ ને રવિવારે અંબિકાની સ્થાપના કરી હોવાનું જણાવ્યું છે. આથી ગિરનારનાં અંબિકા તેરમા સૈકામાં સ્થપાયાં હોવાનું સમજાય છે; પણ તે સ્થાન પ્રાચીન કાળનું હોવાના પુરાવાઓ મળતા હોવાથી તેરમા સૈકામાં આ સ્થાનનો જીર્ણોદ્ધાર થયો હશે એમ

લાગે છે. બરડા પર્વતમાં પણ ભગવતી અંબાનું એક પ્રાચીન સ્થાન છે. ત્યારબાદ ખેડબ્રહ્મામાં પણ ભગવતી જગદંબાનું નવીન સ્થાન આ જ કેટલાંક વર્ષોથી સ્થાપ્યું હોઈ, આરાસુરી અંબાના દિવ્ય પીઠસ્થાન પ્રમાણે ત્યાં પણ ધર્મશાળાઓ વગેરે બંધાઈ છે. ઈડર પ્રદેશના તેમ જ અમદાવાદના કેટલાક ભાવિક ભક્તોનો સમૂહ આ તરફ વળ્યો હોઈ, ભગવતી આરાસુરી અંબાનો અહીં પ્રાદુર્ભાવ થયો હોવાનું માને છે. આમ ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી, ભગવતી અંબિકાની માન્યતા વધુ પ્રચારમાં આવતાં, આજે તો ઠેર ઠેર તેનાં નાનાંમોટાં મંદિરો જોવામાં આવે છે.

આબુ પર્વત અને તેની આજુબાજુના પ્રદેશમાં શક્તિ–દેવીઉપાસના અતિ પ્રાચીન કાળથી પ્રચારમાં આવી હોવાના પુરાવા મળે છે. સિરોહી રાજ્યના પ્રદેશમાં તો, જગદંબાની ભક્તિ લગભગ શ્રીહર્ષના સમયકાલમાં પણ પ્રચલિત હતી એમ જાણવા મળે છે. સિરોહી રાજ્યમાં વસંતગઢ નામનો એક નાનો ડુંગર, પિંડવાડા સ્ટેશનથી પાંચ માઈલ દૂર આવેલો છે. આ ગઢની પશ્ચિમમાં "ખીમેલ"થી ઓળખાતું પ્રાચીન ક્ષેમાર્યાનું મંદિર છે. તેમાં એક ઈ. સ. ૬૨૫નો શિલાલેખ છે, તેમાં જણાવ્યું છે કે, "આબુ પર્વતના પ્રદેશમાં વર્મલાત રાજાનો સામંત રાજીલ હતો, ત્યારે સત્યદેવ નામના વેપારીએ મહાજનની આજ્ઞાથી આ મંદિર બંધાવ્યું હતું. આ સિવાય વટપુર જેનું સંસ્કૃત નામ વસિષ્ઠપુર છે તે ગામ પણ સિરોહી રાજ્યમાં આવેલું છે. ત્યાં એક દેવીમંદિર હતું જેનો જીર્ણોદ્ધાર વિગ્રહરાજનાં રાણી લાહિનીએ કર્યો હતો. રાજપુતાનામાં પુષ્કરક્ષેત્ર પાસે ક્ષેમંકરીનું પ્રાચીન પીઠસ્થાન છે. પદ્મપુરાણમાં તેનું કથાનક આપવામાં આવેલું હોઈ, મહિષાસુરને ભગવતીએ અહીં મહિષ-મર્દિની સ્વરૂપે માર્યો હોવાનું જણાવ્યું છે.[૧] ચંડિકાશ્રમ માહાત્મ્યમાં જણાવેલ મહિષાસુરની સારીયે કથા, આ આખ્યાનમાં આપેલી છે. આમ

૧ પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૩૦

અર્બુદ પર્વત અને તેની આજુબાજુના પ્રદેશમાં શક્તિ–દેવી ઉપાસનાનો પ્રચાર સાતમા-આઠમા સૈકા પૂર્વેથી પ્રચારમાં આવ્યો હતો એમ ઐતિહાસિક ઉલ્લેખોના આધારે આપણે જાણી શકીએ છીએ. આ બધાં પ્રમાણો, અને ઐતિહાસિક ઉલ્લેખો ભગવતી જગદંબાનું સ્થાન છઠ્ઠા-સાતમા સૈકા પૂર્વેનું હશે એમ માનીશું તો અસ્થાને નહિ ગણાય.

અંબાભવાનીની સાકાર કલ્પના, અર્થાત્ મૂર્તિસ્વરૂપ, મહિષમર્દિની મહિષાસુરનો નાશ કરતી હોય તેવું માનવામાં આવે છે. ચિત્રોમાં તેમ જ મૂર્તિઓમાં અંબિકા આ જ સ્વરૂપે સેંકડો મંદિરોમાં પૂજાય છે. મહિષમર્દિનીની સેંકડો નાનીમોટી પ્રતિમાઓ ભારતભરમાંથી મળે છે. આ બધામાં અતિ પ્રાચીન મહિષમર્દિનીની મૂર્તિઓ, ઉદયગિરિની ગુફામાંથી, તેમ જ દક્ષિણમાં મહાબલીપુરના ખંડિત મંદિરોમાંથી મળી છે, જે ચંદ્રગુપ્ત બીજા( વિક્રમાદિત્ય )ના કાળની હોવાનું મનાય છે. આથી ચોથા-પાંચમા સૈકામાં મહિષમર્દિની–દુર્ગા, અંબિકાનું સ્વરૂપ ભારતમાં ખૂબ પ્રચલિત હતું એમ જાણી શકીએ છીએ. આ સિવાય ઈલોરાની ગુફાઓમાંથી પણ આવી પ્રતિમા મળી આવી છે. અંબાભવાનીનું પૌરાણિક ચરિત્ર, મહિષાસુરના વધની આખ્યાયિકા રજૂ કરતું હોવાથી, આ સ્થાન અને ભગવતી અંબાનું આ ધામ, મહિષાસુરની કથા સાથે સંકળાયેલું છે, અને તેથી જ અંબાની પ્રતિમા મહિષાસુરમર્દિની તરીકે પ્રાચીન કાળથી કલ્પી છે. ટૂંકમાં અંબિકાનો પ્રચાર ચોથા-પાંચમા સૈકા પૂર્વેથી ભારતમાં ઊતરી આવ્યો હોવાનું, પ્રાપ્ત તેવાં પ્રાચીન મૂર્તિશિલ્પોના આધારે જાણવા મળે છે. આમ અંબિકાની ઐતિહાસિકતા અને તેનો પ્રચાર પ્રાપ્ત પુરાવાઓના આધારે પૂર્વકાલીન હોવાનું નિશ્ચિત થાય છે. એટલે અર્બુદાચલનાં અંબાભવાનીનું સ્થાન પણ અતિ પ્રાચીન કાળનું હોવાની માન્યતા યથાર્થ અને સપ્રમાણ હોવાનું સ્પષ્ટ રીતે જણાય છે.

# પ્રકરણ ૯મું

# લોકકથાઓ

ભગવતી જગદંબા ત્રિગુણાત્મક પરાંબા મહાશક્તિ તરીકે સનાતન ધર્મમાં વેદવિખ્યાત છે. તેમની શક્તિ અને ઐશ્વર્ય માટે વૈદિક ઋચાઓ, ઉપનિષદો, અને પુરાણોમાં ખૂબ લખાયું છે. આધ્યાત્મિક દૃષ્ટિએ પણ સકલ વિશ્વના દરેક જીવોમાં તેમનું સ્થાન એક મહાશક્તિ તરીકે વ્યાપ્ત હોવાનું ઉપનિષદો જણાવે છે. તે મહા પ્રાણશક્તિ જગતમાં ચેતન અને જીવન અર્પે છે. તે કરુણામયી અને વાત્સ્યલ્ય મૂર્તિ જગતની અધિષ્ઠાત્રી હોવા છતાં, સારાયે વિશ્વની માતા છે. તેથી જ જગજ્જનની તરીકે આપણે તેને વંદીએ છીએ. તેની કૃપાથી જ જગતના સર્વ પ્રાણીઓ, ઐહિક અને પારમાર્થિક સુખો પ્રાપ્ત કરતાં હોવાનું ધર્મ-શાસ્ત્રીઓ કહે છે. જ્યારે જ્યારે દેવો અને માનવો ઉપર સંકટનાં વાદળો આવે છે, ત્યારે ત્યારે ભગવતી જગદંબા અનેક સ્વરૂપે દરેકનાં દુઃખો નાશ કરવા પ્રયત્ન કરે છે. પુરાણો અને ઉપનિષદોમાં આ મહા શકિતએ કરેલ અનેક પરાક્રમોનાં કથાનકો વિસ્તારથી આલેખાયાં છે. તેવી જ રીતે ભગવતી જગદંબાની, અનેક ચમત્કારિક લોકકથાઓ પણ આજે પ્રચારમાં આવી છે, જે પરાંબા પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા, અને પ્રેમ વ્યક્ત કરે છે. ભગવતી અંબાભવાની માટે પણ, આવી કેટલીક દંતકથાઓ આજે સમાજમાં ફેલાયેલી છે, તેમાંથી મુખ્ય મુખ્ય શ્રદ્ધેય કથાઓની ટૂંક સમાલોચના અત્રે આપવામાં આવી છે.

આવી ચમત્કારિક કથાઓમાં ગબ્બરગઢની લોકકથા આજે ખૂબ જાણીતી બની છે. ભગવતી અંબા ભવાનીનો નિવાસ, હાલના અંબાજીના સ્થાનથી પશ્ચિમમાં ગબ્બરગઢમાં હોવાનું કહેવાય છે. ત્યાં પહેલાં કિલ્લેબંદીવાળો ગઢ હતો, અને તેમાં ભગવતીનો રાજમહેલ

આવ્યો હતો. એક વખત માતાજીની ગાય આખો દિવસ રબારીના ઢોર ભેગી ચરતી તેના ગોવાળને દેખાઈ. રાત્રે તે માતાજીના ગઢમાં જતી. રોજ આ પ્રમાણે બનવા લાગ્યું એટલે ગોવાળને થયું કે આ ગાય કોની ? તેનો માલિક મને ભળાવી ગયો નથી, તેમ જ તેની ચરાઈ પણ આપતો નથી માટે આજે તો તે કયાં જાય છે તેની તપાસ રાખવી. આવો નિશ્ચય કરી સાંજે ગોવાળ તે ગાયની પાછળ પાછળ તે ગઢમાં ગયો. ત્યાં તેને ભવ્ય રાજમહેલ જોયો. આ મહેલમાં ભગવતી જગદંબા હિંચકે હિંચતાં હતાં, અને ઘણીક દાસીઓ તેમની સેવામાં હાજર રહી કામકાજ કરતી હતી. ગોવાળને ખૂબ આશ્ચર્ય થયું, પણ હિંમત ધરી માતાજીની પાસે ગયો અને પૂછવા લાગ્યો, આ ગાય તમારી છે ? માતાજીએ હા કહી. એટલે ગોવાળ કહેવા લાગ્યો કે આ ગાયને હું કેટલાય વખતથી ચરાવું છું તો તેની ચરાઈ મને આપો. ત્યાં જવનો એક ઢગલો પડચો હતો તેમાંથી થોડાક જવ ગોવાળને આપવા માટે માતાજીએ ત્યાં કામ કરતી એક દાસીને આજ્ઞા કરી. દાસીએ એક સૂપડું જવ તે ગોવાળને આપ્યા. ગોવાળે જવ પોતાની પછેડીમાં લીધા ખરા, પણ તે નિરાશ થઈ ગયો. આટલા લાંબા વખત સુધીની ચરાઈમાં ફક્ત આટલા જ જવ ! આવી લક્ષ્મીવાન બાઈ મને આ શું આપે છે, અર્થાત્ કાંઈ જ આપતી નથી, એમ માની ક્રોધમાં તેને તે જવ ગઢના મુખ્ય દ્વાર પાસે પાછા નાખ્યા અને ઘેર ગયો. ઘેર ગયા પછી તેને પછેડી જોઈ, તો તેમાં ચોંટી રહેલા બધા જવ સોનાના માલમ પડચા. આ આશ્ચર્યથી મુગ્ધ બની બીજે દિવસે તે ગોવાળ ગઢની શોધ કરવા પર્વતમાં ગયો તો તેને રસ્તો જ સૂઝચો નહિ. તેટલુંજ નહિ પણ માતાજીની ગાય પણ તેના જોવામાં આવી નહિ. આજે ગબ્બરગઢ ચડતાં વચ્ચે એક સ્થાનક આવે છે, ત્યાં એક ફાટ જેવું પર્વતમાં જણાય છે. લોકો ત્યાં કાન માંડી સાંભળે છે, અને ભગવતી હિંચકા ઉપર હિંચતાં હોય તેવો શબ્દ સંભળાતો હોવાનું કહેવાય છે.

ગબ્બર એક નાનો પર્વત છે, જે અંબાજીથી પશ્ચિમે આશરે એક માઈલ દૂર આવેલો છે. ત્યાં તળેટીથી ઉપર ચડવાનાં પગથિયાં કેટલેક સુધી બાંધેલાં છે, અને ચડાવ જરા વિકટ તેમ જ કઠણ છે. આશરે ૨૦૦ થી ૩૦૦ પગથિયાં જેટલું ચડાણ ચડયા બાદ સાંકડા માર્ગે થઈ ઉપર જવાય છે. ડુંગરના ટોચ ભાગે એક વિશાળ પરથાર છે, ત્યાં ભગવતીનું સ્થાન બનાવેલું છે. લોકો ભક્તિભાવથી ધૂપ, દીપ, શ્રીફળ વગેરે અર્પણ કરે છે. ત્યાંથી ઊતરવાનો બીજો માર્ગ છે જે સીધો નાની કેડીવાળો વાંકાચુકા માર્ગે થઈને ઠેઠ નીચે જાય છે. પાર્વતીય ચડાણનો અદ્ભુત અનુભવ, ગબ્બરગઢની યાત્રાએ જવાથી મળે છે.

બીજી એક દંતકથા ભગવતીના સંબંધમાં એવી વહેતી થઈ છે કે, આ ગબ્બરગઢના ડુંગરની પાસે બીજો એક ડુંગર છે, ત્યાં સિરોહી પ્રદેશનો કોઈ ખેડૂત બળદની જોડ વેચવા નીકળ્યો. તે ભટકતો હતો તેવામાં તેને એક ગોંસાઈ મળ્યો. તેને કહ્યું કે જો તું મારી સાથે આવે તો તારા બળદ વેચાવી આપું. આથી પેલો ખેડૂત ગોંસાઈની પાછળ ચાલ્યો, અને ડુંગરામાં એક ગુફા હતી તેમાં બંને પેઠા. ગુફામાં કેટલેક દૂર ગયા પછી ભવ્ય મોટા ઓરડાઓ આવ્યા. તેની પાસે એક ડેલું હતું તેમાં ઘણા ઘોડા બાંધેલા હતા. ત્યાં ઘણાં માણસો કામ કરતાં હતાં. તે બધા માણસોને પહેરવાનાં કવચ, તેમ જ તોપો વગેરે હથિયારો અને બીજો લડાઈનો સામાન તૈયાર કરતા હતા. ત્યાં હથિયારો અને તોપોના ગોળાનો તો મોટો ગંજ ખડકયો હતો. ગોંસાઈએ ખેડૂતને પૂછી બળદોની કિંમત નક્કી કરી, અને બળદો વેચાતા રાખી લઈ તેને નક્કી કરેલી રકમ ચૂકવી આપી. ખેડૂતે પેલા ગોંસાઈને પૂછ્યું કે આ કોનો મહેલ છે અને અહીં કોણ રહે છે તે તો જણાવો. ત્યારે તેને જણાવ્યું કે હમણાં તારે તે સંબંધી જાણી શું કરવું છે? બે વર્ષ પછી બધું તારા જાણવામાં આવશે. આ તો અંગ્રેજ સરકાર સામે યુદ્ધ કરવાની સામગ્રી તૈયાર થાય છે. ખેડૂત પોતાના ઘેર આવ્યો અને ગામના લોકોને આ

બધી વાત કરી. ગામના લોકોને આશ્ચર્ય થયું, તેથી પેલા ખેડૂતને લઈ તે બધા આ ડુંગરમાં ગુફા જોવા આવ્યા, પણ તેઓને ગુફાનો કોઈ પત્તો લાગ્યો નહિ. આ પણ ભગવતીનો મહેલ હતો જ્યાં ત્રૈલોક્યજનની ભગવતી અંબા ભવાની નિવાસ કરતાં હતાં એવી માન્યતા છે.

ભગવાન શ્રીકૃષ્ણના વાળ અહીં ઉતરાવવામાં આવ્યા હતા, એવી પણ કથા લોકોમાં આજે પ્રચલિત છે. તદ્ ઉપરાંત કુંભારિયા ગામના સ્થાને રુક્મિણીના પિતા ભિષ્મકરાજની જૂની રાજધાની કુંડિનપુર નામે શહેર હતું. પોતાનો વિવાહ થયા પહેલાં રુક્મિણી ભગવતી અંબાની આરાધના કરવા અહીં આવ્યાં હતાં વગેરે. બંધબેસતી લૌકિક ગાથાઓ લોકોમાં બોલાય છે. આ વસ્તુને રજૂ કરતાં વલ્લભધોળાએ આનંદના ગરબામાં ગાયું છે કે :—

નૃપ ભીમકની કુમારી તમપૂજે પામી મા.
રૂકમણી રમણ મુરારી મનગમતો સ્વામી મા.

ઐતિહાસિક દૃષ્ટિએ આનું કાંઈ પણ મહત્ત્વ અંકાઈ શકે નહિ. પરંતુ ભક્તિશ્રદ્ધાના તંતુઓથી વણાયેલી આવી લોકકથાઓ, ભગવતી પ્રત્યે અનન્ય ભાવના ઉત્પન્ન તો કરે છે એમાં શક નહિ.

આવી જ એક આખ્યાયિકા મંદસોરના શેઠ અખેરાયજીની ચાલે છે. તેઓ વ્યાપાર કરવા દૂર દેશાવરમાં દરિયા પાર ગયા હતા, ત્યાંથી પુષ્કળ ધન કમાઈ દેશ આવવા લાગ્યા ત્યારે રસ્તામાં સમુદ્રની અંદર મોટું તોફાન થયું, તે વખતે તેમનું વહાણ ડૂબવાની અણી ઉપર હતું. શેઠ અખેરાજજીએ ભગવતી જગદંબાનું સ્મરણ કરી આ ભયંકર તોફાનમાંથી બચાવવા પ્રાર્થના કરી. તેટલું જ નહિ પણ વહાણમાંની અર્ધી સંપત્તિ માતાજીના ચરણે અર્પણ કરવાનો માનસિક સંકલ્પ કર્યો. ભગવતી તો ભક્તોના મનની વાત જાણવાવાળી છે, એટલે તેને બચાવવા પોતે ત્રિશૂળ લઈ ઉપડ્યાં, અને દૈવીશક્તિ વડે તેનું વહાણ તોફાનની

આંધીમાંથી ઉગારી કિનારે લાવી મૂક્યું. રાત્રિએ ભગવતી જગદંબાએ પૂજારીને સ્વપ્ન આપ્યું, કે મારાં વસ્ત્રો બદલાવી નાખો. આવું અદ્ભુત સ્વપ્ન આપવાથી પૂજારી મંદિરમાં ગયો, અને જોયું તો માતાજીનાં વસ્ત્રો પલળી ગયેલાં માલમ પડ્યાં. પછી માતાજીનાં વસ્ત્રો બદલાવી કોરી સાડી વગેરે ધરાવ્યાં. ભીનાં વસ્ત્રો નીચોવી જોતાં તેનું પાણી ખારું લાગ્યું. અંબાજી પાસે કોઈ ખારું તલાવ, સરોવર, કે સમુદ્ર નથી, તો ભગવતીનાં ભીંના વસ્ત્રોનું જળ ખારું કેમ? વળી રાત્રીના વખતે આવું સ્વપ્ન આપી જગાડ્યા હોવાથી, ત્યાંના લોકો પણ આ વાત જાણી આશ્ચર્યમુગ્ધ બની ગયા. પરંતુ આ વાત કોઈના પણ કહ્યામાં આવી નહિ. આ વાત દાંતાના મહારાણાજીને પણ જણાવી. તેઓ પણ ભગવતીના આ ચમત્કારથી તાજુબ થયા. એકવીસ દિવસ બાદ શેઠ અખેરાયજી ભગવતી જગદંબાના ધામમાં યાત્રાર્થે પધાર્યા અને પોતાનો આત્મવૃત્તાંત રાણાશ્રીને તેમ જ લોકોને કહ્યો. આથી તો લોકોની અપૂર્વ શ્રદ્ધા ભગવતી પ્રત્યે સુદૃઢ બની. શેઠ અખેરાયજીયે, કરેલ માનસિક સંકલ્પ પ્રમાણે પોતાની સંપત્તિનું અર્ધું ધન, ભગવતીને સમર્પણ કર્યું તેટલું જ નહિ પણ મોટી ધામધુમથી હવન વગેરે કરાવી એક કિંમતી હીરો ભગવતીને અર્પણ કર્યો, જે આજે પણ શ્રૃંગાર વખતે ધરાવવામાં આવે છે. તેમના તરફથી અખંડ ઘીના દીવાની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી હતી તે અદ્યાપિ પર્યંત તેમના વારસોએ ચાલુ રાખી છે.

આવા તો અનેક ચમત્કારો ભગવતી માટે લોકોમાં કહેવાય છે. હમણાં તાજો જ એક દાખલો સં. ૧૯૮૭માં બન્યો છે. સંવત ૧૯૮૭ના ભાદરવી સંઘ ઉપર પૂર્ણિમાને દિવસે સિનોર ગામના પાટીદાર લોકો જગદંબાની યાત્રાએ આવતા હતા. પાલનપુરથી ગાડી ઉપડ્યા પછી, રાત્રીના વખતે રોહ સ્ટેશને ગયા બાદ, બારણું ઉઘડી જવાથી એક ત્રણચાર વર્ષનો છોકરો, ગાડીમાંથી બહાર પડી ગયો. ગાડી પૂરજોસમાં જતી હતી, પણ સાંકળ ખેંચવાથી કેટલેક દૂર જઈ ગાડી ઊભી રહી. આ

બાળકના માતાપિતાએ રાત્રે ઘણી શોધ કરી, પણ તેનો પત્તો લાગ્યો નહિ. ગાડી ઊપડી ગઈ, અને માતાપિતા વગેરે તેનાં સગાંસ્નેહીઓએ રાત્રે ત્યાં ખૂબ તપાસ કરી. સવારમાં જુએ છે તો ત્યાંથી થોડે દૂર, આ બાળકને જંગલમાં રોતો જોયો. તેની માતાને આ બાળક કહેવા લાગ્યો કે, રાત્રે મારી પાસે તું બેઠી હતી, અને હમણાં મા તું કયાં ગઈ હતી. છોકરાની આ વાત સાંભળી બધાને લાગ્યું કે, જગદંબાએ જ આખી રાત્રી તેની માતાના સ્વરૂપમાં બાળકની રક્ષા કરી હતી.

આવા અનેક ચમત્કારો ચુંવાળનાં બહુચરાજી તેમ જ પાવાગઢના મહાકાળી માટે પણ સમાજમાં પ્રચલિત છે. શ્રદ્ધાન્વિત ભાવનાથી વિચારતાં, આવા ચમત્કારો ભગવતીનાં પરાક્રમો નથી, પણ પ્રાણી માત્ર ઉપર તેમની અનુકંપા અને વાત્સલ્ય હોવાનું માલમ પડે છે. મા જગદંબા સમસ્ત વિશ્વની માતા છે, એટલે તે તેનાં બાળકોને દુઃખમાંથી મુક્ત કરે, તેના સુખ માટે શકય તેટલા પ્રયત્નો કરી સુખી બનાવે જ. પરંતુ બાળકોએ પોતાનું સર્વસ્વ માતૃચરણે ધરવું જોઈએ. જો મનુષ્ય તેવી ઉદાત્ત ભાવનાથી માની પરમ ભક્તિ કરે તો જીવનમાં તેને કોઈ પણ પ્રકારનાં કષ્ટો આવતાં નથી, અને કદાચ આવે તો મા અંબા ભવાની તે દરેક દુઃખદાવાનળોમાંથી ઉગારી લે છે. આ બધી દંતકથાઓમાંથી એટલો જ નિષ્કર્ષ નીકળી શકે છે કે, ભગવતી પોતાના ભક્તોનું સદાસર્વદા, સર્વ રીતે કલ્યાણ કરે છે. મહારાણા પ્રતાપને પણ ભગવતી જગદંબાએ અદ્ભુત સહાય કરી હોવાની લોકકથા આજે લોકજીભે રમી રહી છે.

તેના માટે એવું કહેવાય છે કે, જ્યારે મહારાણા પ્રતાપ અકબરનો સામનો કરી, પોતાની ટેક માટે વનવન ભટકતા હતા, ત્યારે એક વખત પોતાની રાણી જે ઇડરનરેશની પુત્રી હતી, તેને મળવા માટે નિશ્ચિત તારીખે ત્યાં જવાનો વાયદો કર્યો. આ હકીકત અકબરના જાણવામાં આવતાં, તેને મહારાણા પ્રતાપને પકડવા, સૈન્ય મોકલી ઇડર ઉપર ઘેરો

ઘાલ્યો. મહારાણાએ જાણ્યું કે, જો વાયદા પ્રમાણે હું મળવા ન જાઉં, તો ભીરુ ગણાઉં જૂઠો પડું, અને જો મળવા જાઉં તો મારી પૂરતી સલામતી નથી. આમ તેમને ધર્મસંકટ આવવાથી ખૂબ ચિન્તાતુર રહેવા લાગ્યા. છતાં વાયદા પ્રમાણે મળવા જવાનો મક્કમ નિશ્ચય કર્યો. તે વખતે મુશળધાર વૃષ્ટિ પડતી હતી, અને એક રાતમાં મેવાડથી ઇડર પચાસ ગાઉ દૂર જવાનું હતું. મહારાણાએ પોતના ચેટક અશ્વને તૈયાર કર્યો. ઘોડે પલાણ માંડી વરસતા વરસાદની ઝડીમાં ચાલી નીકળ્યા, અને સાબરમતીના કિનારા ઉપર આવી પહોંચ્યા. નદીમાં પૂર આવ્યું હતું, તેટલું જ નહિ પણ પાણી તીવ્ર વેગથી વચ્ચે જતું હોવા છતાં, મહારાણાએ ચેટકને નદીમાં ઉતાર્યો. ચેટક પૂરજોશથી મઝધારમાં આગળ ધસ્યો. પરંતુ દૈવયોગે તેનો એક પગ કળવા લાગ્યો અને ડૂબવાની તૈયારીમાં હતો. તે વખતે પ્રતાપરાણાએ ભગવતી જગદંબાને પ્રાર્થના કરી કહ્યું કે, હે મા જો હું મારી ટેક પાળી, વાયદા પ્રમાણે રાણીને મળી સુખરૂપ પાછો ફરીશ તો મારી શક્તિ સ્વરૂપા આ તલવાર તારા ચરણે ધરીશ. આમ કહેતાં જ ચેટક નદી તરી જઈ બહાર નીકળ્યો. રાણા પ્રતાપ નિશ્ચિત સમયે ઇડર જઈ રાણીને મળ્યા, અને બાદશાહનો ઘેરો તોડી સહીસલામત પાછા ફર્યા. ત્યારપછી તેઓ ભગવતીના દર્શને ગયા, અને જગદંબાને પોતાની પ્રિય તલવાર અર્પણ કરી, ભક્તિ ભાવ પૂર્વક પ્રાર્થના કરી. આજે પણ તે તલવાર ભગવતી અંબા ભવાનીના મંદિરમાં રાખેલી છે, અને તેનું નિત્ય પૂજન કરવામાં આવે છે.

સંવત ૧૮૯૯માં અમદાવાદના શેઠ હઠીભાઈએ તારંગાનો મોટો સંઘ કાઢયો હતો, તેમાં હજારો માણસો તીર્થયાત્રા કરવા આવ્યા હતા. આ સંઘ તારંગાની યાત્રા કરી આબુ ગયો. રસ્તામાં ભગવતી અંબાજીનું યાત્રાધામ આવવા છતાં, સંઘના આગેવાન સંઘવી શ્રી. હઠીભાઈ શેઠ તેમ જ તેમાંના યાત્રાળુઓએ માતાજીની અવજ્ઞા કરી દેવદર્શન કર્યાં નહિ. આથી સંઘમાં કોલેરાનો રોગ ફાટી નીકળ્યો. સંઘવીને માલમ

પડયું કે, માતાજીની અવગણનાના કારણે આ બધું બન્યું છે. તેથી તેણે જગદંબાની બાધા રાખી, માતાજીનો સંઘ કાઢયો. ભગવતીની પ્રાર્થના કરવાથી મહામારીનો રોગ શાંત થયો. આ હકીકતનો ગરબો સં. ૧૮૯૯-માં વડનગરનિવાસી યદુરામ મહારાજે બનાવ્યો છે, જે અંબિકેન્દુશેખર કાવ્યમાં પ્રસિદ્ધ થયો છે.

અંબાજીના પવિત્ર તીર્થધામમાં, પહેલા લોકો પોતાની ધારેલી મન-કામનાઓ પૂરી કરવા, માતાજીના દ્વાર પાસે ત્રાગાં અને લાંઘણો કરતા હતા. આવા કેટલાયે બનાવો ભાટચારણોની નોંધોમાં સંગ્રહાયા છે. તેમાંથી એક પ્રસંગ આપવામાં આવેલ છે. સં. ૧૮૪૮માં દાંતામાં જાતી બેઠી. તે વખતે આરાસુરી અંબાજીમાં બે ચારણ ભાઈઓ આવ્યા; અને માતાજીના મંદિરમાં બેસી દસબાર લાંઘણો ( ઉપવાસ ) કર્યા, પણ માતાજી પ્રસન્ન થયાં નહિ, એટલે તે પૈકી મોટાએ ગળે કટારી મારી, અને નાનાએ તરવાર વડે તેનું માથું કાપી માતાજી પાસે નાખ્યું. લોકો ગભરાયા અને બહાર નાસી ગયા. આ વખતે ભટજીએ પેલા નાના ભાઈને બહાર નીકળવા કહ્યું, પણ તેણે કહ્યું કે માતાજી મારા ભાઈને જીવતો નહિ કરે તો હું પણ મારો આત્મભોગ આપીશ. પછી ભટજીએ તેને યુકિત પ્રયુક્તિથી સમજાવી બહાર કાઢયો, અને દરબારના માણસો પાસે પકડાવી તેને કબજે કર્યો. આમ દીનદુઃખી લોકો માતાજી પાસે ત્રાગાં કરવા આવતા અને લાંઘણો વગેરે કરી માતાજીના મંદિરમાં દિવસોના દિવસો સુધી બેસતા હતા. આ પ્રસંગ કવીશ્વર દલપતરામે પોતાની નોંધપોથીમાં પાણિયારીના ગઢવી વલમદાસ પાસેથી લખ્યો હોવાનું જણાવ્યું છે.

## પ્રકરણ ૧૦મું

# યાત્રાધામ અંબાજી

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામોમાં, અંબાજીનું સ્થાન ઘણું જ પ્રાચીન અને વધુ જાણીતું છે તેનાં બે કારણો મુખ્ય હોવાનું જણાય છે. એક તો પાર્વતીય પ્રદેશમાં શહેરની ઝંઝટથી દૂર, અને આરોગ્યપ્રદસ્થાનમાં તે આવેલું હોવાથી, મનુષ્ય પોતાના વ્યવસાયમાંથી મુકત બની તેટલા દિવસો શાંત ચિત્તે અહીં આનંદમાં વિતાવે છે. અને જાણે એમ જ લાગે છે કે, ભગવતીના આ પરમપુનિત ધામમાં આવી મને ખૂબ શાંતિ મળી છે. આરોગ્યપ્રદ હવામાન અને માનસિક શાંતિમાં ભગવતીનું ધ્યાન,–પૂજન–અર્ચન વગેરે કરતાં મનુષ્યને ખૂબ આનંદ અને નવું જીવન પ્રાપ્ત થાય છે.

બીજી વિશિષ્ટતા છે ભગવતી જગદંબાના દિવ્યધામની. અહીં બીજાં તીર્થોની માફક નથી પંડાનો ત્રાસ, કે દરેક જાણીતાં તીર્થોમાં હોય છે તેવી ગંદકી તથા અનીતિના અડ્ડાઓનાં ભયસ્થાનો. આ કારણથી આ પવિત્ર સ્થાન સનાતન ધર્માવલંબી પ્રજાનું માનીતું યાત્રાધામ બની ચૂક્યું છે. આ સિવાય ગબ્બર, કોટેશ્વર, વગેરે સ્થાનોનાં નૈસર્ગિક સૌંદર્ય અને જગત્પાવની ભગવતી સરસ્વતીનો પુનિત પ્રવાહ વગેરે પણ આ સ્થાનની યાત્રાનાં અનેરાં આકર્ષણો છે. આવાં અનેક કારણોને લઈ, આ ધામની યાત્રાએ દર વર્ષે લાખો માણસો, સમસ્ત ગુજરાત કાઠિયાવાડમાંથી જ નહિ પણ સારા યે ભારતભરમાંથી આવે છે.

આરાસુરના ડુંગરમાં ભગવતી જગદંબાનું સ્થાન આવેલું છે. જે અરવલ્લી પર્વતના ઘાટની નૈઋર્ત્યમાં આવે છે. પહેલાં તો લોકો દાંતા–ભવાનગઢ થઈ, આ ધામની યાત્રાએ આવતા હતા, પણ અમદાવાદ

દિલ્હીની રેલ્વે ચાલુ થયા પછી, હવે આબુરોડથી લોકો અહીં આવે છે. આબુરોડ સ્ટેશનથી બાર માઈલ દક્ષિણે અંબાજીથી જાણીતું ગામ અને ધામ છે. પહેલાં અહીંથી યાત્રિકો ચાલીને કે ગાડાં તથા ઘોડાં વગેરે વાહનો લઈ અંબાજી યાત્રાએ જતા હતા. પરંતુ હમણાં આબુરોડથી અંબાજી સુધી પાકી એસ્ફાલ્ટ( ડામર )ની સડક બનાવી દીધી હોઈ, ત્યાં જવા મોટર સર્વીસ પણ નિયમિત ચાલુ થઈ છે. એટલે હવે યાત્રિકોનો મોટો ભાગ મોટરમાં જ અંબાજી જાય છે. આબુરોડ સ્ટેશન–ખરાડી ગામથી પગ રસ્તે જતાં ત્રણ માઈલ ઉપર તેલિયા નામની નદી આવે છે. ત્યાં શિયાવાડ ચોકી છે. અને પાસે જ શિયાવાડનું નામનું ગામ પણ છે. અહીંથી ત્રણ માઈલ દૂર "સુરપગલાં" નામનું ગામ આવે છે. આ ગામ સિરોહી રાજ્યનું પહેલાં હતું, અહીં એક હિન્દી સ્કૂલ અને ચોકી છે. ત્યાંથી આગળ ચાલતાં "પદાણ ચોકી" આવે છે. અહીં બે ધર્મશાળાઓ અને દુકાનો વગેરે હોવાથી રાત રહી શકાય તેવી વ્યવસ્થા છે. અહીંથી આરાસુરનો પહાડ શરૂ થાય છે. ભગવતી જગદંબા આ પર્વતમાં આવેલ હોવાથી, તેને આરાસુરી અંબા કહેવાય છે. આરાસુરનો પર્વત સફેદ હોવાથી માતાજીને ધોળાગઢવાળી પણ કહે છે.

આરાસુર–અંબાજી ગામમાં જતા પહેલાં, યાત્રાળુ કર દરેકને આપવો પડે છે. પહેલાં તો તેનો દર પુરુષના રૂ. ૧ાાા≈ાા, સ્ત્રીના ાા≈ાા, અને બ્રાહ્મણના ાા≈ાા કર લેવામાં આવતો હતો જેને મુંડકું કહેતા. પરંતુ સ્વરાજ્ય આવ્યા બાદ દરેક માટે હવે એકસરખો યાત્રાળુ કર જૂજ રકમનો રાખ્યો છે. ગામમાં દાખલ થતાં જમણી બાજુ હોસ્પીટલ અને આગળ જતાં ધર્મશાળાઓ આવે છે. રસ્તામાં જતાં દાંતાના મહારાણાનો રાજમહેલ સહેજ ઊંચી જગ્યામાં આવેલો છે. આ ગામમાં જગદંબાનું મુખ્ય મંદિર, એની આસપાસ સંખ્યાબંધ ધર્મશાળાઓ, મોદીની દુકાનો, અને મોટે ભાગે જંગલી પહાડી લોકો જેને ભાઉડાં કહે છે, તેઓનાં કેટલાંક ઝૂંપડાં આવેલાં છે. આ લોકો યાત્રાળુઓનું કામકાજ કરે છે.

માતાજીનું મંદિર જાણે કોઈ કિલ્લેબંધી ગઢમાં આવ્યું હોય તેવું જણાય છે. સૌથી પહેલાં મોટો દરવાજો આવે છે. ત્યાંથી આગળ જતાં ડાબી બાજુ પૂજારી અને ઇજારદાર ભટના નિવાસસ્થાનો તેમ જ કાળ-ભૈરવનું મંદિર આવે છે. તેની નજદીકમાં જ એક બાજુ મોટી પથ્થર-બંધ વાવ પ્રાચીન વખતની બંધાવેલી છે, જેનું પાણી ત્યાંના લોકો વાપરે છે. આ વાવના કિનારા ઉપર એક ધર્મશાળા હમણાં જ બંધાવી છે. તેમાં માતાજીના હોમ, હવન વગેરે શ્રદ્ધાળુ યાત્રિકો કરાવે છે. દરવાજાથી સહેજ આગળ જતાં ખુલ્લો ચોક આવે છે, તેમાં ભગવતી જગદંબાના મંદિરમાં જવાનાં પ્રવેશદ્વારો આવેલાં હોઈ, સાત આઠ પગથિયાં ચડતાં માતાજીના ચોકમાં જવાય છે. બંન્ને પ્રવેશદ્વારો કમાનદાર દરવાજા જેવાં બનાવેલ હોઈ, આરસપહાણનાં સુંદર પગથિયાં તેમાં બનાવ્યાં છે. ચોકના મધ્ય ભાગે માતાજીનું સુંદર મંદિર બેઠા ઘાટનું બનાવી, આગળના ભાગે ભવ્ય મંડપ બનાવ્યો છે. માતાજીના સ્થાનની મહત્તા વિચારતાં, તે દૃષ્ટિએ આ મંદિર સામાન્ય જ ગણાય. આ મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેનો પૂર્વ ઇતિહાસ અંધારામાં જ છે. તે નાગર બ્રાહ્મણોએ બંધાવ્યું હતું એમ બોમ્બે ગેઝેટીયરમાં જણાવેલ છે.[૧] મંદિરના સ્તંભો ઉપર કોતરેલા શિલાલેખોમાં કેટલાક પંદરમી સદીના પણ જોવામાં આવે છે. આથી મંદિરનું સ્થાપત્ય તે અગાઉનું હશે એ તો નિર્વિવાદ છે. એટલે મંદિરનો સ્થાપત્યકાળ તેરમા ચૌદમા સૈકા સુધી લઈ જઈ શકાય તેમ છે. પરંતુ જ્યાં સુધી તેની પૂર્ણ માહિતી મળી આવે નહિ ત્યાં સુધી, ત્યાં સુધી તેનો સમય નિશ્ચિત કરવાનું સંદિગ્ધ જ રહે છે. ગભારાના દ્વારની એક બાજુ, બે હાથ જોડીને ઊભા રહેલા કોઈ રાજવીની આરસની મૂર્તિ છે. તેની નીચે લેખ પણ કોતરેલો જણાય છે. પરંતુ તે વાંચી શકાય તેવી સ્થિતિમાં રહ્યો નથી. આથી તે કોની મૂર્તિ છે તે જાણી શકાતું નથી. અનુમાનથી લાગે છે કે તે કોઈ ભક્તની, કે મંદિર બંધાવનારની તે

૧ બોમ્બે ગેઝેટીયર, વૉ. ૫., પા. ૪૩૩.

પ્રતિમા હશે. મધ્યકાળનાં મંદિરોમાં મંદિર બંધાવનાર, કે તેનો જીર્ણોદ્ધાર કરાવનાર ભક્તોની પ્રતિમાઓ મૂકવાની પ્રથા પ્રચલિત હતી. દેલવાડાના મંદિરોમાં પણ આવી પ્રતિમાઓ આજે મોજુદ છે. એટલે આ પ્રતિમા પણ મંદિર બંધાવનાર કોઈ રાજવી કે શ્રેષ્ઠીની હશે એમ લાગે છે. મંદિરના સ્તંભો આરસપહાણના છે, તેમ જ જમીન ઉપર પણ બધે આરસ જડી દેવામાં આવ્યો છે. મંદિરની બહારની બાજુ વિલાયતી ટાઇલ્સ ચારે તરફ જડી દીધી છે, એટલે તેનું સ્થાપત્ય અને શિલ્પ ઢંકાઈ જવાથી, કેવા પ્રકારનું હશે તે સમજી શકાતું નથી. મંડપ ઉપર આગળના ભાગે ત્રણ મોટાં ત્રિશૂલો મૂકેલાં છે. મંદિરના સામે મહાદેવજીનું મંદિર છે. જ્યારે જમણી બાજુ વારાહીનું અને ડાબી બાજુ ગણપતિનાં મંદિરો આવેલાં છે. મંડપમાં એક બાજુ બેસવાના કક્ષાસન ઉપર કેટલીક ખંડિત અખંડિત પ્રતિમાઓ મૂકેલી છે. તેમાં નવગ્રહ, ચૌદ હાથના વિષ્ણુ વગેરે મુખ્ય છે. આ સિવાય ગણપાતના મંદિરમાં એક ભીંતની અંદર રેવંતની પ્રતિમા મૂકેલી છે.

મંદિર આગળનો ખુલ્લો ચોક, ચાચર ચોકથી ઓળખાતો હોવાથી, માતાજીને પણ ચાચર ચોકવાળી કહે છે. આ ચોકમાં હોમ હવન, ગરબા તેમ જ ભવાઈ વગેરે થાય છે. ચાચર ચોકની આસપાસ નાગર બ્રાહ્મણોની જ્ઞાતિઓના પહાડ–ધર્મશાળાઓ આવેલી છે. પાછળની બાજુ બીજો દરવાજો છે, ત્યાંથી માનસરોવર ઉપર જવાય છે.

ગર્ભગૃહમાં માતાજીનો ગોખ છે. અહીં બીજાં મંદિરોની માફક સેવ્યપ્રતિમા નથી પણ ગોખમાં વીસોયંત્ર સ્થાપિત કરેલો છે, અને પીઠ પૂજા થાય છે. માતાજીનો શ્રૃંગાર એવી રીતે કરવામાં આવે છે કે જાણે તેમાં સાક્ષાત્ ભગવતી જગદંબાની પ્રતિમા બેસાડેલી હોય ! માતાજીની પૂજા દિવસમાં ત્રણ વખત થાય છે અને ત્રણે વખતે જુદા જુદા અલંકારો અને વસ્ત્રો ધરાવવામાં આવે છે. આ શ્રૃંગાર કરવામાં પ્રભાતે બાલસ્વરૂપ, મધ્યાહ્ને યુવા સ્વરૂપ, અને સાંજે પ્રૌઢા સ્વરૂપ વ્યક્ત

કરવામાં આવતાં હોઈ, અવસ્થાને અનુરૂપ વેશ પરિધાન. અને અલંકારો ધરાવે છે. તેવી જ રીતે વાહનો પણ જુદાં જુદાં હંમેશાં મુકાય છે. માતાજીનાં દર્શન સવારે ૮ થી ૧૨, મધ્યાહ્ને નૈવેદ્ય અને ત્યાર બાદ મંદિરનાં દ્વાર મંગળ (બંધ) થાય છે. સાંજના ચાર પાંચ વાગે ખૂલે છે, અને રાત્રીએ આરતીનો ઠાઠ મોટી ધામધૂમપૂર્વક થાય છે, જે વખતે યાત્રિકોની મોટી ભીડ જામે છે. રાસમાળામાં ફાર્બસ સાહેબે અંબાજીમાં મૂર્તિ હોવાનું જણાવ્યું છે, પરંતુ ગૃભગૃહમાં ફક્ત માતાજીનો ગોખ હોવાનું જાણવા મળે છે. સ્વ. શ્રીરત્નમણિરાવભાઈ જોટે, ફાર્બસના કથનને પ્રમાણભૂત ગણાવતાં, યંત્રની પાછળ પ્રતિમા હોવાનું કુંભારીયાના લેખમાં જણાવે છે.[૧] તેમના જેવા ગુજરાતના આરૂઢવિદ્વાન આ વાતને સમર્થન આપતા હોવાથી, સમાજમાં રૂઢ બનેલી ફકત યંત્ર અને ગોખની માન્યતા ફેરવવી પડે તેમ છે. તેમને ઉક્ત લેખમાં જણાવ્યું છે કે, અંબાજીમાં યંત્રની પાછળ મૂર્તિ છે, અને જેને ઇચ્છા હોય તેને ખાસ દર્શન કરવા દે છે. આથી અંબાજીના પરમધામમાં યંત્ર પાછળ પ્રાચીન પ્રતિમા હોવાનું જાણવા મળે છે. આ સિવાય ગર્ભગૃહમાં ભીંતની અંદર ચોડેલી એક બે માનવ પ્રતિમાઓ, ભકતોની કે કોઈ રાજવીઓની હોવાનું જાણવામાં આવ્યું છે. પરંતુ હજુ સુધી મારા જોવામાં તેવી કોઈ પ્રતિમા આવી નથી.

અંબાજી નાગરોનાં ઇષ્ટ દેવી મનાય છે, તેથી સંઘ આવે ત્યારે પૂજા તથા થાળનો તેઓ અગ્રહક્ક ધરાવે છે. આ સિવાય પોરવાડ જ્ઞાતિનાં પણ અંબિકા કુલાંબા ગણાય છે. માતાજીની સેવા-પૂજા માટે બ્રાહ્મણોને ગર્ભગૃહમાં જવાની છૂટ હોય છે. ત્યાં માતાજીની પાદુકાઓની દરેક માણસો પૂજા કરે છે. પહેલાં અંબાજીના પવિત્રધામમાં ઘી જ વપરાતું હતું, અને આજે પણ વપરાય છે. છતાં કાળના પ્રવાહમાં તે માન્યતામાં

૧ જુઓ. નવચેતન દીપોત્સવી અંક. સં. ૨૦૦૯ ઓક્ટોબર-નવેમ્બર, ૧૯૫૨, પા. ૫૫.

થોડીક શિથિલતા આવી ગઈ છે. નહિતર સ્ત્રીઓ પણ માર્ગમાં છેલ્લી ચોકીએ સ્નાન કરી, માથામાં નાખેલ તેલ કાઢી નાખતી હતી. અંબાજીમાં વર્ષની અંદર ચાર મોટા મેળા કાર્તિક, ચૈત્ર, ભાદરવો અને આસોમાં ભરાય છે. આ સિવાય માર્ગશીર્ષ અને શ્રાવણમાં પણ નાના મેળા થાય છે. તે વખતે હજારો માણસો જગદંબાની યાત્રાએ અહીં આવે છે. ભગવાન કૃષ્ણના વાળ અહીં ઉતરાવ્યા હતા એ માન્યતાને અનુલક્ષી, કેટલાએ ભાવિક ભક્તો પોતાના પુત્રોના વાળ અહીં ઉતરાવે છે. આમાં ભગવતી પ્રત્યેની શ્રદ્ધા, અને અનન્ય ભક્તિ જ મુખ્ય કારણભૂત હોઈ, પોતાના સંતાનો ઉપર ભગવતીની કૃપાદૃષ્ટિ સદાકાળ રહે એ જ મુખ્ય આશય હોય છે.

માતાજીના મંદિરની પાછળ બીજો દરવાજો છે, ત્યાંથી માનસરોવર ઉપર જવાય છે. માનસરોવર એ એક પથ્થરબંધ કુંડ છે. તેમાં ઊતરવા ચારે બાજુ પગથારો, તથા પગથિયાં બાંધેલાં છે. આ કુંડ અંબાજીથી કોટેશ્વર જવાના રસ્તા ઉપર આવેલો છે. આ કુંડ અમદાવાદના તાપીશંકર નામના નાગરે સં. ૧૬૪૦ થી ૫૦ સુધીમાં બંધાવ્યો છે.[૧] માનસરોવરની પાસે અજાઈ માતાનું મંદિર છે અજાઈ માતા અંબાજીનાં બહેન હોવાનું લોકોમાં કહેવાય છે. તેમાં મહારાણા માલદેવનો સં. ૧૪૧૫નો એક શિલાલેખ છે. આ મંદિર નાનું અને બેઠા ઘાટનું છે. અંબા એ શ્રીકુળની વિદ્યા છે, અને લલિતાદેવીને અનુરૂપ તેનું પણ યજન યાજન વગેરે કરવામાં આવે છે.

આજે તો યાત્રાળુઓની મોટી સંખ્યા બારે માસ અહીં આવતી હોવાથી ભગવતી જગદંબાના લાડીલા ભક્તોએ અહીં આશરે નાની મોટી ૧૦૦ ધર્મશાળાઓ બંધાવી છે. કદાચ આ સંખ્યામાં થોડી ઘણી અતિશયોક્તિ જણાય, પરંતુ નાના ઘરોથી માંડી મોટી ધર્મશાળાઓ સુદ્ધાંતની ગણત્રી કરવામાં આવે તો બધી મળી લગભગ સોની સંખ્યા થાય તેમ છે. આમાં કેટલીક નાની નાની છે તો કેટલીક મોટા

---

૧ અંબિકેન્દુશેખર, પા. ૧૦૯

બંગલાઓ જેવી ઉત્તમ પ્રકારનાં સાધનોવાળી બનાવેલી છે. કેટલીક ધર્મ-શાળાઓમાં કુવા બનાવેલા છે, વળી કેટલીકમાં તો વાસણ, ગોદડાં વગેરે સાધનો પણ રાખ્યાં હોઈ યાત્રાળુઓને નામનું ભાડું લઈને વાપરવા આપે છે. આવી સુખસગવડોને લઈ, યાત્રિકોનો મોટો સમુદાય અંબિકાની યાત્રાએ દર વર્ષે આવે છે. કેટલાક યાત્રિકો તો દર પૂર્ણિમાએ અંબાજી-ની યાત્રાએ આવે છે. અંબાજીમાં પોલીસ થાણું અને ઇલેક્ટ્રીકનું પાવર હાઉસ છે. માતાજીના મંદિર સિવાય રસ્તા ઉપર બત્તીઓ મૂકવામાં આવી છે. હજી સુધી મંદિરની અંદર બત્તી મુકવામાં આવી નથી. માતાજીની પાસે બે બાજુ, મોટી દીવીયો ઉપર અખંડ ઘીના દીવા રાતદિવસ બળ્યા કરે છે.

અંબાજીના દિવ્યધામની નજદીકમાં બીજાં પણ પવિત્ર તીર્થધામો આવેલાં છે. તેમાં કોટેશ્વર, કુંભારિયા, ગબ્બરગઢ, નાગતીર્થ, ગૌતમેશ્વર અને ચામુંડા ભવાનીનું મંદિર વગેરે મુખ્ય છે. આમાં કુંભારિયાતીર્થ અને તેનો ઇતિહાસ આગળ આરાસણનગર કે આરાસુર પ્રકરણ ૫ તથા ૬માં આવી ગયાં છે. એટલે તેની પુનરાવૃત્તિ કરવી અસ્થાને છે. તે સિવાયનાં પ્રસિદ્ધ સ્થાનોની પિછાન અત્રે રજૂ કરવામાં આવી છે.

**ગબ્બરગઢ**—આ પરમપુનિત મહાસ્થાનની થોડીક પિછાન આગળના પ્રકરણમાં આવેલી છે. ત્યાં પહેલાં મોટો દુર્ગ-કિલ્લો હતો. તેના માટે એવું કહેવાય છે કે, દાંતા મહારાણાના મૂળ પુરુષ જશરાજે, સિંધમાંથી અહીં આવી પોતાની રાજધાની આ ગઢમાં સ્થાપી હતી. ત્યારબાદ તેમના કુંવર કેદારસિંહ કે કેસરીસિંહે તરસંગિયા ભીલને મારી, ત્યાંથી રાજધાની તરસંગમામાં લઈ ગયા હતા. આ ગબ્બરગઢ પાસેથી જશરાજને પુષ્કળ સંપત્તિ મળી હતી. આ ડુંગરને ભંડારાનો ડુંગર પણ કહેવામાં આવે છે. લોકો તો વિમળશાહને પણ અહીંથી, પુષ્કળ દ્રવ્ય મળ્યું હોવાનું જણાવે છે. આ પર્વત ઉપર જવા થોડેક સુધી પગથિયાં બંધાવેલાં છે. આજે તો ત્યાં કિલ્લાના કોઈ અવશેષો જણાતા નથી,

પણ પૂર્વકાળમાં ત્યાં કિલ્લો તેમ જ રાજમહેલો હશે, એમ પ્રચલીત હકીકત ઉપરથી માલમ પડે છે. ભગવાન શ્રીકૃષ્ણના વાળ આ પર્વત ઉપર ભગવતીના સ્થાન પાસે ઉતરાવ્યા હોવાનું લોકકથામાં છે. પર્વતના ટોચ-શિખર ભાગે, ઝીણાં ઝીણાં ઝાડવાઓ, તેના ઝવેરા હોવાનું જણાવવામાં આવે છે. ત્યાં એક ગોખ જેવું છે તે જગદંબાનું આદ્યસ્થાન તરીકે મનાય છે. આ સિવાય ત્યાં એક પારસ પીપળાનું નાનું ઝાડ છે. જેને લોકો ભકિતપૂર્વક પ્રદક્ષિણા કરી પુણ્યનું ભાથું બાંધે છે.

**કોટેશ્વર**—આ પ્રાચીનતીર્થ અંબાજીથી ત્રણ ગાઉ દૂર આવેલું છે. આ તીર્થ પુરાણકાળ જેટલું પ્રાચીન હોવાનું પૌરાણિક ઉલ્લેખોના આધારે જાણવા મળે છે. કોટેશ્વર નામનાં અનેક તીર્થો ભારતવર્ષમાં આવ્યાં છે. મથુરામાં, ગોકર્ણમાં, કુરૂક્ષેત્રમાં, અવંતિમાં મહાકાળના પ્રાંગણની અંદર અને નર્મદા ઉપર એક સ્થળે કોટીશ્વર તીર્થ આવ્યું હોવાનું પુરાણોમાંથી જાણવા મળે છે. સ્કંદપુરાણ, પ્રભાસખંડમાં સરસ્વતીનો અખંડ પ્રવાહ હિમાલયથી પ્રભાસ સુધીનો જણાવતાં, તેના પ્રવાહ માર્ગ ઉપર આવતાં તીર્થોની નોંધ આપી છે. તેમાં જણાવ્યા પ્રમાણે આરાસણમાં પ્રકટ થયેલ સરસ્વતી માતૃતીર્થ, અનરક તીર્થ અને સંગમેશ્વર થઈ કોટીશ્વરમાં આવે છે. આ કોટીશ્વર સિદ્ધપુર નજદીક બે ચાર માઈલમાં સરસ્વતીના પ્રવાહ ઉપર આવ્યા હોવાનું સમજાય છે. આ સિવાય કોટીતીર્થ, રૂદ્રકોટી અને કોટીસહસ્રતીર્થ નામનાં બીજાં પણ તીર્થો ભારતમાં અનેક સ્થળો ઉપર આવ્યા હોવાનું પુરાણકારો જણાવે છે. સહસ્રલિંગ સરોવર જે ચૌલુકય ચૂડામણી સિદ્ધરાજ જયસિંહે અણહીલપુર પાટણ નજદીક બંધાવ્યું હતું તેના કિનારા ઉપર કોટીતીર્થ મહાકાલના મંદિર પાસે આવ્યુ હોવાનું સરસ્વતી પુરાણકારે નોંધ્યું છે.[૧]

---

१ कोटीतीर्थं तु तत्रैव देवस्य पुरतः स्थितं ।
स्नानदानादिकं यत्र कृतं कोटीगुणं भवेत् ॥२२१॥ सरस्वतीपुराण, सर्ग. १६

રૂદ્રકોટી નામનું પ્રાચીન તીર્થ શ્રીકંઠ દેશ (સરહિંદ પ્રાંત)માં આવેલ છે. જેની સાથે દક્ષયજ્ઞ વિધ્વંસની કથા સંકળાયેલી હોવાનું પુરાણો કહે છે.[1] પદ્મપુરાણ તે કુરૂક્ષેત્રમાં આવ્યું હોવાનું જણાવે છે. આજે કુરૂક્ષેત્રમાં આ તીર્થ બતાવવામાં આવે છે. મહાદેવજીએ દક્ષયજ્ઞનો નાશ કર્યો ત્યારે દેવતાઓએ શિવનું સ્તોત્રગાન ગાયું આથી રૂદ્રે પોતાનાં કોટી સ્વરૂપો પ્રકટ કરી દર્શન આપ્યાં તે સ્થળનું નામ રૂદ્રકોટી પડયું. આ નામનું બીજું તીર્થ નર્મદાના કિનારા ઉપર આવ્યું હોવાનું જણાવેલ છે. રૂદ્રકોટીતીર્થ સરસ્વતીના પ્રવાહ માર્ગ ઉપર આવ્યું હતું. મહાભારત વનપર્વમાંથી કોટી તીર્થનો ઉલ્લેખ મળે છે.[2] જે કુરૂક્ષેત્રમાં આવ્યું હોવાનું નોંધેલ છે. આ તીર્થ પવિત્ર મનાતુ હોવાથી ફક્ત આચમન કરવાથી અશ્વમેધયજ્ઞનું ફળ મળે છે. મત્સ્યપુરાણ પ્રયાગનાં તીર્થોનું વર્ણન કરતાં ત્યાં એક કોટીતીર્થ હોવાની સંભાવના રજૂ કરે છે.[3] વામનપુરાણ સરસ્વતીના તીર પ્રાંતે કોટીતીર્થની નોંધ લેતાં ત્યાં વૃષભધ્વજ મહાદેવજીનાં–કોટીરૂદ્ર સ્વરૂપોનું દર્શન કરવા સૂચવે છે.[4] વારાણસીમાં કોટીશ્વરનું પવિત્ર તીર્થ કોટીતીર્થમાં આવ્યું

---

१ दक्षिणेन सरस्वत्याः द्रशद्वत्यपोत्तरेण च ।
तस्य दक्षिणदिक्संस्थं रुद्रकोटयुपलक्षितं ।
श्रीकंठदेशविख्यातं गतासर्वोषधियुतं ॥ २ ॥

सरस्वतीपुराण, अ. २

૨ મહાભારત, વનપર્વ, અ. ૮૨-૮૩-૮૪.

३ कोटीतीर्थे समासाद्य यस्तु प्राणान् परित्यजेत् ।
कोटीवर्षसहस्राणां स्वर्गलोके महीयते ॥ मत्स्यपुराण, अ. १०६.

कृत्यकल्पतरु तीर्थविवेचनकांड, पा. १४४.

४ ततो भूयः सरस्वत्यास्तीर्थे त्रैलोक्यविश्रुते ।
कोटीतीर्थे रुद्रकोटी ददर्श वृषभध्वजम् ।

वामनपुराण ॥ कृत्यकल्पतरु तीर्थविवेचनकांड, पा. २३७.

હતું એમ લીંગપુરાણના ગુહ્યાયતન વર્ણનમાં નોંધ્યું છે.[૧] આ ઉપરથી રૂદ્રકોટી, કોટીતીર્થ, તેમ જ કોટીશ્વર આ બધાં એક જ નામના પર્યાયો હોવાનું જાણી શકાય છે. આમ ફક્ત ગુજરાતમાં જ નહિ પણ સારાએ ભારતવર્ષમાં આ નામનાં અનેક તીર્થો આવેલ છે.[૨]

તીર્થકલ્પતરુ, વીરમિત્રોદય, તીર્થપ્રકાશ વગેરે ગ્રંથકારો વામન-પુરાણનો સંદર્ભ આપતાં અર્બુદ પર્વતમાં સરસ્વતીના તીર પ્રાંત ઉપર કોટીશ્વર કે કોટેશ્વરનું સ્થાન જણાવે છે.[૩] સ્કંદના અર્બુદ-ખંડમાં કોટેશ્વર–કોટીશ્વર માહાત્મ્ય માટે સ્વતંત્ર અધ્યાય આપ્યો હોઈ, ત્યાં સ્નાન, દાન, તર્પણ અને શ્રાદ્ધનું મહત્ પુણ્ય બતાવ્યું છે.[૪] નળદમયંતી પૂર્વજન્મમાં આ જંગલની અંદર રહેતાં. તેઓએ ભિલ્લકુળમાં જન્મી, અહીં કોટેશ્વરનું પૂર્ણ ભક્તિ વડે આરાધન કરવાથી, બીજા જન્મમાં રાજાને ત્યાં જન્મ લઇ, નળ દમયંતિ તરીકે વિખ્યાત બન્યાં, એમ કોટીશ્વર માહાત્મ્યના આધારે જાણી શકાય છે. સરસ્વતી-પુરાણકાર પ્રભાસ પાસે એક કોટીતીર્થનો ઉલ્લેખ આવે છે. આ સ્થાન અહીં ક્યાં આવેલું હશે તે જાણવા સાધન નથી.

આ કોટીશ્વરના સ્થાન ઉપર, અંબિકાવનમાં ભગવાન શ્રીકૃષ્ણે ત્રણ રાત્રીઓ ગોપ-ગોપીયો સાથે ગાળી હતી. અહીં સ્નાન દાન જ ફક્ત કર્યાં ન હતાં, પરંતુ સુદર્શન વિદ્યાધરને સર્પયોનીમાંથી મુક્ત બનાવી સ્વર્ગે મોકલ્યો હતો. પુરાણકારે જણાવ્યા પ્રમાણે સુદર્શન વિદ્યાધરે વિમાનમાં બેસી વિહાર કરતાં એક વખત અંગિરા ગોત્રના વિરૂપ ઋષિદેવની હાંસી કરી. લક્ષ્મી અને સત્તાથી મદોન્મત્ત વિદ્યા-ધરનો ગર્વ દૂર કરવા ઋષિએ શાપ આપ્યો. વિદ્યાધરે પશ્ચાત્તાપ કરતાં

---

૧ એજન, પા. ૫૪.

૨ તીર્થકલ્પતરુ, પા. ૩૭.

૩ તીર્થપ્રકાશ, પા. ૬૦૫.

૪ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અ. ૧૧

ઋષિ પાસે અનુગ્રહ માગ્યો. દયાળુ મુનિએ કહ્યું, જા, જ્યાં સુધી લોકેશ્વર કૃષ્ણનો ચરણસ્પર્શ નહિ થાય ત્યાંસુધી આ યોનિમાં દુઃખ ભોગવીશ. ત્યારથી આ વિદ્યાધર અહીં પ્રભુના આવવાની પ્રતીક્ષા કરતો હતો. ભગવાન શ્રીકૃષ્ણ ભગવતી અંબિકાની યાત્રાએ જ્યારે સપરિવાર વ્રજજનો સાથે આવ્યા ત્યારે, અજગરરૂપ વિદ્યાધરે નંદરાયને જ ગળવા માંડ્યા. ગોવાળિયા બળતાં ઉંબાડિયાં લઈ મારવા લાગ્યા પણ અજગરે નંદરાયને મુક્ત કર્યા નહીં. ભગવાન કૃષ્ણને ખબર પડતાં તેમને આવી અજગરને પગ વડે પ્રહાર કર્યો; તુરત જ નંદરાય મુક્ત થયા અને વિદ્યાધર પ્રભુને નમસ્કાર કરી ઊભો રહ્યો. ભગવાને તેને આશીષ આપી સ્વર્ગમાં મોકલ્યો.

શ્રીમદ્ભાગવતમાં ભગવાન કૃષ્ણ, ગોવાળિયાને લઈ અંબિકાવનની યાત્રાએ આવ્યા હતા તેની સાથે આ આખ્યાયિકા આપી છે. તેમાં ભગવાને અંબિકાવનમાં જઈ સરસ્વતીમાં સ્નાન કરી ભગવાન શંકર તથા અંબિકાનું પૂજન કર્યું હોવાનો ઉલ્લેખ છે.[૧] તેટલું જ નહિ પણ ભગવાન શંકર પ્રસન્ન થાય, તે ઉદ્દેશથી ગોવાળિયાઓ બ્રાહ્મણોને ગાયો વગેરેનાં દાનો આપી, વ્રત ધારણ કરી અર્થાત્ ઉપવાસ કરી ત્યાં સરસ્વતી-ના કિનારા ઉપર રહ્યા હતા.[૨] આથી અંબિકાના સ્થાન પાસે સરસ્વતી, અને મહાદેવજીનું મંદિર વિદ્યમાન હતું એમ ભાગવતના આધારે જાણવા મળે છે. સરસ્વતીના કિનારા ઉપર કોટેશ્વરનું મંદિર આવેલું છે, વળી તે પુરાણકાળ જેટલું પ્રાચીન હોવાનું પુરાણો જણાવતાં હોવાથી, ભાગવતે નિર્દેશ કરેલ શિવમંદિર કોટેશ્વરનું જ પવિત્ર તીર્થ-

---

१ तत्र स्नात्वा सरस्वत्यां देवं पशुपतिं विभुम् ।
आनर्चुरर्हणैर्भक्त्या देवीं च नृपतेम्बिकां ॥ २ ॥

२ गावो हिरण्यं वासांसि मधुमध्वन्नमाहृताः ।
ब्राह्मणेभ्यो ददुः सर्वे देवो नः प्रियतामिति ॥ ३ ॥

श्रीमद्भागवत, स्कं. १०, अ. ३४

ધામ હશે એમ આનુષંગિક પ્રમાણો વડે જણાય છે. આથી કોટેશ્વર–કોટીશ્વરનું સ્થાન પુરાણકાળ જેટલું પ્રાચીન હોવાનું માલમ પડે છે.

સરસ્વતી નદીનું ઉદ્ગમ સ્થાન પણ અહીં જ છે. પર્વતમાંથી આવતાં ઝરણાં અહીં એક નાનકડા કુંડમાં આવે છે, અને પછી સરસ્વતીના પ્રવાહ સ્વરૂપે આગળ વધી, સિદ્ધપુર, પાટણ વગેરે શહેરોને પવિત્ર બનાવી, તે નદી કચ્છના રણ તરફ જવા પ્રસ્થાન કરે છે. તંડી ઋષિનો આશ્રમ પણ અહીં સરસ્વતીના કિનારા ઉપર આવ્યો હતો. આરાસણ નામ તંડી ઋષિએ ભગવાનને બેસવા આસન આપ્યું, તેના ઉપરથી પડ્યું હોવાની નોંધ સરસ્વતીપુરાણકારે આપી છે.[1] આજે પણ કોટેશ્વરના મંદિર પાસે, મધુસૂદન ભગવાનનું મંદિર આવેલું છે.

કોટેશ્વરનું મંદિર સામાન્ય પ્રકારની બાંધણીનું છે. તેમાં શિલ્પ સ્થાપત્યની કોઈ ખાસ વિશિષ્ટતા જોવામાં આવતી નથી. તે જીર્ણ થઈ જવાથી હમણાં દસેક વર્ષ ઉપર તેનો જીર્ણોદ્ધાર, અને તેની આજુબાજુ મોટો ઓટલો બનાવવામાં આવ્યો છે. અહીં એક ધર્મશાળા પણ છે, અને તેમાં એક ઓરડાની અંદર ભોંયરામાં ભગવતીનું સ્થાન છે. ઉપાસના માટે યોગ્ય શાંત વાતાવરણ, અને નૈસર્ગિક સૌંદર્યના કારણે, જીવનથી પર બનવા ઇચ્છતા સાધુપુરુષો માટે તપશ્ચર્યાનું આ એક અત્યુત્તમ સ્થાન છે. અહીં મધુસૂદનના વિષ્ણુ મંદિરમાં સપ્તમાતૃકાઓ તથા વિષ્ણુ અને બીજા દેવોની કેટલીક પ્રતિમાઓ મૂકેલી છે. કોટેશ્વર નામનું બીજું પવિત્ર મહાસ્થાન, કચ્છમાં કોરી નદીના મુખ આગળ આવેલું છે. પરંતુ અર્બુદાચલનાં આરાસુરી અંબા ભવાની નજદીકના જ, કોટેશ્વર તીર્થનો સંબંધ અત્રે જરૂરનો હોવાથી, તેનો વિગતવાર પરિચય આપવાની જરૂરત લાગતી નથી.

**સરસ્વતી નદી**—ભગવતી અંબિકાના દિવ્યધામને સ્પર્શ કરતા,

---

[1] સરસ્વતી પુરાણ, સર્ગ ૯.

પુણ્યપાવની સરસ્વતીનું માહાત્મ્ય પૌરાણિક દષ્ટિએ વધુ મહત્ત્વ ધરાવે છે. જોકે વૈદિક સરસ્વતી અને પૌરાણિક સરસ્વતીના સ્વરૂપોમાં મોટા ફેરફારો થઈ ગયા છે. છતાં સરસ્વતીના માહાત્મ્યમાં તેથી જરાયે ન્યૂનાધિકતા આવતી નથી. પૌરાણિક સરસ્વતીમાં પણ, કાળ અને પરિસ્થિતિને અનુરૂપ, તેનાં જુદા જુદા પ્રવાહો એક મહા પ્રવાહમાંથી, વિભક્ત થયા હોવાની કલ્પના રજૂ કરી છે. અને તે આધારે અર્બુદાચલનો સારસ્વત પ્રવાહ, તે મહાનદીના પાંચ પૈકીનું એક સ્વરૂપ હોવાનું પુરાણકર્તાએ નોંધ્યું છે.

અહીંની સરસ્વતી માટે સ્કંદપુરાણ, સરસ્વતીપુરાણ, સરસ્વતી-માહાત્મ્ય અને સ્કંદના અર્બુદખંડમાં, તેનાં વિસ્તારથી વર્ણનો, તેમ જ માહાત્મ્યો નોંધાયાં છે. આબુ પ્રદેશમાં બનાસ નદીનું વહન મુખ્યતઃ છે. છતાં તેનું યત્કિંચિત્ માહાત્મ્ય ઉપર જણાવેલ પુરાણકારોએ અર્બુદાચલના પ્રસંગમાં આપ્યું નથી. જ્યારે ત્યાંની સરસ્વતા માટે પુરાણકારોએ ઠેર-ઠેર માહાત્મ્યો આપેલાં છે. સ્કંદના અર્બુદખંડમાં સરસ્વતીનું માહાત્મ્ય જણાવતાં, ભગવાન શિવે મંકણ ઋષિને કહ્યું કે, "જે મનુષ્ય અહીં સરસ્વતીમાં સ્નાન કરશે, તે જરા મરણવર્જિત એવી શાશ્વતી ગતિને પ્રાપ્ત કરશે."[1] ટૂંકમાં અર્બુદની અંદર સરસ્વતીનો પ્રવાહ પુરાણકાળ જેટલો પ્રાચીન હોવાનું આથી સૂચન થાય છે. અહીં કોટેશ્વર પાસે સરસ્વતીનો પુણ્યપાવન પ્રવાહ, ત્યાંનું પાર્વતીય સૌન્દર્ય, અને કુદરતની અપૂર્વ લીલા, યાત્રિકોને મુગ્ધ બનાવી અનેક ઝરણાં સ્વરૂપે બહાર નીકળતો સારસ્વત પ્રવાહ, નીચે ખીણમાં જઈ ત્યાંથી આગળ ગોલાંગૂળ, તરત્તરંગક વગેરે તીર્થોમાં વહેતો આગળ વધે છે.

**ઉદુંબર વન**—આ વન અંબા ભવાનીની આજુબાજુના પ્રદેશમાં

---

१ येऽत्रस्नानं करिष्यन्ति सरस्वत्यां समाहितः ॥
ते यास्यन्ति परं स्थानं जरामरणवर्जितं ॥ १७ ॥
स्कं. पु., प्र. खं., अर्बुद. खं., अ. १०

આવેલું છે. સ્કંદના પ્રભાસખંડમાં આરાસણના આ ઉદુંબર વનની નોંધ આપતાં, ત્યાં સરસ્વતી અંતર્ધ્યાન થતાં હોવાનું સૂચવ્યું છે.[1] સરસ્વતી પુરાણકારે પણ પ્રભાસખંડને અનુલક્ષી તેની નોંધ લીધી છે.[2] આજે પણ આરસણના ડુંગરાઓમાં ઉદુંબર( ઉમરા )નાં વૃક્ષો પુષ્કળ જોવામાં આવે છે. તેટલું જ નહિ પણ આ પ્રદેશમાં વસતા બ્રાહ્મણો પોતાને **ઉદુંબરા** તરીકે ઓળખાવે છે. આથી તે લોકો આ પ્રદેશના નિવાસી હોવાના કારણે ઉદુંબર સંજ્ઞા રાખી હોવાનું સમજાય છે.

ઐતિહાસિક દૃષ્ટિએ ઉદુંબરોનો એક વર્ગ–જાતિ પ્રાચીન કાળમાં વિદ્યમાન હતી એમ પાણિનિ વ્યાકરણ ઉપરથી માલમ પડે છે.[3] તે લોકોના પ્રાચીન સિક્કાઓ કાંગડા જિલ્લામાં વ્યાસ અને રાવીના પ્રદેશમાં-થી મળ્યા છે. આ સિવાય પઠાણકોટ નગરમાંથી પણ આ લોકોની કેટલીયે મુદ્રાઓ પ્રાપ્ત થઈ છે. આ પ્રમાણોના આધારે તે લોકોનું શાસન, વ્યાસની ઉત્તરે, અને રાવીની દક્ષિણે, ત્રિગર્તના પ્રવેશદ્વાર સુધી વ્યાપ્ત હતું એમ જાણી શકાય છે. પતંજલિએ મહાભાષ્યમાં એક ઉદુંબરાવની પણ નોંધ આપી છે. પંજાબના ઉદુંબરો પાછળના સમયમાં, આ પર્વતોની અંદર આવી વસ્યા હોવાથી, કદાચ અહીંના વનનું નામ ઉદુંબર વન રાખ્યું હોય તેવો તર્ક છે. ઉદુંબરનાં વૃક્ષોને લઈ પુરાણકારે કદાચ આ નામ નોંધ્યું હોય, પણ અહીં વસતી જાતિ પણ આ નામધારી હોવાના કારણે, પંજાબના ઉદુંબરોની એક ટોળી, આ પ્રદેશમાં આવી હોવાનું વધુ ઉચિત લાગે છે. કાળ મહોદધિના ગર્ભમાં લુપ્ત થયેલ, તેનો પૂર્વ ઇતિહાસ આપણી પાસે પ્રમાણબદ્ધ નહિ હોવાથી,

---

૧ સ્કં. પુ., પ્ર. ખં., અ. ૩૫.

૨ સરસ્વતીપુરાણ, સર્ગ ૯.

૩ પાણિનિકાલીન ભારત, કર્તા વાસુદેવ શરણ અગ્રવાલ, પા. ૭૨.

અનુકૂળ અનુમાન કરવામાં આવ્યું છે. સાબરકાંઠામાં શામળાજી સુધી ઉદુંબર વનની સીમા જણાવેલી છે.[1]

**ગૌતમેશ્વર**—કોટેશ્વરથી નીચે ખીણમાં ઊતરતાં સરસ્વતીના કિનારે આ પુરાણું મંદિર આવેલું છે. તેની આગળ કંપાઉંડ અને મધ્યમાં બેઠા ઘાટનું મંદિર છે. મંદિરનું શિખર વેસર પદ્ધતિનું ઓરિસ્સાના મંદિરોને મળતું છે. નિર્જન અરણ્ય, ચારે બાજુ ઝાડી અને ખીણના નીચાણ ભાગે આ મંદિર આવેલું હોવાથી એકલદોકલને તો ત્યાં જતાં ભય લાગે તેવું છે. આ શિવાલયનો જીર્ણોદ્ધાર, હમણાં થોડા વર્ષો ઉપર એક ગૃહસ્થ તરફથી કરાવ્યો હોવાનું ત્યાંનો શિલાલેખ કહે છે.

**કુંભારિયા**—આરાસણ નગરનું પાછળથી રાખવામાં આવેલ કુંભારિયા નામનું તીર્થસ્થાન, આજે તો જૈન મંદિરોના કારણે, એક જૈનતીર્થ તરીકે ઓળખાય છે. પરંતુ ત્યાં આજે પણ એક અનુપમ કલાકૃતિ ધરાવતું શિવમંદિર વિદ્યમાન હોવાના કારણે, તે નગરમાં એકલા જૈનો જ નહિ પણ બધા વર્ણના લોકો રહેતા હશે એમ લાગે છે. આજે તો ત્યાંના સમગ્ર પ્રદેશ–મંદિરો અને કારખાનાના મકાનો બાદ કરતાં જંગલ બની ગયો છે. પરંતુ જ્યારે આ નગર આબાદ અને વસ્તિવાળું હશે, ત્યારે ત્યાંનો વૈભવ અને સમૃદ્ધિ, આ સારાયે પ્રદેશને વધુ કીર્તિ અને પ્રતિષ્ઠા અપાવતી હશે એમ ગ્રંથસ્થ પ્રમાણોના આધારે જણાય છે. આની વિસ્તૃત માહિતી, “આરાસુર કે આરાસણ નગર” અને કુંભારિયાના કલામંદિરો નામના પ્રકરણોમાં આગળ આપવામાં આવી હોવાથી, ફરીથી અહીં તેની પુનરુક્તિ કરવાની જરૂર નથી.

**નાગતીર્થ**—આબુરોડ ખરાડાથી અંબાજી જતાં રસ્તામાં નાગધરો નામનું તીર્થ આવે છે, જ્યાં સ્નાનદાન, શ્રાદ્ધ, તર્પણ વગેરે મહત્પુણ્ય પુરાણકારે જણાવ્યું છે. આની સંપૂર્ણ આખ્યાયિકા અને તેનો ઇતિહાસ આગળ “અંબા ભવાની”ના પ્રકરણમાં વિસ્તારથી

૧ ગદાધર માહાત્મ્ય.

આપવામાં આવ્યો છે. તેનું પૌરાણિક માહાત્મ્ય, પાછળ પરિશિષ્ઠમાં આપવાનું હોવાથી, અહીં આપવામાં આવ્યું નથી.

**ચામુંડાનું મંદિર**—અંબાજીથી ઈડર રાજ્યની બાજુ, બાર માઈલ ઉપર એક નાનો પહાડ આવે છે, તેને ચામુંડાની ટેકરી કહે છે. ત્યાં પાંચ માઈલના વિસ્તારવાળું એક મોટું સરોવર છે. આ પહાડ ઉપર ચામુંડા માતાજીનું પ્રાચીન મંદિર આવેલું છે. તેનું પ્રવેશદ્વાર નીચું હોવા છતાં, સ્થાપત્ય ઉપરથી તે પ્રાચીન કાળમાં બંધાયું હોવાનું જણાય છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર હમણાં થોડાંક વર્ષો ઉપર સ્વર્ગસ્થ મહારાણા સાહેબ તરફથી કરવામાં આવ્યો હતો.

**દાંતા**—દાંતાએ આ પ્રદેશનું મુખ્ય ગામ ગણાય છે. દાંતા રાજ્યના મહારાણાની રાજગાદી આ ગામમાં છે. દાંતાથી પશ્ચિમમાં બે માઈલ દૂર, નવાવાસના રસ્તા ઉપર દાંતોરિયા પીરની જગા છે, તેના નામ ઉપરથી દાંતા નામ રાખ્યું હોવાનું કહેવાય છે.[૧] આ મોટું ગામ છે અને ત્યાં ઉજળિયાત કોમ બ્રાહ્મણ, વાણિયા, રજપૂત વગેરેની પણ સારી એવી વસ્તી છે. ત્યાં સરકારી કચેરી, નિશાળ, દવાખાનું, પોસ્ટઑફિસ અને મહારાણાના મહાલયો વગેરેનાં સારાં મકાનો બાંધેલાં છે. પહેલાં લોકો દાંતા થઈ ને જ અંબા ભવાનીની યાત્રાએ જતા હતા. અર્થાત્ આજ મુખ્ય યાત્રા માર્ગ હતો. પરંતુ આબુરોડ સ્ટેશન ખુલ્યા પછી, આ માર્ગે ફક્ત ત્યાંની આજુબાજુ પ્રદેશના લોકો જ આવે છે. અંબાજીમાતાથી દાંતા–ભવાનગઢ ૧૪ માઈલ દૂર છે. ત્યાંથી અંબાજી આવતાં ત્રણ માઈલ ઉપર રસ્તામાં એક મોટું પથ્થરનું ત્રિશૂળ આવે છે. ભાવિક યાત્રિકો અહીં શ્રીફળ ચડાવી આગળ વધે છે

ભગવતી જગદંબાનું સ્થાન, અને તેની આજુબાજુનો પ્રદેશ પરમ-પાવન તીર્થો, અને દેવમંદિરોથી અલંકૃત હોઈ, તે પર્વત અને તેની

---

૧૧ ગુજરાત–રાજસ્થાન, પા. ૧૧૩

ભૂમિ સ્વર્ગ સમાન ઉત્કૃષ્ટ અને પુણ્યમય છે; તેટલું જ નહિ પણ ઐતિહાસિક દષ્ટિએ પુરાણ પ્રાચીન હોવાથી ધર્મ, પુણ્ય, આરોગ્ય, અને નૈસર્ગિક લીલાઓ દ્વારા મનને શાંતિ આપનારો છે. ભગવતી જગદંબાતો સર્વત્ર વ્યાપ્ત છે. જગતની ઉત્પત્તિ અને લય એ તેનો કાર્ય-પ્રદેશ હોવાના કારણે, લીલાનો વિસ્તાર કરવા સર્જન કરે છે. તેવી જ રીતે સંહાર કરી લીલાને સમેટી લે છે. છતાં ભારતવર્ષમાં કેટલાંક સ્થળોએ વિશિષ્ટ સ્વરૂપમાં, તેનો પાદુર્ભાવ થયો હોવાથી, તે તે સ્થળોએ તેના અદ્વિતીય સ્વરૂપની ઝાંખી થાય છે. તેટલું જ નહિ પણ તે મહાસ્થાનો પ્રત્યે પ્રેમ અને ભક્તિ સેવનાર મનુષ્યોને ભગવતી અંબા માતાની માફક પ્રેમ વરસાવી ઐહિક તેમ જ પારમાર્થિક સુખો અર્પણ કરી તેનું કલ્યાણ સાધે છે. આવાં મહાસ્થાનો પૈકી, અર્બુદમાં આવેલ આરાસુરનાં અંબા ભવાનીનું સ્થાન, ગુજરાત, કાઠિયાવાડ અને સમગ્ર ભારતવર્ષમાં અદ્વિતીય તેમ જ અનુપમ છે. તેવાં ઋષિમુનિઓથી સેવાયેલ, ભગવતી જગદંબાના મહાસ્થાનનો, યત્કિંચિત્ પરિચય આ ગ્રંથમાં રજૂ કરવા પ્રયત્ન સાધ્યો છે. ભગવતી જગદંબા પ્રત્યે અનન્ય શ્રદ્ધાભક્તિ સેવનાર આબાલવૃદ્ધો, આ ગ્રંથ દ્વારા મા અંબાભવાનીનું ચરિત્ર અને તેનો ઇતિહાસ વાંચી વિચારી, તેમાંથી અનન્ય ભક્તિભાવની પ્રેરણા પ્રાપ્ત કરશે એ જ અભ્યર્થના.

---

# પ્રકરણ ૧૧મું

# રાજકીય પ્રવાહો

અંબિકાના અલૌકિક ધામની વિવેચનામાં, રાજદ્વારી ચર્ચા અર્થાત્ રાજકીય ઇતિહાસની ખાસ જરૂરત જેવું જણાતું નથી. પરંતુ પુણ્યસ્થાન અર્બુદાચલ અને આરાસુર પર્વતમાં ઐતિહાસિક દૃષ્ટિએ, કેટલાક ધર્મપ્રિય રાજેન્દ્રો થઈ ગયા છે. જેઓ એ રાજનીતિની સાથે ધર્મમય જીવન ગાળતાં, ધાર્મિક કાર્યો કરી પોતાની યશઃપતાકારૂપ ધર્મસ્તંભો આ પ્રદેશમાં ઊભા કર્યા છે. એટલે આ પ્રદેશના રાજવીયો, કેવળ રાજકીય શાસનમાં જ જીવન વેડફી નાખતા ન હતા, પણ જીવનનું સાચું સાર્થક ધર્મમાં જ સમાયેલું છે, એમ માનતા હતા. આવા પરમાર કુલના ધર્મપ્રિય રાજવીયોએ અહીં શાસન કરી, પોતાની કુલાંબા ભગવતી અંબિકા પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ સેવ્યો છે. તેની આરાધના કરી અનેક સત્કાર્યો કર્યાં છે. અને તેની કૃપા દ્વારા કેટલાંયે સમર સંગ્રામોમાં વિજયો પ્રાપ્ત કર્યા છે. એટલે આ રાજવંશે અંબિકા પ્રત્યે ચુસ્ત ભક્તિભાવ સેવ્યો છે. તેની યત્કિંચિત્ ઝાંખી માતાજીના આ પવિત્ર ચરિત્રગ્રંથમાં જો ન કરાવીએ, તો તેટલા પુરતો આ ગ્રંથ અપૂર્ણ જ મનાય. તેથી જ આ ગ્રંથમાં ભગવતીના પુણ્યપ્રદેશનો સંક્ષિપ્ત રાજકીય ઇતિહાસ રજૂ કરવામાં આવેલ છે.

પ્રાચીન કાળથી અર્બુદાચલનો ઇતિહાસ તપાસીશું તો, મહાભારત કાળથી તેની પરંપરા ચાલી આવ્યાનું જાણી શકાય છે. પરીક્ષિતના પુત્ર જનમેજયે જ્યારે સર્પસત્ર કર્યો, ત્યારે નાગોએ અહીં આશ્રય મેળવ્યો હોવાનું, સ્કંદના અર્બુદખંડ ઉપરથી માલમ પડે છે. મહાભારત કાળ પછી આ પ્રદેશનો ઇતિહાસ અંધારામાં જ છે. નંદોને મારી ચંદ્રગુપ્ત

મૌર્ય પાટલીપુત્રની ગાદી ઉપર આવ્યો હતો. તે સમયે ચાણક્ય–વિષ્ણુગુપ્ત તેનો મંત્રી હતો. તેના કૌટિલ્ય અર્થશાસ્ત્ર ઉપરથી ચંદ્રગુપ્ત મૌર્ય ભારત વર્ષનો સમ્રાટ હતો, અર્થાત્ સારાયે ભારતવર્ષ ઉપર તેનું રાજ્ય શાસન હતું એમ જાણવા મળે છે. આથી અર્બુદાચલના પ્રદેશ ઉપર પણ મૌર્યોની સત્તા અમુક કાળ સુધી રહી હતી એમાં શક નહિ.

ત્યાર બાદ આ પ્રદેશ કેટલોક સમય માલવોના કબજામા રહ્યો હતો. માલવ નામ "માલ" શબ્દ ઉપરથી ઊતરી આવ્યો હોઈ, માલવો ભિલ્લ વગેરે પર્વતમાં રહેતી પ્રજાના આદિવાસીઓ હતા. અર્બુદાચલ પ્રદેશની નજદીક આવેલ શ્રીમાળ–કે ભિન્નમાલ નગરનું નામ આ જાતિ ઉપરથી જ પડયું હોવાનું વિદ્વાનોએ સૂચવ્યું છે.[1] આ જાતિ વીર અને લડાયક હતી. પ્રથમ તો તેઓ લૂંટફાટ અને ચોરીનો ધંધો કરતા. પર્વતોની ગિરિકંદરાઓમાં ભટકતી આ જાતિએ પાછળથી પોતાના બાહુ બળ વડે કેટલોક પ્રદેશ કબજો કર્યો. રાજપૂતાનામાં જયપુર રાજ્યમાં આવેલ ઉણિયારા ગામ પાસે "નગર" (પ્રાચીન કર્કોટક નગર)નાં ખંડેરોમાંથી વિ. સં. પૂર્વ ત્રીજી શતાબ્દીના સિક્કાઓ મળ્યા છે. તેના ઉપર 'મલવાનાં જયઃ' એવા શબ્દો કોતરેલા છે. આ માલવગણોએ પાછળથી ઉજ્જયનિ વગેરે પ્રદેશ કબજે કરી ત્યાં પણ સત્તા જમાવી હતી. તેઓ મૂળ અર્બુદાચલ અને અરવલ્લી પર્વતમાં રહેનારા આદિવાસીઓ હતા. બંગાળીમાં "માલભૂમિ"નો અર્થ પાર્વતીય પ્રદેશ થાય છે. પશ્ચિમ બંગાળના "માલભૂમ" નામના ડુંગરાળ પ્રદેશમાં રહેતી એક આદિવાસી જાતી પણ "માલ" જાતિ કહેવાય છે. આ બધા ઉલ્લેખો વિચારતાં, શ્રીમાળ–અને ભિન્નમાલ કે ભિલ્લમાલ, માલ જાતિની આદિ વસાહતો હોવાનું સમજાય છે. નિશીથચૂર્ણિમાં તે લોકો

૧ કાવ્યાનુશાસન પ્રસ્તાવના, પા. ૯૮, કોલમ ૧૧.

માલવ નામના પર્વત વિશેષમાં રહેતા હોવાનો ઉલ્લેખ આપ્યો છે.[૧] માલવા નામ આ જાતિના નામ ઉપરથી જ પડયું છે.

માલવો પછી ક્ષત્રપો આવ્યા. આ પરદેશી જાતિ ભારત બહારના પ્રદેશોમાંથી ભારતમાં ઊતરી આવી હતી. તેનું રાજ્ય દક્ષિણમાં નાસિક અને પૂનાથી માંડી ગુજરાત, કાઠિયાવાડ, માળવા, અને રાજપૂતાના સુધી ફેલાયેલું હતું. તેણે માલવોને હરાવી આ બધો પ્રદેશ કબ્જે કર્યો હોવાનું સમજાય છે. કારણ તેના વખતમાં માલવો ક્ષત્રપોના તાબાના પ્રદેશમાં આવી, લોકોને ખૂબ ત્રાસ આપતા હતા. ક્ષત્રપ નહપાનના એક લેખમાં, ઉત્તમભાદ્ર ક્ષત્રિયોને માલવોના ઘેરાથી મુક્ત કરવા તે ગયો હોવાનું જણાવ્યું છે. આથી ક્ષત્રપોના રાજ્યકાળે માલવો પ્રજાવર્ગને ત્રાસ આપતા હશે એમ સમજાય છે. વિક્રમના પાંચમા સૈકામાં, ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય) બીજાએ આ લોકોને હરાવી, તેમની પાસેથી પશ્ચિમ હિંદનો મોટો ભાગ કબજે કર્યો હતો. આથી પાંચમા સૈકા પછી આ બધા પ્રદેશ ગુપ્ત સમ્રાટોને આધીન હોવાનું જણાય છે.

ત્યાર બાદ આ પ્રદેશમાં ગુર્જરોએ રાજ્ય સ્થાપ્યું હોવાનું હ્યુયેનસંગની નોંધપોથી ઉપરથી જણાય છે. તેના સંબંધમાં તે જણાવે છે કે ગુર્જર દેશનો વિસ્તાર ૮૩૯ માઇલ હતો. જેની રાજધાની ભિલ્લમાલમાં હતી. આ હકીકત ગુર્જરોએ આ પ્રદેશમાં શાસન કર્યું હોવાનું પુરવાર કરે છે. આ લોકોએ લાંબો વખત રાજ્ય ટકાવી રાખ્યું હોવાનું જણાતું નથી. કારણ વિ. સં. ૬૮૫ પહેલાં તે લોકોનું રાજ્ય આ પ્રદેશમાંથી નષ્ટ થયું હોવાનો ઉલ્લેખ મળે છે. ભિન્નમાલનો રહેવાસી પ્રસિદ્ધ જ્યોતિષી બ્રહ્મગુપ્ત પોતાના બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત નામના ગ્રંથમાં વિ. સં. ૬૮૫ના સમયે ત્યાં ચાપવંશી વ્યાઘ્રમુખ રાજાની નોંધ આપે છે. આથી સાતમા સૈકાના

૧ निशीथचूर्णि. ભા. ૨., પા. ૨૯; જૈન આગમસાહિત્યમાં ગુજરાત, પા. ૧૩૮: કર્તા. શ્રી. ડૉ. ભોગીલાલ. જે. સાંડેસરા.

પૂર્વાર્ધમાં અર્બુદાચળ પ્રદેશમાંથી પણ ગુર્જરોની સત્તા ઊઠી ગઈ અને ચાપવંશી રાજાઓ રાજ્ય કરતા હોવાનું સમજાય છે. આ સિવાય વિ. સં. ૬૮૨ના શિલાલેખમાં ચાપવંશીય રાજા વર્મલાતનો ઉલ્લેખ આપતાં, તે સમયે અર્બુદ પ્રદેશ તેનો સામંત રાજીલ, જે વજૂભટનો પુત્ર હતો તેના કબજામાં હોવાનું સૂચવ્યું છે. આ વર્મલાત પછી વ્યાઘ્રમુખ ગાદીએ આવ્યો હોવાનું જણાય છે. આમ અર્બુદ પ્રદેશ સાતમાં સૈકામાં ચાવડાઓના રાજ્યશાસન તળે આવેલો હતો.

ચાવડાઓ પાસેથી આ પ્રદેશ રઘુવંશી પ્રતિહારોએ પડાવી લીધો હોય એમ જાણવા મળે છે. તેઓએ ભિલ્લમાલની રાજધાનીમાં પ્રથમ સ્થાન જમાવી, પછીથી કનૌજમાં રાજગાદી વ્યવસ્થિત રીતે સ્થાપી હોવાનું ઇતિહાસ કહે છે. આ લોકોનું રાજ્ય કનૌજથી આરંભી ઉત્તરમાં મારવાડથી માંડી, દક્ષિણમાં ભરૂચ સુધી ફેલાયેલું હતું. આ પ્રતિહારોમાં નાગભટ્ટ બીજો એક વીર રાજેન્દ્ર થઈ ગયો છે. તેણે આંધ્ર, સૈંધવ, વિદર્ભ, કલિંગ, અને બંગના રાજાઓને જીતી, આનર્ત, માલવ, કિરાત, તુરૂષ્ક, વત્સ અને મત્સ્ય વગેરે પ્રદેશો પોતાના હસ્તગત કર્યા હતા. જૈન ગ્રંથોમાં તેમજ ધર્મારણ્ય વગેરે પુરાણોમાં તેને આમ રાજા તરીકે ઓળખાવ્યો છે.

પ્રતિહારોએ કયાં સુધી અર્બુદાચલ પ્રદેશ કબજે રાખ્યો, તેની કોઈ પણ તવારિખ ઇતિહાસના પાને નોંધાઈ નથી. પણ તેઓની પછી પરમારોનું રાજ્યશાસન આ પ્રદેશમાં સેંકડો વર્ષો સુધી ચાલ્યું હોવાનું જણાય છે. તેવી જ રીતે પરમારો આ પ્રદેશમાં કયારે આવ્યા, તેની પણ વ્યવસ્થિત નોંધ હજુ સુધી મળી નથી. પરંતુ પરમારોનો પ્રાચીન ઇતિહાસ અને દાંતાના રાણાઓની વંશાવળી ઉપરથી આ ક્ષત્રિય રાજાઓએ નવમાં દસમા સૈકામા અહીં રાજ્ય સ્થાપ્યું હોવાનું જણાય છે.

પરમારોની રાજધાની ચંદ્રાવતીમાં હતી. તેઓ આર્બુદાચલનો પ્રદેશ અને રાજપૂતાનાના કેટલાક ભાગ ઉપર રાજ્યશાસન ચલાવતા

હતા. મૂળરાજે પરમારવંશીય ધરણીવરાહ ઉપર વિજય મેળવી તેને પોતાનો સામંત બનાવ્યો હતો. ત્યારથી પરમારો સોલંકીયોના સામંતો ગણાતા. ગુર્જરેશ્વર સોલંકી ભીમદેવના સમયમાં ધંધુકે તેની સામંતગિરી ફગાવી દીધી. આથી ભીમદેવે વિમળશાહને ચંદ્રાવતીનો દંડાધિપતિ-રાજ્યનિયામક તરીકે નીમ્યો હતો. પાછળથી વિમળે ધંધુક અને ભીમદેવને મેળ કરાવી આપ્યો, અને પોતે ચંદ્રાવતીમાં ભીમદેવના પ્રતિનિધિ તરીકે કેટલાયે વર્ષો સુધી રહ્યો હતો. અંબાજી પાસે કુંભારિયાના મંદિરો તેણે બંધાવ્યાં હોવાનું લોકોક્તિમાં પણ જણાય છે. વળી તે ભગવતી અંબિકાનો પરમ ભક્ત હતો, એટલે પોતાના પ્રદેશમાં તેણે મંદિરો બંધાવવાની વધુ સગવડ પણ રાજસત્તાના કારણે મળી હશે એમ માનીશું તો ખોટું નહિ ગણાય. કુંભારિયા ગામમાંથી પરમાર ધારાવર્ષનો સં. ૧૨૫૬નો લેખ સ્વ. ફાર્બસ સાહેબને મળ્યો હતો, જેમાં અર્બુદના ધણી પરમાર ધારાવર્ષદેવે, આરાસણાપુરમાં વાવ બંધાવી હોવાનું જણાવ્યું હતું. આથી અર્બુદપર્વતના સમસ્ત પ્રદેશ ઉપર પરમારોની સત્તા તે કાળે હોવાનું સ્પષ્ટ જણાય છે. ચંદ્રાવતીના પરમારોની વંશાવળીમાં કુલ ૧૮ રાજાઓની નોંધ આપી છે, તેમાં છેલ્લો રાજા વિક્રમસિંહ સં. ૧૩૫૬માં થયો હોવાનું જણાવ્યું છે. આ રાજાના સમયમાં જાલોરના ચૌહાણોએ તેનો કેટલોક મુલક દબાવ્યો હતો. પાછળથી રાવલુંભાએ સં. ૧૩૬૮માં, તેના વંશજ પાસેથી ચંદ્રાવતી રાજધાની અને તેનો પ્રદેશ પડાવી લઈ, ચૌહાણોની સત્તા દાખલ કરી. પરમારોની વંશાવળીમાં નવમો વંશધર રાજા કૃષ્ણરાજ બીજો થયો હતો. જેને કાનડદેવ પણ કહેતા. દાંતાના મહારાણાઓની વંશાવળીમાં કાનડદેવનું નામ આવે છે. પુરાતત્ત્વવિદ્ સ્વ. ગૌરીશંકર ઓઝાએ આ કૃષ્ણરાજ બીજાથી, દાંતાના પરમારોની પરંપરા ઊતરી આવી હોવાનું, ‘ રાજપૂતાનેકા ઇતિહાસ ’માં જણાવ્યું છે.[૧]

૧ રાજપૂતાનેકા ઇતિહાસ, ખંડ ૧, પા. ૧૮૦

રાસમાળા, ગુજરાત રાજસ્થાન, અને ભાટોની ખ્યાતોમાં દાંતાના મહારાણાઓની વંશાવળી જુદી રીતે જ સંગ્રહાઈ છે. તેમાં તેઓનો આદ્યપુરુષ વીર વિક્રમને ગણાવેલ હોઈ, તેની પરંપરામાં આ રાણાઓ ઊતરી આવ્યાનું જણાવેલ છે. જોકે ભાટોની ખ્યાતોના આધારે તૈયાર થયેલી આ વંશાવળી, અને તેમાંનાં પ્રાચીન પૂર્વજોનાં નામ, સાચાં હશે કે કેમ ? તેને સિદ્ધ કરવા વધુ પુરાવાઓની અપેક્ષા તો રહે છે જ. છતાં પાછળના રાજાઓની હકીકત વધુ પ્રમાણભૂત અને ક્રમબદ્ધ હોવાનું સમજાય છે. આ વંશાવળી વર્તમાન મહારાણા સુધી ચાલી આવી છે, અને તે સાચી હોવાનું તેઓ માને છે, તેથી તેની ટૂંક સમીક્ષા અત્રે કરવામાં આવી છે.

રાજકાલ નિર્ણયમાં જણાવ્યા પ્રમાણે વિક્રમથી ચાલીસમી પેઢીએ રવપાળજી પરમાર થયા તેઓ માતાજીના પરમ ભક્ત હતા. આથી માતાજીએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું. અને તેમની માગણી પ્રમાણે નગરઠઠ્ઠામાં માતાજીએ તેમને રાજ્ય આપ્યું. રવપાળ પછી બારમા પુરુષ દામોજી થયા, તેઓ અપુત્ર હોવાથી માતાજીએ તેમને એક પુત્ર અને જશરાજ નામ રાખવા સૂચવ્યું. દામોજીએ મુસલમાનો સાથે નવ વર્ષ સુધી વિગ્રહ કર્યો અને નગર મુસલમાનોના કબજે ગયું, તેમાં દામોજી મરાયા. ત્યાર બાદ જશરાજે તે પાછું યુદ્ધ કરી પ્રાપ્ત કર્યું. જશરાજ પણ અંબાજીના પરમભક્ત હતા. તે વખતે મુસલમાનો વારંવાર ચડી આવી, હાડકાં વગેરે કુવાઓમાં નાખી દેશને અપવિત્ર બનાવતા હોવાથી માતાજીએ પોતાના મૂળ સ્થાન આરાસુરમાં લઈ જવાનું જણાવ્યું. તેટલું જ નહિ પણ જશરાજને પોતાની પાછળ આવવા જણાવ્યું. ત્યાંથી જશરાજ માતાજી સાથે આરાસુરમાં સહકુટુંબ આવ્યા. માતાજીએ પોતાનો વાઘ આપી જણાવ્યું કે, આ વાઘ ઉપર બેસી જેટલું પરિભ્રમણ કરીશ, તેટલો તારો મુલક થશે. રાજાએ તે પ્રમાણે કર્યું, અને સાતસો ને આઠ ગામની પરિક્રમા કરી, દક્ષિણમાં દાંતરપટો–ખેરાળુ આસપાસ,

ઈશાનમાં કોટડા, પૂર્વમાં દેરોલ, ઉત્તરમાં ભારજીની વાવ, અગ્નિકોણમાં ગઢવાડા, અને વાયવ્યમાં હાથીદરા ગામ સુધીનો પ્રદેશ પોતાના કબજામાં લીધો. ભંડારા જે ગબ્બરગઢ કહે છે, ત્યાંથી અઢળક ધન માતાજીના પ્રતાપે મળ્યું અને ગબ્બરગઢમાં રાજ્યધાની સ્થાપી. જશરાજના પુત્ર કેદારસિંહને, દેવીએ ઝેરીવાવ આગળ પ્રસન્ન થઈ, વસવાટ કરવાનો આદેશ આપ્યો હતો. આ વાવ માતાજીના ધામથી ત્રણ માઈલ દૂર પૂર્વમાં આવેલી છે. ત્યાં એક પ્રાચીન લેખ પણ હાલમાં મોજૂદ છે. આ કેદારસિંહે નાગ કન્યા—નાગજાતિના રજપૂતોની કન્યા સાથે લગ્ન કર્યું હતું. તે વખતે તરસંગમામાં તરસંગીયો ભીલ રાજ્ય કરતો હતો, તેને કેદારસિંહે મારી નાખી, પોતાની રાજધાની ગબ્બરગઢથી તરસંગમામાં ફેરવી હતી.

કેદારસિંહનો પુત્ર જશપાળ તેને રોહીડામાં યજ્ઞ કરાવી, બ્રાહ્મણોને ત્રાસ આપ્યો તેથી કર્મ કરાવનાર આચાર્યે કુંડમાં પ્રાણત્યાગ કર્યો; અને શાપ આપ્યો કે તમારા કુળમાં બધા બુધીયા—ઓછી અક્કલવાળા હવે પછી પાકશે. જશપાળથી કેટલીક પેઢીએ જગતપાળ થયો. તેના વખતમાં અલ્લાઉદ્દીનનું લશ્કર ગુજરાત ઉપર ચડી આવ્યું હતું. તે લોકોએ તરસંગમા પડાવી લીધું, પણ માતાજીની કૃપાથી જગતપાળે પાછું મેળવ્યું. જગતપાળથી છઠ્ઠો કાનડદેવ થયો. તેને બે રાણીઓ હતી. તે પૈકી હળવદનાં ઝાલીજી રામકુંવરને દાંતર—ખેરાળુ આસપાસનો પ્રદેશ આપ્યો હતો. તેણે ખેરાળુમાં પૂર્વ દિશાએ એક દરવાજો બંધાવ્યો હતો, જે ઝાલીજીનો દરવાજો કહેવાય છે. આ સિવાય તેણે વાવ તથા તળાવ પણ બંધાવ્યાં હતાં. બીજી રાણી રતનકુંવરી ઉદેપુરની સીસોદણી તેણે રોહીડા વસાવ્યું. કાનડદેવ અને તેના ભાઈ આંબોજીને રાજ્યના ભાગ માટે તકરાર ચાલતી હતી તેમાં બંને સામસામા મરાયા હતા.

કાનડદેવને બે પુત્રો મેઘજી તથા વાઘજી. તે બંનેએ મારૂ રાવત નામના ખવાસની મદદ મેળવી, અમદાવાદના પાદશાહ પાસે વિનંતી

કરવા ગયા. અને પોતાનો મુલક રાવભાણ કબજે કરી બેઠો હતો, તેની પાસેથી પાછો લાવી આપવા માગણી કરી. બાદશાહના લશ્કરે તેને રાવભાણ પાસેથી તેમનું રાજ્ય યુદ્ધ કરી મેળવી આપ્યું; તેના બદલામાં ખેરાળુનો પ્રદેશ આ લોકોએ બાદશાહને આપ્યો. મેઘજી પછી અનુક્રમે આશકરણજી, વાઘ, જાયમલ, અને જેતમલ વગેરે રાણાઓ થઈ ગયા છે. આ જેતમલ માતાજીના દ્વારે લાંઘવા બેઠા અને તેમનું રાજ્ય જે ઈડરના રાવે પડાવી લીધું હતું, તે મેળવી આપવા પ્રાર્થના કરી. છેવટે કમળપૂજા કરવા તૈયાર થયા ત્યારે, માતાજીએ તેના હાથ પકડી કહ્યું કે તું ઘોડે બેસી હમણાં ચાલી નીકળ. જેટલે સુધી તું ઘોડેસ્વાર થઈ મુલકમાં ફરીશ, તેટલો મુલક તારા કબજે રહેશે. તે અનેક ગામોમાં ફરી વળ્યા. રાવના માણસો તેને જોઈ નાસી ગયા, અને છેવટે ઘોરાદ અને હડાદ આવતાં રાણો થાક લાગવાથી નીચે ઉતર્યો. ત્યાર પછી માતાજીનું વચન પૂરું થયું માની, તરસંગમા ઉજડ કરી તેને દાંતામાં રાજ્ય સ્થાપ્યું.

જેતપાલ પછી અનુક્રમે પુંજાજી, માનસિંહ, ગજસિંહ, પૃથ્વીસિંહ, કરણજી, રતનસિંહજી, અભયસિંહ, માનસિંહ, જગતસિંહ, નહારસિંહ વગેરે મહારાણાઓ દાંતાની રાજગાદી ઉપર આવી ગયા છે. નહારસિંહ પછી ઈ. સ. ૧૮૪૭માં જાલમસિંહ ગાદીએ આવ્યા. તેમને ૧૩ વર્ષ રાજ્ય કર્યું હતું. તેઓ ઈ. સ. ૧૮૬૦માં મરણ પામ્યા બાદ હરિસિંહજી ગાદીએ બેઠા. તેમણે સોળ વર્ષ રાજ્ય કર્યું અને ઈ. સ. ૧૮૭૬માં મરણ પામ્યા. તેમના પછી કુંવર જશવંતસિંહજી ગાદી ઉપર આવ્યા. તેઓ ચારિત્રવાન અને ધર્મપ્રિય મહારાણા હતા. તેમણે અનેક લોકોપયોગી કાર્યો કરી પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. ઈ. સ. ૧૮૮૬માં સાદરાની અંદર રાજકુમાર કૉલેજ બંધાઈ, તેમાં તેમણે સારી એવી રકમ આપી હતી. આ સિવાય દાંતામાં એક તલાવ અને વાવ બંધાવી; હડાદની પાસે જશવંત સાગર તળાવની પાળ બંધાવી. તેમ જ દાંતામાં નિશાળ, પાંજરાપોળનાં મકાનો અને ગબ્બરગઢ ઉપર ચઢવાનાં

પગથિમાં વગેરે તેમણે બંધાવ્યાં હતાં. તેમની પછી મહારાણાશ્રી હમીરસિંહજી ગાદી ઉપર આવ્યા, જેમને રાજ્યમાં કેટલાક સુધારાઓ કરી પ્રજાવર્ગ ઉપરથી કરનું ભારણ દૂર કર્યું. મહારાણા હમીરસિંહજીના સ્વર્ગવાસ થયા બાદ સંવત ૧૯૮૨માં ભવાનીસિંહજી ગાદી ઉપર આવ્યા. ભવાનીસિંહજી ચુસ્ત ભગવતીના અનન્ય ભક્ત હતા. તેટલું જ નહિ પણ તેમણે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી હોવાથી, વિદ્યાવ્યાસંગી રાજવી તરીકે ખૂબ જાણીતા બનેલા છે. તેઓ દેશપરદેશમાંથી વિદ્વાનોને બોલાવતા, તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી દરેકને તેમના દરજ્જા પ્રમાણે સત્કારતા. પ્રજામાં પણ તેમને જમાનાને અનુરૂપ ખૂબ સુધારાવધારા કર્યા છે. આ સિવાય મહારુદ્ર, વિષ્ણુયાગ, સહસ્રચંડી વગેરે મોટા યાગો કરી અનન્ય ધર્મકાર્યો કર્યાં છે. તેઓ સ્વભાવે ખૂબ શાંત અને માયાળુ હતા. વિદ્વાનોનો ખૂબ સમાદર કરતા હતા. તેમના જ રાજ્ય અમલ દરમ્યાન ભારતે સ્વરાજ્ય સંપાદન કર્યું. ત્યાર બાદ ભારતનાં નાના મોટા રાજ્યોનું વિલીનીકરણ થતાં, દાંતા રાજ્યને ગુજરાત રાજ્યની અંદર સમાવી લેવાયું છે. આજે આ પ્રદેશ ઉપર ગુજરાત રાજ્યની હકુમત શાસન ચાલે છે. અખંડ પ્રૌઢપ્રતાપ પ્રાતઃસ્મરણીય, મહારાણાશ્રી ભવાનીસિંહજી સંવત ૨૦૦૯ ઈ. સ. ૧૯૫૩માં, ભગવતી જગદંબાના પરમધામમાં પધારતાં ભારતે એક ધર્મપ્રિય, ઉદાર, નીતિમાન અને સચ્ચારિત્રમાન ભદ્ર પુરુષ ગુમાવ્યો છે. પહેલાં માતાજીની પૂજા સેવા કરવા તેમ જ તેમની પાસે આવતી ભેટો લેવા ઈજારાપદ્ધતિ હતી. ભટજીથી ઓળખાતા આ ઈજારદારો માતાજીની આવક લેતા, અને યાત્રાળુઓને આશીર્વાદ આપી ભયો કરતા. તેમાંથી તેઓને સારી એવી પ્રાપ્તી થતી હતી. રાણાઓ તો ફક્ત ઈજારાની ઠરાવેલી રકમ લેતા. આ ઉપરાંત દરદાગીના, વસ્ત્રો વગેરે ઉપર રાણાનો હક્ક ગણાતો. ભારતના બધા રજવાડાઓનું વિલીનીકરણ થયું ત્યારે અંબાજીની વ્યવસ્થા ગુજરાત રાજ્યે હસ્તગત કરતાં તે બનાસકાંઠાના કલેકટરની

હકુમત નીચે ચાલે છે. આજે તેનો વહીવટ એક કમીટી તથા એડમિનિસ્ટ્રેટર દ્વારા થઈ રહ્યો છે.

## ઉપસંહાર :

આ નાનકડા પુસ્તકમાં ભગવતી જગદંબાના મહાપીઠની પૌરાણિક, અતિહાસિક અને ભૌગોલિક ચર્ચા કરતાં, તાત્ત્વિક દૃષ્ટિએ તેની વિચારણા રજૂ કરી છે. જેના ઉપરથી આ સ્થાનનું મહત્ત્વ, તેની વેદ અને પુરાણકાળ સુધી લઈ જતી પ્રાચીનતા અને આ પુણ્યપ્રદેશનું ગૌરવ જાણી શકાય છે. જગજ્જનની ત્રિપુરસુંદરી ભગવતી અંબાનું આ પીઠસ્થાન ભારત વિખ્યાત મહાપર્વત અર્બુદાચલમાં આવેલ હોઈ આમાં અર્બુદની પૌરાણિક તેમ જ ઐતિહાસિક સમાલોચના આપવામાં આવી છે. તેટલું જ નહિ પણ તેની સાથે નિકટનો સંબંધ ધરાવતી નાગપ્રજા અને નાગવસાહતોની જરૂરી વિવેચના આમાં કરેલી છે. આ ચર્ચા ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજી શકાય છે કે, ભગવતી અંબા ભવાનીનું આ સ્થાન આદિ અનાદિ અનંતકાળનું છે. તદ્-ઉપરાંત જે પ્રદેશમાં આ સ્થાન આવેલું છે. તે પ્રદેશ, અર્થાત્ અર્બુદાચલ એક સંસ્કારી અને ઉચ્ચ સંસ્કૃતિ ધરાવનાર જનપદ હતો. તે એક કાળે નાગો અને માલવો વગેરે વીર પ્રજાથી શાસિત હોઈ, ત્યાં આ પ્રજાનાં થાણાંઓ હતાં. આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ ભગવતીના મહાસ્થાનનું ગૌરવ, અને ઉત્કૃષ્ટા–પ્રતિષ્ઠતા વગેરે પ્રદર્શિત કરવાનો હોઈ, પ્રાપ્ત થતાં પ્રમાણો અને પુરાવાઓ વડે તે વસ્તુને અહીં પુરવાર કરવામાં આવેલ છે. છતાં તેમાં કેટલીક ત્રુટિઓ રહી ગઈ હશે. અર્બુદનાં અનેક તીર્થોની આખ્યાયિકાઓમાંથી, તેમ જ બીજાં કેટલાંક પુરાણો-માંથી અર્બુદ અને અંબિકાને લગતાં વર્ણનો મળે છે. પરંતુ પૌરાણિક કલ્પતાને, ઐતિહાસિક ઘટકો તરીકે રૂપાંતર કરતાં, ક્વચિત્ ઇતિહાસને અન્યાય થઈ જાય તેમ લાગવાથી, તેની સમીક્ષા આમાં આપી નથી.

આ સિવાય રાજકીય પ્રવાહોમાં, મહાભારત કાળથી શરૂ થતો અર્બુદનો રાજકીય ઇતિહાસ, વિસ્તાર ભયના કારણે સંક્ષિપ્ત સ્વરૂપે, ઊડતી નોંધ જેવો જ આપવામાં આવેલ છે. ભાટોની વંશાવળીના ઇતિહાસમાં પણ કેટલીક વિષયાંતર કરતી નોંધોને રજૂ કરવાનું ઇષ્ટ લાગતું નહિ હોવાથી, તેને પણ સરખો આકાર આપી આમાં રજૂ કરી છે. આમ આ પુસ્તકમાં કેટલીક ત્રુટિઓ રહી ગઈ હશે, જેને સુજ્ઞ વાચકો નિભાવી લેશે એમ માની, ભગવતીનો પ્રાચીન ઇતિહાસ અને ગુણાનુવાદ વ્યક્ત કરતું મારું આ શબ્દસંકલન, તેના ચરણમાં વાક્યપુષ્પાંજલી સ્વરૂપે સમર્પું છું.

# પરિશિષ્ટ અ

## ચંડિકાશ્રમ માહાત્મ્ય

ययातिरुवाच ।

चंडिकाया द्विजश्रेष्ठ कथं तत्राश्रमोभवेत् ।
कस्मिन्काले फलं तेन किं दृष्टेन भवेन्नृणाम् ॥ १ ॥

पुलस्त्य उवाच ।

श्रृणु राजन्प्रवक्ष्यामि कथां पापप्रणाशिनीम् ।
यां श्रृत्वा मानवः सम्यक् सर्वपापैः प्रमुच्यते ॥ २ ॥

पुरा देवयुगे राजन्महिषो नाम दानवः ।
पितामहवराद्दृप्तः सर्वदेवभयंकरः ॥ ३ ॥

तेन शक्रादयो देवा जिताः संख्ये सहस्रशः ।
भयात्तस्य दिवं हित्वा गतास्ते वै यथादिशम् ॥ ४ ॥

त्रैलोक्यं स वशे कृत्वा स्वयमिन्द्रो बभुव ह ॥ ५ ॥

आदित्या वसवो रुद्रा नासत्यौ मरुतां गणाः ।
कृता स्तेन तथा दैत्या यथार्हं बलवत्तराः ॥ ६ ॥

वह्निर्भयं समापन्नस्त्यक्त्वा देवगणांस्तदा ।
दानवेभ्यो हविर्भागं देवेभ्यो न प्रयच्छति ॥ ७ ॥

उदयोतं कुरुते सूर्यो यादृक्तस्याभिसंमतः ।
यज्ञभागं विनाऽप्येष भयात्पार्थिवसत्तम ॥ ८ ॥

लोकपालास्तथा सर्वे तस्य कर्म प्रचक्रिरे ।
दासवत्पार्थिवश्रेष्ठ यज्ञभागं विनाकृताः ॥ ९ ॥

યયાતિ બોલ્યા :

હે દ્વિજશ્રેષ્ઠ મનુષ્યોને દર્શન પૂજન વગેરેથી અનંત પુણ્યફલ આપનારો ભગવતી ચંડિકાનો આશ્રમ ત્યાં ક્યારે અને શાથી થયો ? ૧

પુલસ્ત્ય કહેવા લાગ્યા :

હે રાજન્, જે સાંભળવાથી મનુષ્યનાં સર્વ પાપોનો નાશ થાય છે. તેવી પાપ નાશ કરનારી પુણ્યકારક કથા હું તને કહું છું તે તું સાંભળ. ૨

પૂર્વે દેવયુગને વિષે મહિષાસુર નામનો બળવાન દાનવ હતો, તે પિતામહ પાસેથી વરદાન મેળવી સર્વ દેવોને ભયંકર ( દુઃખ આપનારો ) બન્યો હતો. ૩

તેણે ઇંદ્રદિક હજારો દેવોને જીત્યા હતા, અને તેના ભયથી તે બધા દેવો સ્વર્ગ છોડી ચારે દિશામાં નાસી ગયા. ૪

તે દાનવેંદ્ર ત્રૈલોકયને વશ કરી, સ્વર્ગના સિંહાસન ઉપર ઇંદ્ર તરીકે આરુઢ થયો હતો. ૫

આદિત્યો, વસુઓ, રુદ્રો, નાસત્યો, મરુદ્દગણો, વગેરેને પણ બલવાન દૈત્યોએ વશવર્તી બનાવ્યા હતા. ૬

અગ્નિ પણ તેઓના ભયથી યજ્ઞનો હવિર્ભાગ દાનવોને અર્પણ કરતો હતો. ૭

પોતાને હવિર્ભાગ નહિ મળતો હોવા છતાં, સૂર્ય પણ તેઓના શાસન પ્રમાણે ઉદય અસ્તનું કાર્ય કરતો હતો. ૮

તેવી જ રીતે લોકપાલો પણ પોતાનો હવિર્ભાગ લીધા સિવાય, તે દાનવેન્દ્રના ભયથી પોતપોતાનું કાર્ય કરતા હતા. ૯

कस्यचित्त्वथ कालस्य सर्वे देवाः समेत्य तु ।
पप्रच्छुर्विनयोपेता विप्रश्रेष्ठं बृहस्पतिम् ॥ १० ॥

भगवन्किं वयं कुर्मः कुत्र यामो निराश्रयाः ।
तस्माद्ब्रूहि क्षयोपायं महिषस्य दुरात्मनः ॥ ११ ॥

एवमुक्तो गुरुर्देवैर्ध्यात्वा कालं चिरं नृप ।
ततस्तांस्त्रिदशान्प्राह जीवयन्निव भूपते ॥ १२ ॥

बृहस्पतिरुवाच ।

ब्रह्मलब्धवरो दैत्यः पौरुषे च व्यवस्थितः ।
अवध्यःसर्वदेवानां मुक्त्वैकां योषितं सुराः ।
व्रजध्वं सहितास्तस्मादर्बुदं पर्वतोत्तमम् ॥ १३ ॥

तपोऽर्थं तत्र संसिद्धिर्जायतामचिराद्धि वः ।
शक्तिरूपां परां देवीं चण्डिकां कामरूपिणीम् ॥ १४ ॥

आराधयध्वमेकान्ते यया व्याप्तमिदं जगत् ।
सा तुष्टा वै वधार्थं तु महिषस्य दुरात्मनः ॥ १५ ॥

करिष्यति समुद्योगं भवतारसमुद्भवम् ।
तस्या हस्तेन सोऽवश्यं वधं प्राप्स्यति दुर्मतिः ॥ १६ ॥

अहं वः कीर्तयिष्यामि शक्तिदं मन्त्रमुत्तमम् ।
पूजाविधानसंयुक्तं भुक्तिमुक्तिप्रदं शुभम् ॥ १७ ॥

पुलस्त्य उवाच ।

एवमुक्ताः सुराः सर्वे हर्षेण महतान्विताः ।
तेनैव सहिता राजन्गताः पर्वतमर्बुदम् ॥ १८ ॥

तत्र स्नाताञ्छुचीन्सर्वान्दीक्षयामास गीष्पतिः ।
शाक्तियैः परमैर्मंत्रैः सद्यः सिद्धिकरैर्नृप ॥ १९ ॥

કેટલોક કાળ ગયા પછી બધા દેવો ભેગા મળી બૃહસ્પતિ પાસે ગયા, અને વિનયપૂર્વક બ્રાહ્મણ શ્રેષ્ઠ બ્રહ્મણસ્પતિ (ગુરુ)ને પૂછવા લાગ્યા. ૧૦

હે મહારાજ, આ પાપી દુરાત્મા મહિષાસુર બહુ જ દુઃખ આપી રહ્યો છે. અમો આશ્રય વિનાના ક્યાં જઈએ, શું કરીએ, તેનો નાશ કેવી રીતે થાય તે બતાવો. ૧૧

આ પ્રમાણે દેવોએ જેની સ્તુતિ કરી છે તેવા ગુરુ—બૃહસ્પતિએ થોડોક સમય ધ્યાન (સમાધિ) ધર્યું, અને કહેવા લાગ્યા. ૧૨

બૃહસ્પતિ બોલ્યા :

હે દેવો આ પાપી મહિષાસુર બ્રહ્માના વરદાનથી, દેવો તો શું પણ પુરુષ માત્રથી અવધ્ય છે.–મારી શકાય તેમ નથી. તમો બધા પર્વતશ્રેષ્ઠ અર્બુદ પર્વતમાં જાઓ. ૧૩

ત્યાં જઈ તમો તપ કરો, જેથી થોડાક વખતમાં તમોને સિદ્ધિ પ્રાપ્ત થશે. તમો બધા ત્યાં પરાંબા ભગવતી, કામરૂપિણી, શક્તિસ્વરૂપા, ચંડિકા જે સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે, તેનું એકાંતમાં આરાધન કરો. તે પ્રસન્ન થઈ મહિષાસુરના વધ માટે, પ્રયત્ન કરતાં અવતાર ધારણ કરી પ્રકટ થશે, અને તેના દ્વારા તે દુરાત્મા દાનવનો નાશ થશે. ૧૪–૧૫–૧૬

હું પણ ત્યાં ભગવતી ચંડિકાનો શક્તિમંત્ર, પૂજાવિધાન વગેરે તમોને ત્યાં બતાવીશ. જગતમાં (આ સાધના)ભક્તિ મુક્તિ આપનારી અને કલ્યાણકારક બનશે. ૧૭

પુલસ્ત્ય કહેવા લાગ્યા :

હે રાજન્, આ પ્રમાણે કહેવાથી હર્ષ પામતા દેવતાઓ તેમને સાથે લઈ અર્બુદ પર્વતમાં ગયા. ૧૮

ત્યાં સ્નાન કરી પવિત્ર થયેલા સર્વ દેવોને સદ્યઃ સિદ્ધિ આપનાર પરમ શક્તિમંત્રની બૃહસ્પતિએ દરેકને દીક્ષા આપી. ૧૯

सार्धयामत्रयं तत्र परिवारसमन्विताः ।
बलिपुजोपहारैश्च गन्धमाल्यानुलेपनैः ॥ २० ॥

मन्त्रेण विविधेनैव चारुस्तोत्रेण भक्तितः ।
प्रार्थयन्तस्तथा नित्यं दीपज्योतिःसमाहिताः ॥ २१ ॥

निर्ममा निरहंकारा गुरुभक्तिपरायणाः ।
अङ्गन्याससमायुक्ताः समदर्शित्वमागताः ॥ २२ ॥

एवं संतिष्ठमानानां तेषां पार्थिवसत्तम ।
सप्त मासा व्यतिक्रांतास्ततस्तुष्टा सुरेश्वरी ॥ २३ ॥

दीपज्योतिःसमावेशात्तेषां गात्रेषु पार्थिव ।
मन्त्रेण परिपूतानां परं तेजो व्यवर्धत ॥ २४ ॥

द्वादशार्कप्रभा जाताः षण्मासाभ्यंतरेण ते ।
अथ तांस्तेजसा युक्ताञ्ज्ञात्वा जीवो महीपते ॥ २५ ॥

मण्डलं रचयामास सर्वसिद्धिप्रदायकम् ।
उपवेश्य ततः सर्वान्समस्तांस्त्रिदशालयान् ॥ २६ ॥

तेषां शरीरगं तेजः शक्तियैमन्त्रसत्तमैः ।
आकृष्यन्यसयामास मण्डले तत्र पार्थिव ॥ २७ ॥

ततस्तेजोमयी कन्या तत्र जाता स्वरूपिणी ।
शक्तिरूपा महाकाया दिव्यलक्षणलक्षिता ॥ २८ ॥

इन्द्रस्तस्यै ददौ वज्रं स्वपाशं च जलेश्वरः ।
शक्तिं च भगवानग्निः सिंहयानं धनाधिपः ॥ २९ ॥

अन्ये चैव गणाः सर्वे निजशस्त्राणि हर्षिताः ।
तस्यै ददुर्नृपश्रेष्ठ स्तुतिं चक्रुः समाहिताः ॥ ३० ॥

તે બધા દેવો નિત્ય સાડાત્રણ પ્રહર સુધી ભગવતી ચંડિકાનું તેના પરિવાર દેવો સાથે ગંધપુષ્પ વગેરે ઉપચારોથી પૂજન, અર્ચન, બલિદાન વગેરે કરવા લાગ્યા. ૨૦

વળી વિવિધ મંત્રો અને સ્તોત્રો વડે ભક્તિપૂર્વક દેવતાઓ દીપજ્યોતિસ્વરૂપ ભગવતીની પ્રાર્થના કરતા હતા. ૨૧

આ પ્રમાણે નિરહંકાર અને મમત્વરહિત, ગુરુભક્તિપરાયણ દેવો, અંગન્યાસ વગેરે કરી સમભાવ અને સમદૃષ્ટિને ધારણ કરતાં ભગવતીની (જગદંબાની) આરાધના કરવા લાગ્યા. ૨૨

હે રાજન્, આ પ્રમાણે ભગવતીનું આરાધન કરતાં, લગભગ સાત માસ વ્યતિત થઈ ગયા ત્યારે ભગવતી દેવોના ઉપર પ્રસન્ન થયાં. ૨૩

દીપજ્યોતિસ્વરૂપા ભગવતીએ દેવોનાં ગાત્રો–અવયવોમાં નૂતન ચૈતન્યનો સંચાર કરતાં, તેમના શરીરોમાં પરમ તેજની વૃદ્ધિ થવા માંડી. ૨૪

બીજા છ માસ જતાં તો બધાનાં શરીરો દ્વાદશાર્ક–બાર સૂર્યના જેવી કાંતિ ધારણ કરતાં તેજસ્વી બની ગયા. ત્યારે બૃહસ્પતિએ સર્વસિદ્ધિ-પ્રદાયક મંડળની રચના કરી, તેમાં બધા દેવોને સંનિહિત કરતાં, તેઓના શરીરમાં શક્તિમંત્રનું જે દૈવી તેજ હતું તેનું આકર્ષણ કર્યું. આ તેજઃપુંજમાંથી એક અદ્ભુત, તેજોમયી, શક્તિસ્વરૂપા, દિવ્ય લક્ષણાન્વિત, સ્વરૂપવાન એક સુંદર કન્યા ઉત્પન્ન થઈ. ૨૫–૨૬–૨૭

ત્યાર પછી ઇંદ્રે તેને વજ્ર, વરુણે પાશ, અગ્નિએ શક્તિ, કુબેરે સિંહ, અને બીજા દેવોએ પોતપોતાનાં દિવ્ય શસ્ત્રાસ્ત્રો અર્પણ કર્યાં. અને બધા દેવો હર્ષ પામતા ભગવતી જગદંબાની સ્તુતિ કરવા લાગ્યા. ૨૯–૩૦

देवा उचुः ।

नमस्ते देवदेवेशि नमस्ते काञ्चनप्रभे ।
नमस्ते पद्मपत्राक्षि नमस्ते जगदम्बिके ॥ ३१ ॥
नमस्ते विश्वरुपे च नमस्ते विश्वसंस्तुते ।
त्वं मतिस्त्वं धृतिः कान्तिस्त्वं सुधा त्वं विभावरी ॥ ३२ ॥
क्षमा ऋद्धिः प्रभा स्वाहा सावित्री कमला सती ।
त्वं गौरी त्वं महामाया चामुण्डा त्वं सुधा त्वं सरस्वती ॥ ३३ ॥
भैरवी भीषणाकारा चण्डमुण्डासिधारिणी ।
भूतप्रिया महाकाया घण्टाली विक्रमोत्कटा ॥ ३४ ॥
मद्यमांसप्रिया नित्यं भक्तत्राणपरायणा ।
त्वया व्याप्तमिदं सर्वं त्रैलोक्यं सचराचरम् ॥ ३५ ॥

पुलस्त्य उवाच ।

एवं स्तुता सुरैः सर्वैस्ततो देवी प्रहर्षिता ।
तानब्रवीद्वरं सर्वा गृह्णन्तु मम देवताः ॥ ३६ ॥

देवा उचुः ।

दानवो महिषो नाम पितामहवरान्वितः ।
अवध्य सर्वभूतानां देवानां च तथा कृतः ॥ ३७ ॥
मुक्त्वैकां योषितं देवि तस्मात्त्वं विनिपातय ॥ ३८ ॥

देव्युवाच ।

गच्छध्वं त्रिदशाः सर्वे स्वानि स्थानानि निर्वृताः ॥ ३९ ॥
अहं तं सूदयिष्यामि समये पर्युपस्थिते ।
एवमुक्ता गताः सर्वे देवाः स्थानानि हर्षिताः ॥ ४० ॥
देवी तत्रैव संदृष्टा स्थिता पर्वतरोधसि ।
कस्यचित्त्वथ कालस्य नारदो भगवान्मुनिः ॥ ४१ ॥

દેવતાઓ કહેવા લાગ્યા કે:

હે દેવદેવેશી, સુવર્ણના જેવા વર્ણવાળી પદ્મપત્ર સમાન નેત્ર ધારણ કરતી ભગવતી જગદંબા તને નમસ્કાર કરીએ છીએ. ૩૧

હે વિશ્વરૂપા, હે વિશ્વથી સ્તુતિ કરાયેલી, તું મતિ, ધૃતિ, કાંતિ, સુધા, વિભાવરી, ક્ષમા, ઋદ્ધિ, પ્રભા, સ્વાહા, સાવિત્રી, કમલા, સતી, ગૌરી, મહામાયા, ચામુંડા, સરસ્વતી, ભૈરવી, ભીષણાકારા (ભયંકર સ્વરૂપવાળી), ચંડમુંડા, ખડગ ધારણ કરનારી, ભૂતપ્રિયા, મહાકાયા, (મોટા સ્વરૂપવાળી), ઘંટાલી (ઘંટા ધારણ કરતી), વિક્રમોત્કટા, ઉત્કટ બલશાલિની, મદ્યમાંસપ્રિયા, અને ભક્તોનું રક્ષણ કરનારી, ભગવતી તું જ સચરાચર (વિશ્વ) ત્રૈલોક્યમાં વ્યાપ્ત થયેલી, એવી–મા જગદંબા તને નમસ્કાર કરીએ છીએ. ૩૨–૩૩–૩૪–૩૫

પુલસ્ત્ય બોલ્યા:

આ પ્રમાણે દેવોએ સ્તુતિ કરવાથી ભગવતી પ્રસન્ન થયાં અને કહેવા લાગ્યાં કે, હે દેવો તમારી ઇચ્છા હોય તે વરદાન માગો! ૩૬

દેવો કહેવા લાગ્યા:

હે મા, મહિષાસુર નામનો દાનવ પિતામહ(બ્રહ્મા)ના વરદાનથી, ફક્ત સ્ત્રી સિવાય સકલ પ્રાણી માત્રથી—દેવોથી પણ અવધ્ય છે. તો ભગવતી જગદંબા, સ્ત્રીસ્વરૂપા તમો તેનો નાશ કરી અમોને તેના દુઃખમાંથી મુક્ત કરો–બચાવો. ૩૭–૩૮

દેવી બોલ્યાં:

હે દેવો તમો બધા તમારા સ્વસ્વસ્થાને જાઓ. હું સમય આવે તે દુષ્ટ રાક્ષસનો નાશ કરીશ. આ પ્રમાણે ભગવતીએ આદેશ આપ્યો એટલે બધા દેવો પોતપોતાના સ્થાને હર્ષ પામતા ચાલ્યા ગયા. ૩૯–૪૦

દેવોના ગયા પછી ભગવતી આ પર્વતમાં જ નિવાસ કરતાં હતાં, તેવામાં એક વખત ઋષિશ્રેષ્ઠ નારદમુનિ ત્યાં આવી ચઢ્યા. ૪૧

तत्र देवीं च संदृष्ट्वा तीर्थयात्रापरायणः ।
त्रिविष्टपमनुप्राप्तो महिषो यत्र तिष्ठति ॥ ४२ ॥

तत्र दृष्ट्वा मुनिं प्राप्तं प्रणम्य महिषासुरः ।
विनयेन समायुक्तो ह्यभ्युत्थानमथाकरोत् ॥ ४३ ॥

ततस्तं पूजयामास मधुपर्कार्घविष्टरैः ।
सुखासीनं सुविश्रान्तं ज्ञात्वा वाक्यमुवाच ह ॥ ४४ ॥

कुतो भवानितः प्राप्तः किमर्थं मुनिसत्तम ।
अमी पुत्रास्तथा राज्यं कलत्राणि धनानि च ॥ ४५ ॥

अहं भृत्यसमायुक्तः किमनेन द्विजोत्तम ।
सर्वं तेऽहं प्रदास्यामि ब्रूहि येन प्रयोजनम् ॥ ४६ ॥

नारद उवाच ।

अभिनन्दामि ते सर्वमेतत्त्वय्युपपद्यते ।
निःस्पृहा हि वयं नित्यं मुनिधर्मं समाश्रिताः ॥ ४७ ॥

कौतूहलादिह प्राप्तश्चिरात्ते दर्शनं गतः ।
मर्त्यलोकात्समायातो यास्यामि ब्रह्मणः पदम् ॥ ४८ ॥

महिषासुर उवाच ।

कच्चिद्दृष्टं त्वया किंचिदाश्चर्यं भूतले मुने ।
दैवं वा मानुषं वापि दानवा लम्भिता विभो ॥ ४९ ॥

नारद उवाच ।

अत्याश्चर्यं मया दृष्टं दानवेन्द्र धरातले ।
यन्न दृष्टं कचित्पूर्वं त्रैलोक्ये सचराचरे ॥ ५० ॥

अस्त्यर्बुद इति ख्यातः पर्वतो धरणीतले ।
सर्वर्तुपुष्पितैर्वृक्षैः शोभितः स्वर्गसन्निभः ॥ ५१ ॥

ત્યાં અનેક તીર્થોની યાત્રા કરી, ભગવતીનાં દર્શન મુનિરાજે કર્યાં અને મહિષાસુર જ્યાં રાજ્ય કરતો હતો ત્યાં સ્વર્ગમાં પધાર્યા. ૪૨

નારદમુનિને આવતા જોઈ, મહિષાસુરે વિનયપૂર્વક નમસ્કાર કર્યા, અને અભ્યુત્થાન–ઊભા થઈ તેમનું સ્વાગત કર્યું. ૪૩

ત્યાર બાદ તેણે મધુપર્ક, અર્ધ્ય વિષ્ટર વગેરેથી મુનિનું પૂજન કર્યું. પછી સુખપૂર્વક વિશ્રાંતિ લઈ બેઠેલા મુનિને મહિષાસુર પૂછવા લાગ્યો. ૪૪

હે મહારાજ, આજે આપનું અવાગમન શાથી થયું છે તે જણાવો. મારું રાજ્ય, કલત્ર, ધન, સેવકો વગેરે જેની ઇચ્છા હોય તે માગો. આપ માગશો તે બધું આપને સમર્પણ કરીશ. આપની જે કોઈ ઇચ્છા હોય તે કહો. ૪૫–૪૬

નારદ બોલ્યા :

હે રાજન્–હું તને અભિનંદન આપું છું, તારી પાસે જે છે તે તારું છે. અમો ઋષિધર્મનો આશ્રય કરનારને તેની કોઈ જ ઇચ્છા હોતી નથી. પરંતુ એક કૌતુક મેં જોયું છે તેટલા માટે હું તારી પાસે આવ્યો છું. ૪૭

હું મૃત્યુલોકમાંથી આવું છું, અને હવે બ્રહ્મલોકમાં જાઉં છું. ૪૮

મહિષાસુર કહેવા લાગ્યો :

મહારાજ પૃથ્વી ઉપર તમોએ શું આશ્ચર્ય જોયું? તે દૈવી, માનવી, કે દાનવી કૌતુક છે? ૪૯

નારદ બોલ્યા :

હે દાનવેન્દ્ર, મેં જે આશ્ચર્ય જોયું છે, તેવું સચરાચર ત્રૈલોક્યમાં કદી પણ કૌતુક મેં હજુ સુધી જોયું નથી. ૫૦

અર્બુદ નામનો એક સુપ્રસિદ્ધ પર્વત પૃથ્વી ઉપર છે, જે સર્વ ઋતુઓમાં થતાં ફળ, પુષ્પો, અને વૃક્ષોથી સુશોભિત હોઈ સ્વર્ગના જેવી શોભા આપનારો છે. ૫૧

बकुलैश्चम्पकैश्चाम्रैरशोकैः कर्णिकारकैः ।
शालैस्तालैश्च खर्जुरैर्वटैर्भल्लातकैर्धवैः ॥ ५२ ॥

सरलैः पनसैर्वृक्षैस्तिन्दुकैः करवीरकैः ।
मन्दारैः पारिजातैश्च मलयैश्चन्दनैस्तथा ॥ ५३ ॥

पुष्पजातिविशेषैश्च सुगन्धैरप्यनेककैः ।
खाद्यैः सर्वैस्तथा लेह्यैश्चोष्यैः फलवरैर्वृतः ॥ ५४ ॥

न स वृक्षो न सा वल्ली नौषधी सा धरातले ।
न तत्र याऽसुरज्येष्ठ पर्वते वीक्षिता मया ॥ ५५ ॥

पक्षिणो मधुरारावाश्चकोरशिखिचातकाः ।
कोकिला धार्तराष्ट्राश्च भ्रमराः श्वेतपत्रकाः ॥ ५६ ॥

येषां शब्दं समाकर्ण्य मुनयोऽपि समाहिताः ।
क्षोभं यान्ति त्रिकालज्ञा कन्दर्पशरपीडिताः ॥ ५७ ॥

निर्झराणि सुरम्याणि नद्यश्च विमलोदकाः ।
पद्मिनीखण्डसंयुक्ता ह्रदाः शतसहस्रशः ॥ ५८ ॥

पद्मपत्रविशालाक्षा मध्यक्षामाः शुचिस्मिताः ।
विवेकिनो नरास्तत्र शास्त्रव्रतसमन्विताः ॥ ५९ ॥

किं चात्र बहुनोक्तेन यत्किंचित्तत्र पर्वते ।
स्वेदजाण्डजसंज्ञेया उद्भिदाश्च जरायुजाः ।
सर्वलोकोत्तरास्तत्र दृश्यन्ते पर्वतोत्तमे ॥ ६० ॥

दशयोजनविस्तारो द्वाभ्यां संहितपर्वतः ।
उच्चैः पञ्च च स श्रीमान्मर्त्ये स्वर्गो व्यजायत ॥ ६१ ॥

तत्राऽहं कौतुकाविष्ट इतश्चेतश्च वीक्षयन् ।
सर्वाश्चार्यमयीं नारीमपश्यं लोकसुन्दरीम् ॥ ६२ ॥

અહીં બકુલ, ચંપો, આંબા, અશોક, કર્ણિકાર, શાલ, તાડ, ખજૂર, .ડ, ભલ્લાતક ( ભીલામાં ), ધવ, સરલ, ( દેવદાર ), પનસ, તીંદુક, વગેરે વૃક્ષો, તેમ જ મંદાર, પારિજાત, મલયચંદન, વગેરે સુગંધી પુષ્પો થાય છે. તેટલું જ નહિ પણ ઉત્તમ સ્વાદવાળાં ખાવાનાં, ચૂસવાનાં, અને ચાટવાનાં ઉત્તમ અમૃતપૂર્ણ ફળો આ પર્વતશ્રેષ્ઠમાં ખૂબ ઊતરે છે. ૫૨–૫૩–૫૪

પૃથ્વી ઉપર થતાં એક પણ વૃક્ષો, ઔષધિ, કે વેલી એવી નથી કે જે મેં આ પર્વતશ્રેષ્ઠને વિષે જોઈ ન હોય. ૫૫

વળી ચકોર મોર, ચાતક, કોકિલા ( કોયલ ), હંસ ( કાળી ચાંચ અને કાળા પગવાળા ધૃતરાષ્ટ્ર નામક હંસ ), ભ્રમર ( ભમરા ), શ્વેતહંસ ( ધોળા હંસ, સાવ સફેત ), વગેરે પક્ષીઓના મધુર આલાપો ત્યાં નિરંતર સંભળાય છે. જેના શબ્દો સાંભળીને ત્રિકાલજ્ઞ ઋષિમુનિઓ પણ, મદન-બાણથી પીડાતાં હૃદયમાં ક્ષોભ અનુભવે છે. ૫૬–૫૭

આ મહાન પર્વતમાં પવિત્ર અને સ્વચ્છ જળવાળા અનેક ઝરણાંઓ, નદીઓ, તેમ જ હજારો સરોવરો કમલદલોથી શોભતા આવેલા છે. ૫૮

અહીં કમલપત્ર જેવાં વિશાલ નેત્રોવાળા, સદાસર્વદા પ્રસન્ન રહેતા, વિવેકી, અને શાસ્ત્રોક્ત વ્રતોને ધારણ કરનારા મનુષ્યો નિવાસ કરે છે. ૫૯

હે દાનવેન્દ્ર, હું તને શું કહું સ્વદેજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ એમ ચાર પ્રકારના પ્રાણિઓ તથા મનુષ્યો આ પર્વતમાં મારા જોવામાં આવ્યાં છે. ૬૦

તે દશ યોજનના વિસ્તારવાળો, અને પાંચ યોજન ઊંચો આ પર્વત મૃત્યુલોકમાં સ્વર્ગ સમાન આવેલો છે. ૬૧

ત્યાં મેં આમતેમ ફરતાં એક કૌતૂક જોયું. આશ્ચર્ય પમાડે તેવી અત્યુત્તમ લોકસુંદરી જેવી સ્વરૂપવાન એક સ્ત્રી મારા જોવામાં આવી. ૬૨

सा देवी नापि गन्धर्वी नासुरी न च मानुषी ।
तादृग्रूपा मया दृष्टा न श्रुता च वराङ्गना ॥ ६३ ॥

रतिः प्रीतिरुमा लक्ष्मीः सावित्री च सरस्वती ।
तस्या रूपस्य लेशेन नैतास्तुल्याः स्त्रियोऽखिलाः ॥ ६४ ॥

अहं दृष्ट्वा तथारूपां नारीं कामेन पीडितः ।
तदा दानवशार्दूल वैक्लव्यं परमं गतः ॥ ६५ ॥

ततो धैर्यमवष्टभ्य मया मनसि चिन्तितम् ।
न करिष्ये समालापं तया सह च कर्हिचित् ॥ ६६ ॥

यस्या दर्शनमात्रेण कामो मे हृदि वर्धितः ।
तस्याः संभाषणे नैव किं भविष्यति मे पुनः ॥ ६७ ॥

चिरकालं तपस्तप्तं ब्रह्मचर्येण वै मया ।
नाशं यास्यति तत्सर्वं विषयैर्निर्जितस्य च ।
तस्माद्गच्छामि चान्यत्र यावन्नविकृतिर्भवेत् ॥ ६८ ॥

नारी नाम तपोविघ्नं पूर्वं सृष्टं स्वयंभुवा ।
अर्गला स्वर्गमार्गस्य सोपानं नरकस्य च ॥ ६९ ॥

तावद्धैर्यं तपः सत्यं तावत्स्थैर्यं कुलत्रपा ।
यावत्पश्यति नो नारीमेकान्ते च विशेषतः ॥ ७० ॥

एतत्संचिन्त्य बहुधा निमील्य नयने ततः ।
अप्रजल्प्य वरारोहां तामहं चात्र संस्थितः ॥ ७१ ॥

पुलस्त्य उवाच ।

नारदस्य वचः श्रुत्वा महिषः कामपीडितः ।
श्रवणादपि राजेन्द्र पुनः पप्रच्छ तं मुनिम् ॥ ७२ ॥

દેવોમાં, ગાંધર્વોમાં, કે મનુષ્યોમાં આવી ઉત્તમ વરાંગના કોઈ પણ કાળે મારા જોવામાં કે સાંભળવમાં આવી નથી. ૬૩

કામદેવની સ્ત્રી રતિ, પ્રીતિ, ઉમા (પાર્વતી), સાવિત્રી, કે સરસ્વતી, તેના સ્વરૂપ આગળ તો લેશ માત્ર પણ નથી. તેટલું જ નહિ પણ સમસ્ત સંસારની સ્ત્રીઓમાં આ સ્ત્રી સમાન કોઈ સ્ત્રી મેં જાણી નથી. ૬૪

આવી અદ્દ્ભુત સ્વરૂપવાળી સ્ત્રી જોઈને, હે દાનવશાર્દૂલ, મારા મનમાં પણ ખળભળાટ થયો. ૬૫

ધૈર્ય ધારણ કરી મેં તેનું દર્શન કર્યું, અને મનથી વિચાર કર્યો કે, ફક્ત દર્શન માત્રથી હૃદયમાં કંદર્પવાસના જાગ્રત થાય તો, જો હું તેની સાથે વાર્તાલાપ કરું તો મારું શું થાય? (એમ સમજી દર્શન કરીને જ અટક્યો.) ૬૬–૬૭

લાંબા કાળ સુધી મેં જે તપ અને બ્રહ્મચર્યની ઉપાસના કરી છે, તે વિષયના સંગથી નાશ પામશે. માટે મારા હૃદયમાં વિકૃતિ ન થાય તેટલા માટે મારે અહીંથી બીજા સ્થાનમાં જવું જોઈએ. ૬૮

પૂર્વે સ્વાયંભુવ બ્રહ્માએ જેના રીસ્વરૂપને નિર્માણ કર્યું છે તે તપમાં વિઘ્ન નાખનારું, સ્વર્ગમાર્ગની ભોગળ, અને નરકનું પગથિયું (સોપાન) છે. ૬૯

જ્યાં સુધી એકાંતમાં સ્ત્રીનો પ્રસંગ ન થાય, ત્યાં સુધી જ ધૈર્ય, અને સ્થૈર્ય ટકી શકે છે. ૭૦

આ પ્રમાણે મનમાં વિચાર કરી, આંખો બંધ કરી, તે વરારોહા સુંદરી સાથે વાતચીત કર્યા સિવાય હું અહીં આવ્યો છું. ૭૧

પુલસ્ત્ય બોલ્યા :

નારદનાં વચન સાંભળી કામથી પિડાતો મહિષાસુર વધુ જાણવાની ઇચ્છાથી મુનિશ્રેષ્ઠ નારદજીને ફરીથી પૂછવા લાગ્યો. ૭૨

महिषासुर उवाच ।

काऽसौ ब्राह्मणशार्दूल तादृग्रूपा वराङ्गना ।
यस्याः संदर्शनादेव भवानेवं स्मरान्वितः ॥ ७३ ॥

देवी वा मानुषी वापि यक्षिणी पन्नगी मुने ।
कुमारी वा सकान्ता वा ब्रूहि सर्वं सविस्तरम् ॥ ७४ ॥

नारद उवाच ।

न सा पृष्टा मया किंचिन्न जानामि तदन्वयम् ।
एतन्मे वर्तते चित्ते सा कुमारी यशस्विनी ॥ ७५ ॥

अक्षमालाधरा बाला कमण्डलुसमन्विता ।
तपस्तेपे गिरौ तत्र हेतुना केनचिच्छुभा ॥ ७६ ॥

सोऽहं यास्यामि दैत्येश ब्रह्मलोकं सनातनम् ।
नोत्सहे तत्कथां कर्तुं कामबाणभयातुरः ॥ ७७ ॥

एवमुक्त्वा ततो राजन्ब्रह्मलोकं गतो मुनिः ।
महिषोऽपि स्मराविष्टश्चरं तस्याः समादिशत् ॥ ७८ ॥

गत्वा भवान्द्रुतं तत्र दृष्ट्वा तां च वराङ्गनाम् ।
किमर्थं सा तपस्तेपे को वै तस्याः परिग्रहः ॥ ७९ ॥

अथाऽसौ महिषादेशाद्दूतो गत्वार्बुदाचलम् ।
दृष्ट्वा तां पद्मगर्भाभां ज्ञात्वा सर्वं विचेष्टितम् ॥ ८० ॥

तस्मै निवेदयामास महिषाय सविस्मयः ।
दृष्ट्वा दैत्यवर स्त्री च सर्वलक्षणलक्षिता ॥ ८१ ॥

देवतेजोद्भवा कन्या साऽद्यापि वरवर्णिनी ।
तद्वधार्थं तपस्तेपे कौमारव्रतमाश्रिता ॥ ८२ ॥

મહિષાસુર કહેવા લાગ્યો :

હે બ્રાહ્મણશ્રેષ્ઠ તમે કહી તેવી વરાંગના–સુંદરી કોણ છે, જેના દર્શનમાત્રથી આપના જેવા બ્રહ્મનિષ્ઠ મહાત્માને પણ કામબાણનો અનુભવ થયો ? ૭૩

તે દેવી, માનુષી, યક્ષિણી, કે નાગકન્યા, કુમારી, કે સુંદરી, જે હોય તેની વિસ્તારથી હકીકત મને જણાવો. ૭૪

નારદ બોલ્યા :

હે દાનવેન્દ્ર મેં તેની સાથે વાતચીત કરી નથી, એટલે તે કોણ છે, કોની પુત્રી છે, તેની મને ખબર નથી; પણ તેના સ્વરૂપ ઉપરથી તે યશસ્વિની–સુંદર કુમારિકા છે. ૭૫

તે બાલા માલા અને કમંડલ ધારણ કરી પોતાની મનઃકામના સિદ્ધ કરવા માટે ત્યાં પર્વતમાં તપશ્ચર્યા કરી રહી છે. ૭૬

હે દાનવેન્દ્ર તેની વાર્તા કરતાં જ મને કામબાણનો ભય થાય છે, માટે હવે તો હું સનાતન બ્રહ્મલોકમાં જઈશ. આમ કરી નારદમુનિ બ્રહ્મલોકમાં ગયા. ૭૭

પછી કામાવિષ્ટ મહિષાસુરે, આ વરાંગના સુંદરી કોણ છે ? શા માટે તપ કરી રહી છે, અને કોની સાથે પાણિગ્રહણ કરવા ઇચ્છે છે, વગેરે હકીકત જાણવા માટે એક અનુચરને આજ્ઞા આપી ( અર્બુદાચલ તરફ ) મોકલ્યો. ૭૮–૭૯

મહિષાસુરના આદેશથી તે દૂત અર્બુદાચલમાં ગયો અને કમળના ગર્ભ જેવાં ભગવતીનાં દર્શન કરી, તેના સંબંધી સર્વ હકીકત મેળવી, મહિષાસુરની આગળ આશ્ચર્યપૂર્વક બધી વાત નિવેદન કરી કહ્યું કે, ૮૦

"દેવોના તેજમાંથી સર્વ લક્ષણ લક્ષિતા આ કન્યા પ્રકટ થઈ છે જે હજુ સુધી કુમારિકા છે. અને હે રાજેન્દ્ર (મહિષાસુર), તે આપના વિનાશ માટે કૌમારવ્રતનો આશ્રય કરી તપ કરી રહી છે. ૮૧–૮૨

एवं तत्र भवन्ति स्म पृष्टाः सर्वे तपस्विनः ।
सत्यमेतन्महाभाग कुरुष्व यदनन्तरम् ॥ ८३ ॥

तस्या रूपं वयः कान्तिवर्णितुं नैव शक्यते ।
नालापं कुरुते बाला सा केनापि समं विभो ॥ ८४ ॥

पुलस्त्य उवाच ॥

तच्छ्रुत्वा महिषो वाक्यं भूयः कामनिपीडितः ।
दूतं संप्रेषयामास दानवं च विचक्षणम् ॥ ८५ ॥

विचक्षण द्रुतं गत्वा मदर्थे तां तपस्विनीम् ।
सामभेदप्रदानेन दण्डेनापि समानय ॥ ८६ ॥

अथाऽसौ प्रययौ शीघ्रं प्रणिपत्य विचक्षणः ।
अर्बुदे पर्वतश्रेष्ठे यत्र सा परमेश्वरी ॥
प्रणम्य विनयोपेतो वाक्यमेतदुवाच ताम् ॥ ८७ ॥

महिषो नाम विख्यातस्त्रैलोक्याधिपतिर्बली ।
दनुवंशसमुद्भूतः कामरूपसमन्वितः ॥ ८८ ॥

स त्वां वाञ्छति कल्याणि धर्मपत्नीं स्वधर्मतः ।
तस्माद्वरय भद्रं ते सर्वकामप्रदं पतिम् ॥ ८९ ॥

यदिस्यात्तव कान्तोऽसौ त्वं च तस्य तथा प्रिया ।
तत्कृतार्थं द्वयोरेव यौवनं नात्र संशयः ॥ ९० ॥

एवमुक्ता ततस्तेन देवी वचनमब्रवीत् ।
किंचित्कोपसमायुक्ता मुहुः प्रस्फुरिताधरा ॥ ९१ ॥

देव्युवाच ।

अवध्यः सर्वथा दूतः सर्वत्र परिकीर्तितः ।
अवस्थासु ततो न त्वं सहसा भस्मसात्कृतः ॥ ९२ ॥

આ વાત મેં ત્યાં નિવાસ કરનારા તપસ્વીઓ પાસેથી જાણી છે, જે સત્ય છે. ૮૩

હે મહારાજ, તેનું રૂપ, વય, કાંતિ વગેરેનું વર્ણન કરવાનું મારી શક્તિ બહાર છે. અર્થાત્ અવર્ણનીય છે. આ બાલા કોઈની સાથે વાર્તાલાપ પણ કરતી નથી. ૮૪

પુલસ્ત્ય બોલ્યા :

કામથી પીડાતા મહિષાસુર દાનવે, (દૂતના મુખથી) તેની હકીકત સાંભળી એક વિચક્ષણ દાનવને આજ્ઞા આપી મોકલ્યો કે, તે તપસ્વિની બાલાને સામ, દામ, ભેદ તેમ જ દંડ વડે સમજાવી મારા માટે તેને અહીં તેડી લાવો. ૮૫–૮૬

પછી મહિષાસુરને નમસ્કાર કરી તે દૂત જ્યાં ભગવતી જગદંબા રહેતાં હતાં, તે પર્વતશ્રેષ્ઠ અર્બુદાચલમાં જલદીથી ગયો અને નમસ્કાર કરી વિનય વડે કહેવા લાગ્યો. ૮૭

દનુ વંશમાં ઉત્પન્ન થયેલ, મહિષાસુર નામનો ત્રૈલોક્યાધિપતિ બલવાન દાનવ, જે કામદેવના જેવું સ્વરૂપ ધરાવે છે. ૮૮

તો હે ભદ્રે, (કલ્યાણી), તમો સર્વકામનાઓને પરિપૂર્ણ કરનાર તેને પતિ તરીકે સ્વીકારો, તે આપને ધર્મપત્ની બનાવવા ઇચ્છે છે. ૮૯

આમ તમો બન્નેનો યોગ થતાં,—અર્થાત્ આપ બન્ને પતિ-પત્ની તરીકે જોડાતાં, આપનું જીવન અને યૌવન કૃતાર્થ થશે તેમાં શક નહિ. ૯૦.

આ સાંભળીને ક્રોધાવિષ્ઠ બનેલ ભગવતી અંબિકા, અધરોષ્ઠને પ્રસ્ફુરિત (ફેલાવતાં) કરતાં, દૂત પ્રત્યે કહેવા લાગ્યાં : ૯૧

દેવી બોલ્યાં :

હંમેશાં દૂત સર્વતઃ અવધ્ય ગણાય છે, માટે તને જવા દઉં છું, નહિતર હમણાં જ તને ભસ્મસાત્ કરી નાખત. ૯૨

गत्वा ब्रूहि दुराचारं महिषं दानवाधमम् ।
नाहं शक्या त्वया पाप लब्धुं नान्येन केनचित् ॥ ९३ ॥

वधार्थं ते समुद्योग एष सर्वो मया कृतः ।
तस्यास्तद्वचनं श्रुत्वा महिषं स पुनर्ययौ ॥ ९४ ॥

भयेन महता विष्टस्तस्या रूपेण विस्मितः ।
सर्वं निवेदयामास महिषाय विचेष्टितम् ।
तस्याश्चैव तथाऽऽलापानस्पृहत्वं च कृत्स्नशः ॥ ९५ ॥

तच्छ्रुत्वा महिषो राजन्कामबाणप्रपीडितः ।
सेनापतिं समाहूय वाक्यमेतदुवाच ह ॥ ९६ ॥

अर्बुदे पर्वते सेनां कल्पयस्व सुदुर्धराम् ।
हस्त्यश्वकल्पितां भीमां रथपत्तिसमाकुलाम् ॥ ९७ ॥

ततोऽसौ कल्पयामास चतुरङ्गां वरूथिनीम् ।
पताकाच्छत्रशबलां वादित्रारावभूषिताम् ॥ ९८ ॥

ततो द्विपाश्च संनद्धा दृश्यन्तेऽधिष्ठिता भटैः ।
इतश्चेतश्च धावन्तः सपक्षाः पर्वता इव ॥ ९९ ॥

अश्वाश्चैवाप्यकल्माषा वायुवेगाः सुवर्चसः ।
अङ्गत्राणसमायुक्ताः शतशोऽथ सहस्रशः ॥ १०० ॥

विमानप्रतिमाकारा रथास्तेन प्रकल्पिताः ।
किंकिणीजालसद्घंटापताकाभिरलं कृताः ॥ १०१ ॥

पत्तयश्च महाका[illegible] महेष्वासा महाबलाः ।
असिचर्मध[illegible]श्चान्ये प्रासापट्टिश पाणयः ॥ १०२ ॥

તું અહીંથી જા, અને તે દાનવાધમ દુરાચારી (તારા સ્વામી) મહિષાસુરને કહે જે કે, હે પાપી તું કોઈ પણ ઉપાયથી મને પ્રાપ્ત કરી શકીશ નહિ. ૯૩

તારો નાશ કરવા માટે જ, હું અહીં પ્રયત્નો કરી રહી છું. આવા ભગવતીનાં વચનો સાંભળી, તે દૂત મહિષાસુર પાસે પાછો ગયો. ૯૪

ભગવતી જગદંબાનું સ્વરૂપ જોઈ વિસ્મિત બનેલ, તેમ જ તેમના વાકયોથી ભય પામેલ તે દૂતે મહિષાસુર પાસે જઈ, તેના આલાપપ્રલાપ અને નિસ્પૃહતા વગેરે સમગ્ર વૃત્તાંત નિવેદન કર્યું. ૯૫

આ હકીકત સાંભળી કામબાણુથી પીડાતા મહિષ દાનવે, પોતાના સેનાધિપતિને બોલાવી કહેવા લાગ્યો કે. ૯૬

અર્બુદ પર્વતમાં હાથી, ઘોડા, રથો અને પદાતીવાળી આપણી અજીત સેનાને ગોઠવો. ૯૭

મહિષાસુરના હુકમ પ્રમાણે, પતાકા, છત્ર અને વાજિંત્રોથી સુશોભિત ચતુરંગિણિ સેનાને, તેણે ત્યાં ગોઠવી. ૯૮

આ સૈન્યમાં મોટા હાથીઓ ઉપર સેનાનાયકો, આમતેમ ફરતા હોવાથી જાણે પાંખોવાળા પર્વતો દોડતા ન હોય, તેમ જણાતું હતું. ૯૯

બખ્તર ધારણ કરેલા હજારો સૈનિકો, વાયુવેગવાળા તેજી ઘોડાઓ ઉપર બેસી સૈન્યમાં આવ્યા હતા. ૧૦૦

ઝીણી ઝીણી ઘુઘરીઓ, ઘંટા-ઘંટડીઓવાળા પતાકાઓથી અલંકૃત વિમાન જેવા મોટા રથો પણ મહિષાસુરના સૈન્યમાં ત્યાં આવેલા હતા. ૧૦૧

મોટા શરીરવાળા, મહા બળવાન, ધનુર્ધારી, તરવાર, ઢાલ, પ્રાસ-પટ્ટીશ વગેરે ધારણ કરેલા પદાતી યોદ્ધાઓ તે સૈન્યમાં હતા. ૧૦૨

लक्षमेकं मतङ्गानां रथानां त्रिगुणं ततः ।
अश्वा दशगुणा राजन्नसंख्याताः पदातयः ॥ १०३ ॥

ततश्चार्बुदमासाद्य वेष्टयित्वा स दूरतः ।
संमितैः सचिवैः सार्धं तदन्तिकमुपाद्रवत् ॥ १०४ ॥

ध्यानस्थां वीक्ष्य तां देवीं कन्दर्पशरपीडितः ।
ततोऽब्रवीत्स तां वाक्यं विनयेन समन्वितः ॥ १०५ ॥

श्रुत्वा तवेदृशं रूपमहं प्राप्तो वरानने ।
गन्धर्वेण विवाहेन तस्माद्वरय मां द्रुतम् ॥ १०६ ॥

षष्टिभार्यासहस्राणि मम सन्ति शुचिस्मिते ।
कृत्वा मां दर्पितं कान्तं तासां त्वं स्वामिनी भव ॥ १०७ ॥

अनर्हं ते तपो बाले भुङ्क्ष्व भोगान्यथेप्सितान् ।
त्र्यैलोक्यस्वामिनी भूत्वा मया सार्धमहर्निशम् ॥ १०८ ॥

एवमुक्ताऽपि सा तेन नोत्तरं प्रत्यभाषत ।
ततः कामसमाविष्टस्तदन्तिकमुपाययौ ॥ १०९ ॥

ततस्तं लोलुपं दृष्ट्वा सा देवी कोपसंयुता ।
अस्मरद्वाहनं सिंहं समायानः स साऽऽरुहत् ॥ ११० ॥

अब्रवीत्परुषं वाक्यं गच्छ गच्छेति चासकृत् ।
नो चेत्वां च वधिष्यामि स्थानेऽस्मिन्दानवाधमम् ॥ १११ ॥

આ સૈન્યમાં એક લાખ હાથી, તેનાથી ત્રણ ઘણા—ત્રણ લાખ રથ, તેનાથી દશ ગણા—ત્રીસ લાખ ઘોડેસ્વારો, અને સંખ્યા ન ગણી શકાય તેટલા અર્થાત્ અસંખ્ય પદાતી યોદ્ધાઓ હતા. ૧૦૩

આ પ્રમાણે અર્બુદ પર્વત ઉપર સૈન્ય વડે ઘેરો ઘાલી, પછી તે અસુરશ્રેષ્ઠ મહિષાસુર સચિવોને સાથે લઈ ભગવતી જગદંબા પાસે ગયો. ૧૦૪

કામબાણથી પીડાતો તે દાનવરાજ મહિષાસુર, ધ્યાનસ્થ બેઠેલાં ભગવતી પાસે જઈ વિનય વડે કહેવા લાગ્યો કે, ૧૦૫

( દૂત મારફત ) તારું અદ્‌ભુત સ્વરૂપ જાણીને-સાંભળીને, હું જાતે આજે તારી પાસે આવ્યો છું, તો હે વરાનને, જલ્દીથી મારી સાથે ગાંધર્વલગ્ન કરી મને પતિ તરીકે પ્રાપ્ત કર. ૧૦૬

મારે ત્યાં સાઠ હજાર સ્ત્રીઓ છે, તેવા દર્પવાળા સ્વામી મને પ્રાપ્ત કરી, તું પણ બધી સ્ત્રીઓની સ્વામિની બન. ૧૦૭

હે બાલા તપસ્વી જીવન તારા માટે યોગ્ય નથી. મારી સાથે લગ્ન કરી ત્રૈલોક્યની સ્વામિની બન, અને અહર્નિશ મારી સાથે યથેષ્ઠિત દિવ્ય ભોગો ભોગવ. ૧૦૮

આ પ્રમાણે વચનો બોલ્યા છતાં, ભગવતીએ તેને કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ, તેથી કામાતુર થયેલો અસુર જગદંબા નજદીક ગયો. ૧૦૯

તેને વાસનાથી લોલુપ બનેલો જોઈ, દેવીએ ક્રોધાવિષ્ઠ બની પોતાના વાહન શાર્દૂલ-સિંહનું સ્મરણ કરતાં, ત્યાં તે હાજર થયો, જેના ઉપર ભગવતી આરુઢ થયાં. ૧૧૦

ત્યાર બાદ કઠોર વાક્યો બોલતાં દેવી કહેવા લાગ્યાં કે, હે દાનવાધમ, તું અહીંથી ચાલ્યો જા નહિતર આ સ્થાન ઉપર જ હું તારો નાશ કરીશ. ૧૧૧

अथाऽसौ सचिवैः सार्धं समन्तात्पर्यवेष्टयत् ।
प्रग्रहार्थं तु तां देवीं कामबाणप्रपीडितः ॥ ११२ ॥

ततो जहास सा देवी सशब्दं परमेश्वरी ।
तस्मादहर्निशं सार्धं निष्क्रान्ता पुरुषा घनाः ॥ ११३ ॥

सुसन्नद्धाः सशस्त्राश्च रोषेण महतान्विताः ।
ततस्तानब्रवीद्देवी पापोऽयं वध्यतामिति ॥ ११४ ॥

ततस्ते सहिताः सर्वे महिषं समुपाद्रवन् ।
तिष्ठ तिष्ठेति जल्पन्तो मुञ्चन्तोऽस्त्राणि भूरिशः ॥ ११५ ॥

ततः समभवद्युद्धं गणानां दानवैः सह ।
ततस्ते सचिवाः सर्वे वैवस्वतगृहं गताः ॥ ११६ ॥

अथाऽसौ महिषो रुष्टः सचिवैर्विनिपातितैः ।
स्वसैन्यमानयामास तस्मिन् पर्वतरोधसि ॥ ११७ ॥

रथप्रवरमारुह्य सारथिं समभाषत ।
नय मां सारथे तूर्णं यत्र साऽऽस्ते व्यवस्थिता ॥ ११८ ॥

हत्वैनामद्य यास्यामि पारं रोषस्य दुस्तरम् ।
एवमुक्तस्ततो राजन्प्रेरयामास सारथिः ॥ ११९ ॥

रथं तेनैव मार्गेण यत्र सा तिष्ठते ध्रुवम् ।
एतस्मिन्नेव काले तु तत्रोत्पाताः सुदारुणाः ॥ १२० ॥

बहवस्तेन मार्गेण येनासौ प्रस्थितो नृप ।
संमुखः प्रववौ वातो रूक्षः कर्करसंयुतः ॥ १२१ ॥

पपात महती चोल्का निहत्य रविमण्डलम् ।
अपसव्यं मृगाश्चक्रुस्तस्य मार्गे नृपोत्तम ॥ १२२ ॥

પછી કામબાણથી પીડાતા મહિષાસુરે ભગવતી જગદંબાને પકડી લેવા પોતાના સચીવો-પ્રધાનો સાથે દેવીને ઘેરી લીધાં. ૧૧૨

તેનાં આવાં ચરિત્ર જોઈ, ભગવતીએ ભયંકર હાસ્ય મોટા અવાજ સાથે કર્યું, તેટલામાં જ તેમના શરીરમાંથી (સંખ્યાબંધ) લોખંડી પુરુષો ઉત્પન્ન થયા. ૧૧૩

તે બધા શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જ ક્રોધાવિષ્ઠ યુદ્ધ માટે તૈયાર થયેલા હતા. તે બધાને દેવીએ આદેશ આપ્યો કે આ પાપીનો નાશ કરો. ૧૧૪

તે (યોદ્ધાઓ) નાસી જતા મહિષાસુર, અને તેના સચિવોને કહેવા લાગ્યા ઊભા રહો ઊભા રહો. એમ બોલી તેઓના ઉપર સંખ્યાબંધ શસ્ત્રાસ્ત્રો ફેંકવા લાગ્યા. ૧૧૫

આ પ્રમાણે મહિષાસુરના દાનવો–સચિવો વગેરે, અને ભગવતી જગદંબાના ગણો વચ્ચે ભારે યુદ્ધ થયું, તેમાં મહિષાસુરના સૈનિકો યમરાજને શરણ થયા—નાશ પામ્યા. ૧૧૬

પોતાના સૈનિકો નાશ પામવાથી, ક્રોધાવિષ્ઠ બનેલ મહિષાસુર પર્વતમાં ગોઠવેલ પોતાનું સૈન્ય લઈ ફરી યુદ્ધ કરવા આવ્યો. ૧૧૭

તે પોતાના સર્વશ્રેષ્ઠ રથમાં આરુઢ થઈ, સારથીને કહેવા લાગ્યો કે જ્યાં તે (જગદંબા) છે, ત્યાં મારા રથને જલદીથી લઈ જા. ૧૧૮

હું હમણાં જ તેનો નાશ કરીશ, એમ બબડતો ક્રોધાક્રાંત મહિષાસુર સારથિને ઉત્સાહ-પ્રેરણા આપવા લાગ્યો. ૧૧૯

તે સમયે જે માર્ગે મહિષાસુર રથમાં બેસી જતો હતો, ત્યાં ભંયકર ઉત્પાતો થવા લાગ્યા. ૧૨૦

આ રાજેન્દ્ર જે માર્ગ જતો હતો ત્યાં, કઠણ કાંકરા સાથે ભંયકર વાયુ વાવા લાગ્યો. ૧૨૧

આકાશમાંથી મોટા ઉંબાડીઆઓ પડવા લાગ્યા. હરણાં પણ આડાં ઊતરી તે રાજાને અપશુકન આપતાં હતાં. ૧૨૨

उपविष्टास्तथा वान्ता बहुमूत्रं प्रसुस्रुवुः ।
रथध्वजे समाविष्टो गृध्रः शब्दमथाकरोत् ॥ १२३ ॥

स तान्सर्वाननादृत्य महोत्पातान्सुदारुणान् ।
प्रययौ संमुखस्तस्या देव्याः कोपपरायणः ॥ १२४ ॥

विमुञ्चंश्च शरान्नादांस्तिष्ठ तिष्ठेति च ब्रुवन् ।
न कश्चिद्दृश्यते तत्र तेषां मध्ये नृपोत्तम ॥ १२५ ॥

महिषं रोषसंयुक्तं यो वारयति संगरे ।
तेन हत्वा गणगणान्कृतं रुधिरकर्दमम् ॥ १२६ ॥

ततो देवी समासाद्य प्रोक्ता गर्वेण पार्थिव ।
न त्वया सङ्गरो भीरु नूनं कर्तुं ममोचितः ॥ १२७ ॥

न च बालिशि मे वीर्यं न सौभाग्यं न वा धनम् ।
न करोषि हि तेन त्वं मम वाक्यं कथंचन ॥ १२८ ॥

नूनं तत्वेन जानामि अवलिप्तासि भामिनि ।
कुरुष्वाद्यापि मे वाक्यं भार्या भव मम प्रिया ॥ १२९ ॥

स्त्रियं त्वां नोत्सहे हन्तुं पौरुषे च व्यवस्थितः ।
असकृन्निर्जितः संख्ये मया शक्रः सुरैः सह ॥ १३० ॥

त्रैलोक्ये नास्ति मत्तुल्यः पुमान्कश्चिच्च बलिशि ।
एवमुक्ता ततो देवी कोपेन महतान्विता ॥ १३१ ॥

प्रगृह्य सशरं चापं वाक्यमेतदुवाच ह ।
नालापो युज्यते पाप कर्तुं सह मम त्वया ॥ १३२ ॥

માર્ગમાં શિયાળવાં ઊભેલાં જોવામાં આવતાં, મળમૂત્રની વૃષ્ટિ થવા લાગી, અને રથના ધ્વજ ઉપર બેસી ગીધ ખરાબ શબ્દો બોલતું હતું. ૧૨૩

તેવા બધા દારુણ ઉત્પાતોને નહિ ગણકારતાં ક્રોધાન્વિત અસુર ભગવતી જગદંબા સામે ( યુદ્ધ કરવા ) આવ્યો. ૧૨૪

પછી તેને ( અસુરરાજે ) ઊભી રહે, ઊભી રહે એમ બોલી અવાજ કરતાં બાણો છોડવા માંડયાં ( આ વખતે શસ્ત્રવૃષ્ટિના કારણે ) તે રાજા ક બીજું કોઈ પણ દેખાતું ન હતું. ૧૨૫

( આ વખતે ) રોષે ભરાયેલા મહિષાસુરને જે વારતા હતા, તે બધા ગણોનો પણ નાશ કરી તેણે રુધિરનો કાદવ બનાવ્યો. ૧૨૬

પછી દેવીની પાસે જઈ, અભિમાનપૂર્વક તે પાર્થિવ-રાજા કહેવા લાગ્યો કે, હે ભીરુ-બીકણ સ્ત્રી, તારી સાથે યુદ્ધ કરવું મને યોગ્ય લાગતું નથી. ૧૨૭

હે બાલિશી-મૂર્ખ સ્ત્રી, હજુ સુધી મારું પરાક્રમ, સૌભાગ્ય, કે ધન કદાપિ નિષ્ફળ ગયાં નથી, અને તું પણ મારું વાક્ય ( માગણી ) નિષ્ફળ કરી શકીશ નહિ. ૧૨૮

તાત્ત્વિક દષ્ટિએ તું ગર્વિષ્ઠ સ્ત્રી હોવાનું મેં જાણી લીધું છે, પરંતુ આજે પણ મારું વાક્ય ( માગણી ) સફળ બનાવવા તું મારી ભાર્યા બન. ૧૨૯

હું મહાન્ પૌરુષ-બળવાળો હોવા છતાં, તું સ્ત્રી હોવાથી તારો નાશ કરવા ઇચ્છતો નથી. મેં વારંવાર અસંખ્ય દેવો સાથે ઇંદ્રને જીત્યો છે. હે બાલિશ-મૂર્ખ સ્ત્રી મારા સમાન ત્ર્યૈલોક્યમાં ( બળવાન ) કોઈ પુરુષ નથી. ૧૩૦

આથી મહાન ક્રોધ કરી, દેવીએ ધનુષબાણ હાથમાં લીધાં અને કહેવા લાગ્યાં કે, હે કામવાસના સેવતા પાપી, તારી સાથે વાત કરવી પણ મને યોગ્ય લાગતી નથી, છતાં આ કુમારી( મારાં )નાં વચનો સાંભળ. ૧૩૧–૩૨

कुमार्याः कामयुक्तेन तथापि शृणु मे वचः ।
न त्वया निर्जितः शक्रः स्ववीर्येण रणाजिरे ॥ १३३ ॥

પૃ. ૨. पितामहवरं देवा मन्यन्ते दानवाधम ।
गौरवात्तस्य तेन त्वमात्मानं मन्यसेऽधिकम् ॥ १३४ ॥

मुक्त्वैकां कामिनीं पाप त्वं कृतः पद्मयोनिना ।
अवध्यः सर्वसत्वानां पुंसो जातो धरातले ॥ १३५ ॥

पितामहवरः सोऽत्र जयशीलोऽसि दानव ।
यदि ते पौरुषं चास्ति तच्छीघ्रं संप्रदर्शय ॥ १३६ ॥

एषा त्वामिषुभिस्तीक्ष्णैर्नयामि यमसादनम् ।
एवमुक्त्वा ततो देवी शरानष्टौ मुमोच ह ॥ १३७ ॥

चतुर्भिश्चतुरोवाहा ननयद्यमसादनम् ।
सारथेश्च शिरः कायाच्छरेणैकेन चाक्षिपत् ॥ १३८ ॥

ध्वजं चिच्छेद चैकेन ततोऽन्येन हृदि क्षतः ।
स गात्रविद्धो व्यथितो ध्वजयष्टिं समाश्रितः ॥ १३९ ॥

मूर्छया सहितो राजन्किञ्चित्कालमधोमुखः ।
ततः सचेतनो भूत्वा मुमोच निशिताञ्छरान् ॥ १४० ॥

देवी सखीसमायुक्ता सर्वदेशेष्वताडयत् ।
ततः क्षुरप्रबाणेन धनुस्तस्य द्विधाऽकरोत् ॥ १४१ ॥

छिन्नधन्वा ततो दैत्यश्चर्म खड्गसमन्वितः ।
विद्राव्य सहसा देवीं तिष्ठ तिष्ठेति चाब्रवीत् ॥ १४२ ॥

તે તારા પરાક્રમ વડે, રણસંગ્રામમાં ઇંદ્ર કે દેવો ઉપર જીત મેળવી નથી, પરંતુ હે દાનવાધમ પિતામહ—બ્રહ્માના વરદાન વડે તેં દેવોને જીત્યા છે, ( છતાં તું તારી જાતને મહાન માની મિથ્યા ગર્વ લે છે. ) ૧૩૩–૩૪

બ્રહ્માએ તને ફક્ત સ્ત્રી સિવાય, પ્રાણી માત્રમાં સર્વશ્રેષ્ઠ પુરુષ ( તરીકે ) અવધ્ય બનાવ્યો છે. ૧૩૫

પિતામહ—બ્રહ્માના વરદાનથી (બધે) તેં વિજયો મેળવ્યા છે. જો તારામાં પરાક્રમ હોય તો જલદીથી અહીં તે બતાવવા પ્રયત્ન કર–બતાવ. ૧૩૬

આ તીક્ષ્ણ બાણો વડે હું તને યમસદન-યમરાજને ત્યાં પહોંચાડીશ, એમ કહી દેવીએ તેના ઉપર આઠ બાણ છોડયાં. ૧૩૭

ચાર બાણો વડે રથના ચાર વાહ—ઘોડાઓને યમરાજને ત્યાં મોકલ્યા નાશ કર્યો, અને એક બાણથી સારથિનું માથું તથા શરીર ઉડાવી દીધું. ૧૩૮

( ભગવતીએ ) એક બાણથી તેના ધ્વજનો નાશ કર્યો, જ્યારે બીજું બાણ તેના હૃદયમાં માર્યું. આથી ગાત્રો–અવયવોથી વિંધાયેલો, તેમ જ વ્યથિત થયેલ મહિષાસુરે ધ્વજદંડનો આશ્રય લીધો. ૧૩૯

કેટલોક કાળ સુધી તે મૂર્છાથી ઊંધો પડી ગયો. ત્યાર બાદ ચેતના આવતાં તેણે શરીરમાં પેઠેલાં બાણો કાઢી નાખ્યાં–બાણોથી મુક્ત થયો. ૧૪૦

દેવીએ પોતાની સર્વ સખીઓ સાથે રણસંગ્રામમાં સર્વ ઠેકાણે તાડન કર્યું–દરેક સ્થળે બાણોના પ્રહાર કર્યા, અને અસ્ત્રો તથા બાણો વડે મહિષાસુરના ધનુષના બે કટકા કરી નાખ્યા–ભાગી નાખ્યું. ૧૪૧

જેનું ધનુષ ભાગી ગયું છે તેવો તે દૈત્ય ઢાલ અને તલવાર લઈ ઊભી રહે, ઊભી રહે, એમ બોલતો એકદમ નાસવા લાગ્યો–દેવી તરફ દોડયો. ૧૪૨

तस्य चापततस्तूर्णं खड्गं द्वाभ्यां ह्यकृन्तयत् ।
शराभ्यामर्धबाणेन प्रहस्य प्रासमेव च ॥ १४३ ॥

विशस्त्रो विरथो राजन्स तदा दानवाधमः ।
ततोऽस्मरच्छरान्भूप शस्त्राणि विविधानि च ॥ १४४ ॥

ब्रह्मास्त्रं मनसि ध्यायंस्तूर्णं तस्यै मुमोच सः ।
मुक्तेनास्त्रेण तस्मिंस्तु धूमवर्तिर्व्यजायत ॥ १४५ ॥

एतस्मिन्नेव काले तु सब्रह्मास्ते दिवौकसाः ।
परं भयमनुप्राप्ता दृष्ट्वा तस्य पराक्रमम् ॥ १४६ ॥

ततो देवी क्षणं ध्यात्वा तदस्त्रं पार्थिवोत्तम ।
ब्रह्मास्त्रेणाहनत्तूर्णं ततो व्यर्थं व्यजायत ॥ १४७ ॥

ब्रह्मास्त्रे विफले जाते ह्याग्नेयं दानवोत्तमः ।
प्रेषयामास तां क्रुद्धोह्यहनद्वारुणेन सा ॥ १४८ ॥

एवं नाना प्रकाराणि तेन मुक्तानि सा तदा ।
अस्त्राणि विफलान्येव चक्रे देवी सहस्रशः ॥ १४९ ॥

एवं निःशेषिताऽसौ दानवो बलवत्तरः ।
चकार परमां मायां दिव्यैरस्त्रैः सुरेश्वरी ॥ १५० ॥

व्यक्षिपच्च महाकायं महिषं पर्वताकृतिम् ।
दीर्घतीक्ष्णविषाणाभ्यां युक्तमञ्जनसंनिभम् ॥ १५१ ॥

सिंहस्कंधं च सा देवी ततस्तमध्यरोहत ।
खड्गेन तीक्ष्णेन शिरो देवी तस्य न्यकृन्तत ॥ १५२ ॥

शूलेन भेदयामास पृष्ठदेशे सुरेश्वरी ।
ततः कलेवरात्तस्मान्निश्चक्राम महान्पुमान् ॥ १५३ ॥

આથી ભગવતી અંબિકાએ હાસ્ય કરી તેનું બાણ તથા ખડ્ગ જલ્દીથી બાણ વડે કાપી નાખ્યાં, તેટલું જ નહિ પણ તેના પ્રાસ નામના હથિયાર–શસ્ત્રનો નાશ કર્યો. ૧૪૩

આમ શસ્ત્રો અને રથ વગરના તે દાનવાધમ રાજાએ, વિવિધ દૈવી અસ્ત્રાસ્ત્રોનું સ્મરણ કર્યું. ૧૪૪

પ્રથમ બ્રહ્માસ્ત્રનું મન વિશે ધ્યાન ધરી દેવી ઉપર છોડયું. આથી ધૂમાડા જેવો અંધકાર સર્વ સ્થળે વ્યાપી ગયો–ફેલાયો. ૧૪૫

મહિષાસુરનું અતુલ પરાક્રમ જોઈ, તેમ જ બ્રહ્માસ્ત્રના દારુણ કલેશથી ( પિડાતા ) સર્વ દેવો ખૂબ ભય પામવા લાગ્યા. ૧૪૬

પછી દેવીએ એક ક્ષણ સુધી ધ્યાન ધરી, તે દાનવના બ્રહ્માસ્ત્રનો બ્રહ્માસ્ત્ર વડે જલ્દીથી નાશ કરી, તેને નિષ્ફળ બનાવ્યું. ૧૪૭

બ્રહ્માસ્ત્ર નિષ્ફળ જવાથી તે દાનવે ક્રોધપૂર્વક આગ્નેયાસ્ત્રને દેવી ઉપર છોડયું. ૧૪૮

આ પ્રમાણે તેને અનેક પ્રકારનાં દૈવી અસ્ત્રો ભગવતી ઉપર નાખ્યાં, પરંતુ દેવીએ તેના હજારો કટકા કરી બધાં નિષ્ફળ બનાવ્યાં. ૧૪૯

સુરેશ્વરી–ભગવતીએ તેનાં દિવ્ય શસ્ત્રોને નિઃશેષ બનાવ્યાથી,–અર્થાત્ શસ્ત્રાસ્ત્રો ખૂટી પડવાથી, તે બલવાન દાનવે ( વિસ્મયકારિણી ) માયા કરવા માંડી. ૧૫૦

કાજળના જેવા કાળા રંગવાળો, પર્વતાકૃતિ સમાન મહાકાયા ધરાવતો, જેને તીક્ષ્ણ અને લાંબાં શીંગડાં છે તેવો, ભયંકર ( મહિષ ) પાડો ત્યાં ( રણસંગ્રામમાં ) આવી પડયો–નાખ્યો. ૧૫૧

સિંહસ્કંધ–પીઠ ઉપર બેઠેલાં ભગવતી તે પાડા ઉપર ચડી ગયાં, અને તીક્ષ્ણ ખડ્ગ વડે તેનું માથું કાપી નાખ્યું. ૧૫૨

ત્રિશૂલ વડે તેનો પૃષ્ઠ દેશ–પાછળનો ભાગ છેદી નાખ્યો ત્યારે, તેના શરીરમાંથી એક મહાન ( ભયંકર ) પુરુષ બહાર નીકળ્યો. ૧૫૩

चर्मखड्गधरो रौद्रस्तिष्ठ तिष्ठति चाब्रवीत् ।
तमप्येवं गृहीत्वा तत्केशपाशे सुरेश्वरी ॥ १५४ ॥

निस्त्रिंशेनाहनत्प्रोच्चैः स च प्राणैर्व्ययुज्यत ।
दानवः प्राथिवश्रेष्ठ पार्श्वे सिंहविदारिते ॥ १५५ ॥

ततो जघान भूयोऽपि दानवान्सा रुषान्विता ।
हतशेषाश्च ये दैत्या निर्भिद्य धरणीतलम् ॥ १५६ ॥

प्रविष्टा भयसंत्रस्ताः पातालं जीवितैषणः ।
ततो देवगणासर्वे वसवो मरुतोऽश्विनौ ॥ १५७ ॥

विश्वेदेवास्तथा साध्या रुद्रा गुह्यककिन्नराः ।
आदित्याः शक्रसंयुक्ताः समेत्य परमेश्वरीम् ॥ १५८ ॥

समन्ताद् दिव्यपुष्पैश्च तां देवीं समवाकिरन् ।
स्तुवन्तो विविधैः स्तोत्रैर्नमन्तो भक्तितत्पराः ॥ १५९ ॥

युक्तं कृतं महेशानि यद्धतः पापकृत्तमः ।
त्रैलोक्यं सकलं ध्वस्तं पापेनानेन सुन्दरि ॥ १६० ॥

त्वया दत्तं पुना राज्यं वासवस्य त्रिविष्टपे ।
तस्माद्वरय भद्रं ते वरं यन्मनसेप्सितम् ॥
सर्वे देवाः प्रसन्नास्ते प्रदास्यन्ति न संशयः ॥ १६१ ॥

देव्युवाच ।

यदि देवाः प्रसन्ना मे यदि देयो वरो मम ।
आश्रमोऽत्रैव मे पुण्यो जायतां ख्यातिसंयुतः ॥
अस्मिंश्चाहं सदा देवाः स्थास्यामि वरपर्वते ॥ १६२ ॥

હાથમાં ઢાલ તથા તલવાર ધારણ કરતો રૌદ્ર સ્વરૂપ દાનવ ઊભી રહે, ઊભી રહે, એમ બોલવા લાગ્યો. ત્યારે ભગવતી જગદંબાએ તેનો કેશપાશ –ચોટલો પકડ્યો. ૧૫૪

રાજાઓમાં શ્રેષ્ઠ તે દાનવ, જેનો પાર્શ્વભાગ સિંહે ફાડી ખાધો છે, તેનો દેવીએ તલવાર વડે નાશ કર્યો–હણી નાખ્યો અને તેના પ્રાણને (પરમ ધામમાં) જોડ્યો. ૧૫૫

પછી રોષે ભરાયેલા ક્રોધાવિષ્ઠ રાક્ષસો જે બાકી રહ્યા હતા, તે બધા જીવવાની ઇચ્છાવાળા, ભયના માર્યા પૃથ્વીના પડને ભેદી પાતાળમાં નાશી ગયા. ૧૫૬

પછી વસુઓ, મરુતો, અશ્વિનો, વિશ્વેદેવાઓ, સાધ્યો, રુદ્રો, ગુહ્યકો, કિન્નરો, આદિત્યો, વગેરે દેવતાઓ ઇંદ્ર સાથે પરમેશ્વરી ભગવતી પાસે આવ્યા. ૧૫૭–૫૮

તે બધા ભગવતી જગદંબા ઉપર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા, અને ભક્તિ તત્પર તે દેવો નમસ્કાર કરી, વિવિધ સ્તોત્રો વડે દેવીની સ્તુતિ કરવા લાગ્યા. ૧૫૯

હે મહેશાનિ, આ મહાન પાપીના ત્રાસથી સારુંયે ત્રૈલોક્ય દુઃખી થયું છે, નાશ પામ્યું છે–તે પાપીનો તમોએ નાશ કર્યો તે યોગ્ય જ કર્યું છે. ૧૬૦

તમોએ જ ફરીથી સ્વર્ગનું રાજ ઇંદ્રને લાવી આપ્યું છે, માટે હે ભદ્રે–કલ્યાણિ, તમારા મનમાં હોય તે ઇચ્છિત વરદાન માગો. અમો બધા દેવો તમારા ઉપર પ્રસન્ન થયા છીએ, આપ માગશો તે વરપ્રદાન કરીશું એમાં સંશય નથી. ૧૬૧

દેવી બોલ્યાં :

હે, દેવો જો તમો બધા દેવો મારા ઉપર પ્રસન્ન થયા હો, અને ઉત્તમ વર આપવા ઇચ્છતા હો તો, અહીં મારો પવિત્ર પુણ્યકારક, મારી કીર્તિ ફેલાવતો આશ્રમ ઉત્પન્ન કરો–બનાવો. હું પણ આ સ્થાનમાં નિવાસ કરી સર્વ દેવોને સ્થાપન કરીશ. ૧૬૨

ब्रह्मोवाच ।

रूपेणानेन देवेशि ये त्वां द्रक्ष्यन्ति मानवाः ।
आश्रमेऽत्र महापुण्ये ते यास्यन्ति परां गतिम् ॥

ब्रह्मज्ञानसमायुक्तास्ते भविष्यन्ति मानवाः ॥ १६३ ॥

**यस्माच्चण्डं कृतं कर्म त्वया दानवसूदनात् ।**
**तस्मात्वं चण्डिका नाम लोके ख्यातिं गमिष्यसि ॥**

तव नाम तथा ख्यात आश्रमोऽयं भविष्यति ॥ १६४ ॥

येऽत्र कृष्णचतुर्दश्यामाश्विने मासि शोभने ।
पिण्डदानं करिष्यंति स्नानं कृत्वा समाहिताः ॥ १६५ ॥

गया श्राद्धफलं कृत्स्नं तेषां देवि भविष्यति ।
त्वद्दर्शनात्तथा मुक्तिः पातकस्य भविष्यति ॥ १६६ ॥

कृष्ण उवाच ।

एकरात्रिं भविष्यन्ति येऽत्र श्रद्धासमन्विताः ।
उपवासपरास्तेषां पापं यास्यति संक्षयम् ॥ १६७ ॥

पुत्रहीनश्च योमर्त्यो नारी वापि समाहिता ।
तन्मनाः पिण्डदानं वै तथा स्नानं करिष्यति ॥
अपुत्रो लभते शीघ्रं सुपुत्रं नात्र संशयः ॥ १६८ ॥

इन्द्र उवाच ।

भ्रष्टराज्यो नृपो योऽत्र स्नानं दानं करिष्यति ।
सर्वशत्रुक्षयस्तस्य राज्यावाप्तिर्भविष्यति ॥ १६९ ॥

अग्निरुवाच ।

अत्रागत्य शुचिः श्राद्धं यः करिष्यति मानवः ।
आत्मवित्तानुसारेण तस्य यज्ञफलं भवेत् ॥ १७० ॥

બ્રહ્મા બોલ્યા :

હે દેવેશી, જે મનુષ્યો આ પવિત્ર આશ્રમમાં આવી આપના આ સ્વરૂપનાં દર્શન કરશે, તે પરમગતિને પ્રાપ્ત કરશે; તેટલું જ નહિ પણ તે ભવિષ્યમાં બ્રહ્મજ્ઞાની બનશે. ૧૬૩

તમે દાનવોનો નાશ કરવા જે ચંડ–ઉગ્ર કાર્ય અહીં કર્યું છે, તેના ઉપરથી આ જગતમાં આપનું ચંડિકા નામ વિખ્યાત બનશે, અને તમારા નામ તથા કીર્તિ વડે આ આશ્રમ–પીઠસ્થાન બનશે. ૧૬૪

જે મનુષ્ય અહીં મંગલકારક, આશ્વિન માસની ચૌદશના દિવસે આવી સ્નાન, તથા પિંડદાન કરશે, તેને ગયા શ્રાદ્ધનું ફળ જરૂર મળશે.

તેટલું જ નહિ પણ આપના દર્શનથી તેનાં પાપે બળીને ભસ્મ થશે, પાપમાંથી મુક્ત બનશે. ૧૬૫–૬૬

કૃષ્ણ કહેવા લાગ્યા :

જે અહીં શ્રદ્ધાપૂર્વક એક રાત્રિ રહી ઉપવાસ કરશે તેના પાપોનો ક્ષય થશે તેમાં સંશય નહિ. ૧૬૭

જે પુત્રહીન નરનારી અહીં તન્મય બની શ્રદ્ધાપૂર્વક સ્નાન તથા પિંડદાન કરશે, તેવા અપુત્રોને જલદીથી સુપુત્ર, પ્રાપ્ત થશે, એ નિઃસંશય છે. ૧૬૮

ઇંદ્ર બોલ્યા :

રાજ્યથી ભ્રષ્ટ થયેલ–રાજ્ય ગુમાવેલ જે રાજા, અહીં સ્નાન તથા દાન કરશે તેના સર્વ શત્રુઓ નાશ પામી, પુનઃ તે રાજ્ય પ્રાપ્ત કરશે. ૧૬૯

અગ્નિ કહેવા લાગ્યા :

અહીં આવી જે મનુષ્ય પોતાની સમૃદ્ધિ પ્રમાણે પવિત્ર શ્રાદ્ધ કરશે, તેને યજ્ઞનું ફળ મળશે. ૧૭૦

यम उवाच ।

अत्र स्नात्वा तिलान्यस्तु ब्राह्मणेभ्यः प्रदास्यति ।
अल्पमृत्युभयं तस्य न कदाचिद्भविष्यति ॥ १७१ ॥

राक्षसा ऊचुः ।

पिण्डदानं नरा येऽत्र करिष्यन्ति तवाऽऽश्रमे ।
प्रेतोत्थं न भयं तस्य देवि क्वापि भविष्यति ॥ १७२ ॥

वरुण उवाच ।

स्नानार्थं ब्राह्मणेन्द्राणां येऽत्र तोयं प्रदास्यति ।
विमलस्तु सदा भावि इहलोके परत्र च ॥ १७३ ॥

वायुरुवाच ।

विलेपनानि शुभ्राणि सुगन्धानि विशेषतः ।
योऽत्र दास्यति विप्रेभ्यो नीरोगः स भविष्यति ॥ १७४ ॥

धनद उवाच ।

योऽत्र वित्तं यथाशक्त्या ब्राह्मणेभ्यः प्रदास्यति ।
न भविष्यति लोके स वित्तहीनः कथंचन ॥ १७५ ॥

ईश्वर उवाच ।

योऽत्र व्रतपरो भूत्वा चातुर्मास्यं वसिष्यति ।
इहलोके परे चैव तस्य भावि सदा सुखम् ॥ १७६ ॥

યમરાજા બોલ્યા :

અહીં સ્નાન કરી બ્રાહ્મણોને જે તિલપ્રદાન કરશે—તલનું દાન આપશે, તેને અપમૃત્યુનો—અકાલ મૃત્યુનો ભય કદાપિ કાળે રહેશે નહિ. ૧૭૨

રાક્ષસો કહેવા લાગ્યા :

જે મનુષ્ય આ આશ્રમમાં આવી અહીં પિંડદાન કરશે, તેને કોઈ પણ સ્થળે, ભૂતપ્રેતનો ભય કદાપિ રહેશે નહિ—ભૂતપ્રેત બાધા કરશે નહિ. ૧૭૩

વરુણ બોલ્યા : અહીં સ્નાન માટે બ્રાહ્મણોને જે જળ આપશે, તેને આલોક તથા પરલોકમાં પવિત્ર ઉત્તમ ભવ્ય—ઉત્કૃષ્ટ લાભો પ્રાપ્ત થશે. ૧૭૪

વાયુ કહેવા લાગ્યા :

જે અહીં સુંદર સુગંધી પદાર્થો (તેલ, અત્તર વગેરે) બ્રાહ્મણોને આપશે, તે મનુષ્યો સદા કાળ નિરોગી (તન અને મનથી) બનશે. ૧૭૫

કુબેર બોલ્યા :

જે અહીં શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને દ્રવ્ય આપશે (અપાવશે), તે જીવનમાં કદાપિ ધન વગરનો રહેશે નહિ, અર્થાત્ દરિદ્રી રહેશે નહિ. ૧૭૬

ઈશ્વર કહેવા લાગ્યા :

જે વ્રતપરાયણ બની અહીં ચાતુર્માસ (અષાઢ માસથી કાર્તિક માસ સુધીના, એટલે અષાઢ સુદ એકાદશીથી કાર્તિક સુદ એકાદશી પર્યંતના ચાર માસ સુધી) નિવાસ કરશે, તે આલોક અને પરલોકમાં સદા કાળ સુખી રહેશે. ૧૭૭

वसव ऊचुः

त्रिरात्रं यो नरः सम्यगुपवासं करिष्यति ।
आजन्ममरणात्पापान्मुक्तः स च भविष्यति ॥ १७८ ॥

आदित्य उवाच :

अत्राश्रमपदे पुण्ये ये नरा भक्तिसंयुताः ।
छत्रोपानत्प्रदातारस्तेषां लोकाः सनातनाः ॥ १७९ ॥

अश्विनावूचतुः

मिष्टान्नं श्रद्धयोपेतो ब्राह्मणाय प्रदास्यति ।
योऽत्र तस्य परा प्रीतिर्भविष्यत्यविनाशिनी ॥ १८० ॥

तीर्थान्यूचुः

अद्यप्रभृति सर्वेषां तीर्थानामिह संस्थितिः ।
भविष्यति विशेषेण ह्याश्रमे लोकविश्रुते ॥ १८१ ॥

कृष्णपक्षे चतुर्दश्यामाश्विने मासि भक्तितः ।
उपवासपरो भूत्वा योऽत्र स्नानं करिष्यति ।
सर्वेषामेव तीर्थानां स फलं हि लभिष्यति ॥ १८२ ॥

गंधर्वा ऊचुः

गीतवाद्यानि यश्चात्र प्रकरिष्यति मानवः ।
सप्तजन्मान्तराण्येव रूपवान्स भविष्यति ॥ १८३ ॥

ऋषय ऊचुः

आश्रमेऽस्मिन्त्रिरात्रं य उपवासं करिष्यति ।
चांद्रायणसहस्रस्य फलं तस्य भविष्यति ॥ १८४ ॥

વસુઓ કહેવા લાગ્યા—

જે મનુષ્યો અહીં (આવી) ત્રણ રાત્રી સુધી સારી રીતે–વિધિ પ્રમાણે ઉપવાસ કરશે, તે જન્મથી આરંભી મરણ સુધી પાપોથી મુક્ત બનશે. ૧૭૮

આદિત્ય બોલ્યા :

આ પુણ્યકારક આશ્રમમાં આવી જે મનુષ્ય ભકિત વડે છત્રી અને જોડાનું દાન કરશે, તે સનાતન અક્ષયલોકને પ્રાપ્ત કરશે. ૧૭૯

અશ્વિનો કહેવા લાગ્યા :

જે શ્રદ્ધાપૂર્વક અહીં બ્રાહ્મણોને મિષ્ટાન્ન આપશે,–જમાડશે, તેને ભગવતી જગદંબા ઉપર અવિનાશીની પરમ પ્રીતિ પ્રાપ્ત થશે. ૧૮૦

તીર્થો બોલ્યા :

આજથી બધાં તીર્થો અહીં નિવાસ કરશે, અને ખાસ કરી આ લોક-વિખ્યાત આશ્રમમાં તો જરૂર તેમનું સાન્નિધ્ય રહેશે. ૧૮૧

આસો મહિનાની કૃષ્ણ ચતુર્દશી–વદી ચૌદશના દિવસે જે ઉપવાસ કરી અહીં સ્નાન કરશે, તે સર્વ તીર્થોમાં સ્નાન કર્યા સમાન ફલ પ્રાપ્ત કરશે-મેળવશે. ૧૮૨

ગંધર્વો કહેવા લાગ્યા :

જે અહીં આવી ( ભગવતીની સાન્નિધ્યમાં ) ગીત અને વાદ્યો વગાડી ( સ્તુતિ–ગાન ) કરશે, તે સાત જન્મ પર્યંત સ્વરૂપવાન બનશે. ૧૮૩

ઋષિઓ બોલ્યા :

જે આ આશ્રમમાં આવી ત્રણ દિવસ સુધી ઉપવાસ કરશે, તેને હજાર ચાંદ્રાયણ વ્રતનું ફલ મળશે. ૧૮૪

पुलस्त्य उवाच

एवं सर्वे वरान्दत्वा देव्यै देवा नृपोत्तम ।
तदाज्ञया दिवं जग्मुर्देवी तत्रैव संस्थिता ॥ १८५ ॥

अथ मर्त्या दिवं जग्मुर्दृष्ट्वा देवीं तदाश्रमे ।
अनायासेन संपूर्णस्ततो मर्त्यैस्त्रिविष्टपः ॥ १८६ ॥

अग्निष्टोमादिकाः सर्वाः क्रिया नष्टा धरातले ।
धर्मक्रियास्तथा चान्या मुक्त्वा देव्याः प्रपूजनम् ॥ १८७ ॥

ततो भीतः सहस्राक्षः संमन्त्र्य गुरुणा सह ।
आह्वयामास वेगेन कामं क्रोधं भयं मदम् ॥ १८८ ॥

व्यामोहं गृहपुत्रोत्थं तृष्णामायासमन्वितम् ।
गत्वा यूयं द्रुतं मर्त्ये स्थातुकामान्नरान्स्त्रियः ॥ १८९ ॥

चंडिकायतने पुण्ये सेवध्वं हि ममाज्ञया ।
विशेषेणाश्विने मासि कृष्णपक्षेऽन्त्य वासरे ॥ १९० ॥

एवमुक्तास्ततः सर्वे कामाद्यास्ते द्रुतं ययुः ।
मर्त्यलोके महाराज रक्षां चक्रुश्च सर्वशः ॥ १९१ ॥

एवं ज्ञात्वा द्रुतं गच्छ तत्र पार्थिवसत्तम ।
यदीच्छसि परं श्रेय इह लोके परत्र च ॥ १९२ ॥

પુલસ્ત્ય કહેવા લાગ્યા :

આ પ્રમાણે વરદાન આપી સર્વ દેવો તથા ઇંદ્ર, ભગવતી જગદંબાની આજ્ઞા લઈ સ્વર્ગમાં ગયા અને દેવીએ અહીં જ (આ આશ્રમમાં) નિવાસ કર્યો. ૧૮૫

આથી ચંડિકાશ્રમમાં ભગવતીનાં દર્શન કરીને મનુષ્યો અનાયાસે સ્વર્ગમાં જવા લાગ્યા અને સ્વર્ગ પણ મનુષ્યો વડે પરિપૂર્ણ થઈ ગયું–ભરાઈ ગયું. ૧૮૬

અગ્નિષ્ટોમ વગેરે ક્રિયાઓ પૃથ્વી ઉપરથી નાશ પામી, કારણ ધર્મ-ક્રિયાઓ છોડી ફક્ત જગદંબાનું પૂજન કરી સર્વ મનુષ્યો સ્વર્ગમાં જવા લાગ્યા. ૧૮૭

આથી ઇંદ્ર રાજા ભય પામ્યો અને બૃહસ્પતિ સાથે વિચારણા કરી. જલ્દીથી તેણે કામ, ક્રોધ, ભય, મદ, ઘરના પુત્રો પ્રત્યેનો વ્યામોહ, તૃષ્ણા, માયા વગેરેને બોલાવ્યાં. (અને આદેશ આપ્યો કે) તમો બધા મૃત્યુ-લોકમાં જઈ, કામનાવાળા સ્ત્રીપુરૂષોમાં, તેમ જ પુણ્યકારક ચંડિકા-શ્રમમાં મારી આજ્ઞાથી નિવાસ કરો. ખાસ કરીને આશ્વિન માસના કૃષ્ણપક્ષ (વદમાં) અંત્ય–છેલ્લી તિથિઓમાં ત્યાં વાસ કરજો. ૧૮૮–૯૦

આ પ્રમાણે કહેવાથી કામ વગેરે સેવકો જલ્દીથી મૃત્યુલોકમાં આવ્યા, અને હે મહારાજ, સર્વ રીતે રક્ષા કરવા લાગ્યા. ૧૯૧

હે નૃપશ્રેષ્ઠ, આ પ્રમાણે (ચંડિકાશ્રમનું માહાત્મ્ય) જાણીને, આલોક તથા પરલોકમાં પરમશ્રેય પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો તમો ત્યાં જલ્દીથી જાઓ. ૧૯૨

यो याति चण्डिकां द्रष्टुमर्बुदं प्रति पार्थिव ।
नृत्यन्ति पितरस्तस्य गर्जन्ति च पितामहाः ॥ १९३ ॥

तारयिष्यति नः सर्वान्स पुत्रो य इहाश्रमे ।
चण्डिकायाः प्रगत्वाऽथ कुर्याच्छ्राद्धं समाहितः ॥ १९४ ॥

एकया लभ्यते राज्यं स्वर्गश्चैव द्वितीयया ।
तृतीयया भवेन्मोक्षो यात्रया तत्र पार्थिव ॥ १९५ ॥

तस्मात्सर्वप्रयत्नेन यात्रां तत्र समाचरेत् ।
अर्बुदे पर्वतश्रेष्ठे सर्वतीर्थमये शुभे ॥ १९६ ॥

तत्र श्लोकः पुरा गीतो नारदेन महर्षिणा ।
स्नात्वा तत्राश्रमे पुण्ये बहु विप्रसमागमे ॥ १९७ ॥

पुनन्त्येवान्यतीर्थानि स्नानदानैरसंशयम् ।
अर्बुदालोकनादेव विपाप्मा तत्र जायते ॥ १९८ ॥

यः शृणोति सदाख्यानमेतच्छ्रद्धासमन्वितः ।
स प्राप्नोति नरश्रेष्ठ कामान्मनसि वाञ्छितान् ॥ १९९ ॥

यस्यैतत्तिष्ठते गेहे लिखितं पुस्तकं नृप ।
तस्यापि वाञ्छिताः कामाः संपद्यन्ते दिने दिने ॥ २०० ॥

पठति श्रद्धयोपेतो यो वा भूमिपते नरः ।
सोऽपि यात्राफलं राजँल्लभते पुरुषोत्तमः ॥ २०१॥

**इति श्रीस्कंदमहापुराणे एकाशीतिसाहस्र्यां संहितायां सप्तमे प्रभासखंडे तृतीयेऽर्बुदखंडे चंडिकाश्रमोत्पत्तिमाहात्म्यवर्णनं नाम षट्त्रिंशोध्यायः ॥**

હે રાજેન્દ્ર, જે અહીં અર્બુદાચલમાં ભગવતી ચંડિકાના દર્શન કરવા આવે છે, તેના પિતૃઓ (પ્રસન્ન થઈ) નૃત્ય કરે છે, અને પિતામહો (આનંદમાં આવી) ગર્જના કરે છે. ૧૯૩

જે અહીં ચંડિકાશ્રમમાં આવી પ્રસન્ન મન વડે શ્રાદ્ધ કરે છે, તે પોતે અને પોતાના પુત્રોને (સંસારમાંથી) તારે છે, ઉદ્ધાર કરે છે. ૧૯૪

હે રાજા, ચંડિકાશ્રમની એક વખત યાત્રા કરવાથી રાજ્ય, બીજી વખતથી સ્વર્ગ, અને ત્રીજી વખત યાત્રા કરવાથી મોક્ષ મેળવે છે. ૧૯૫

માટે સર્વ પ્રયત્નો વડે, સર્વ તીર્થમય પર્વતશ્રેષ્ઠ અર્બુદાચલમાં (ચંડિકાશ્રમની) યાત્રા કરવી. ૧૯૬

પૂર્વે નારદ ઋષિએ પણ ગાયું છે કે, આ પુણ્યકારક અને જ્યાં ઘણા દ્વિજશ્રેષ્ઠોનો સમાગમ થાય છે, તે પવિત્ર ચંડિકાશ્રમમાં આવી સ્નાન, દાન, વગેરે કરશે, તેને અહીંનાં તીર્થો પવિત્ર બનાવશે. તેટલું જ નહીં પણ ફક્ત અર્બુદાચલના દર્શન માત્રથી, તે મનુષ્ય વિપાપ્મા–નિષ્પાપી બનશે. ૧૯૭–૧૯૮

જે મનુષ્ય ભગવતીનું આ આખ્યાન શ્રદ્ધાપૂર્વક સાંભળશે, તે નરશ્રેષ્ઠ મનવાંછિત કામનાઓને પ્રાપ્ત કરશે. ૧૯૯

જેના ઘરમાં ચંડિકાશ્રમ માહાત્મ્યનું (હસ્ત)લિખિત પુસ્તક હશે, તેની પણ ઈપ્સીત કામનાઓ, દરરોજ પરિપૂર્ણ થશે. ૨૦૦

ભગવતીના આ ચંડિકાશ્રમનું માહાત્મ્ય જે કોઈ મનુષ્ય અગર તો રાજા પઠન કરશે, તેને હે રાજા, આ આશ્રમની યાત્રાનું ફળ મળશે, તેટલું જ નહિ પણ ભગવાન પુરુષોત્તમ (ના પરમ પદને) પ્રાપ્ત કરશે. ૨૦૧

સ્કંદમહાપુરાણની એકાશીહજાર સંહિતાઓમાં, સાતમા પ્રભાસખંડની અંદર ત્રીજા અર્બુદખંડમાં ચંડિકાશ્રમ ઉત્પત્તિ માહાત્મ્ય વર્ણન નામનો છત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

# પરિશિષ્ટ આ

## નાગતીર્થ માહાત્મ્ય

पुलस्त्य उवाच

नागह्रदं ततो गच्छेत्तीर्थं पापप्रणाशनम् ।
यत्रनागैस्तपस्तप्तं रम्ये पर्वतरोधसि ॥ १ ॥

कद्रुशापं पुरा श्रुत्वा नागाः सर्वे भयातुराः ।
पप्रच्छुर्नागराजानं शेषं प्रणतकन्धराः ॥ २ ॥

मातृशापेन संतप्ता वयं पन्नगसत्तम ।
किं कुर्मः क्व च गच्छामः शापमोक्षो भवेत्कथम् ॥ ३ ॥

शेष उवाच

प्रसादिता मया माता शापमुक्तिकृते पुरा ।
तयोक्तं ये तपोयुक्ता भवध्वं सुसमाहिताः ॥ ४ ॥

न दहिष्यति तान्वह्निर्यज्ञे पारिक्षितस्य हि ।
तस्माद्गत्वार्बुदं नाम पर्वतं धरणीतले ॥ ५ ॥

तत्र यूयं तपोयुक्ता भवध्वं सुसमाहिताः ।
यत्रास्ते सा स्वयं देवी चण्डिका कामरूपिणी ॥ ६ ॥

यस्याः संकीर्तनेनापि नश्यन्ति विपदो ध्रुवम् ।
आराधयध्वमनिशं तां देवीं मम वाक्यतः ॥ ७ ॥

तस्याः प्रसादतः सर्वे भविष्यथ गतज्वराः ।
एतमेवात्र पश्यामि ह्युपायं नागसत्तमाः ॥
देवो वा मानुषो वाऽपि नान्यो वो मुक्तिकारकः ॥ ८ ॥

પુલસ્ત્ય કહેવા લાગ્યા :

ત્યાં નાગહ્રદ–નાગધરો નામે તીર્થ છે જે પાપોને નાશ કરનારું છે, ત્યાં જવું. અહીં આ પર્વતકંદરામાં નાગોએ તપ કર્યું હતું. ૧

કદ્રુના શાપથી પૂર્વે શાપિત થયેલા નાગો ભય પામી, નાગરાજ શેષ-પાસે માથું નમાવી પૂછવા લાગ્યા. ૨

અમો માતાના શાપથી સંતપ્ત થયા છીએ, તો હે નાગરાજ, શાપમુક્ત થવા માટે અમો શું કરીએ, અને ક્યાં જઈએ તે જણાવો. ૩

શેષ બોલ્યા :

મેં પણ પૂર્વે શાપમુક્ત થવા માટે તપ કરી તેની (ભગવતીની) પ્રસન્નતા મેળવી હતી, તે પ્રમાણે તમો બધા પણ તપ કરી નિશ્ચિત બનો. ૪

પૃથ્વી ઉપર અર્બુદાચલ નામનો પર્વત છે, ત્યાં તમો બધા જાઓ. પરીક્ષિત રાજાના સર્વયજ્ઞ વખતે પણ યજ્ઞાગ્નિ તમોને ત્યાં બાળી શકશે નહિ. ૫

ત્યાં તમો તપોયુક્ત બની રહેજો, જ્યાં કામનાઓને પરિપૂર્ણ કરનારી ભગવતી ચંડિકા (અંબિકા) નિવાસ કરી રહ્યાં છે. ૬

જેના સંકીર્તનથી સર્વ વિપત્તિઓ નાશ પામે છે, તે ભગવતી–દેવીનું અહર્નિશ મારા કહેવા પ્રમાણે ધ્યાન ધરજો. ૭

હે નાગસત્તમો, તે ભગવતીના કૃપાપ્રસાદથી જ તમો બધા શાપરૂપી જ્વરથી મુક્ત બનશો. દેવો અને મનુષ્યોને પણ આ જ ફક્ત મુક્તિ આપનારો એક ઉપાય છે, બીજો કોઈ નથી. ૮

पुलस्त्य उवाच

एवमुक्तास्ततो नागा नागराजेन पार्थिव ।
प्रणम्य तं ततो जग्मुरर्बुदं पर्वतं प्रति ॥ ९ ॥

ते भित्वा धरणीपृष्ठं पर्वते तदनन्तरम् ॥
निर्जग्मुर्बिलमार्गेण कृत्वा श्वभ्रं सुविस्तरम् ॥ १० ॥

ततो धृतव्रताः सर्वे देवीभक्तिपरायणाः ।
वसंति भक्तिसंयुक्ताश्चण्डिकाराधनाय ते ॥ ११ ॥

तस्थुस्तत्र सदा होमं कुर्वन्तो जाप्यमुत्तमम् ।
एकाहारा निराहारा वाय्वभक्षास्तथा परे ॥ १२ ॥

दन्तोलूखलिनः केचिदश्मकुट्टास्तथा परे ।
पञ्चाग्निसाधकाश्चान्ये सद्यः प्रक्षालकास्तथा ॥ १३ ॥

गीतं वाद्यं तथा चक्रुरन्ये देवाः पुरस्तदा ।
अनन्यश्रद्धयोपेतांस्तान्दृष्ट्वा पन्नगोत्तमान् ॥ १४ ॥

ततो देवी सुसन्तुष्टा वाक्यमेतदुवाच ह ॥ १५ ॥

देव्युवाच

परितुष्टाऽस्मि वो वत्साः किमर्थं तप्यते तपः ।
वरयध्वं वरं मत्तो यः स्थितो भवतां हृदि ॥ १६ ॥

नागा ऊचुः

मातृशापेन सन्तप्ता वयं देवि निराश्रयाः ।
नागराजसमादेशाच्छरणं त्वां समागताः ॥ १७ ॥

सा त्वं रक्ष भयात्तस्माच्छापवह्निसमुद्भवात् ।
वयं मात्रा पुरा शप्ताः कस्मिंश्चित्कारणान्तरे ॥
पारिक्षितस्य यज्ञे वः पावको भक्षयिष्यति ॥ १८ ॥

# પરિશિષ્ટ આ

પુલસ્ત્ય કહેવા લાગ્યા :

હે રાજા, આ પ્રમાણે કહેવાથી નાગરાજ શેષને ~~નમસ્કાર કરી~~, બધાં નાગો અર્બુદાચલ તરફ ગયા. ૯

તેઓ પૃથ્વીના તલને ભેદી તે પર્વતમાં બીલ–ગુફા માર્ગે બહાર નીકળ્યા–પછી તે શ્વભ્ર–ખાડાનો વિસ્તાર કર્યો–મોટું બનાવ્યું. ૧૦

વ્રતને ધારણ કરતા અને દેવી ભક્તિ પરાયણ બનેલા નાગો, ચંડિકાનું આરાધન કરવા ભક્તિપૂર્વક ત્યાં નિવાસ કરવા લાગ્યા. ૧૧

ત્યાં રહી તે લોકો ભગવતીનો જપ તથા હોમ કરવા લાગ્યા. તેમાં કેટલાક એક વખત ભોજન કરતા, કેટલાક ઉપવાસ કરતા, કેટલાક વાયુ ભક્ષણ કરી રહેતા, કેટલાક પંચાગ્નિ સાધન કરતા, તો કેટલાક પ્રક્ષાલન –વારંવાર સ્નાન કરતા હતા. ૧૨–૧૩

કેટલાક ત્યાં અગાડી ગીત વાદ્ય વગાડતા હતા. આવા અનન્ય શ્રદ્ધાવાળા ઉત્તમ નાગોને જોઈ, ભગવતી સંતુષ્ટ–પ્રસન્ન થયાં અને કહેવા લાગ્યાં. ૧૪–૧૫

દેવી બોલ્યાં ;

હે વત્સો–નાગો, તમો શા માટે અહીં આવી તપ કરી રહ્યા છો ? તમારા હૃદયમાં જે ઇચ્છા હોય તે મારી પાસેથી માગો. ૧૬

નાગો કહેવા લાગ્યા :

માતાના શાપથી શાપિત થયેલા અમો, નિરાશ્રય–આશ્રય વિનાના થઈ ગયા છીએ. પરંતુ નાગરાજ શેષના આદેશથી અમો બધા તમારા શરણે આવ્યા છીએ. ૧૭

પૂર્વે અમો કોઈ કારણથી માતૃશાપથી શાપિત થયા છીએ, તો હે મા ! તમો શાપરૂપી દાવાનળ–અગ્નિના ભયથી અમારું રક્ષણ કરો ! પરીક્ષિત રાજાના યજ્ઞનો અગ્નિ અમારું ભક્ષણ કરી જશે, તો તેનાથી પણ અમોને બચાવો ! ૧૮

देव्युवाच

यावत्तस्य भवद्येज्ञस्तावद्यूयं ममान्तिके ।
संतिष्ठत विना भीत्या भोगान्भुंग्ध्वं सुपुष्कलान् ॥ १९ ॥
समाप्ते च क्रतौ भूयो गन्तारः स्वं निकेतनम् ।
युष्माभिर्भेदितं यस्मादेतत्पर्वतकन्दरम् ॥ २० ॥
नागह्रदं तु तत्तीर्थमेतद्भावि धरातले ।
अत्र यः श्रावणे मासि पञ्चम्यां भक्तितत्परः ॥ २१ ॥
ये भोगा भूतले ख्याता ये दिव्या ये च मानुषाः ।
तान्सर्वान्स नरो नित्यं लभिष्यति न संशयः ॥ २२ ॥
करिष्यति नरः स्नानं तस्य नाऽहिकृतं भयम् ।
भविष्यति पुनः श्राद्धात्पितृन्सन्तारयिष्यति ॥ २३ ॥

पुलस्त्य उवाच

ततो दृष्ट्वा बभूवुस्ते मुक्ता तद्दारुणं भयम् ।
देव्याः शरणमापन्नास्तस्थुस्तत्र नगोत्तमे ॥ २४ ॥
ततः कालेन महता सत्रे पारिक्षितस्य च ।
निर्वृते ते तदा जग्मुः मुनिर्भृत्ता रसातलम् ॥ २५ ॥
देव्या चैवाभ्यनुज्ञाता प्रणिपत्य मुहुर्मुहुः ।
कृच्छ्रात्पार्थिवशार्दूल तद्भक्त्या निश्चलीकृताः ॥ २६ ॥
अद्यापि कृष्णपञ्चम्यां श्रावणे मासि पार्थिव ।
सान्निध्यं तत्र कुर्वन्ति देवीदर्शनलालसाः ॥ २७ ॥
तस्मात्सर्वप्रयत्नेन श्राद्धं तत्र समाचरेत् ।
स्नानं च पार्थिवश्रेष्ठ य इच्छेच्छ्रेयमात्मनः ॥ २८ ॥

**इति श्रीस्कन्दमहापुराणे एकाशीतिसाहस्र्यां संहितायां सप्तमे प्रभासखंडे नागोद्भवतीर्थमाहात्म्यं नाम सप्तत्रिंशोध्यायः ॥**

દેવી બોલ્યાં :

હે નાગો, જ્યાં સુધી તે યજ્ઞ ચાલે ત્યાં સુધી તમો બધા મારી પાસે નિવાસ કરો. પ્રસન્ન મન વડે બીક રાખ્યા વગર અહીં રહી પુષ્કળ ભોગોને ભોગવો. ૧૯

તે યજ્ઞ જ્યારે સમાપ્ત થાય ત્યારે તમો બધા તમારા સ્થાને જજો. બીજું તમે આ પર્વતકંદરાને ભેદી જ્યાંથી બહાર આવ્યા છો, તે સ્થળે પૃથ્વી ઉપર ભવિષ્યમાં નાગહ્રદ–નાગધરો નામનું પવિત્ર તીર્થ બનશે. ૨૦

ત્યાં શ્રાવણ માસની પાંચમના દિવસે જે ભક્તિપૂર્વક ( સ્નાન ) કરશે, તે પૃથ્વી ઉપરના માનુષી અને દિવ્ય ભોગો સદાકાળ પ્રાપ્ત કરશે તેમાં સંશય નહિ. ૨૧–૨૨

જે મનુષ્ય અહીં સ્નાન કરશે, તેને સર્પ–નાગોનો ભય રહેશે નહિ અને ત્યાં જે શ્રાદ્ધ કરશે તેના પિતૃઓ તરી જશે–સ્વર્ગમાં જશે. ૨૩

પછી તે બધા નાગો દારૂણ ભય( પરીક્ષિતના યજ્ઞનો )થી મુક્ત બની, દેવીના શરણે તે પર્વતની અંદર રહેવા લાગ્યા. ૨૪

ઘણો કાળ ગયા પછી, પરીક્ષિત રાજાનો સત્ર–યજ્ઞ પૂરો થયા બાદ, તે બધા નાગો ત્યાંથી રસાતળમાં ગયા. ૨૫

દેવીની અનુજ્ઞા મેળવી, તેમને વારંવાર પ્રણામ કરી હે રાજેન્દ્ર, તે ( નાગલોકો ) દેવીભક્તિમાં નિશ્ચલ બન્યા હતા. ૨૬

આજે પણ દેવીના દર્શનની લાલસાવાળા તે બધા, શ્રાવણ માસની કૃષ્ણ ( વદી ) પાંચમના દિવસે ભગવતીના સાન્નિધ્યમાં તેઓ આવે છે માટે હે રાજેન્દ્ર, સર્વ પ્રયત્નો વડે પોતાનું શ્રેય ઇચ્છતા. મનુષ્યોએ ત્યાં સ્નાન અને શ્રાદ્ધ અવશ્ય કરવું. ૨૭-૨૮

સ્કંદમહાપુરાણની એકાશીહજાર સંહિતાઓમાં સાતમા પ્રભાસ-ખંડની અંદર ( અર્બુદખંડમાં ) નાગોદ્ભવતીર્થ નામનો સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ ( અર્બુદખંડમાં ).

# સંદર્ભ સૂચિ

## અંગ્રેજી


૧ એન્સ્યન્ટ ઇન્ડિયા એઝ ડીસ્કાબ્ડ બાય ટોલેમી — મેકક્રીન્ડલ.

૨ ઇન્ડિયન એંટીકવેરી.

૩ ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લી

૪ કાવ્યનુશાસન : ભા. ૨, — પ્રસ્તાવના : લેખક–શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ.

૫ જર્નલ ઑફ ધી ગુજરાત રિસર્ચ સોસાયટી — ગુજરાત રિસર્ચ સોસયટી; મુંબઈ.

૬ પ્રોગ્રેસીવ રિપોર્ટ ઑફ ધી આર્કયોલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા; વેસ્ટર્ન સર્કલ. — ગવર્નગેન્ટ ઑફ ઇન્ડિયા પ્રકાશન ઈ. સ. ૧૯૦૫–૬.

૭ બૉમ્બે ગેઝેટિયર, વૉ. ૫

૮ બૉમ્બે યુનિવર્સિટી જર્નલ. — ડૉ. શ્રી. ઉમાકાંત પી. શાહનો ‘ જૈન અંબિકા ’ ઉપરનો લેખ.

૯ ભાણ્ડારકર કૉમેમોરેશન વૉલ્યુમ.

૧૦ વૈદિક ઇન્ડેક્સ ઑફ નેમ્સ એન્ડ સબ્જેક્ટસ, ગ્રંથ. ૧–૨ — ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા પ્રકાશન.

## ગુજરાતી


| | |
|---|---|
| ૧ અજંતાના કલામંડપો | શ્રી. રવિશંકર મં રાવળ. કુમાર કાર્યાલય, અમદાવાદ. |
| ૨ અર્બુદાચલ પ્રદક્ષિણા | લેખક : મુનિ જયંતવિજયજી મહારાજ. |
| ૩ અંબિકેન્દુશેખર કાવ્ય | |
| ૪ આબુ, ભા. ૧–૨ | લેખક : મુનિ જયંતવિજયજી મહારાજ. |
| ૫ કુંભારિયાજી ઉર્ફે આરાસણતીર્થ | કર્તા : શ્રી. મથુરાદાસ છગનલાલ શેઠ. |
| ૬ ખંભાતનો ઇતિહાસ | લેખક : શ્રી. રત્નમણીરાવ ભીમરાવ જોટે; ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ. |
| ૭ ગુજરાત રાજસ્થાન | |
| ૮ ગુજરાતની કીર્તિ-ગાથાઓ | લેખક : શ્રી કનૈયાલાલ મા. મુન્શી, ભારતીય વિદ્યાભવન, મુંબઈ. |
| ૯ જૈન આગમસાહિત્યમાં ગુજરાત | કર્તા : શ્રી. ડૉ. ભોગીલાલ સાંડેસરા, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |
| ૧૦ ટૉડ રાજસ્થાન | પ્રકાશક : સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ. |
| ૧૧ નવચેતન દીપોત્સવી અંક, સં. ૨૦૦૯. | |
| ૧૨ પુરાણોમાં ગુજરાત | લેખક : શ્રી. ઉમાશંકર જોષી; પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |
| ૧૩ વિમળપ્રબંધ | સંશોધક–શ્રી. મણિલાલ બ. વ્યાસ. |
| ૫૪ શાક્તસંપ્રદાય | કર્તા : શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતા; પ્રકાશક–ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. |

## સંસ્કૃત

| | |
|---|---|
| ૧ અમરકોશ | પ્રકાશક : નિર્ણયસાગર પ્રેસ. |
| ૨ ઉપદેશસપ્તતિ | |
| ૩ ઋગ્વેદ સંહિતા, મંડલ ૧૦ | પ્રકાશક: સાતવળેકરજી, સ્વાધ્યાયમંડળ, પારડી. |
| ૪ ઐતરેય બ્રાહ્મણ | |
| ૫ કવિશિક્ષા | બનારસ સંસ્કૃત સિરીઝ પ્રકાશન. |
| ૬ કાલિકાપુરાણ | પં. આર. એ. શાસ્ત્રી; ઓરિયેન્ટલ ઈન્સ્ટિટયૂટ, વડોદરા. |
| ૭ કાવ્યમીમાંસા | સંપાદક: શ્રી ચિમનલાલ ડી દલાલ. અને પં. આર. એ. શાસ્ત્રી; ઓરીયેન્ટલ ઈન્સ્ટિટયૂટ, વડોદરા. |
| ૮ કુટ્ટનીમતમ્ | કર્તા : દામોદર ગુપ્ત. |
| ૯ કૃત્યકલ્પતરુ | વડોદરા ગાયકવાડ ઓરિએન્ટલ: સિરીઝ પ્રકાશન. |
| ૧૦ કૌટિલ્ય અર્થશાસ્ત્ર | સંપાદક: શ્રી ટી. ગણપતિ શાસ્ત્રી; ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સિરીઝ. |
| ૧૧ કૌશિતકી બ્રાહ્મણ | |
| ૧૨ ગદાધર માહાત્મ્ય | |
| ૧૩ તીર્થકલ્પતરુ | |
| ૧૪ દેવીગીતા | સંપાદક : ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા. |
| ૧૫ દેવી ભાગવત | પ્રકાશક : સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ. |

૧૬ દ્વ્યાશ્રય મહાકાવ્ય — બૉમ્બે સંસ્કૃત સિરીઝ પ્રકાશન.

૧૭ પદ્મપુરાણ : સ્વર્ગખંડ — વેંકટેશ સ્ટીમ પ્રેસ, મુંબઈ.

૧૮ પુરાતન પ્રબંધ સંગ્રહ — સંપાદક—આચાર્ય જિનવિજયજી

૧૯ પ્રભાવક ચરિત — સિંઘી જૈન સિરીઝ પ્રકાશન.

૨૦ પ્રાચીન જૈન લેખ સંગ્રહ — સંપાદક—આચાર્ય જિનવિજયજી.

૨૧ બૃહત્કલ્પસૂત્રઃ ક્ષેમ-કીર્તિની વૃત્તિ સહિત — સંપાદક—આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ.

૨૨ બૃહત્સંહિતા — સંપાદક—મહામહોપાધ્યાય સુધાકર ત્રિવેદી, કાશી.

૨૩ પદ્મપુરાણ — વેંકટેશ સ્ટીમ પ્રેસ, મુંબઈ.

૨૪ ભરત નાટ્યશાસ્ત્ર — વડોદરા ઑરીયેન્ટલ સિરીઝ પ્રકાશન.

૨૫ મત્સ્યપુરાણ — બંગવાસી સ્ટીમ પ્રેસ, કલકત્તા.

૨૬ મહાભારત : વનપર્વ — કુંભકોણમ્ આવૃત્તિ.

૨૭ માનસર — સંપાદક—શ્રી. પી. કે. આચાર્ય.

૨૮ માર્કંડેયપુરાણ — વેંકટેશ સ્ટીમ પ્રેસ, મુંબઈ.

૨૯ વરાહપુરાણ — ,, ,,

૩૦ વસ્તુપાલ ચરિત્ર — કર્તા—જિનહર્ષગણિ.

૩૧ વાત્સ્યાયન કામસૂત્ર, જયમંગલ ટીકા સહિત — સંપારક—શ્રી. ગોસ્વામી દામોદર શાસ્ત્રી; ચૌખંબા સંસ્કૃત સિરીઝ, કાશી.

૩૨ વામનપુરાણ — વેંકટેશ સ્ટીમ પ્રેસ, મુંબઈ.

૩૩ વાયુપુરાણ — ગુજરાતી ભાષાંતર; શ્રી મહામહોપાધ્યાય બદરીનાથ શાસ્ત્રી; વડોદરા ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ પ્રકાશન.

| | | |
|---|---|---|
| ૩૪ | વિવિધ તીર્થકલ્પ | સંપાદક : આચાર્ય જિનવિજયજી. |
| ૩૫ | વિષ્ણુપુરાણ | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ. |
| ૩૬ | શિવપુરાણ કોટિરુદ્ર-સંહિતા | વેંકટેશ સ્ટીમ પ્રેસ આવૃત્તિ, મુંબઈ. |
| ૩૭ | શ્રીમદ્ ભાગવત પુરાણ | નિર્ણયસાગર પ્રેસ આવૃત્તિ, મુંબઈ. |
| ૩૮ | શ્રીમાળપુરાણ | સંપાદક : શ્રી જયશંકર લીલાધર તથા કેશવજી વિશ્વનાથ—ગુજરાત આર્ય ઔષધ-શાળા, અમદાવાદ. |
| ૩૯ | સરસ્વતી પુરાણ | સંશોધક—સંપાદક : શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે; ફાર્બસ. ગુજરાતી સભા, મુંબઈ. |
| ૪૦ | સુશ્રુતસંહિતા | નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ. |
| ૪૧ | સોમસૌભાગ્ય કાવ્ય | |
| ૪૨ | સ્કંદપુરાણ : કુમારિકા-ખંડ. | વેંકટેશ સ્ટીમ પ્રેસ આવૃત્તિ, મુંબઈ. |
| ૪૩ | સ્કંદપુરાણ : નાગરખંડ | ,, ,, |
| ૪૪ | સ્કંદપુરાણ : પ્રભાસખંડ; અર્બુદખંડ | ,, ,, |
| ૪૫ | સ્કંદપુરાણ : માહેશ્વરખંડ—અરુણાચલ માહાત્મ્ય. | ,, ,, |
| ૪૬ | હર્ષચરિત | નિર્ણયસાગર પ્રેસ આવૃતિ, મુંબઈ. |


## હિન્દી


| | | |
|---|---|---|
| ૧ | અંધકારયુગીન ભારત | લેખક : કે. પી. જયસ્વાલ. |
| ૨ | કલ્યાણ : શક્તિ અંક | કલ્યાણ કાર્યાલય; ગોરખપુર. |

| | |
|---|---|
| ૩ કલ્યાણ—પદ્મપુરાણ અંક | કલ્યાણ કાર્યાલય; ગોરખપુર. |
| ૪ પાણિનિકાલીન ભારત | લેખક : વાસુદેવશરણ અગ્રવાલ. |
| ૫ મોહંજોદડો તથા સિંધુ-સભ્યતા | સતીશચંદ્ર કામા |
| ૬ રાજપૂતાનેકા ઇતિહાસ | લેખક : શ્રી મહામહોપાધ્યાય ગૌરીશંકર ઓઝા. |
| ૭ સિરોહી રાજ્યકા ઇતિહાસ | લેખક : શ્રી મહોમહોપાધ્યાય ગૌરીશંકર ઓઝા. |

# શબ્દસૂચિ


## અ

અકબર ૯૫
અખેરાજજી ૯૩, ૯૪
અગ્નિ ૧૧૯, ૧૩૧
અગ્નિતીર્થ ૨૬
અગ્નિષ્ટોમ ૧૬૫
અચલેશ્વર ૨૩, ૨૬, ૩૧
અજંતા ૧૦
અજંતાના કલામંડપો ૧૦
અણહીલપુર ૧૦૫
અજાઈમાતા ૮૩, ૧૦૩
અજિતનાથ ૪૯
અધોભુવન ૧૭
અનરકતીર્થ ૧૦૫
અનાવીલ ૧૭
અનાવીલપુરાણ ૧૭
અનુસુયા ૩
અપરાંત ૧૪, ૨૭
અર્બુદખંડ ૨૫, ૩૦, ૩૧, ૬૫, ૬૭, ૧૨૦, ૧૨૫, ૧૬૭, ૧૭૩
અર્બુદ (નાગ) ૮, ૧૨, ૧૪, ૨૬, ૩૧, ૬૨, ૮૧, ૧૨૯, ૧૩૫
અર્બુદ (પર્વત) ૬, ૭, ૮, ૧૪, ૧૫, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૬૮, ૧૪૫, ૧૪૭
અર્બુદાચલ ૩, ૪, ૫, ૬, ૮, ૧૨, ૨૯, ૩૭, ૬૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૧૧૭, ૧૨૪, ૧૬૭, ૧૬૯, ૧૭૧
અર્બુદાચલ પ્રદક્ષિણા ૨૯, ૫૯
અર્બુદાદેવી ૩, ૮૨
અર્બુદારણ્ય ૨૩
અભયા ૩
અભયસિરિ ૫૨
અમદાવાદ ૯૮, ૧૨૧
અમરકોશ ૧૭
અરવલ્લી ૯૫
અરિષ્ટનેમિ ૫૧
અરુણાચલ ૭૪, ૭૫, ૭૬
અલકા ૪૦
અલ્લાઉદ્દીન ૧૨૧
અવંતિ ૯૬, ૧૧૨
અવિમુકતેશ્વર ૨૬
અશ્વાવબોધ સમલીકા વિહાર ૪૨, ૫૨

અશ્વિન ૧૬૩
અહિચ્છત્રપુર ૧૧
અંગિરા ઋષિ ૧૦૭
અંધકારયુગીન ભારત ૧૦, ૧૧, ૧૨
અંબાજી ૧૪, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૮, ૬૦, ૭૮, ૯૬, ૯૮, ૯૯, ૧૦૨, ૧૧૯
અંબાદેવી ( બ્રાહ્મણી ) ૮૪, ૮૫
અંબાભવાની ૮, ૩૩, ૬૦, ૬૩, ૮૧, ૮૨, ૮૯, ૯૦, ૯૩, ૧૧૦, ૧૧૨, ૧૧૪
અંબિકા ૨૬, ૩૫, ૩૬, ૬૨, ૬૫, ૭૨, ૭૭, ૮૩, ૮૪, ૧૦૩, ૧૦૮, ૧૬૯
અંબિકાકલ્પ ૮૫
અંબિકા ખંડ ૬૫
અંબિકાવન ૬૩, ૬૪, ૧૦૭, ૧૦૮
અંબિકેન્દુશેખર ( કાવ્ય ) ૯૭

## આ

આણંદજી કલ્યાણજી ૫૯
આદિત્ય ૧૬૩
આનર્ત ૧૧૮
આનર્તપુર ૧૬
આનાતોલિયા ૭૯
આબુ ૩, ૨૪, ૪૧, ૪૮, ૪૯, ૫૦
આબુરોડ ૯૯, ૧૧૨,
આર્બુદીદેવી ૮૨
આભાસ ૩૭
આભીરો ૧૯
આરંભડા ૩
આરાસણકર ૩૩
આરાસણ ( નગર ) ૩૩, ૩૪, ૩૫, ૩૬-૪૨, ૪૫, ૪૬, ૪૮, ૫૨, ૫૪, ૬૦, ૧૦૫, ૧૧૨
આરાસણપુર ૩૪, ૧૧૯
આરાસુર ૩, ૪, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૪૧, ૬૩, ૯૮, ૯૯, ૧૧૧, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૨૦
આરાસુરી અંબા ૪, ૩૩, ૪૧, ૪૮, ૬૦, ૭૭, ૭૮, ૮૧, ૮૪, ૮૬, ૯૭, ૧૧૫ ૧૧૬
આશાપુરી ૩
આસન ૩૪
આસપાલ ૫૨
આસિણી ૫૧

## ઇ

ઇંદ્ર ૧૩૧, ૧૫૧, ૧૫૭, ૧૫૯, ૧૬૫

ઈ

ઈગ્લીંગ ૬૫
ઈજનીદેવી ૭૯
ઇડર ૪૮, ૮૮, ૧૧૩
ઈલમ ૭૮
ઈલોરા ૮૯
ઈશાની શિખર ૨૬, ૯૫
ઈસીસ ૭૯
ઈસ્ટર ૭૯
ઈંડિયન એન્ટીકવેરી ૧૧
ઈંડિયન હિસ્ટોરીકલ ક્વાર્ટર્લી ૭૭

ઉ

ઉણિયારા ૧૧૬
ઉત્તરકુંડ (તીર્થ) ૨૬
ઉત્તંક ૧૨, ૧૩, ૧૪
ઉદયગિરિ ૮૯
ઉદુંબરવન ૧૧૦, ૧૧૧, ૧૧૨
ઉદેપુર ૨૭, ૧૨૧
ઉદ્દાલકેશ્વર ૨૬
ઉનાઈ ૧૭
ઉપદેશ સપ્તતી ૩૫, ૩૬, ૪૧
ઉપલેટા ૩
ઉમાકાંત શાહ (ડૉ.) ૮૫
ઉમામાહેશ્વર તીર્થ ૨૬
ઉસ ૨૦

ઋ

ઋગ્વેદસંહિતા ૨, ૨૨, ૬૬,

એ

એલેકઝાંડર ૧૯
એશિયન ૧૮, ૧૯
એશિયામાઈનોર ૭૯

ઐ

ઐંડુક ૯
ઐતરેય બ્રાહ્મણ ૨૩

ઓ

ઓખામંડળ ૩
ઓસવાળ ૫૦

ક

કચ્છ ૩, ૧૯, ૨૦, ૨૧, ૧૦૯
કચ્છનું રણ ૧૯
કટેશ્વરતીર્થ ૨૭, ૩૮
કદ્રુ ૯, ૬૧, ૧૬૯
કનકચૂડ નાગ ૨૦
કનખલ (તીર્થ) ૨૬
કનીંગહામ ૧૮, ૧૯
કનૈયાલાલ મા. મુનશી ૭૭
કનોજ ૧૧૮
કપીલાતીર્થ ૨૬
કરંદીકર ૧૭

કર્કોટક નગર ૧૧
કર્કોટક ( નાગ ) ૧૭
કર્નલ મોનીયર વિલીયમ્સ ૨૪
કલિંગરાક્ષસ ૨૬
કલ્હણ ૧૦
કલ્યાણ પદ્મપુરાણ અંક ૬૧
,, શક્તિ અંક ૬૩
કાઠિયાવાડ ૧૫,૧૬,૧૯,૨૧,૨૭
કવિશિક્ષા ૩૦
કાત્યાયની ૨૬
કાદ્રવેય ૨૩
કાનડદેવ ૧૧૯
કામદેવ ૧૪૩
કામલ ૫૩
કામહદ ૮૪. ૮૫, ૮૬
કામેશ્વર ૨૬
કાયંદ્રા ૮૫
કાર્તવીર્ય ૧૭
કાલવડ ૩
કાલિકા ૩
કાલિકાપુરાણ ૬૧, ૭૪
કાવ્યમીમાંસા ૨૭
કાવ્યાનુશાસન ૧૧૬
કાશી ૧૦
કાશીરાજ ૯
કાશીપ્રસાદ જાયસ્વાલ ૧૨, ૧૪
કાશ્મીર ૨૦
કાસ્પિયન ૭૮
કાંતિપુરી ૧૦
કીથ ૩૪
કુટ્ટનીમતમ્ ૨૮
કુબેર ૧૩૧
કુમારિકા ખંડ ૧૯
કુરુક્ષેત્ર ૧૦૫, ૧૦૬
કુલાર્ણવ ૬૧
કુશસ્થલી ૨૯
કુંડીનપુર ૯૩
કુંભારાણા ૪૭
કુંભારિયા ૩૩, ૩૫, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૫, ૪૮, ૫૪, ૫૮, ૯૩, ૧૦૨, ૧૦૪, ૧૧૨, ૧૧૩
કુંભારિયાજી ઉર્ફે આરાસણ તીર્થ ૩૫
કુંભાર્ક ૪૭
કુંભેશ્વર ૪૫, ૪૮
કૃત્યકલ્પતરુ ૧૦૬
કૃષ્ણ ૧૫૯
કૃષ્ણતીર્થ ૨૬
કેદારતીર્થ ૨૬
કેદારસિંહ ૧૦૫, ૧૨૧
કોટા ૧૧

કોટેશ્વર ૪, ૫, ૧૦૪, ૧૦૫, ૧૦૭, ૧૦૮, ૧૦૯
કોડીનાર ૮૪, ૮૫
કોયલા ૩
કોશવર્ધન પર્વત ૧૧
કૌટિલ્ય અર્થશાસ્ત્ર ૨૭, ૧૧૬
કૌલગિરિપીઠ ૩
કૌષિતકી ઉપનિષદ ૨૩
ક્ષેમંકરી ૮૮
ક્ષેમાર્યા ૮૮

ખ

ખરાડીગામ ૯૯
ખંભાત ૧૬
ખંભાતનો ઇતિહાસ ૨૦
ખીમેલમાતા ૮૮
ખેડબ્રહ્મા ૮૮
ખેરાળુ ૧૧૨, ૧૨૦
ખોડિયાર ૩

ગ

ગજતીર્થ ૨૬
ગઢવાડા ૧૨૧
ગણપાલિત ૨૮
ગદાધર માહાત્મ્ય ૧૧૨
ગબ્બરગઢ ૪૦, ૯૦, ૯૧, ૯૨, ૧૦૪, ૧૨૧, ૧૨૨
ગંગાધર તીર્થ ૨૭
ગંગેશ્વર ૨૭
ગંધર્વ ૧૬૩
ગિરનાર ૪, ૮, ૮૬, ૯૧
ગુજરાત ૯, ૧૧, ૧૪, ૧૮, ૨૦, ૨૧, ૨૭. ૨૮, ૩૨
ગુજરાતની કીર્તિગાથા ૭૭
ગુજરાત રાજસ્થાન ૧૧૩
ગુહ્યેશ્વર ૨૬
ગોકર્ણ ૧૦૫
ગોકુલ ૬૪
ગોગામંત્રી ૩૫
ગોના ૫૧
ગોમતી નદી ૨૬
ગોલાંગૂલ ૧૧૦
ગોવિંદશેઠ ૪૮, ૪૯
ગૌતમાશ્રમ ૨૬
ગૌતમેશ્વર ૪૦, ૧૦૪
ગૌમુખ ૨૬
ગૌરીશંકર હી. ઓઝા ૬૩, ૮૫, ૧૬૩
ગ્રાવસ્તુત ૨૩

ઘ

ઘંટાલી ૧૩૧

ચ

ચક્રતીર્થ ૨૬

ચમત્કારપુર ૧૬
ચમત્કાર રાજા ૧૬
ચંડિકા ૨૬, ૬૫, ૬૭, ૭૬, ૭૭, ૧૨૭, ૧૨૯, ૧૩૧, ૧૬૭, ૧૬૯, ૧૭૧
ચંડિકાશ્રમ ૨૬, ૬૫, ૬૭, ૭૨, ૭૭, ૭૮, ૧૬૫, ૬૬૭
ચંડિકાશ્રમ માહાત્મ્ય ૭૩, ૭૫, ૧૬૭
ચંદ્રગુપ્ત મૌર્ય ૧૧૫, ૧૧૬
ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય ૧૧૭
ચંદ્રપ્રભાસ તીર્થ ૨૬
ચંદ્રાવતી ૧, ૩૮, ૬૯, ૮૧, ૧૧૮, ૧૧૯
ચંપાપુરી ૧૦
ચાણક્ય ૧૧૬
ચામુંડા ૧૦૫, ૧૧૩
ચાંગદેવ ૫૩
ચાંદ્રાયણ ૧૬૩
ચિતોડ ૪૭
ચિત્રાભાસ ૩૭
ચુંવાળ ૩
ચેટક ૧૦
ચ્યવનકલ્યાણક ૪૪

જ

જગતપાલ ૧૨૧
જનમેજય ૨૩, ૬૧, ૬૨, ૬૩
જયપુર ૧૧, ૧૨, ૧૬
જયમંગલાટીકા ૧૪
જયતા ૫૨
જયંતવિજયજી ૫૯
જર્નલ ઑફ ધી ગુજરાત રીસર્ચ —સોસાઈટી ૨૩
જશરાજ ૧૦૫, ૧૨૦, ૧૨૧
જશવંતસાગર ૧૨૨
જશવંતસિંહ ૧૨૨
જાતક કથા ૯
જાલમસિંહ ૧૨૨
જિનપ્રભસૂરિ ૨૯, ૩૮, ૩૧
જિનવિજયજી ૩૩, ૪૫, ૪૯, ૫૩, ૫૯
જિનહર્ષસૂરિ ૨૯
જૈન આગમ સાહિત્યમાં ગુજરાત ૨૩

ઝ

ઝેરીવાવ ૧૨૧

ટ

ટૉડ રાજસ્થાન ૮૨
ટૉલેમી ૧૮
ટ્રેસ ૭૮

ઠ

ઠક્કુર છાડા ૩૫

ડ

ડાકાર્ણવ ૮૨

ઢ

ઢીમણુ નાગ ૧૬
ઢીમા ગામ ૧૬
ઢેબર તલાવ ૨૭

ત

તક્ષક નાગ ૯, ૧૦, ૧૩, ૧૬, ૧૯
તથાગચ્છ પટ્ટાવલી ૪૧
તરત્તરંગક તીર્થ ૧૧૦
તરસંગમા (ગામ) ૧૦૪, ૧૨૧
તરસંગીયો ભીલ ૧૦૪, ૧૨૧
તંડી મુનિ ૩૪, ૧૦૯
તંત્ર ચૂડામણિ ૨, ૬૧
તાપી નદી ૧૭
તારંગા પર્વત ૪૨, ૪૮, ૪૯, ૯૬
તીર્થકલ્પતરુ ૧૦૭
તીર્થપ્રકાશ ૧૦૭
તેજપાલ ૩૧, ૪૧
તેલિયા નદી ૯૯
ત્રિગર્ત ૧૧૧
ત્રિનેત્ર લિંગ ૨૬
ત્રિપુષ્કર તીર્થ ૨૬

દ

દમન ૨૦
દલપતરામ કવીશ્વર ૯૭
દશાશ્વમેધ ઘાટ ૧૦
દહેરાદૂન ૪૦
દાર્જીલિંગ ૪૦
દામોજી ૧૨૦
દામોદરગુપ્ત ૨૮
દાંતા ૮, ૯૭, ૧૧૩, ૧૨૨
દાંતોરિયા પીર ૧૧૩
દિલ્હી ૯૮
દેરોલાગામ ૧૨૧
દેલવાડા ૩૮, ૩૯, ૪૨, ૫૦, ૫૫, ૫૮, ૮૨
દેવખાત તીર્થ ૨૬
દેવદત્ત ૧૧
દેવમાતા ૩
દેવરાત ૧૬
દેવસભ ૨૭
દેવીગીતા ૩, ૬૦
દેવીભાગવત ૩, ૩૭, ૬૦, ૬૮, ૭૪, ૭૫, ૭૭
દેવ્યથર્વશિર્ષ ૧, ૬૭
દોતરપટો ૧૨૦, ૧૨૧
દ્રવિડશૈલી ૧૦
દ્વયાશ્રયમહાકાવ્ય ૨૦
દ્વારિકા ૩

ધ

ધરણીવરાહ ૧૧૯

ધરાદેવી ૩
ધર્મારણ્ય પુરાણ ૧૧૯
ધારાવર્ષ ૪૫, ૫૨

**ન**

નગર ૧૬, ૧૧૬
નર્મદા ૩, ૧૭, ૨૭, ૪૨, ૧૦૫
નર્મદાખીણ ૧૭
નવચેતન (માસિક) ૪૭, ૫૪, ૧૦૨
નંદરાજા ૧૧૫
નંદરાય ૧૦૮
નંદલાલ દે. ૧૮
નંદિનિ ૬
નંદિવર્ધન પર્વત ૬, ૭, ૨૨, ૨૬
નંદીશ્વરદીપ ૫૧
નાકુલી ૩
નાઈલ નદી ૭૯
નાગઉરદેવો ૫૩
નાગકન્યા ૧૭
નાગ જાતિ ૧૭, ૨૦
નાગતીર્થ ૧૪, ૨૬, ૧૦૪, ૧૧૨
નાગદા ૧૧-૫૦
નાગધરો ૧૪, ૬૬, ૧૧૨, ૧૬૯, ૧૭૩
નાગપ્રજા ૮, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૦૨
નાગભટ્ટ ૧૧૮
નાગમંડળ ૧૭
નાગર ખંડ ૧૬, ૧૯, ૩૩
નાગર શૈલી ૧૦
નાગ રાજા ૯, ૧૬૯, ૧૭૧
નાગ લોકો ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૬૧, ૬૨, ૬૩, ૧૬૯, ૧૭૧, ૧૭૩
નાગ વંશ ૯
નાગસેન ૧૦
નાગહૃદ ૧૬૯, ૧૭૩
નાગોદ્ભવતીર્થ ૧૭૩
નારદમુનિ ૬૯, ૭૦, ૧૩૩, ૧૩૫, ૧૪૧, ૧૬૭
નાસિક ૧૧૭
નિરુક્ત ૨૨
નિશીથચૂર્ણિ ૧૧૬
નેમિનાથ ૩૫, ૫૦, ૫૨, ૮૪, ૮૫

**પ**

પટ્ટાણકોટ ૧૧૧
પતંજલિ ૧૧૧
પતાઈરાવળ ૭૮
પદ્મનાગ ૧૧
પદ્મપુરાણ ૨૭, ૩૩, ૮૮, ૧૦૬
પદ્માવતી ૧૦
પરમાર ૮૩

પરમેશ્વરીદેવી ૩
પરિક્ષિત ૯, ૧૧૫, ૧૭૧, ૧૭૩
પંગુતીર્થ ૨૬
પંચવિંશ બ્રાહ્મણ ૨૩
પંચાગ્નિસાધન ૧૭૧
પંજાબ ૪૩
પાર્જીટર ૨૪
પાટણ ૩૫, ૧૦૯
પાટલીપુત્ર ૧૧૬
પાણિનિ વ્યાકરણ ૧૧૧
પાણિનિકાલીન ભારત ૧૧
પાતાલ ૩, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧
પાતાલ નગર ૧૯
પાર્થેશ્વર ૨૬
પાવાગઢ ૩, ૭૮, ૯૫
પાર્શ્વનાથ ૪૩, ૪૫
પાસીલ ૩૫, ૩૬, ૪૨, ૫૦
પાંચાલનગર ૧૧
પિંડવાડા ૮૮
પિંડારક તીર્થ ૨૬
પિંડોદક તીર્થ ૨૬
પુરાણોમાં ગુજરાત ૨૨, ૨૩, ૨૪
પુરાતન પ્રબંધ સંગ્રહ ૩૫, ૩૬, ૪૧
પુરુષોત્તમ ૧૬૭
પુરુકુત્સ ૧૭
પુલસ્ત્ય ૧૨૯, ૧૩૩, ૧૩૯, ૧૪૩, ૧૬૫, ૧૬૯
પુષ્કર ૩
પુષ્કર ક્ષેત્ર ૮૮
પુષ્કરેક્ષીણી ૩
પુષ્પાવતી (રાણી) ૮૧, ૮૨
પુંજરાજ ૩૦
પૂરુહૂતા ૩
પોરબંદર ૩
પ્રતાપ (મહારાણા) ૯૫, ૯૬
પ્રભાવક ચરિત્ર ૮૪, ૮૫, ૮૬
પ્રભાસ ૩, ૧૯
પ્રભાસખંડ ૧૬૭, ૧૭૩
પ્રયાગ ૧૧, ૧૦૬
પ્રસ્તરશ્લક્ષણ ૩૭
પ્રાચીન જૈન લેખ સંગ્રહ ૩૩, ૩૭, ૪૫, ૪૯, ૫૩, ૫૮
પ્રોગ્રેસિવ રિપોર્ટ ઑફ ધી આર્કર્યોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ ૫, ૧૯, ૩૩
પ્લીની ૧૮

ફ

ફારસ ૭૮
ફાર્બસ સાહેબ ૪૫, ૧૦૨

બ

બરડો પર્વત ૮૮

બર્જેસ ( ડૉ. ) ૪૫
બર્બરક ૨૦, ૨૧
બલરામ ૧૯
બલુચિસ્તાન ૭૯
બહુચરાજી ૩, ૯૫
બાષ્કલી ૨૬, ૩૦, ૩૧
બાહડમેર ૫૨
બાહડશ્રેષ્ઠી ૫૨
બિહાર ૧૧
બિંદુનાગ ૧૧
બુદ્ધ ભગવાન ૯, ૮૫
બૃહત્કલ્પસૂત્ર ૨૪, ૨૯
બૃહત્સંહિતા ૨૭
બૃહસ્પતિ ૧૨૯, ૧૬૫
બેકસલોક્ષ ૭૯
બેટ શંખોદ્ધાર ૩
બેબીલોન ૭૯
બોમ્બે ગેઝેટીયર ૧૦૦
બોમ્બે યુનિવર્સિટી જર્નલ ૮૫
બ્રહ્મગુપ્ત ૧૧૭
બ્રહ્મદેવ ૫૨
બ્રહ્મપદ તીર્થ ૨૬
બ્રહ્મપુરાણ ૨૨
બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત ૧૧૭
બ્રહ્મવૈવર્તપુરાણ ૭૯
બ્રહ્મા ૧૫૯
બ્રહ્માંડપુરાણ ૧૦

**ભ**

ભદ્રિકા ૧૬
ભદ્રકાલી ૭૪
ભદ્રકર્ણહૃદ ૨૬
ભદ્રા ૩
ભદ્રેશ્વર ૩, ૫૦
ભરદ્વાજ ૨૮
ભરતનાટ્યશાસ્ત્ર ૨૪
ભરુચ ૧૭, ૧૧૮
ભવાનગઢ ૧૧૩
ભવાનિસિંહજી ૧૨૩
ભંડારાનો પર્વત ૧૦૪, ૧૨૧
ભારજીની વાવ ૧૨૧
ભારમલરાવ ૮૩
ભાવનગર ૩
ભાણ્ડારકર ડી. આર ૩૩, ૪૫
ભાણ્ડારકર કોમેમોરેશન ગ્રન્થ ૮૨
ભિન્નમાલ ૨૯
ભિલ્લમાલ ૧૧૭
ભીમદેવ સોલંકી ૩૭, ૩૮, ૧૧૯
ભીમા ૩
ભીમેશ્વરી ૩
ભોગવતી ૧૬
ભોગીલાલ જે. સાંડેસરા ( ડૉ. ) ૧૧૭

### મ

મગધ ૧૧
મણિકર્ણિકેશ્વર ૨૬
મણિશિલા ૩૭
મત્સ્ય પુરાણ ૨૨, ૭૪, ૧૦૬
મથુરા ૧૦, ૬૪, ૧૦૫
મથુરાદાસ છગનલાલ શેઠ ૩૫
મદયંતિ ૧૩
મનુષ્યતીર્થ ૨૬
મર્મરોપલ ૩૭
મહાકાલ ૧૦૫
મહાબલિપુરમ્ ૮૯
મહાબલેશ્વર ૪૦
મહાભારત વનપર્વ ૧૫, ૨૨, ૨૪, ૭૪, ૧૦૬
,, સભાપર્વ ૨૩
મહાવિનાયક તીર્થ ૨૬
મહાવીર ૨૯
મહાવીર સ્વામી ૫૩, ૫૬
મહિષાસુર ૨૬, ૬૮, ૭૦, ૭૨, ૭૪, ૭૮, ૮૮, ૧૨૭, ૧૨૯, ૧૩૫, ૧૪૧, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૫૧
મહિષાસુરમર્દિની ૭૮, ૮૮, ૮૯
મંકણ ૧૬, ૧૧૦
મંદસોર ૯૩
મંદરાચલ પર્વત ૭૫, ૭૬
મંદાકિની કુંડ ૨૬, ૩૧
માઉન્ટ આબુ ૮, ૧૪
માર્કંડેયપુરાણ ૨૨, ૨૪, ૨૫, ૭૯
માર્કંડેયાશ્રમ ૨૬
માતૃતીર્થ ૧૦૫
માતૃમાતા ૩
માથેરાન ૩૭
માનસરોવર ૮૩, ૧૦૩
માનસાર ૩૪
મામુહદ ૨૬
મારવાડ ૧૧, ૧૫
માલદેવ ૮૩, ૧૦૩
માલવા ૧૧
માલવો ૧૨, ૧૪
માહિષ્મતી નગરી ૧૭
મીઠુ કવિ ૮૦
મીનેન્ડર ૭૮
મીસર ૭૮
મુદ્ગલેશ્વર ૨૬
મુનિસુવ્રત ૫૧
મૂળરાજ સોલંકી ૧૫૯
મૂંગથલાગામ ૨૯
મૃત્યુલોક ૧૬૫
મેકડોનલ્ડ ૨૪

મેગેસ્થનીસ ૧૮, ૨૪
મેઘનાદ મંડપ ૩૬
મેસોપોટેમીયા ૭૯
મૈનેયગંધર્વ ૧૭
મોઢાર્ક ૪૭
મોઢેરા ૨૧, ૪૭
મોહંજોડેરો ૭૭, ૭૮

**ય**

યદુરામ મહારાજ ૮૦, ૮૭
યમતીર્થ ૨૬
યમરાજ ૧૬૧
યમુના ૧૮
યશોધરસૂરિ ૫૨
યાદવો ૧૯

**ર**

રક્તાનુબંધ તીર્થ ૨૬
રત્નચૂડનાગ ૨૦
રત્નપાલ ૩૦
રત્નમણિરાવ જોટે ૧૬, ૨૦, ૫૪
રત્નશેખર ૩૦
રવપાળ ૧૨૦
રવિશંકર મા. રાવળ ૧૦
રસિકલાલ છો. પરીખ ૪૭
રસિયાવાલમ ૩૧
રસોળી ૨૪
રંભાસુર ૭૪
રાક્ષસ ૧૬૧
રાજકાલ નિર્ણય ૧૨૦
રાજતરંગિણી ' ૧૦
રાજપૂતાના ૩, ૮, ૯, ૧૧, ૮૮
રાજપૂતાને કા ઇતિહાસ ૧૧૯
રાજવિહાર ૩૫
રાજશેખર ૨૭
રાજસ્થાન ૨૭
રાજીલ ૮૮, ૧૧૮
રાજ્યપાલ ૫૦
રાવણ ૫૨
રાવલુંભા ૧૧૯
રાવી (નદી) ૧૧૧
રાસમાળા ૧૦૨, ૧૨૦
રૂક્મિણી ૩, ૯૩
રૂદ્રમહાલય ૧૬
રૂદ્રહૃદ ૨૬
રૂપતીર્થ ૨૬
રેવંત ૧૦૧
રૈવત ૧૭, ૧૯
રોહિડા ૧૨૧

**લ**

લઘુએશિયા ૭૮
લલિતાદેવી ૧૦૩
લલિતા સહસ્રનામ ૮૦

લંકા ૪૨
લાટ ૧૫, ૧૭
લાવણ્યસમય કવિ ૮૬
લાહિની ૮૮
લિંગપુરાણ ૧૦૬
લૂણા ૫૩
લૂણી નદી ૩

વ

વજ્રભટ્ટ ૧૧૮
વટપુર ૮૮
વડનગર ૧૫, ૧૬, ૧૭
વરારોહા ૬
વરાહમિહીર ૨૭
વરાહપુરાણ ૬૮, ૭૪, ૭૫
વરિવસ્યારહસ્ય ૮૦
વરુણ ૧૩૧
વર્ધમાનસૂરિ ૫૨
વર્મલાત ૮૮, ૧૧૮
વલભિપુર ૮૧, ૮૨
વલ્લભ ધોળા ૮૦, ૯૩
વસંતગઢ ૮૮
વસિષ્ઠ ઋષિ ૬, ૭, ૧૨, ૧૪, ૨૩, ૨૬
વસિષ્ઠપુર ૮૮
વસિષ્ઠાશ્રમ ૧૪, ૨૫, ૨૬, ૩૧
વસુ ૧૬૩
વસ્તુપાલ ૩૧, ૪૧, ૫૪, ૮૦
વસ્તુપાલચરિત્ર ૨૯
વસ્ત્રાપથ ૩
વાત્સ્યાનકામસૂત્ર ૧૪
વાદિદેવસૂરિ ૩૬, ૪૧
વામનપુરાણ ૬૮, ૧૦૬, ૧૦૭
વાયુપુરાણ ૧૦
વારાણસી ૧૦૬
વારાહ તીર્થ ૨૬
વારાહી ૧૦૧
વાસુકીનાગ ૨૦
વાસુદેવશરણ અગ્રવાલ (ડૉ.) ૧૧૧
વિક્રમસિંહ ૧૧૯
વિક્રમોત્કટા ૧૩૩
વિગ્રહરાજ ૮૮
વિજયદેવસૂરિ ૫૦
વિજયસેનસૂરિ ૫૦
વિદિશા ૧૦
વિદ્યારણ્યસ્વામી ૧
વિનયચંદ્ર ૩૦
વિભાકર ૮૪
વિભાવરી ૧૩૧
વિમલ દંડનાયક ૩૧, ૩૮, ૩૯, ૮૨, ૮૩
વિમલપ્રબંધ ૮૩, ૮૬

વિમલશાહ ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૩, ૧૦૪, ૧૧૯
વિવિધ તીર્થકલ્પ ૧૬, ૧૭, ૧૯, ૮૫
વિષ્ણુપુરાણ ૧૦, ૧૨, ૧૭, ૨૭
વિસલપ્રિય ૫૩
વિસલપુરીયા ૫૩
વિંધ્યપ્રદેશ ૧૧
વિંધ્યાચલ ૭૪
વીર મિત્રોદય ૧૦૭
વીર વિક્રમ ૧૨૦
વેસર શૈલી ૧૦
વૈદિક ઈન્ડેક્સ ૨૩
વ્યાઘ્રમુખ ૧૧૭, ૧૧૮
વ્યાસ ૨૮
વ્યાસતીર્થ ૨૬
વ્યાસ નદી ૧૧૧

**શ**

શરણદેવ ૫૨
શંકરાચાર્ય ૧
શંભલીમતમ્ ૨૮
શાકંભરી ૩
શાક્તસંપ્રદાય ૮૨
શાંતિનાથ ૫૪, ૫૫, ૫૭
શામળાજી ૧૧૨
શિયાવાડ (ગામ) ૯૯
શિલાદિત્ય ૮૧
શિવ ચરિત્ર ૨, ૬૧
શિવદત્ત શુકલ ૮૦
શિવ પુરાણ ૪, ૫
શિવલિંગ મહેશ્વર ૨૬
શિવલિંગાકુંડ ૨૬
શીતલા ૩
શુકદેવ ૨૮
શુકેશ્વર ૨૬
શુકલતીર્થ ૨૬
શુભંકર ૮૪
શેરગઢ ૧૧
શેષનાગ ૨૪
શેષનાગરાજા ૬૧
શ્રીકૃષ્ણ ૬૪
શ્રીકંઠ દેશ ૧૦૬
શ્રીમદ્દભાગવતપુરાણ ૧૨, ૬૩
શ્રીમાતા ૨૬, ૩૦, ૩૧
શ્રીમાળ ૧૧, ૮૬, ૧૧૬
શ્રીમાળ પુરાણ ૧૧
શ્રીહર્ષ ૮૮

**સ**

સપ્તશતીસ્તોત્ર ૬૮, ૭૭
સમર્પણ (માસિક) ૬૩, ૬૫
સમળી વિહાર ૫૧
સમોવસરણ ૫૬

સત્યવતી ૮૪
સત્યદેવ ૮૮
સરસ્વતી ૩, ૬, ૭, ૮, ૧૮, ૨૦, ૪૧, ૬૪, ૬૫, ૯૫ ૧૦૮, ૧૦૯
સરસ્વતી પુરાણ ૩૪, ૧૦૫, ૧૦૬, ૧૦૯, ૧૧૧
સરસ્વતી માહાત્મ્ય ૧૧૦
સર્વનાગ ૧૧
સર્વદેવ ૮૪
સહસ્રલિંગ સરોવર ૧૦૫
સહ્યાદ્રિ ૧૭
સંગમેશ્વર ૧૦૫
સંભવનાથ ૫૭
સાયણાચાર્ય ૨૨
સારસ્વતહ્રદ ૧૬
સિધર ૫૩
સિદ્ધ ૮૫
સિદ્ધપુર ૧૦૯
સિદ્ધરાજ ૨૦, ૨૧, ૧૦૫
સિદ્ધેશ્વર ૨૬
સિંધ ૨૦
સિંધ હૈદ્રાબાદ ૧૯
સિંધુ ૧૮, ૧૯, ૨૦
સિંધુ પ્રદેશ ૭૯
સિનોર (ગામ) ૯૪
સિરોહી ૮, ૮૮, ૯૨
સિરોહી રાજ્ય કા ઇતિહાસ ૭૫
સિરીયા ૭૮
સુદર્શન ૬૩
સુદર્શન વિદ્યાધર ૧૦૭
સુધર્માચક્ર ૩૭
સુધર્માસૂરિ ૮૪
સુમેર ૭૯
સુરથ ૮૦
સુરપગલા (ગામ) ૯૯
સુષમિણિ ૫૨
સુશ્રુતસંહિતા ૨૩
સુંદરસેન ૨૮
સુંદરી (દેવી) ૩
સોમભદ્ર ૮૪, ૮૫
સોમનાથ ૩
સોમસૌભાગ્ય કાવ્ય ૪૮, ૪૯
સોમેશ્વર ૮૦
સૌદાસ રાજા ૧૩
સૌરાષ્ટ્ર ૧૭
સ્કંદપુરાણ ૪, ૬, ૧૫, ૧૯, ૨૩, ૩૭, ૬૮, ૭૫, ૭૯, ૧૦૫, ૧૧૦, ૧૧૯

હ

હઠીભાઈ શેઠ ૯૬

હડાદ ( ગામ ) ૧૨૨
હમીરસિંહજી ૧૨૨
હરસિદ્ધિ ૩
હરપ્રસાદશાસ્ત્રી, મહામહોપાધ્યાય ૬૫
હરિસિંહજી ૧૨૨
હસમુખલાલ સાંકળિયા (ડૉ.) ૨૪
હર્ષચરિત ૧૦, ૧૧
હળવદ ૩
હંસવિલાસ ૮૦
હાટકેશ્વર ક્ષેત્ર ૧૬, ૧૭
હાથીદરા ગામ ૧૨૧
હાંસીશ્રાવિકા ૩૫, ૩૬
હિમાલય ૬, ૭, ૧૨, ૨૨, ૨૮, ૩૧, ૧૦૫
હીરવિજયસૂરિ ૫૦
હુલ્લડ નાગ ૨૦
હેનરી કઝીન્સ ૪૫
હ્યુએનસંગ ૧૧૭
હૃષિકેશ ૨૬

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | ટિપ્પણ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૭ | ટિ. | ૪ | नष्ट यस्मिन् देशं | नष्टायस्मिन् देशे |
| ૩૦ | ટિ. | ૧ | क्षेमं कीर्त्तिनीं | क्षेमंकीर्तिनीं |
| ૫૨ | — | ૧૬ | યજ્ઞો | યક્ષો |
| ૫૪ | — | ૨૦ | પંચતીર્થના | પંચતીર્થીના |
| ,, | — | ૨૨ | એક ડેરીમાં | એક દેરીમાં |
| ૬૦ | — | ૧૨ | વસ્તુનેજ નસમાજ | વસ્તુને જનસમાજ |
| ૬૨ | ટિ. | ૧ | પ્રભાસખંડાતર્ગત | પ્રભાસખંડાન્તર્ગત |
| ૮૨ | ટિ. | ૧ | પા. ૯ | પા. ૨૭૫-૭૭, ભા. ૧ |
| ૮૭ | — | ૨૨ | ઘટી પામે | ઘટી પાસે |
| ૯૦ | — | ૧૦ | ધર્મશાસ્ત્રીઓ | ધર્મશાસ્ત્રો |
| ૧૦૬ | ટિ. | ૧ | द्रशाद्वत्योत्तरेण च | द्रशाद्वत्योत्तरेण च |
| ૧૧૩ | ટિ. | ૧ | ૧૧૨ | ૧ |
| ૧૧૪ | — | ૧૨ | કેટલાંએ | કેટલાયે |
| ૧૨૦ | — | ૧૬ | પુત્ર અને | પુત્ર આપ્યો અને |
| ૧૩૯ | — | શ્લો. ૬૯ | જેના રીસ્વરૂપ | જે નારીસ્વરૂપ |
| ૧૫૧ | — | શ્લો. ૧૨૫ | તે રાજાક | તે રાજા કે |
| ૧૬૯ | — | શ્લો. ૫ | સર્વયજ્ઞ | સર્પયજ્ઞ |
| ,, | — | શ્લો. ,, | યજ્ઞપર્હ્નિ | યજ્ઞવહ્નિ |
| ૧૭૦ | — | શ્લો. ૧૨ | वाय | वायु |
| ૧૭૨ | — | શ્લો. ૨૪ | मुत्का | मुत्त्वा |
| ,, | — | શ્લો. ૨૫ | स्सातलम् | रसातलम् |
| ૧૭૫ | — | ૧૮ | ફાર્બલ | ફાર્બસ |